# Gujarati Maulana Rumi Masnavi Book No 2

# કલામે હ. ઈમામ સુલતાન મુહમ્મદ શાહ, (અ. સ.)

કિતાબ મૌલાના રૂમ અને કિતાબ પીર શમ્શ તબ્રીઝની તમે પઢશો તો ખબર પડશે કે કયો રસ્તો સારો છે.

જંગબાર તા. ૧૩-૯-૧૮૯૯.

હું તમોને દીવાને શમ્સ તબ્રીઝ તથા મસનવી મૌલાના રૂમની કિતાબો મોકલીશ તમે તે પઢશો ત્યારે તમોને ખબર પડશે કે બીજા મુલ્કોમાં કેમ ચાલે છે. પીર શમ્સ, પીર સદરદીન તથા મૌલાના રૂમ ફિલસૂફી ઘણીજ પડયા હતા. પીર શમ્સ, પીર સદરદીન, મૌલાના રૂમ એઓજ એવા થઈ શકયા એમ નહિ સમજતા, તમે પણ મહેનત કરી પઢો તો એવા થઈ શકશો.

જંગબાર તા. ૧૪-૯-૧૮૯૯

કુરાને શરીફની માયના એવી રીતે કાઢવી જોઈએ કે જેવી રીતે મસનવી કિતાબની માયના કાઢવામાં આવે છે.

કુરાન, જ્ઞાન તથા મસનવી સર્વેની સરખી માયના ઉતારવી જોઈએ.

જેવી રીતના પીર સદરદીનના બોધ છે, તેવી જ રીતના મસનવીના અર્થ છે. પણ તે ફારસીમાં છે માટે માયના શીખવી જોઈએ.

એવી હિંમત હું કોઇમાં જોતો નથી કે તેની એવી ઈચ્છા હોય કે હું મસનવી વિગેરે શીખીને વાયેજ કરનાર થાઉં.

અમદાવાદ તા. ૧૩-૧૦-૧૯૦૩

અરબી અને ફારસી ભાષાઓમાં તવારીખોની કિતાબો છે, તેમના તરજુમા ગુજરાતીમાં કરીને ઈસમાઇલી લાયબ્રેરીઓમાં રાખવા જોઈએ.

પુના તા. ૨૮-૬-૧૯૦૮

# મસનવી મૌલાના રૂમ

## ભાગ ૨ જો

ગુજરાતીમાં ભાષાંતર કરી

પ્રગટ કર્તા

અલવાઈઝ નૂરમહમદ રહેમતુલ્લા વલીયાણી

મોમ્બાસા

પ્રત ; ૨૦૦૦ ]

[ કિંમત શિ. ૨૦

# દયાળુ અને કૃપાળુ અલ્લાહના નામથી શરૂ કરું છું

૧. આ મસનવી થોડા વખત માટે ઢીલમાં પડી છે, મધ્યાંતર જરૂરનું છે કે લોહી દૂધમાં ફેરવાઈ જાય.

૨. લોહી ત્યાં સુધી મીઠા દૂધમાં ફેરવાઈ નથી જતું કે જ્યાં સુધી તારું ખુશનશીબ નવા બચ્ચાનો જન્મ આપે છે. (આ મારા શબ્દો) બરાબર સાંભળ.

૩. આસમાનના સૌથી ઊંચા બિંદુમાંથી, ખુદાના પ્રકાશ હીસ્સામુદ્દીને (તેના રૂહની) કેડ ખેંચી.

૪. ત્યાર બાદ તે રૂહની સત્યતામાં ઊંચે (મએરાજે) ગયો હતો. તેના (જિંદગી અર્પતા) વસંતઋતુના વા સિવાય મારા દિલમાં (ગૂઢાર્થ જ્ઞાનના) ફણગા ફૂટ્યા નહોત.

૫. જ્યારે (હું એમ કહું કે) તે દરિયામાંથી સમુદ્ર તરફ પાછો ફર્યો છે, મસનવીની કવિતાની વીણા (ફરીવાર) ગાજતી થઈ છે.

૬. મસનવી કે જે આત્માઓને સાફ કરનાર (પવિત્ર કરનાર) હતી, તેનું ફરીવાર આવવું એ મારો માંગલિક શરૂઆતનો દિવસ હતો.

૭. આ નફાવાળા (રૂહની) આવજાવના (વેપાર)ની શરૂઆત કરવાનો દિવસ (હી. સ.) ૬૬૨ માં હતો.

૮. એક બુલબુલ અહીંથી ગયું અને પાછું ફર્યું. તે આ રૂહાની સત્યોનો શિકાર કરવા બાજ બન્યું.

૯. આ બાજની આરામ કરવાની જગ્યા બાદશાહનો જમણો હાથ બને! આ (સત્યનો) દરવાજો કયામત સુધી બધા માણસો માટે ખુલ્લો થાય!

૧૦. વિષયીપણું અને વિષયવાસના એ આ દરવાજાનાં ઝેર છે. નહિતર, અહિં (રૂહાની જ્ઞાનના) ઘૂંટડા ઉપર ઘૂંટડા શોધી શકાય છે.

૧૧. પેટ અને મોઢું એ પેલી દુનિયા માટે આંખના પાટા છે (જે તને આંધળો બનાવે છે) આ મોઢું બંધ કર. કે જેથી તું તે ચોકખી રીતે જોઈ શકે.

૧૨. ઓ મુખ, તું દોજખનું મુખ છે અને ઓ જગત, તું જાણે કે વચગાળાની હાલત છો.

૧૩. હમેશ રહેનાર "નૂર" આ નીચી દુનિયાની સાથેજ છે. ચોકખું દૂધ લોહીની નદીઓની બાજુમાં જ છે.

૧૪. જો તું સાચવણુ વગર એક ડગલું આ (દુનિયામાં) ભરીશ તો તારું દૂધ મેળવણીથી લોહીમાં ફેરવાઈ જશે.

૧૫. હ. આદમે એક ડગલું વાસનામય આનંદમાં ભર્યું, બહેસ્તની ઊંચી હાલતમાંથી તેના નફસની ગળચી પકડાણી.

૧૬. ફિરસ્તાઓ સેતાનથી ભાગે તેમ તેનાથી ભાગતા હતા. એક રોટલાની ખાતર તેણે કેટલાં આંસુ વહેવડાવ્યાં.

૧૭. જો કે પાપ કે જેમાં તેઓ ઘેરાયા હતા તે (માત્ર) એક વાળ (મિસાલ) હતું, છતાં તે વાળ તેની આંખમાં ઊગ્યો હતો.

૧૮. હ. આદમ અનંત નૂરની આંખ હતી. (પણ) આંખનો વાળ એ એક મોટો પહાડ છે.

૧૯. જો હ. આદમે પેલી (બાબતમાં) સલાહ લીધી હોત તો તેને પાપના પશ્ચાતાપમાં માફી માંગવી ન પડત.

૨૦. કારણકે જ્યારે એક અકલમંદ બીજા અકલમંદ સાથે જોડાય છે, ત્યારે હલકાં કાર્ય અને હલકી વાણી અટકી જાય છે.

૨૧. જ્યારે નફસે અમ્મારા બીજા નફસેઅમ્મારાથી જોડાય છે ત્યારે "અકલે જૂજ" આળસુ અને નકામો બને છે.

૨૨. એકાકીપણાની ખાતર જ્યારે તું નિરાશા અનુભવે છે ત્યારે જો દોસ્તનો છાંયડો (રક્ષણ) હોઈ તો તું સૂર્ય જેવો (પ્રકાશિત) બને છે.

૨૩. જા, જલ્દી ખુદાના દોસ્તને શોધ. જ્યારે તેં આમ કર્યું, ખુદા તારો દોસ્ત છે.

૨૪. તે કે જેણે વૈરાગ્ય ઉપર પોતાનું બધું ધ્યાન કેન્દ્રિત કર્યું છે, (પોતાનું ધ્યેય બનાવ્યું છે) તે તે પાઠ શીખવામાં પણ (તેનું ધ્યામ) દોસ્તમાં જ છે.

૨૫. દરેકે પોતાને અજાણ્યાથી એકાંત કરવી જોઈએ. નહિ કે દોસ્તથી. ચામડાનો કોટ શિયાળા માટે છે નહિ કે વસંતઋતુ માટે.

૨૬. (જો) બુદ્ધિવાન બીજા બુદ્ધિવાન સાથે સહયોગ કરે છે તો પ્રકાશ (જ્ઞાનનો) વધે છે અને રસ્તો ચોકખો બને છે.

૨૭. (પછી જો) નફસે અમ્મારા બીજા નફસે અમ્મારાથી મિત્રતા કરે તો અંધકાર વધતો જાય છે અને રસ્તો સૂઝતો નથી.

૨૮. ઓ શિકારી, તારી આંખો તારી દોસ્ત છે, તેને લાકડીઓ અને તણખલાથી (દુનિયાની માયાથી) પાક રાખ.

૨૯. ખબરદાર! જીભની સાવરણીથી ધૂળ ભેગી નહિ કરતો. તારી આંખોને કચરાની ભેટ ન ધરતો.

૩૦. જ્યારે સાચો ઇમાનદાર સાચા ઈમાનદારની આરસી છે, તેનો ચહેરો કચરામાંથી સલામત છે. (ગંદો નથી).

૩૧. આત્માની દિલગીરી માટે દોસ્ત એ અરીસો છે. ઓ મારા આત્મા, આરસીની સપાટી ઉપર શ્વાસ નહિ ફેંકતો.!

૩૨. રખેને તારા શ્વાસ થકી તેનો ચહેરો ઢંકાઇ જાય! દરેક પળે તારે તારો શ્વાસ દબાવી રાખવો જોઈએ (આરસી તરફ જોતી વખતે)

૩૩. શું તું મારી કરતાં પણ હલકો છે? જ્યારે જમીનનો ટુકડો દોસ્ત શોધે છે કે જે વસંતઋતુનો વા ત્યારે તે લાખો ફૂલો શોધે છે (મેળવે છે)

૩૪. ઝાડ કે જે દોસ્ત સાથે જોડાણું છે. એટલે કે (વસંત ઋતુ) ના મીઠાં પવન સાથે પગથી માથા સુધી સુશોભિત બન્યું છે.

૩૫. ગ્રીષ્મઋતુમાં જ્યારે તે અણગમતો સાથી જુએ છે (મળે છે) ત્યારે તે પડદામાં પોતાનું માથું અને ચહેરો ખેંચી લ્યે છે.

૩૬. અને કહે છે, ખરાબ દોસ્ત મુસીબતોનો ઉત્પાદક છે જ્યારે તે આવ્યો છે તો મારા માટે સૌથી સારો રસ્તો ઊંઘવાનો છે.

૩૭. એટલા માટે હું ઊંઘી જઈશ. હું ગુફાના માણસ માંહેનો એક બની જઈશ "ડેસી-અનસ" કરતાં આફતના કેદી થવું વધુ સારું છે.

૩૮. તેઓના જાગૃત થવાનો વખત "ડીસીઅનસ" થી વધારવામાં આવ્યો: તેઓની ઊંઘ તેઓની કીર્તિનું કારણ બની.

૩૯. ઉંઘ જ્યારે ડહાપણનો સાથ કરે છે. ત્યારે તે જાગૃતિ છે. પણ અફસોસ તે માણસ માટે કે જે જાગૃતિમાં અજ્ઞાન સાથે દોસ્તી કરે છે.

૪૦. જ્યારે કાગડાઓ પોતાના તંબુ 'બહમન' ઉપર ખોડે છે ત્યારે બુલબુલ પોતાને સંતાડી દયે છે અને મૂંગું બને છે.

૪૧. કારણ કે બુલબુલ ગુલાબના બગીચા સિવાય મૂગું છે, સુરજની ગેરહાજરી (બુલબુલની) જાગૃતિને મારી નાખે છે.

૪૨. ઓ સૂર્ય, તું આ ગુલાબના બગીચાથી (પૃથ્વી) પરથી રજા લીએ છે. એટલા માટે કે દુનિયાના નીચેના ભાગને પ્રકાશ આપે.

૪૩. ખુદાઈ જ્ઞાનના સૂર્યને (મુઅરિફતને) હિલચાલ નથી. તેની ઊગવાની જગ્યા રૂહ અને અકલ સિવાય બીજું કંઇ નથી.

૪૪. ખાસ કરીને "સંપૂર્ણ સૂર્ય" કે જે પેલી પારની (દુનિયાનો છે) તેમનું કાર્ય દિવસ અને રાત્રે પણ રોશની આપે છે.

૪૫. જો તું એલેકઝાન્ડર (પણ) છો તો પણ આ સૂર્ય ઊગવાની જગ્યાએ આવ. ત્યાર બાદ જ્યાં પણ તું જઈશ. સુંદર શોભા બની રહીશ.

૪૬. ત્યાર બાદ જ્યાં પણ તમો જશો તે જગ્યા સૂરજ ઊગવાની બનશે. (બધી) સૂરજ ઊગવાની દિશાઓ તારા સૂરજ આથમવાની દિશાની પ્રેમી બનશે.

આત્મા- આરસી. ઉપર શ્વાસ x સૂરજ ની ગેરહાજરી- જાગૃતિ, મારે છે

૪૭. તારી ચામાચીડિયા જેવી સમજ અસ્ત પામતા સૂર્ય તરફ દોડે છે, તારી મોતીઓ વેરતી સમજ ઊગતા સૂર્ય તરફ વળે છે.

૪૮. (શારીરિક) ઇંદ્રિયની સમજનો રસ્તો એ ગધેડાનો રસ્તો છે, ઓ સવાર, શરમ છે! ઓ તું કે જે ગધેડાઓ સાથે હડસેલાઈ રહ્યો છે.

૪૯. આ પાંચ શારીરિક સમજ સાથે પાંચ (રૂહાની) સમજણો છે પેલી (પાછલી) રાતા સોના જેવી છે, જ્યારે આ (શારીરિક) સમજણો જસત જેવી છે.

૫૦. બજારમાં જ્યાં તેઓ (ખરીદનાર) હોંશિયાર છે, તો તેઓ સોનાની સમજ મુકીને જસતની સમજ કેમ ખરીદશે?

૫૧. શારીરિક સમજ અંધારાનો ખોરાક ખાય છે, રૂહાનિયત સમજ સૂર્યમાંથી ખોરાક મેળવે છે.

૫૨. ઓ તું કે જે અદીઠ સમજના સરસામાન સાથે જન્મ્યો છે, હ. મૂસાની માફક તારી છાતી પરથી તારો હાથ આગળ રાખ.

૫૩. ઓ તું કે જેના ગુણદર્શકો ખુદાઈ જ્ઞાનના સૂર્યમાંથી છે, જ્યારે આસમાની સૂર્ય એક જ ગુણદર્શકમાં કેદ છે.

૫૪. તું ક્યારેક સૂર્ય બને છે ક્યારેક સમુદ્ર ક્યારેક કાફ પર્વત ક્યારેક "અન્કા."

૫૫. તારા સત્વમાં તું આ કે પેલો નથી. ઓ તું કે જે ધારી શકાય તેના કરતાં વધુ મોટો છે, અને વધુ કરતાં પણ વધુ મોટો.

૫૬. રૂહ જ્ઞાન અને સમજણ સાથે સહકારમાં છે, રૂહને અરબી અને તુર્કી (ભાષા) સાથે શું સંબંધ છે?

૫૭. "મુવહિહદ" અને "મુશબ્બિહ" તારાથી ગૂંચવાઇ ગયા છે. ઓ તુ કે જે કલ્પનાથી પર છો, ઘણા રૂપમાં દેખાવ દયો છો.

૫૮. કોઈવાર 'મુવહિહદ' 'મુશબ્બિહ'નો નાશ કરે છે. કોઈવાર (આ) રૂપો 'મુવહિહદ'નો રસ્તો રોકનાર બને છે,

૫૯. કોઈ વાર 'અબુઅલ હસન' (ખુદાઈ પ્રેમના) નશામાં તને કહે છે, "ઓ તું, કે જેના દાંત નાના છે. (જિંદગી ટૂંકી છે) ઓ તું કે જેનું શરીર કોમળ છે."

૬૦. કોઈ વાર તે તેના પોતાના પ્રતિબિંબનો નાશ કરે છે, તે એટલા માટે તેનો નાશ કરે છે કે વહાલા (ખુદા) પાસે ઉત્કૃષ્ટ હોવા બાબત ખાતરીથી કહે છે.

૬૧. જે સિદ્ધાંત અકલની આંખે સ્વીકાર્યું તે 'મુતાઝીલીસ્મ' છે જ્યારે સમજણની આંખથી (સ્વીકારનારા) સુન્ની (જૂની માન્યતાને માનનારા) ખુદા સાથેની એકતા અંગે (માનનારા)

૬૨. જેઓ અકલની સમજ (જાહેરી) સમજની ગુલામીમાં છે તેઓ "મુતાઝીલીટસ" છે (જોકે) ખોટી દોરવણી થકી તેઓ પોતાને સુન્ની કહેવડાવે છે.



સત્વ (સાર) = આ, પેલો, ઓ, તું કરતા વધુ મોટો
જુની માન્યતા - ખુદાની એકતા અંગે.

૬૩. જે કોઇ અકલની સમજ (જાહેરી)ના કબજામાં રહે છે તે "મુતાઝીલાઈટ" છે. ભલે તે કહે કે તે સુન્ની છે પણ (તે કહેવું) અજ્ઞાનતાને અંગે છે.

૬૪. જે અકલની (જાહેરી) સમજથી નાસી છૂટયો છે તે સુન્ની છે જેણે રૂહાની દષ્ટિબિંદુ કેળવ્યું છે. તે આનંદી સમજની આંખ છે.

૬૫. જો હેવાનિયત સમજ બાદશાહ (ખુદાને) જોઈ શકે, તો પછી બળદ અને ગધેડો પણ ખુદાને જોઈ શકે.

૬૬. જો હેવાનિયતની સમજની સાથે, તારા નફ્શે અમ્મારાની ઇચ્છા સિવાયની બીજી કોઈ સમજ નથી.

૬૭. તો પછી આદમના પુત્રો કેવી રીતે માન પામશે? (જાનવરોની સરખામણીમાં) સામાન્ય સમજ થકી તેઓને ખાસ હક્ક કેમ આપવામાં આવેલ છે? (રૂહાની ગૂઢાર્થ જાણવા).

૬૮. તારું ખુદાને અરૂપ કે રૂપવાળો બોલાવવું વ્યર્થ છે. તારા પોતાના રૂપમાંથી છૂટવા સિવાય.

૬૯. ખુદા અરૂપ કે રૂપવાળો તેનીજ સાથે છે કે જે ગર્ભ છે અને છીલટુ (બહારનો ભાગ) થી આગળ ગયો છે.

૭૦, જો તું આંધળો છો (છતાં) "આંધળું હોવું એ ગુનાહ નથી." (પણ) જો નથી, જા, (આત્માને પવિત્ર કરવા) કારણ કે ધીરજ એ ફતેહ મેળવવાની ચાવી છે.

૭૧. તારી આંખ આગળના પડદાને ધીરજ બાળી નાખશે. અને તારા દિલને (ખુદાઈ જ્ઞાન સમજવા) ખુલ્લું કરવાની અસર કરશે.

૭૨. જ્યારે તારા દિલનો અરીસો ચોકખો અને પવિત્ર બનશે, ત્યારે તમે આપાણી અને માટી સિવાયના બહારના (જગતના) પ્રતિબિંબ નિહાળી શકશો.

૭૩. તમે પ્રતિબિંબ અને પ્રતિબંબ પાડનાર બન્નેને જોઈ શકશો. રૂહાની બાદશાહની ચાદર અને ચાદર પાથરનાર બન્નેને (નિહાળી શકશો)

૭૪. મારા દોસ્તની (ગૂઢાર્થ દષ્ટિએ જોએલ) માયા મને (ઇબ્રાહીમ) ખલીલુલ્લાહ જેવી દેખાણી. તે રૂપમાં મૂર્તિ હતી (પણ) હકીકતમાં મૂર્તિઓને ભાંગનાર હતી.

૭૫. ખુદાનો આભાર માનું કે જ્યારે તે દેખાણી મારા આત્માએ માયામાં માયાનું પ્રતિબિંબ જોયું.

૭૬. તારા ઉમરાની ધૂળ મારા દિલને જાદુ કરે છે. તારી ધૂળ વગરના બીમાર પર ધૂળ પડો (અફસોસ)

૭૭. મેં કહ્યું, જો હું ખૂબસૂરત છું. તો હું આ (ખુદાઈ ધૂળ રૂપી રહેમત અને દયા અને પ્રેમ) તેની પાસેથી મેળવીશ. અને જો તેમ નથી તો તે ખરેખર કદરૂપા ઉપર હસ્યો છે.

૭૮. સૌથી ઉત્તમ રસ્તો આ છે કે હું મારામાં જોઉં (હું લાયક છું કે નહિ તે) નહિતર (જો હું લાયક નથી) તો તે જરૂર મારા તરફ હસશે. તો ફરીવાર હું કેમ ખરીદીશ (તેનો પ્રેમ મેળવીશ ?)

૭૯. તે ખૂબસૂરત છે અને ખૂબસૂરતીનો ચાહક છે. એક તાજો (તંદુરસ્ત) યુવાન માણુસ માણુસ ખખડી ગએલી ડોસીને કેમ ચાહશે ?

૮૦. ખૂબસૂરત ખૂબસૂરતને આકર્ષણ કરે છે, આ (ચોક્કસ રીતે) જાણુ, (કુરાન) વાંચ. "સારી સ્ત્રીઓ સારા પુરુષો માટે."

૮૧. આ દુનિયામાં દરેક ચીજ કોઈ ચીજને આકર્ષે છે. ગરમ ગરમને ખેંચે છે અને ઠંડુ ઠંડાને.

૮૨. કિંમત વગરનું કિંમત વગરનાને આકર્ષે છે, કાયમી (રહેવાને લાયક) કાયમી સાથે આનંદ કરે છે.

૮૩. તેઓ કે જેઓ અગ્નિના છે અગ્નિને આકર્ષે છે. નૂરવાળા નૂરને શોધે છે.

૮૪. જ્યારે તમે આંખ બંધ કરો છો ત્યારે તમોને અસુખ લાગે છે, (તો પછી) બાકીના પ્રકાશ વગર આંખનો પ્રકાશ શું કરશે ?

૮૫. આ અવસુખ આંખમાં પ્રકાશ ખેંચાવાને અંગે હતો. કે જે પ્રકાશ દિવસના પ્રકાશ સાથે ઉતાવળે ભળી જવા માંગતો હતો.

૮૬. જો તું (અંતરમાં) અસુખ ભોગવતો હોઈ કે જ્યારે તારી આંખો ખુલ્લી છે તો જાણુ કે તે તારા દિલની આંખોને બંધ કરી છે, તેને ખુલ્લી કર.

૮૭. અમાપ પ્રકાશ શોધતી તારા દિલની આંખો આ (દુઃખથી) આજીજીપૂર્વક વિનંતી કરે છે તે ધ્યાનમાં લે.

૮૮. આ બન્ને ક્ષણિક પ્રકાશની જુદાઈ તને અવસુખ લાવે છે, (તેથી) તું તારી આંખ ઉઘાડ.

૮૯. તો પછી, પેલી બે કાયમી પ્રકાશની જુદાઈ તને અવસુખ લાવશે, તેની સંભાળ રાખ.

૯૦. જ્યારે તે તને બોલાવે છે, તો તેની હજૂરમાં પહોંચવા માટે હું લાયક છું કે નાલાયક છું.

૯૧. જો એક મોહક આદમી એક કદરૂપાને પોતાને પગલે ચાલવા સાથે રાખે તો તેથી તિરસ્કાર પામે છે.

૯૨. હું અજાયબ થાઉં છું કે તો પછી હું મારો ચહેરો કેમ જોઈશ ? કે જેથી હું જાણું કે મારો ચહેરો કેવો છે ? હું રાત જેવો કે દિવસ જેવો છું ?

૯૩. ઘણા લાંબા વખતથી મારા આત્માનું પ્રતિબિંબ શોધું છું. (પણ) મારું પ્રતિબિંબ કોઈથી બતાવાયું નહિ.

સૌથી ઉત્તમ રસ્તો - હું મારામાં જોઉં

૯૪. મેં કહ્યું, તો પછી આરસી શા માટે છે? (તેનો ઉપયોગ આજ છે) કે દરેક જણ પોતે કોણ અને કેવો છે તે જાણી શકે.

૯૫. લોઢાની આરસી (માત્ર) છીલટાં માટે (બહારના દેખાવ પૂરતાં) છે. જે આરસી દિલની હકીકત બતાવે તે જ મોટી કિંમતની છે.

૯૬. દીલની આરસી દોસ્તના ચહેરા સિવાય બીજું કાંઈ નથી. દોસ્તનો ચહેરો પેલી પારની દુનિયાનો (રૂહાની જગતનો) છે.

૯૭. મેં કહ્યું, ઓ દિલ, "કુલ્લ" નો અરીસો શોધ. સમુદ્ર પાસે જા. નદીથી તારું કામકાજ ફતેહ પામશે નહિ.

૯૮. આ શોધમાં તારો ગુલામ તારી રહેવાની જગ્યાએ આવી પહોંચ્યો છે, (જેમ) (બચ્ચાંના જન્મનું) દુઃખ ખજૂરીને ખુશીમાં ખેંચે છે.

૯૯. જ્યારે તારી આંખ મારા દિલની આંખ બની. ત્યારે મારું આંધળું દિલ દર્શન શક્તિમાં જઈ (ત્યાં જ) ડૂબી ગયું.

૧૦૦. મેં જોયું કે (તું) અનંત કાળ રહેનાર 'સર્વમય' આરસી છો મેં મારું પ્રતિબિંબ તારી આંખમાં જોયું.

૧૦૧. મેં કહ્યું, આખરે હું મને પોતાને શોધી શક્યો છું. તેની આંખોમાં મને પ્રકાશિત રસ્તો મળ્યો છે.

૧૦૨. મારી ખોટી પ્રાકૃતિક પ્રેરણાએ કહ્યું, ખબરદાર, પેલું પ્રતિબિંબ (માત્ર) તારી કલ્પના છે. તારી કલ્પનામાંથી તારું સત્વ શોધી કાઢ

૧૦૩. (પણ) મારું પ્રતિબિંબ તારી આંખમાંથી બોલી ઊઠ્યું, હું તું જ છો. અને તું એકતામાં (સંપૂર્ણ) હું જ છું.

૧૦૪. રોશનીમય આંખ કે જે (દેવી) સસજણુથી કદી વિખૂટી પડતી નથી તેમાં કલ્પના કેમ રસ્તો મેળવી શકે?

૧૦૫. તેં કહ્યું, જો તું મારા સિવાય બીજાની આંખોમાં તારું પ્રતિબિંબ જો તો તું જાણું કે તે કલ્પના અને બહેકી ગયેલું છે.

૧૦૬. કારણ કે તે (મારા સિવાય દરેક) (તેની આંખમાં) નહિવતનું આંજણ આંજે છે, અને સેતાનના કલ્પનાનો દારૂ ચૂસે છે.

૧૦૭. તેઓની આંખ કલ્પના અને નહિવતનું ઘર છે, જરૂરિયાત અંગે તે જે ચીજો નહિવત છે તેની હસ્તી જુએ છે.

૧૦૮. (પણ) જ્યારે મારી આંખે કીર્તિવંત (ખુદા) પાંસેથી આંજણ જોયું (મેળવ્યું) તે ખરા અસ્તિત્વનું ઘર છે, કલ્પનાનું ઘર નહિ.

૧૦૯. જ્યાં સુધી તારો એક પણ વાળ તારી આંખ આગળ હશે ત્યાં સુધી તારી કલ્પનામાં મોતીને બદલે 'જાસપર' દેખાશે.

દિલ- 'કુલ્લ'નો અરિસો શોધ. સમુદ્ર પાસે જાવ
સર્વમય- આરસી નદી પાસે નહિ

૧૧૦. જ્યારે તું તારી કલ્પના સંપૂર્ણરીતે છોડી દઇશ ત્યારે તું મોતીઓમાંથી 'જાસપર' જાણી શકીશ.

૧૧૧. ઓ મોતીના સાચા પરીક્ષક, મારી એક વાર્તા સાંભળ કે જેથી તું ખરું અને ઉતરતું (ખોટું) પારખી શકે.

### હ. ઉમર (ર.)ના વખતમાં અમુક માણસે જે જોયો તે બીજનો ચંદ્ર હતો તે વિષે

૧૧૨. હ. ઉમરના વખતમાં રમઝાન મહિનામાં કેટલાક માણસો ટેકરીના મથાળે દોડી ગયા.

૧૧૩. એટલા માટે કે સારા શુકનવંતા બીજનો ચંદ્રમા (જોઈ શકાય) તેઓમાંના એકે કહ્યું, ઓ ઉમર (ર.) "અહીં બીજનો ચંદ્રમા છે."

૧૧૪. જ્યારે હ. ઉમર (ર.) આકાશમાં ચંદ્રમા જોઇ શક્યા નહિ. ત્યારે તેઓએ કહ્યું, "આ ચંદ્રમાં તારી કલ્પનામાં ઊગ્યો છે.

૧૧૫. નહિતર (જ્યારે) હું તારા કરતાં વધુ સારી રીતે આકાશ જોઈ શકું છું ત્યારે હું તે ચોકખો બીજનો ચંદ્રમા કેમ જોતો નથી?

૧૧૬. તેણે કહ્યું, તારા હાથ ભીના કર. અને તે તારી આંખો પર ઘસ, અને પછી બીજના ચંદ્રમા તરફ જો.

૧૧૭. જ્યારે તેણે પોતાની પાંપણો ભીની કરી, ત્યારે તે બીજનો ચંદ્રમા જોયો નહિ. તેણે કહ્યું, ઓ બાદશાહ, ત્યાં ચંદ્રમા નથી. તે અદ્રશ્ય થયો છે.

૧૧૮. હ. ઉમરે (ર.) કહ્યું, હા. તારી આંખની પાંપણનો વાળ ધનુષ્યની માફક બન્યો છે, વિચારમાં તે બાણ (જેવું) દેખાયું.

૧૧૯. જ્યારે એક વાળ વાંકો બને છે, તો તેનો રસ્તો તે બંધ કરે છે (સત્ય જોઇ શકતો નથી) તેથી ખોટો દાવો કરે છે. તેણે ચંદ્રમા જોવાની બડાઈ હાંકી.

૧૨૦. જ્યારે એકજ વાંકો વાળ આકાશથી પડદો પાડે છે ત્યારે જો બધા (શરીરના અવયવો) મેમ્બરો વાંકા બને તો શું થાય?

૧૨૧. સાચાની (મદદ)થી તારા બધા મેમ્બરો (અવયવોને) સીધા કર. (સત્યના રહેઠાણથી) ઓ સીધે રસ્તે ચાલનાર, તારું માથું બીજે ન ફેરવ.

૧૨૨. ત્રાજવું વજનની સચ્ચાઈ બતાવે છે, ત્રાજવું વજનની ઘટ પણ બતાવે છે.

૧૨૩. જે કોઈ જૂઠાઓના (ધીરાણનું) ત્રાજવું વાપરે છે તે નુકસાનીમાં પડે છે. અને તેની સમજણ ગભરાઈ છે.

૧૨૪. જાઓ, "નાસ્તિકો સાથે સખ્તાઈ કરો." અજાણ્યાથી અતિશય પ્રેમ કરવા પર ધૂળ છાંટો (દૂર રહો.)

૧૨૫. અજાણ્યાના માથા પર તલવાર જેવા (તૈયાર) રહો. આવો, લોંકડીની લુચ્ચાઇઓ ન રમો. સિંહ બનો.



મેમ્બર- અવયવો

૧૨૬. એટલા માટે કે (ખુદાના) દોસ્તો (સાચી) અદેખાઈ અંગે તારાથી સબંધ ન તોડે કારણ કે પેલા કાંટાઓ (નાસ્તિકો) આ ગુલાબના દુશ્મનો છે.

૧૨૭. વરુઓને સડેલાં બીની માફક બાળી મૂકો. કારણ કે પેલા વરુઓ યુસુફના દુશ્મનો છે.

૧૨૮. ઈબલીસ તને બાપનો આત્મા (વહાલા દીકરા) કહીને બોલાવે છે. (તેનાથી) ખબરદાર રહેજે, શ્રાપિત ઈબલીસ આસ નકામા શબ્દો થકી તને ભૂલાવામાં નાખે છે.

૧૨૯. તેણે આવી ઠગાઈ તારા પિતા (દાદા આદમ) પર અજમાવી, આ કાળા મોંવાળાએ હ. આદમને હાર આપી.

૧૩૦. આ કાગડો ચેઝબોર્ડ ઉપર કાર્યવત છે, તેની રમતમાં સર્પી આંખથી નજર ન કર.

૧૩૧. કારણકે તે ઘણી ભયંકર રીતો જાણે છે તે તારા ગળામાં તણખલાની માફક ચોંટી જશે.

૧૩૨. તેનું તણખલું તારા ગળામાં વર્ષો સુધી રહેશે. તે તણખલું શું છે? કીર્તિ અને દોલત તરફનો પ્રેમ.

૧૩૩. દોલત એ તણખલું છે, ઓ નબળા મનવાળા, જ્યારે તે તારા ગળામાં છે તો તું (જાણ) કે તે જિંદગીના પાણીને અટકાવનાર છે.

૧૩૪. જો કોઈ ચાલાક દુશ્મન તારી દોલત ઉપાડી જાય તો લૂંટારો લૂંટારાને ઉપાડી જશે.

**સર્પ પકડનારે બીજા સર્પ પકડનારનો સર્પ ચોર્યો તે વિષે**

૧૩૫. એક હલકો ચોર સર્પ પકડનારનો સર્પ ઉઠાવી ગયો. અને પોતાની મૂર્ખાઈમાં તેને તેણે ઈનામ માન્યું.

૧૩૬. સાપ પકડનાર સર્પના કરડવામાંથી બચી ગયો. માણસ કે જેણે તેને લૂંટ્યો હતો. તે પેલા જ સાપથી દયાજનક રીતે માર્યો ગયો.

૧૩૭. સર્પ પકડનારે તેને (મરેલો) જોયો. પછી તે તેને ઓળખી ગયો, અને કહ્યું, "મારા સર્પે તેને જિંદગીથી ખાલી કર્યો.

૧૩૮. મારો આત્મા તેની (ખુદાની) પ્રાર્થનામાં ઈચ્છા કરતો હતો કે હું તેને શોધી શકું અને તેની પાસેથી સર્પને મેળવી શકું.

૧૩૯. ખુદાનો આભાર કે મારી તે અરજ કબૂલ કરવામાં ન આવી. પણ તે મારી ભલાઈમાં બદલાઈ છે.

૧૪૦. ઘણી પ્રાર્થનાઓ કે જે સ્વીકારવામાં આવતી નથી અને પવિત્ર ખુદાની સાયાળુપણાને અંગે તે પ્રાર્થનાઓ સાંભળવામાં આવતી નથી.

**હ. ઈસાના સાથીદારનું હ. ઈસા સાથે હાડકાં પર દુઆ કરી સજીવન કરવા કહેવું**

૧૪૧. અમુક મૂર્ખ માણસે હ. ઈસાની સાથે મુસાફરી કરતાં (રસ્તામાં) ઉંડા ખોદેલા ખાડામાં હાડકાં જોયાં.

૧૪૨. તેણે કહ્યું, ઓ સાથીદાર મને તે કીર્તિવંત નામ (શીખવો) કે જેનાથી તમે મુર્દા સજીવન કરો છો.

૧૪૩. (તે) મને શીખવો, કે જેથી હું ભલાઈ કરું અને તેના થકી હાડકાને જિંદગી આપું.

૧૪૪. હ. ઈસા કહે "ચૂપ રહે, કારણકે તે તારું કામ નથી. તારી ફૂંક અને વાણીનું તે કામ નથી.

૧૪૫. કારણ કે તેને માટે વરસાદથી પણ ચોકખો શ્વાસ જોઈએ. અને ફિરસ્તાનાં કૃત્યો કરતાં આરપારમાં જવું જોઈએ.

૧૪૬. તે શ્વાસ (ફૂંક)ને પવિત્ર કરવામાં ઘણી જિંદગીઓ જોઈએ છે, કે જેથી તેના (માલિકને) સ્વર્ગના ખજાનાથી નવાજવામાં આવે છે.

૧૪૭. (ધારકે) તેં આ દોરડાને તારા હાથમાં મજબૂત પકડી રાખ્યું છે. તો શું તારા હાથમાં હ. મૂસાની કરામતો ઉત્પન્ન થશે?"

૧૪૮. તેણે કહ્યું, "જો હું (આવા પવિત્ર) ગૂઢાર્થ ઉચ્ચારી ન શકું તો પેલાં હાડકાં ઉપર તમે ઉચ્ચારો."

૧૪૯. હ. ઈસાએ પોકાર્યું "ઓ માલિક આ તમારો (છૂપો સંકેત) શું છે? આ મૂર્ખના આ ફળરહિત કાર્યને ચોંટી રહેવામાં શું (ભેદ) છે?

૧૫૦. આ બીમાર માણસને પોતાની કેમ ચિંતા નથી? આ મડદાને પોતાની (રૂહાની) જિંદગીની કેમ ફિકર નથી?

૧૫૧. તેણે તેના મરેલા (આત્માને) (દરકાર વગર) છોડી દીધો છે, અને બીજાનાં મરી ગયેલાના હાંકડાને સજીવન કરવા તલપાપડ થયો છે?

૧૫૨. ખુદાએ (જવાબ આપી) ફરમાવ્યું, જેનો નાશ થવાનો છે તે શોધતો હોય છે. ઉત્કંઠા જે (તેનામાં) જાગી છે તે તેના વાવવાના અંગે વેર વાળનાર છે.

૧૫૩. જે કોઈ દુનિયામાં ઉત્કંઠાના બી વાવે છે તેને ચેતવવામાં આવેલ છે કે તે ત્યાં ગુલાબનો બગીચો ભાળી શકશે નહિ.

૧૫૪. જો તે તેના હાથમાં ગુલાબનું ફૂલ લેશે તો પણ તે ઉત્કંઠો (કંટો) બની જશે. અને જો કે મિત્રને ત્યાં જશે તો તે (મિત્ર) સર્પ (જેવો) બનશે.

૧૫૫. શ્રાપિત બદમાસ અર્કની અંદર છે કે જે તેને સર્પ અને ઝેરમાં ફેરવી નાખે છે, તેનો અર્ક ખુદાથી બીનાર માણસોના અર્કનો વિરોધી છે.

## સૂફીનું ચાકરને પોતાના પ્રાણીની સંભાળ લેવાનું કહેવું અને નોકરનું "લા હૌલ" કહેવું

૧૫૬. એક સુફી દુનિયાની મુસાફરી કરતો કરતો એક રાત્રે તે (સૂફીઓના) આશ્રમમાં મહેમાન બન્યો.

૧૫૭. તેની પાસે એક પ્રાણી (ગધેડો) હતો. તેણે તેને તબેલામાં બાંધ્યો. (જ્યારે) તે (પોતે) મિત્રો સાથે મંચના મુખ્ય આસને બેઠો.

૧૫૮. ત્યાર બાદ તે તેના દોસ્તો સાથે (ગૂઢાર્થજ્ઞાનમાં) ધ્યાનમાં લાગી ગયો. (ખુદાના) દોસ્તની હાજરી એ એક કિતાબ છે., તેથી પણ વધુ (છે)

૧૫૯. સૂફી લોકોની કિતાબ કાગળ અને શાહીની બનાવેલી હોતી નથી. તે બરફ જેવા સફેદ દિલ સિવાય બીજું કાંઈ નથી.

૧૬૦. વિદ્યાર્થીઓનો ખોરાક કલમની નિશાની (અક્ષરો અને લખેલા શબ્દો) છે, સૂફીનો ખોરાક શું છે? "પગલાંની નિશાની."

૧૬૧. તે (સૂફી) શિકારીની માફક દબદબાથી ખેલે છે, તે કસ્તુરીવાળા મૃગનો રસ્તો જુએ છે અને તેનાં પગલાંને અનુસરે છે.

૧૬૨. થોડા વખત માટે હરણનાં પગલાં તેના માટે ખરેખરો (ઉકેલ) છે, (પણ) ત્યારબાદ તેને દોરવનાર હરણની ડુંટીજ છે (કસ્તુરીની વાસ અંગે રસ્તો મળતો હોય છે.)

૧૬૩. જ્યારે તે રસ્તો (મળતાં) ઉપકાર માનતો રસ્તો ઓળંગી જાય છે, તે રસ્તાં થકી તે આખરે પોતાને મંજિલે પહોંચે છે.

૧૬૪. કસ્તુરીની વાસથી દોરવણી મેળવી એક રસ્તો પસાર કરવો તે સો રસ્તા ભટકીને ઓળંગવા કરતાં વધુ સારું છે.

૧૬૫. દિલકે જે (ખુદાઈ નૂર)ના કિરણોને ઊગવાની જગ્યા છે, તે 'આરિફ' માટે (હકીકતી સમજણનો) ખુલતો દરવાજો છે.

૧૬૬. તારે માટે તે દીવાલ છે, તેઓ માટે તે દરવાજો છે તારે માટે તે પત્થર છે, (પણ) પેલા માન પામેલાઓ માટે મોતી છે,

૧૬૭. જે તુ આરસીમાં ચોકખી રીતે જોઈ શકે છે, તે પીર ઈંટમાં વધુ (સારી) રીતે જુએ છે.

૧૬૮. પીરો તેઓ છે કે જેઓના આત્માઓ આ દુનિયાની હસ્તી પહેલાં ખુદાઈ દયાના દરિયામાં અસ્તિત્વમાં હતા.

૧૬૯. આ શરીરની (ઉત્પત્તિ) પહેલાં તેઓએ ઘણી જિંદગીઓ પસાર કરી, વાવતાં પહેલાં તેઓએ ઘઉંનો પાક મેળવ્યો,

૧૭૦. રૂપની (ઉત્પત્તિ) પહેલાં તેઓએ આત્માઓ મેળવ્યા તેઓએ સમુદ્રની ઉત્પત્તિ પહેલાં મોતીઓમાં વીંધ પાડ્યા.

૧૭૧. માણસ જાતને અસ્તિત્વમાં લાવવાની ચર્ચા ચાલુ હતી, (ત્યારે પણ) તેઓના આત્માઓ (દૈવી) સર્વ શક્તિમાનના દરિયામાં ગળા સુધી હાજર હતા.

૧૭૨. જ્યારે ફિરસ્તાઓ (માણસ જાતની ઉત્પત્તિ)નો વિરોધ કરતા હતા ત્યારે પણ તેઓ (પીરો) ગુપ્ત રીતે ફિરસ્તાઓ તરફ તાલીઓ પાડતા હતા.

દોસ્ત ની હાજરી = કિતાબ = સફેદ દિલ

૧૭૩. તેને (પીરને) દરેક અસ્તિત્વ ધરાવનારના રૂપથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આના પહેલાં " નફ્સે કુલ" માયાવી બંધનમાં બંધાયો.
૧૭૪. આસમાનોના ઉત્પન્ન કર્યા પહેલાં તેઓએ 'સાર્ટન'ને જોઓ હતો. બી ના અસ્તિત્વ પહેલાંથી તેઓએ રોટલાને જોયો હતો.
૧૭૫. મગજ અને મન વગર તેઓ વિચારોથી ભરપૂર હતા. લશ્કર અને લડાઇ વગર તેઓએ જીત મેળવી હતી.
૧૭૬. તાત્કાલિક અંતર દર્શન તેઓના સબંધ એ વિચાર હતો. નહિતર ખરેખર જેઓ ખુદાથી દૂર છે તેઓના સંબંધમાં તે માત્ર કલ્પના છે.
૧૭૭. વિચાર એ ભૂતકાળ અને ભવિષ્યકાળનું (પ્રતીક છે) જ્યારે તે આ બન્નેથી મુક્ત થાય છે ત્યારે મુશ્કેલીનો અંત આવે છે.
૧૭૮. આત્માએ દ્રાક્ષમાં દારૂ જોયો છે આત્માએ શૂન્યમાં પણ રૂપ જોયું છે.
૧૭૯. તેણે દરેક સ્થિતિની ચીજો હાલત વગરની જોઈ છે, તેણે અસલી અને નકલી સિક્કાઓ ખાણ (બન્યાં પહેલાં) જોયા છે.
૧૮૦. દ્રાક્ષના ઉત્પન્ન થયા પહેલાં તેણે શરાબને ગટગટાવ્યો છે, અને નશો ચડયો છે.
૧૮૧. ગરમ જુલાઈમાં તેઓ (પીરો) ડિસેમ્બર (ઠંડી) જુએ છે, સૂર્યના કિરણોમાં તેઓ પડછાયો જુએ છે.
૧૮૨. તેઓએ દ્રાક્ષના દિલમાં શરાબ જોયો છે, તદ્દન 'ફના' (હાલતમાં) તેઓએ હસ્તીને જોઈ છે.
૧૮૩. આકાશ તેઓના ફરતા પ્યાલામાંથી હવાના પ્રવાહો વાપરે છે. સુર્ય તેઓની દયા થકી સોનેરી કપડામાં સજ્જ થએલો છે.
૧૮૪. જ્યારે તું તેઓ બન્ને સાથે મિત્ર તરીકે જુએ ત્યારે તેઓ એક જ છે અને તેજ વખતે (તેઓ) છ લાખ (પણ) છે.
૧૮૫. તેઓની સંખ્યા મોજાંની માફક છે, પવન તેઓને સંખ્યામાં લાવે છે.
૧૮૬. સૂર્ય કે જે આત્માઓ (માફક) છે, તે (કિરણો)માં બારીઓમાં જુદો થયો છે કે જે શરીરોની (માફક) છે.
૧૮૭. જ્યારે તમે સૂર્યના ગોળ ચકદા પર નજર કરો છો ત્યારે તે પોતે તો એક જ છે, પણ તે કે જે શરીરો તરફ જુએ તે શંકામાં પડે છે.
૧૮૮. જાનવરી આત્મામાં જુદાઈ છે, (પણ) મનુષ્ય આત્મા એકજ સત્ય છે.
૧૮૯. તેવીજરીતે ખુદા પોતાનું નૂર તેઓ (મનુષ્ય જીવ) ઉપર છાંટે છે, તેનું નૂર (હકીકતમાં) જુદું થતું નથી.
૧૯૦. ઓ રસ્તાના મારા સાથીદાર, તારો થાક એકપળ માટે ભૂલીજા કે જેથી હું તે ખૂબસૂરતીના એક કણનું વર્ણન કરું.

૧૯૧, તેની હાલતની ખૂબસૂરતી કહી શકાય તેમ નથી, (તેની આગળ) બન્ને દુનિયા શું છે? તેની ચામડીના તલનું પ્રતિબિંબ પણ (બહુ મહાન છે)

૧૯૨. જ્યારે તેના ખૂબસૂરત તલ માટે એક શબ્દ પણ બોલું; તો મારી વાણીને અંગે મારું શરીર મૂર્છામાં પડી જાય.

૧૯૩. કીડીની માફક હું મારા ભંડારમાં એવી ખુશીમાં છું કે મારાથી ઘણો વધુ બોજો ખેંચું છું.

આ વાર્તાના આંતરિક અર્થનું સમજાવવું બંધ કર્યું કારણ કે
સાંભળનારની ઇચ્છા તે ઉપલક રૂપ સાંભળવાની હતી.

૧૯૪. તે કે જે રોશનીથી અદેખો બન્યો છે તે મને જે કહેવુંજ જોઇએ તે ફરજીયાત કહેવાની રજા આપશે?

૧૯૫. દરિયો પોતામાંથી મોજાં બહાર કાઢે છે, અને વાડ કરે છે. તે પાછું પડે છે અને (ફરીવાર) પાછા પડયા બાદ ફરી વહે છે.

૧૯૬. અત્યારના જમાનામાં જે (ખુલ્લું કરતાં) સંતાડવામાં આવ્યું તે સાંભળ, મને લાગે છે કે સાંભળનારનું દિલ બીજે ભટકે છે.

૧૯૭. તેના વિચારો સૂફી મહેમાન તરફ ગયા છે અને તે તે કાર્યમાં ગળાબૂડ ડૂબી ગયો છે.

૧૯૮. ઓ વહાલા મિત્ર સૂફી(માત્ર) બહારનુંજ રૂપ છે એવી કલ્પના ન કરતો, બચ્ચાંની માફક ક્યાં સુધી અખરોટ અને સૂકી દ્રાક્ષ (ઉપર પ્યાર કરીશ)?

૧૯૯. આ વાતચીતમાંથી તે મને પાછો તે વાતો તરફ લઈ જાય છે કે તેનું (સૂફીનું) શું થયું તે વર્ણન કરું.

૨૦૦. ઓ ફરઝંદ, આપણી કાયા અખરોટ અને સૂકી દ્રાક્ષ (માફક) છે, જો તું મર્દ છો તો આ બન્ને ચીજો છોડી દે.

૨૦૧. અને (છતાં) જો તું તેઓને નહિ છોડ તો ખુદાની દયા તને નવમા આસમાનમાં પસાર થવાનું અશક્ય બનાવશે.

૨૦૨. હવે જાહેરી રીતનું આ વાર્તાનું રૂપ સાંભળ, પણ ફોતરામાંથી દાણા જુદા કરવામાં ધ્યાન રાખજે.

વણજારના લોકોનું સૂફીનું પ્રાણી બીમાર છે તેવું ધારવું

૨૦૩. જ્યારે આખરે સૂફીની મંડળી (ધ્યાન થકી) (રૂહાની) લાભ શોધતા હતા તેનો અંત આવ્યો.

૨૦૪. તેઓ મહેમાન માટે ખાવાની થાળીઓ લઈ આવ્યા. અને પછી તેણે પોતાના પ્રાણીનો વિચાર કર્યો.

૨૦૫. તેણે (સૂફીઓના) ચાકરને કહ્યું: તબેલામાં જઈ મારા પ્રાણી માટે ઘાસ અને બાજરાનો બંદોબસ્ત કર.

૨૦૬. તેણે જવાબ આપ્યો: "લા હઉલ" આટલું બધું શા માટે કહેવું પડે ? ઘણા લાંબા વખતથી આ ચીજોનું હું ધ્યાન રાખું છું.

૨૦૭. સૂફીએ કહ્યું, પહેલાં બાજરાને પલાળજે, કારણકે તે ગધેડો વૃદ્ધ છે, અને તેના દાંત હાલે છે.

૨૦૮. તેણે કહ્યું, "લા હઉલ" સાહેબ, તમે મને આ શા માટે કહી રહ્યા છો ? આ બંદોબસ્ત કરવાનું તેઓ શીખેલા છે.

૨૦૯. સૂફીએ કહ્યું, સૌથી પહેલાં તેનું પલાણ ઉતારી લેજે, પછી તેની પીઠ પર મલમ ચોપડજે.

૨૧૦. નોકર બૂમ પાડી કહે "લા હૌલ" ઓ ડહાપણના ભંડાર શા માટે ? (આમ કહો છો) મને તમારી સાફક હજાર મહેમાન મલ્યા છે.

૨૧૧. અને સઘળા ઘણીજ ખુશી સાથે સીધાવ્યા છે, મહેમાન અમારી જિંદગી અને કુટુમ્બ (જેવા વહાલા છે).

૨૧૨. સૂફીએ કહ્યું, તેને પાણી આપજે. પણ તે નવશેકું (હોવું જોઈએ), પેલો બૂમ પાડી કરે "લા હૌલ" હું (હવે તો) તમારાથી શરમાઉં છું.

૨૧૩. સૂફીએ કહ્યું, તેની બાજરી સાથે થોડુંજ ઘાસ નાખજે, તેણે જવાબ આપ્યો "લા હૌલ" હવે (મહેરબાની કરી) વાત ટૂંકી કર.

૨૧૪. સૂફીએ કહ્યું, તેની જગ્યા પથરા અને છાણ વગરની ચોકખી કરજે. અને જો તે ભીની હોય તો તેના પર સૂકી માટી વેરજે.

૨૧૫. તે બૂમ પાડી ઊઠયો "લા હૌલ" ઓ બાપા, ખુદાની દયા માટે આજીજી કરો. અને સંદેશવાહક કે જે પોતાનું કામ જાણે છે તેને થોડું કહો.

૨૧૬. સુફીએ કહ્યું, દાંતીઓ લઈ ગધેડાની પીઠ પર માલીસ કરજે, તે કહે "લા હૌલ" ઓ બાપ (હવે) જરા શરમ રાખો.

૨૧૭. નોકર આમ કહી પોતાની કેડ મજબૂત બાંધી. તેણે કહ્યું, હું જાઉં છું. સૌથી પહેલાં હું બાજરી અને ઘાસ લાવું છું.

૨૧૮. તે ચાલ્યો ગયો અને તબેલાનો કદી વિચાર જ ન કર્યો. તેણે સૂફીને સસલાની ઊંઘ આપી ( છેતર્યો )

૨૧૯. નોકર કોઈ બદમાસોને મળવા ચાલ્યો ગયો. અને સૂફીની તાકીદની ઠેકડી ઉડાવી.

૨૨૦. સૂફી મુસાફરીથી થાકી ગયો હતો. અને પોતાની કેડ લંબાવી (સૂવા માટે) આંખો બંધ હોવા છતાં તે સ્વપ્ન જોતો હતો.

૨૨૧. કે તેનો ગધેડો વરુના પકડમાં (લાચાર હતો), (કે જે) તેની પીઠ અને સાથળમાંથી ટુકડા જુદા કરતો હતો.

૨૨૨. તે બૂમ પાડી ઊઠ્યો. "લા હૌલ" આ કઈ જાતનું ગાંડપણ છે? અરે પેલો માયાળુ નોકર ક્યાં છે?

૨૨૩. ફરીવાર તે (સ્વપ્નમાં) જોતો હતો કે રસ્તા પર અવારનવાર તેનો ગધેડો ચાલતાં ચાલતાં કૂવામાં કે ખાડામાં પડતો હતો.

૨૨૪. તે ઘણાંજ જુદાં જુદાં ભયંકર સ્વપ્ન જોતો હતો. તે ફાતેહા અને કારિઆહ પડતો હતો.

૨૨૫. તેણે (પોતાના મનમાં) કહ્યું, મદદ માટે શું કરી શકાય? મારા દોસ્તો ઉતાવળે ચાલ્યા ગયા છે, તેઓ બૂમ પડયા છે અને બધા દરવાજા બંધ કરી ગયા છે.

૨૨૬. ફરીવાર તે કહેશે, અરે પેલા દુઃખી નોકર માટે હું અજાયબ થાઉં, શું તે પાંઉ અને ખાવાનું ખાવામાં અમારી સાથે ન હતો?

૨૨૭. મેં માત્ર તેના તરફ દયા અને નરમાસ બતાવી છે, તેનાથી ઊલટું શા માટે તેણે મારા તરફ તિરસ્કાર બતાવ્યો?

૨૨૮. દરેક દુશ્મની કાંઈ કારણ ઉપર આધાર રાખે છે, નહિતર અમારી સામાન્ય માનવતા (દોસ્તી અંગે) વિશ્વાસ ઉત્પન્ન કરત!

૨૨૯. ત્યારબાદ તે ફરીવાર કહેશે, માયાળુ અને ઉદાર આદમે ઈબલીસને ક્યાં નુકશાન પહોંચાડ્યું હતું?

૨૩૦. સર્પને અને વીંછીને માણસે શું (નુકશાન) કર્યું છે? કે તેઓ મૃત્યુ અને દુઃખ (તેઓ પર) લાવે છે?

૨૩૧. ચીરી નાખવું એ વરુની પ્રાકૃતિક પ્રેરણા છે, બધું થાય છતાં, આ અદેખાંઈ માણસ જાતમાં આગળ પડતી છે.

૨૩૨. ફરીવાર તે કહેશે, તમારા દુષ્ટ વિચારોમાં અહંકાર સમાએલો છે, તે કે જે કોઈ દુષ્ટ વિચાર કરતો નથી તે ઈબ્ન વગરનો કેમ રહે?

૨૩૪. સૂફી (આ પ્રમાણે દિલના) ઉભરામાં હતો. (જ્યારે) (તે દરમ્યાન) ગધેડો એવો કઢંગી હાલતમાં હતો કે તે માત્ર આપણા દુશ્મનો હોય તેના ઉપર જ તેવી હાલત ઉતરે.

૨૩૫. પેલો ગરીબ ગધેડો ધૂળ અને પત્થરા વચ્ચે હતો. તેનું પલાણ આડું અને ગળાનું દોરડું તૂટેલું

૨૩૬. મુસાફરીના થાકથી મરી ગએલા જેવો. આખી રાત ઘાસ વગરનો અવારનવાર હાંફતો અને દુઃખ ભોગવતો.

૨૩૭. આખી રાત ફરી ફરીને ગધેડો (પોકારતો હતો) "ઓ ખુદા, હું બાજરી છોડી દઉં છું પણ તું મને એક મૂઠીભર ઘાસ તો દે."

૨૩૮. તે મૂંગી ભાષામાં કહેતા હતો. ઓ શેખ મારા તરફ દયા બતાવો. આ અહંકારી ઠગ થકી હું નાશ પામી રહ્યો છું.

૨૩૯. જમીનનું પક્ષી પાણીના પૂરમાં જે સહન કરે છે તે દુઃખ અને તકલીફો આ ગધેડાએ સહન કર્યાં.

૨૪૦. સવાર સુધી આખી રાત પેલો કંગાળ ગધેડો અતિશય ભૂખ અંગે દરેક દિશાએ દડતો રહ્યો.

૨૪૧. દિવસ ઊગ્યો. નોકર સવારમાં આવ્યો અને ત્વરિત ગતિએ પલાણ શોધી ગધેડાની પર મૂક્યું.

૨૪૨. ગધેડા વેચનારના રિવાજ મુજબ બે ત્રણ ફટકા લગાડયા. આવા લબાડ પાસેથી મલી શકે તે ગધેડાએ મેળવ્યું.

૨૪૩. આરના તીક્ષ્ણપણાને અંગે ગધેડાએ કૂદકા મારવા શરૂ કર્યાં, ગધેડાને એવી જીભ ક્યાંથી હોય કે પોતાની હાલત વર્ણવી શકે?

૨૪૪. જ્યારે સૂફી સવાર થઈને રવાના થયો, તો ગધેડો દરેક વખતે પોતાના માથાની તરફ પડવો શરૂ થયો.

૨૪૫. (અને) દરેક વખતે લોકો તેને ઊંચકીને ઊભો કરવા લાગ્યા. તેઓ બધાએ વિચાર્યું કે ગધેડો બીમાર છે.

૨૪૬. એક તેનો કાન સખત રીતે મસળવા લાગ્યો. બીજાએ તાળવાનો ભાગ (મસળવા) શોધ્યો.

૨૪૭. અને બીજો તેના પગમાં પત્થર હોય તો શોધવા લાગ્યો. અને ત્રીજો તેની આંખમાં કચરો હોય તો શોધવા લાગ્યો.

૨૪૮. તેઓ એમ પણ કહેતા હતા "ઓ શેખ આનું કારણ શું છે? શું તમે ગઈ કાલે એમ નહોતા કહેતા કે "ખુદાનો આભાર માનો કે આ ગધેડો મજબૂત છે,"

૨૪૯. તેણે જવાબ આપ્યો, ગધેડો કે જેણે રાત્રીએ માત્ર "લા હૌલ" ખાધું છે તે આવી રીત સિવાયની રીતે ચાલી શકે નહિ.

૨૫૦. તેવી રીતે ગધેડાનો ખોરાક રાતના "લા હૌલ" હતો તે રાતના ખુદાના ગુણગાન ગાતો હતો અને (અત્યારે) દિવસે તે પોતાને સિજદામાં લઈ જાય છે.

૨૫૧. ઘણાખરા લોકો માણસ ખાનાર છે. તેઓના કહેવામાં વિશ્વાસ ન મૂક. "તમને શાંતિ હોજો."

૨૫૨. બધાનાં દિલ સેતાનનાં ઘર છે, સેતાની માણસોની વાત કબૂલ ન કર.

૨૫૩. જે કોઈ સેતાનના મોંથી "લા હૌલ" બોલાએલ ગળે છે તે પેલા ગધેડાની માફક લડાઈમાં માથાભાર પડે છે.

૨૫૪. જે કોઈ આ દુનિયામાં સેતાનની ઠગાઈ ગળી જાય છે. અને દુશ્મન કે જેનો ચહેરો દોસ્તનો હોય છે તે માન અને અપમાન (ગળે છે).

૨૫૫. ઇસ્લામના રસ્તે અને 'પુલ સીરાત 'પર તે પેલા ગધેડાની માફક ફેર ચડતાં માથા- ભર પડશે.

૨૫૬. ખબરદાર! ખરાબ દોસ્તની ખુશામતખોરી સાંભળતો નહિં જાળની તપાસ રાખજે. દુનિયાપર સલામત છે એમ નહિ ચાલતો.

૨૫૭. લાખ સેતાનો "લા હૌલ" ઉચ્ચારે છે તે જો. ઓ આદમ, સર્પમાં ઈબ્લીસને નિહાળ.

૨૫૮. તે (તને) નકામા શબ્દો કહેશે. તે તને કહે છે, "ઓ મારા આત્મા અને વહાલમ," કે જેથી તે કસાઈની માફક તેના વહાલમની ચામડી ઉતરડી નાખે.

૨૫૯. તે (એવા) કિંમત વગરના શબ્દો બોલી તારી ચામડી ઉતરડી નાખે. તેને ધિક્કાર છે, કે જે દુશ્મનના મોંની ભાંગનો સ્વાદ ચાખે છે.

૫૬૦. તે પોતાનું માથું તારા પગ પાસે (ખુશામતમાં) નમાવે છે અને કસાઇ માફક નકામો શબ્દો બોલે છે કે જેથી તે દયાજનક રીતે તારું ખૂન વહેવડાવે.

૨૬૧. સિંહની માફક તારો શિકાર તું પોતે જ શોધ. અજાણ્યા કે સગાની ખુશામત તરફ ધ્યાન ન દે.

૨૬૨. નીચનું માન પેલા નોકરની માફક છે તે જાણ. તારા (દોસ્ત તરીકે) કોઈ ન હોઇ તે વધુ સારું છે કે જેથી કોઈના (હિંમત વગરના લોક)ની ખુશામત (સ્વીકારવી પડે)

૨૬૩. તારો ઘર બીજાના જગ્યામાં ન બનાવ, તારું પોતાનું કામ કર. અજાણ્યાનું કામ કર.

૨૬૪. અજાણી વ્યક્તિ કોણ છે? તારી માટીની કાયા કે જેના ખાતર આ (બધી) તારી દિલગીરીઓ છે.

૨૬૫. જ્યાં સુધી તમે તમારી કાયાને ચરબીવાળો (ઉત્તમ) અને મીઠો (ખોરાક) આપો છો ત્યાં સુધી તમારા (રૂહાની) સત્ત્વમાં વધારો જોઈ શકશો નહિ.

૨૬૬. જો કાયાને કસ્તુરી વચ્ચે (પણ) ગોઠવવામાં આવે (છતાં) મૃત્યુના દિવસે તેની બદબો પ્રકાશમાં આવશે.

૨૬૭. કાયા ઉપર કસ્તુરીને ન ઘસ, તારા દિલ પર ઘસ. કસ્તુરી શું? (કીર્તિવંત) અલ્લાહનું પવિત્ર નામ.

૨૬૮. દંભી કસ્તુરીને પોતાના શરીર પર મૂકે છે અને પોતાના આત્માને રાખના વાસણના તળીએ મૂકે છે.

૨૬૯. તેની જીભ પર ખુદાનું નામ છે. અને તેના આત્મામાં નાસ્તિક વિચારોની બદબો (છે.)

કસ્તુરી : ખુદાનું નામ

તારું ઘર બીજાની જગ્યામાં ન બનાવ.

૨૭૦. ખુદાનાં વખાણ તેના સબંધમાં (જાણે કે) રાખના વાસણમાંનો ચારો છે, વિષ્ટાના ઢગલા પર ગુલાબો અને કમળો (ઊગતાં હોય છે).

૨૭૧. પેલા રોપાઓ ચોક્કસ ઉછીના (બીજાની માલકીનાં) છે, તેઓની ખરેખરી (રાખવાની) જગ્યા સંગ્રહસ્થાન અને આનંદ ઉત્સવની છે.

૨૭૨. "સદ્ગુણી સ્ત્રીઓ સદ્ગુણી પુરુષો માટે છે" એ પણ (હદીસ છે કે) દુર્ગુણી પુરુષો માટે. ધ્યાન રાખ.

૨૭૩. રાગદ્વેષ રાખ નહિ. જેઓ ખારથી રસ્તો ચૂકી ગયાં છે, તેઓની કબરો દેવી લોકોની બાજુમાં રાખવામાં આવી છે,

૨૭૪. દ્વેષનું મૂળ દોઝખ છે. અને તારો વેરભાવ એ પેલાનો એક ભાગ છે, અને તે તારા ધર્મનો દુશ્મન છે.

૨૭૫. જ્યારે તું દોજખનો ભાગ છે તો ચેતતો રહે, ભાગ પોતાના અસલિયાત તરફ ચકરાવો લ્યે છે.

૨૭૬, તે કે જે તીખો છે તે નક્કી જેઓ તીખા છે તેની સંગાત કરશે. નકામો શ્વાસ (ખોટા શબ્દો) સાચાથી કેમ મેળાપ કરશે?

૨૭૭. ઓ ભાઈ, તું તારા વિચારો પ્રમાણેનો છે. બાકી તો (તું) માત્ર હાડકાં અને રસોઈ છો.

૨૭૮. જો તારો વિચાર ગુલાબ છે તો તું ગુલાબનો બગીચો છો. અને જો તે કાંટો છે તો તું રાંધવાની સગડીનું બળતણ છો.

૨૭૯. જો તમો ગુલાબ જળ છો તો તમે માથા અને છાતીએ છંટાવાના છો. પરંતુ જો પેશાબ જેવા છો તો ફગાવી દેવામાં આવનાર છો.

૨૮૦. દવા વેચનારાની ટ્રે તરફ જુઓ, દરેક ચીજ તેની જાતની ચીજ પાસે ગોઠવેલી (હોય છે)

૨૮૧. દરેક જાતની વસ્તુ પોતાની જાત વાળી વસ્તુ સાથે ભેગી થાય છે, અને આ સમાન જાતિના અંગે ચોક્કસ, પ્રકારની શોભા ઉત્પન્ન થાય છે.

૨૮૨. અને તેની (દવા વેચનારની) કુંવાર (વનસ્પતિ) અને ખાંડ ભેગાં થાય તો તે ટુકડે ટુકડો તેમાંથી વીણી લે છે.

૨૮૩. ટ્રે ભાંગી હતી અને આત્માઓ ઢોળાઈ ગયા હતા, ભલા અને બૂરા એક બીજા ભળી ગયા હતા.

૨૮૪. ખુદાએ પયગમ્બરોને દફતરો (ખુદાઈ સંદેશા) સાથે મોકલ્યા, કે જેથી તે થાળીમાંથી આ દાણાઓ જુદા કરે.

૨૮૫. આની પહેલાં આપણે એક જ કોમ હતા. આપણે ભલા કે બૂરા છીએ તે કોઈ જાણતું ન હતું.

૨૮૬. ખોટા અને ખરા સિક્કાઓનો (આપણે) આ દુનિયામાં પ્રવાહ હતા, જ્યારે બધા જ અંધકારમાં હતા, અને આપણે રાત્રિના (અંધકારના) મુસાફર હતા.

૨૮૭. જ્યારે પયગમ્બરોનો યુગ ઉગ્યો, અને કહ્યું, ઓ મિશ્રધાતુ, આવો, ઓ તું કે જે પવિત્ર છે?

૨૮૮. આંખ રંગોના ભેદ સમજી શકે છે, આંખ માણેક અને પત્થર જાણે છે.

૨૮૯. આંખ કચરો અને ઝવેરાત જાણે છે. આથી કચરાના ટુકડા આંખને ચટકો ભરે છે.

૨૯૦. આ દંભી બનાવટ કરવાવાળા દિવસના દુશ્મન છે. પેલા ખાણના સોનાના ટુકડાઓ દિવસના ચાહકો છે.

૨૯૧. કારણ કે દિવસ અરીસો છે કે જે (ચોકખા સોનાને) જાણીતો બનાવે છે, તેથી અશરફી (સોનાના સિક્કા) (સળતા) માનને નિહાળી શકે.

૨૯૨. આથી ખુદાએ કયામતને "દિવસ"નો લકબ આપ્યો. (કારણ કે) દિવસ રાતા અને પીળાની ખૂબસૂરતી જાહેર કરે છે.

૨૯૩. હકીકતમાં દિવસ એ અવલિયાઓનું આંતરિક મન છે, (જો કે) તેઓના ચંદ્રમાની બાજુમાં સૂર્ય પડછાયાની જેમ (ઝાંખો છે).

૨૯૪. ખુદાઈ ઈન્સાનના (રોશની ભર્યા દિલનું) ગૂઢાર્થનું પ્રતિબિંબ 'તે દિવસ' છે, જ્યારે આંખને સીવી લેતી રાત એ અંધકારભર્યા દિલનું પ્રતિબિંબ છે.

૨૯૫. તે કારણને અંગે જ ખુદાએ ફરમાવ્યું. "સવારથી" સવારથી એ હ. મુસ્તફા (સ. અ.)ના દિલનું છૂપું "નૂર" છે.

૨૯૬. બીજો મત "આ સવાર"નો અર્થ પ્યારા (ખુદા) આ બન્નેનું પ્રતિબિંબ પણ છે.

૨૯૭. નહિતર ક્ષણભંગુર ચીજના કસમ ખાવા એ ખોટું છે ખુદાની વાણી ખરેખર ક્ષણભંગુર કેમ હોય?

૨૯૮. પેલા દોસ્ત (હ. ઇબ્રાહીમ અ.) કહ્યું, "જે અસ્ત થાય છે તેને હું ચાહતો નથી.. તો પછી કીર્તિવંત માલિક આ (કસમ)થી ક્ષણભંગુર અર્થ કેમ બતાવે?

૨૯૯. ફરીવાર અને "રાત્રીએ" એ અંધકાર ભરેલાને ઉદ્દેશીને (કહેવાએલ છે) અને તેની માટીની કચરા અંગે કાળી થએલી કાયા (માટે કહેવાએલો)

૩૦૦. જ્યારે તેનો સૂર્ય પેલા આકાશમાં ઊગ્યો, તેણે શરીરની રાત્રીને કહ્યું, અરે તને તેણે ત્યજી દીધેલ નથી.

૩૦૧. મેળાપ દુઃખના સત્વથી જાહેર થયો, પેલી મીઠાશ (આ શબ્દોથી) જાહેર કરવામાં આવી. "તે માટે તને ધિક્કાર્યો નથી."

૩૦૨. હકીકતમાં દરેક બોલ હાલતનું સીમાચિહ્ન છે. હાલત એ હાથ છે. જ્યારે ભાવ એ ઓજાર છે.

૩૦૩. સોનીનું ઓજાર મોચીના હાથમાં જાણે કે રેતીમાં બી વાવવા બરાબર છે.

૩૦૪. અને મોચીનું ઓજાર ખેડૂની આગળ (જાણે કે) કૂતરાની આગળ ઘાસ અને ગધેડાની આગળ હાડકાં (જેવું છે)

૩૦૫ મનસુર (અલહલ્લાજ)ના હોઠ પર "અનલહક" "હું ખુદા છું" (સત્યનું) નૂર હતું. ફીરઓનના હોઠ પર "હું ખુદા છું" એ જૂઠ હતું.

૩૦૬. મૂસાના હાથમાં દોરડું (સત્યનું) સાક્ષી બન્યું. જાદુગરના હાથમાંનું દોરડું હવામાંનું દોરડું હવામાંનું રજકણ બન્યું.

૩૦૭. એટલા ખાતરજ હ. ઈસા (અ) એ સાથી મુસાફરને પેલું માલિકનું મહાન નામ શીખવ્યું નહિ.

૩૦૮. કારણ કે તે તેનો (સાચો ઉપયોગ) જાણત નહિ. અને ઓજારમાં ખામી લાગુ પાડત. માટી પર પત્થર લગાવ, અને અગ્નિ આગળ કેમ વધશે?

૩૦૯. હાથ અને ઓજાર એ પત્થર અને લોઢાની માફક છે, ત્યાં જોડ હોવી જોઈએ, જોડ એ જન્મ આપવાની શરત (જરૂરી) છે.

૩૧૦. તે એક જ (એવો) છે (ખુદા) કે જેને ઓજાર કે ભોમિઓ નથી. સંખ્યામાં શક છે. અને તે 'એક' શકથી પર છે.

૩૧૧. તેઓ કે જેઓ કહે બે કે ત્રણ અથવા તેથી વધારે, તેઓ ચોક્કસ "એક"માં કબૂલ થયા છે,

૩૧૨. જ્યારે ત્રાંસુ જોવું છોડી દેવામાં આવે તો તેઓ એક સરખા બને છે, બે કે ત્રણ ખાત્રીથી કહેનારા એકતાની ખાત્રીથી કહેનારા બને છે.

૩૧૩. જો તમો પોલોની રમતના મેદાનમાં દડો છો તો તેની પોલોની રમતની લાકડીથી ગોળ ગોળ ફરતા રહો.

૩૧૪. દડાને ત્યારે રાજાના હાથથી ફટકો લાગતાં કૂદતો બને ત્યારે તે સમયે તે યોગ્ય ભૂલ વગરનો બને છે.

૩૧૫ આ (હદીશોને) ધ્યાનપૂર્વક સાંભળ. ઓ ત્રાંસી આંખે જોનાર, કાન માફક આંખને મલમ લગાડ.

૩૧૬. પવિત્ર શબ્દો, ત્યારબાદ આંધળાં દિલોને ટકાવી રાખતા નથી. (પણ) "નૂર" પાસે જા કે ત્યાંથી તે (પવિત્ર શબ્દો) આપે છે,

૩૧૭. જેમ સેતાનનો (ગંદો) જાદુમંત્ર ફૂટેલાં દિલોમાં જાય છે, જેમ વાંકા પગમાં વાંકા બૂટ હોય છે.

૩૧૮. ત્યારે તું ડહાપણ પોપટિયા જ્ઞાનથી શીખીશ તે તું ત્યારે તેને લાયક નહિ કરે ત્યારે તને છોડી જશે.

૩૧૯. અને જો તું તે લખી અને ઉતારી પણ લે અને જો કે તું (તેના માટે) પતરાજી કરે અને વિવરણ પણ કરે.

૩૨૦. તે તેનો ચહેરો તારામાંથી ખેંચી, ઓ દલીલો કરનાર, તે તેની બેડી એકદમ તોડી નાખશે. અને તારાથી ભાગી જશે



મન્સુર - સત્યનુ નુર હુ ખુદા છુ અનલહક
ફિરોન. - જુઠાણુ - જુઠ. નુર→ [illegible]
'એક' - શકથી પર છે.

૩૨૧. (પણ) જો તું વાંચ નહિ અને તે તારો ઉત્સાહ (પ્રેમનો) જોશે. તો જ્ઞાન તારા હાથનું (આજ્ઞાંકિત) પક્ષી બનશે.

૩૨૨. તે દરેક અણઘડ શિખાવથી ટકાવી રખાતું નથી. (તે) મોરની માફક છે કે જે ખેડૂતના ઘરમાં (રહેશે નહિ)

### બાદશાહને પોતાનું બાજ ખખડી ગયેલ વૃદ્ધાના ઘરમાં માલુમ પડવા વિષે

૩૨૩. તે તેના જેવું નથી કે બાજ પક્ષી રાજા પાસેથી ત્રાસીને એક ઘરડી ડોસી કે જે આટો પીસતી હતી ત્યાં ગયું.

૩૨૪. કે જેથી તેણી તેણીના બચ્ચાં માટે 'તુત્માજ' રાંધે (ત્યારે તેણીએ સુંદર સારી રીતે જન્મેલું બાજ જોયું.

૩૨૫. તેણીએ તેના નાના પગ બાંધ્યા અને તેની પાંખો સપી નાખી. તેણીએ તેના નહોર કાપી નાખ્યા અને તેને ઘાસ ખવરાવ્યું.

૩૨૬. તેણીએ કહ્યું, કિંમત વગરના લોક, તેં તને સારી વ્યવસ્થામાં ન રાખ્યો ? તારી પાંખો બહુ મોટી થઈ ગઈ છે. અને તારા નખો લાંબા થયા છે.

૩૨૭. દરેક અયોગ્ય માણસનો હાથ તેને બીમાર બનાવે છે, તારી મા પાસે આવ કે જેથી તેણી તારી સંભાળ લે.

૩૨૮. ઓ દોસ્ત, જાણુ કે મૂર્ખની આવી મહોબત છે, મૂર્ખ રસ્તા પર વાંકો જ ચાલતો હોય છે.

૩૨૯. રાજાએ તેને શોધવામાં દિવસ પસાર કર્યો, આખરે તે ઘરડી ડોશી કે જે તંબુ કે (ત્યાં તેણી રહેતી) ત્યાં ગયો.

૩૩૦. ઓચિંતા તેણે ધુમાડા અને રાખમાં જોયો, બાદશાહે તેના પર ખૂબજ રોઈ અને કલ્પાંત કર્યું.

૩૩૧. તેણે કહ્યું, અલબત આ તારા કર્તવ્યોનો બદલો છે. તેમાં તું મારામાં વિશ્વાસ રાખવામાં સાબૂત ન રહ્યો,

૩૩૨. (છતાં) છતાં તારું બહેસ્ત જેવું રહેઠાણ મૂકીને દોજખને તારું રહેઠાણ બનાવ્યું, (હદીશની) પણ દરકાર વગર "અગ્નિના લોકો (અને બહેસ્તના) એક સરખા નથી ?

૩૩૩. તે કે જે રાજા પાસેથી બે ધ્યાને ઘરડી ડોસીના ઘર તરફ નાસે છે તેને મટે આ યોગ્ય સજા છે.

૩૩૪. દરમ્યાન બાજ પોતાની પાંખો રાજાના હાથ પર ઘસતો હતો. જીભ વગર તે કહેતો હતોઃ મેં પાપ કર્યું છે.

૩૩૫. ઓ ખુબસૂરત (બાદશાહ), પાપીઓ દયાજનક રીતે પાપની માફી તો પછી ક્યાં માગશે ? જો તું ભલા સિવાય બીજું સ્વીકારીશ તો તેઓ ક્યાં પશ્ચાતાપ કરશે ?

૩૩૬. બાદશાહની દયા આત્માને પાપ શોધતો બનાવે છે કારણ કે બાદશાહ બનાવટી ચીજોને (પણ) ઉત્તમ બનાવે છે.

૩૩૭. જા, ગંદકી ન આચર કારણકે આપણાં સારાં કૃત્યો પણ તે આપણા દાતા (પ્રેમી) આગળ ગંદા દેખાય છે.

૩૩૮. તું તારી ખિદમત કીમતી જુએ છે તેથી તું પાપનો ધ્વજ ફરકાવે છે.

૩૩૯. તેથીજ વખાણ અને પ્રાર્થના તને બાંહેધરી આપે છે તે પ્રાર્થના થકી તારું દીલ મગરૂર દંભી બને છે.

૩૪૦. તું પોતાને ખુદા સાથે (વિશ્વાસપૂર્વક) વાતો કરતો સમજે છે, અને કેટલાક એવા પણ છે આ મત થકી (ખુદાથી) જુદા થયા છે.

૩૪૧. જો કે બાદશાહ તારી સાથે જમીન પર બેસે છે તારા ખુદને જાણી સારી રીતે બેસ (વધારે માનપૂર્વક)

૩૪૨. બાજે કહ્યું, "ઓ બાદશાહ હું પશ્ચાતાપી છું હું પલટાયો છું હું ઇસ્લામમાં નવો ભેટયો છું.

૩૪૩. તે કે જેને તું નશાબાજ અને સિંહનો શિકરી બહાદુર બનાવે છે જો તે નશાને અંગે વાંકો ચાલે તો તું જરૂર તેને માફી બક્ષે છે.

૩૪૪. જો કે મારા નહોર ચાલ્યા ગયા છે (છતાં) જ્યારે તું મારો છે તો હું સૂર્યની સપાટી પણ ચીરી નાખું.

૩૪૫. અને જોકે મારી પાંખો ચાલીગઈ છે (છતાં) જ્યારે તું મારા તરફ માયાળુ છે આકાશી કાર્યપ્રદેશની તેથી રમત મારી રમતમાં નાનો પડે છે.

૩૪૬. જો તું મારા પર પટાની નવાજિશ કરે તો હું પર્વતને તેના મૂળમાંથી ઉખેડી નાખું, જો તું મને કલમ આપે તો (મજાના) થાંભલા ભાંગી નાખું.

૩૪૭. એટલું તો ખરું કે મારું શરીર મચ્છરથી કમ નથી. મારી પાંખોથી હું નમરૂદનું સામ્રાજ્ય ગૂંચવી નાખું.

૩૪૮. નાના પક્ષીઓના ટોળાની નબળાઈ મારામાં ધારી લો દરેક મારા દુશ્મનો હાથી (જેવાય મજબૂત) ધારી લો

૩૪૯. (છતાં જો) હું (માટીની) પીંગળાના કદની ગોળી ફેંકું, તો મારી ગોળી તેની અસરમાં સો કેરીના ગોટલાના ઘા ની (બરોબર થશે.)

૩૫૦. હ. મૂસા એક દોરડાના (ટુકડાથી) લડવા આવ્યા. અને ફીરઓન બને તેની બધી તલવારો (લશ્કર) પર ફતેહ મેળવી.

૩૫૧. દરેક પયગમ્બરે તેનો દરવાજો પોતેજ ખખડાવ્યો (ખુદાની મદદ માંગી) એકલે હાથે આખી દુનિયા સામે લડયા.

૩૫૨. જ્યારે હ. નૂહે તેની (ખુદાની) પાસે તલવાર માગી તેની દ્વારાજ પૂરતું પ્રલય તલવાર માફક નાશકારક બન્યું.

૩૫૩. ઓ આહમદ (હ. મુહમ્મદ ર.અ.) દુનિયાના લશ્કરો (તેની આગળ) શું વિસાતમાં છે? આકાશમાંના ચંદ્રમાના કપાળના ટુકડા ન થયા.

૩૫૪. એટલા માટે કે અજ્ઞાન ભવિષ્ય ભાખનારા જાણે કે આ કાળચક્ર તારું કાળચક્ર છે નહિ કે ચંદ્રમાનું કાળચક્ર.

૩૫૫. તે તારું કાળચક્ર છે કારણકે હ. મૂસા કે જેઓ (ખુદા સાથે) બોલ્યા, આ તારા કાળચક્ર બાદ ચાલુ ઈચ્છા ધરાવતા હતા.

૩૫૬. જ્યારે હ. મૂસાએ આ કાળચક્રની ભવ્યતા જોઇ કે જેમાં ખુદાઇ સંદેશાનું પ્રભાત ઊગતું હતું.

૩૫૭. તેણે કહ્યું ઓ માલિક, આ દયાનું કેવું ચક્ર છે તે દયાથી (પણ) આગળ છે ત્યાં (કાળચક્રમાં) (તારું) દર્શન છે.

૩૫૮. (વખતના) દરિયામાં તારા મૂસાને ડૂબકી મારવા દે, અને હ. આહમદ (હ. મુહમ્મદ) ના વખત દરમ્યાન (સપાટીપર) પાછો આણ.

૩૫૯. ખુદાએ કહ્યું, ઓ મૂસા, તેના થકીજ મેં તે તને પ્રકાશિત કર્યો છે અને તેના થકી જ મેં (હ. મુહમ્મદ) સાથે સંદેશાનો રસ્તો ખુલ્લો કર્યો છે.

૩૬૦. કારણ કે આ ચાલુ (જમાનામાં) ઓ "કલીમુલ્લાહ" તું (હ. મુહમ્મદના કાળચક્રથી) દૂર છો તારા પગલાં પાછાં લે કારણકે આ ધાબળા (તારા માટે) વધું લાંબા છે.

૩૬૧. હું માયાળુ છું હું મારા ચાકરને પાંઉ બતાવું છુ એટલા માટે કે પેલી ઈચ્છા તે જીવતાને રોવાનું કારણ બને.

૩૬૨. મા તેના બાળકનું નાક ઘસે છે એટલા માટે કે તે જાગૃત બને અને ખોરાક મેળવે.

૩૬૩. કારણકે તે અચેતનપણામાં ભૂખ્યો ઊંઘમાં પડે (જાગૃત થતાં) તે તેની છાતીમાં દૂધ (મેળવવા) આંગળીઓ ઘોંચે.

૩૬૪. હું એક ખજાનો હતો. છૂપાએલી રહેમત, તેથી મેં સીધો રસ્તો બતાવનાર "ઈમામ" મોકલ્યો.

૩૬૫. તારા આત્માથી જે પણ (ખુદાઈ) રહેમત શોધે છે, (તે) તારી ઉમેદો મુજબ તે તેને બતાવે છે,

૩૬૬. દુનિયામાં હ. અહમદે (હ. મુહમ્મદે) કેટલી મૂર્તિઓ તોડી કે જેથી ઉમ્મત 'ઓ મારાં માલિક" ઉચ્ચારે.

૩૬૭. જો હ. મુહમ્મદ (ર. સ. અ) એ કોશિશ કરી ન હોત તો તમે પણ તમારા બાપ દાદાઓની માફક મૂર્તિઓને પૂજતા હોત.

૩૬૮. તારું આ માથું મૂર્તિઓને સિજદો કરવામાંથી મુક્ત કર્યું એટલા માટે કે કોમ તરફથી તારી ફરજ તું જાણી શકે.

૩૬૯. જો તું મુખ ઉઘાડે તો આ મુક્તિપણા માટે આભાર માન, કે જેથી તે તેને અંદરની (દિલની) મૂર્તિમાંથી મુકત કરે.

૩૭૦. જ્યારે તેણે તારું માથું મૂર્તિઓથી મુક્ત કર્યું ત્યારે તે શક્તિ થકી તું તારું દિલ મુકત કર.

૩૭૧. તે તારું માથું મઝહબનો ઉપકાર માનવાથી ફેરવ્યું છે, કારણ કે તે તેં કંઈપણ આપ્યા વગર મેળવ્યું છે, કે જે તારા બાપથી વારસામાં મેળવ્યું છે.

૩૭૨. માણસ કે જે દોલત વારસામાં મેળવે છે તે તેની કિંમત કેમ જાણે? રૂસ્તમે તેના આત્માને ચીર્યો (દુઃખ ભોગવ્યું) (જ્યારે) ઝાલે વગર તકલીફે મેળવ્યું.

૩૭૩. જ્યારે મારા કાર્ય થકી (કોઈને) રોવું આવે તો મારામાં દયા ઉભરાય છે. તે શોક કરનાર મારી દયાનો લાભ (ઉઠાવે છે.)

૩૭૪. જો મારી ઈચ્છા તેને આપવાની ન હોઇ (તો પછી) હું તેને તેની (ઈચ્છિત વસ્તુ) બતાવતો નથી. (પણ) જ્યારે મેં તેનું દિલ (દુઃખથી ઘેર્યું'. હું (ખુશીથી તેને ખોલું છું.

૩૭૫. મારી દયા તેના રુદન પર આધાર રાખે છે, જ્યારે તે રૂએ છે. ત્યારે (મારી) દયાના દરિયામાં મોજાં ઉત્પન્ન થાય છે.

### ખિઝરૂ વિશ્યહના પુત્ર શેખ આહમદે ખુદાઈ
### દિવ્ય સંદેશાથી લેણદારો માટે હલવો ખરીદ્યો

૩૭૬. એક શેખ હતો જે તે તેના દિલના અજવાળા થકી ઉદારતાને અંગે ચાલુ કરજમાં ડૂબેલો હતો.

૩૭૭. મોટા લોકો પાસેથી (ઉછીનું લઈ) તે પુષ્કળ કરજ કરતો અને તે (પૈસો) દુનિયાના ગરીબ લોકો માટે ખર્ચતો.

૩૭૮. તેણે (સૂફીઓ) માટે) કરજમાં (ડૂબીને પણ) મુસાફરખાનું બાંધ્યું હતું. અને તે આશ્રમ માટે પોતાની દોલત અને જિંદગી અર્પણ કરી હતી.

૩૭૯. ખુદા તેનું કરજ દરેક જગ્યાએ ભરતો હતો. ખુદાએ દોસ્ત (હ. ઇબ્રાહીમની) ખાતર રેતીને આટામાં ફેરવી હતી

૩૮૦. હ. પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે કે બે ફિરસ્તાઓ (રોજ) બજારોમાં પુકાર કરતા કહે છે.

૩૮૧. "ઓ ખુદા, તું ઉડાઉને બદલામાં ભેટ આપ અને ઓ ખુદા, તું કંજૂસોને (બદલામાં) ઝેર આપ."



મુખ - ઉઘાડે - મુક્તિપણા માં આભાર માન તેને
દિલની મૂર્તિ માંથી મુક્ત કરે.

૩૮૨. ખાસ કરીને આ ઉડાઉ તેને જ (લાગુ પડે છે) જેઓએ પોતાની જિંદગી અર્પણ કરી છે. અને પોતાની ડોક પેદા કરનાર માટે અર્પણ કરી છે.

૩૮૩. તે હ. ઈસ્માઈલની માફક ગરદન કુરબાન કરે છે. છરી તેની ગરદનને ઈજા કરી શકતી નથી.

૩૮૪. આજ કારણ થકી શહીદો આનંદમાં જીવે છે, નાસ્તિકોની માફક (માત્ર) શરીર તરફ ન જો.

૩૮૫. ત્યારે ખુદા હમેશાં હયાત રહેનાર આત્મા કે જે દિલગીર દુઃખ કે પીડાથી પર તેવો આત્મા બદલામાં આપે છે.

૩૮૬. કરજવાન શેખ આ રીતે વર્ષો સુધી વર્તો, દેતો અને લેતો કારભારીની માફક.

૩૮૭. તે મૃત્યુના દિવસ સુધી બી વાવતો રહ્યો, કે જેથી મૃત્યુદિને તે મહાન કીર્તિવંત શાહજાદો બની રહે.

૩૮૮. જ્યારે તે શેખની જિંદગીનો છેડો નજીક આવ્યો અને જ્યારે પોતાના શરીર પર મૃત્યુની નિશાનીઓ જોઈ ત્યારે.

૩૮૯. લેણદારો તેની આજુબાજુ ભેગા થઈને બેઠા, (જ્યારે શેખ). મીણબત્તીની માફક આસ્તેથી ગળતો જતો હતો.

૩૯૦. લેણદારો નિરાશ અને ચડેલા ચહેરાવાળા બન્યા હતા. તેઓના દિલનું દર્દ તેઓના શ્વાસમાં ગવાહી આપતું હતું.

૩૯૧. શેખે (પોતાના દિલમાં) કહ્યું, આ ખરાબ ખ્યાલ ધરાવતા માણસો તરફ જુઓ, શું ખુદા પાસે ચાર હજાર સોનાના દીનાર નથી?

૩૯૨. એક છોકરાએ બહારના ભાગમાં બૂમ પાડી "હલ્વા" અને થોડા ડંગ (સિકકા) મેળવવા હલવાના (ખોટા) વખાણ કર્યાં.

૩૯૩. શેખે નોકરને પોતાના માથા (ચહેરાથી) ઈશારો કરી તે બધો હલવો ખરીદ કરવા ફરમાવ્યું.

૩૯૪. (શેખે પોતાના મનમાં કહ્યુ) કે હલવો ખાય ત્યાં સુધી તેના લેણદારો તેના તરફ ધિક્કારથી જોતા બંધ થાય.

૩૯૫. તુરત જ ચાકર દરવાજામાંથી બહાર તે તમામ હલવો સોનાથી ખરીદવા નીકળી ગયો.

૩૯૬. તેણે પેલા છોકરાને કહ્યું, "હલવાનો જથ્થો કેટલાયો છે?" છોકરાએ કહ્યું, "અર્ધો દીનાર અને થોડા અને થોડા બીજા સિક્કાનો"

૩૯૭. તે કહે, નહિ, સૂફી પાસેથી બહુ વધારે ન માંગ. હું તને અર્ધો દીનાર જ આપીશ. વધુ બોલતો નહિ.

૩૯૮. છોકરાએ શેખની સામે હલવો મૂકી દીધો. હવે શેખના ગૂઢાર્થ છૂપા વિચારો જો.

ઉડાઉ :- પોતાની જીંદગી અર્પણ
શહીદો - આનંદ માં જીવે છે, [illegible]
ખુદા :- હંમેશા હયાત રહેનાર આત્મા

૩૯૯. તેણે લેણદારો તરફ ઈશારો કર્યો, જુઓ આ (મીઠાઈની) ભેટ (તમોને) બક્ષિસ કરું છું, તે ખુશીથી ખાઓ, તે હલાલ (ખોરાક) છે.

૪૦૦. જ્યારે ટ્રે ખાલી થઈ ગઈ, છોકરાએ તે લીધી અને કહ્યું, "ઓ સંત, મને (હલવાનો) સોનાનો સિક્કો આપો."

૪૦૧. શેખે કહ્યું: હું પૈસા ક્યાંથી લાવું? હું કરજમાં છું અને નાશ તરફ જઈ રહ્યો છું

૪૦૨. છોકરાએ (તેની) દિલગીરીમાં ટ્રે જમીનપર પછાડી તેણે રુદન, શોક અને કલ્પાંત કરતા બરાડા શરૂ કર્યા.

૪૦૩. છોકરો આ છેતરપિંડીના અંગે મોટા અવાજે રુદન કરતો હતો. (આક્રંદ કરીને કહેતો હતો) (અહીં આવતાં) મારા બન્ને પગ ભાંગી ગયા હોત ને

૪૦૪. હું આ આશ્રમ તરફ આવવાને બદલે (કેવું સારું) અગ્નિ તરફ આંટા ફેરા મારતો હોત તો (કેવું સારું) થાત.

૪૦૫. દિલમાં કૂતરા (જેવી ગંદકી) ધરાવતા પેટ ભરા આ સૂફીઓ બિલાડીની માફક પોતાના ચહેરાઓ ધુએ છે.

૪૦૬. આ બધી છોકરાની બૂમરાણથી તેની આસપાસ ભલાબૂરા લોકો ટોળે વળ્યા.

૪૦૭. તેણે શેખ પાસે આવીને કહ્યું, ઓ, ઘાતકી શેખ, ચોકક્સ જાણી લે કે મારો શેઠ મને (ફટકાથી) મારી નાંખશે.

૪૦૮. જો હું ખાલી હાથે તેની પાસે જઈશ. તો તે મને મારી નાખશે, શું તો તેને તેમ કરવા દેશો?

૪૦૯. અને પેલા લેણદારો પણ શેખ તરફ અવિશ્વાસે અને ધિક્કારથી જોઈ કહે, "આ શી રમત માંડી છે!"

૪૧૦. તેં અમારી મિલ્કત પચાવી પાડી છે, અને આ બધા અન્યાયો (પેલી દુનિયામાં) સાથે લઈ જઈ રહ્યો છો, તો પછી આ બીજો અન્યાય શા માટે બધા કરતાં મોટો (લે છે)?

૪૧૧. બપોર પછીની નમાજ સુધી છોકરાએ રોયા કર્યું શેખે પોતાની આંખો બંધ કરી, છોકરા તરફ જોયું (પણ) નહિ.

૪૧૨. શેખે આ ગાળો અને વિરોધ તરફ ન જોતાં રજાઈમાં માથું છૂપાવી પોતાનો ચંદ્રમાની માફક ચમકતો ચહેરો સંતાડયો.

૪૧૩. અનંતતામાં ખુશ, મોતમાં ખુશ, આનંદી ભલાબૂરા બોલાવાથી સંબંધ ન ધરાવતો,

૪૧૪. તે કે જેના ચહેરામાં વહાલમ મધુરી રીતે હાસ્ય કરે છે, તેને (બીજા) લોકોની ખરાબ દૃષ્ટિથી શું નુકશાન?

૪૧૫ તે કે જેની આંખ પર વ્હાલમ ચુંબનની નવાજિશ કરે છે, તે સ્વર્ગ અને તેના ગુસ્સાથી દિલગીર કેમ થાય?

૪૧૬. ચાંદની રાતે ચંદ્રમાને 'સિમાક' અંગે કૂતરાઓના ભસવા દરકાર (ક્યાં) હોય છે!

૪૧૭. કૂતરો તેનું કાર્ય કરતો હોય છે, ચંદ્રમા તેના ઉજ્જવળ ચહેરાથી પોતાની ફરજ બજાવતો હોય છે.

૪૧૮. દરેક પોતાનું નાનું કાર્ય બજાવે છે, પાણી વાંસના ટુકડા (ગંદી ચીજ)ના અંગે પોતાની ચોકખાઈ મૂકતું નથી.

૪૧૯. બરૂ પાણીની સપાટીપર તરે છે, ચોકખું પાણી કાંઈ પણ તકલીફ વગર વહેતું હોય છે.

૪૨૦. મુસ્તફા (હ. મુહમ્મદે) મધ્યરાત્રિએ ચંદ્રમાના ટુકડા કર્યા, અબુજહલે ધિક્કાર અંગે મૂર્ખાઈ ભરેલી વાતો કરી.

૪૨૧. હ. ઈસા મૂએલાને જિંદગી આપે છે, અને ઇઝરાઇલીઓ વેર અંગે તેમનું માથું ફૂટે છે.

૪૨૨. શું કદી કૂતરાનું ભસવું ચંદ્રમાના કાન સુધી પહોંચ્યું છે? ખાસ કરીને તે ચંદ્રમા કે જે ખુદાનો પસંદ કરાએલો છે?

૪૨૩. બાદશાહ ઝરાના કિનારે પ્હો ફાટતાં સુધી શરાબ પીએ છે, અને સંગીત સાંભળવામાં દેડકાંના ડ્રાંઉ અવાજથી બેખબર છે.

૪૨૪. લેણદારોને પેલા છોકરાને પૈસા ભરી આપવામાં થોડા સિક્કા દરેકને આપવો પડત પછી (પણ) શેખની (રૂહાની) અસર તેઓની ઉદારતા અટકાવતી હતી.

૪૨૫. તેથી જ કોઇએ છોકરાંને કાંઈ આપ્યું નહિ. પીરની શક્તિ આના કરતાં ઘણી વધુ ચડિયાતી છે.

૪૨૬. (જ્યારે) બપોર પછીની નમાઝનો વખત થયો, ત્યારે એક નોકર એક હાતિમ જેવાં પાસેથી હાથમાં ટ્રે લઈને આવ્યો.

૪૨૭. એક મિલ્કતદાર અને શ્રીમંત માણસ (પાસેથી) આવ્યો. તેણે પીરને (શેખને) ભેટ તરીકે મોકલી. કારણ કે તે તેના વિષે જાણતો હતો.

૪૨૮. (તેમાં) ચારસો દીનાર હતા. અને ટ્રેના ખુણામાં કાગળના કટકામાં વિંટાયેલ બીજો અર્ધો દીનાર હતો.

૪૨૯. નોકર આગળ આવી અને શેખને માન આપ્યું. અને જેના સરખો કોઈ ન હોઈ તેવા શેખની હજૂરમાં ટ્રે રાખી.

૪૩૦. જ્યારે તેણે (શેખે) ટ્રે ખોલી. લોકોએ તેના થકી થએલ મોઝીજો જોયો.

૪૩૧. તુરત જ દિલગીરી અને રૂદનના અવાજો દરેક જણમાંથી ઊઠયા, ઓ રૂહાની પેશ્વાના સરદાર, આનો (અર્થ) શું હતો?

૪૩૨. આ છૂપો રાઝ શું હતો? ઓ ગૂઢાર્થના માલિકો માલિક, આ શહેનશાહી શું છે?

૪૩૩. અમો જાણતા ન હતા. અમોને માફ કરો. અમારાથી ઘણાં અઘટિત શબ્દો ઉચ્ચારાઈ ગયા છે.

૪૩૪. અમો કે જેઓ આંધળી રીતે નશાની લાકડી બન્યા, બત્તી ભાંગવામાં મદદ કરી શક્યા નહિ.

૪૩૫. અમો બહેરાની માફક કાંઇ પણ બોલેલું સાંભળ્યા વગર આળસથી અમારા પોતાની ધારણા મુજબ જવાબ આપતા હતા.

૪૩૬. અમોએ "હ. મૂસા કે જે હ. ખીઝરમાં ઈમાન ન રાખતાં પીળા ચહેરાના બન્યા હતા તે ચેતવણી ધ્યાનમાં ન લીધી.

૪૩૭. ન સમજ્યા કે તેની આંખ ઉપર જોઈ શકતી હતી. અને તેની આંખનું તેજ આકાશમાં આરપાર જઈ શકતું હતું.

૪૩૮. ઓ (આ જમાનાના) મૂસા, મૂર્ખતાને અંગે ચક્કીના ઉંદરની આંખો તારી વિરુદ્ધ ઝનૂન ભરેલી રીતે ફરી છે.

૪૩૯. શેખે કહ્યું, હું તે વાત અને ગરબડ માફ કરું છું, (જો કે) તે તમારા માટે કાયદેસરનું છે.

૪૪૦. આ (બાબતની) ખાનગી (હકીકત) મેં ખુદા પાસેથી મેળવી બાદમાં તેણે મને સાચો રસ્તો બતાવ્યો.

૪૪૧. અને કહ્યું, જો કે દીનાર થોડા છે, છતાં તેનું (ચુકવવું) છોકરાના રડવા પર આધાર રાખે છે.

૪૪૨. જ્યાં સુધી કે હલવો વેચનાર છોકરો રડે નહિ. ત્યાં સુધી (મારી) દયાનો દરિયો જાગૃત ન થાય.

૪૪૩. અય ભાઈ, બચ્ચું (છોકરો) એ તારી આંખનું બચ્ચું (કીકી) છે, ચોક્કસ જાણ કે તારી ઇચ્છિત (વસ્તુનું) મેળવવું તારાં (દુઃખના) આંસુ પર આધાર રાખે છે.

૪૪૪. જો તું ઇચ્છે કે માનભર્યો પોશાક કે જેની તું ઇચ્છા રાખે છે તે તને મળે તો તારી આંખનું બચ્ચું (કીકી) ને તારા શરીર ઉપર રોવા દે.

અમુક માણસનું દરવેશને બીવરાવવું, એમ કહીને
કે "થોડું રડો નહિતર તમો આંધળા બની જશો."

૪૪૫. એક સંતને તેના (ધાર્મિક) કાર્ય કરતા સાથીએ કહ્યું, થોડું રડો, રખેને તારી આંખને ઈજા પહોંચે.

૪૪૬. સંતે કહ્યું, આ વાત કબૂલ કરવામાં હરકત નથી. આંખ તે (ખુદાઈ) ખૂબસૂરતી જુએ અને ન જુએ,

૪૪૭. જો તે ખુદાઇ 'નૂર' જુએ તો શી દિલગીરી છે? ખુદા સાથેનો મેળાપ જોવામાં આ બે આંખો કેટલી નાની છે?

૪૪૮. અને જો તે ખુદાને જોઇ ન શકે તો તેને (આંખને) ફોડી નાખો, ભલે તે કંગાળ આંખ આંધળી બને.

૪૪૯. તારી આંખને માટે દિલગીર ન થા કે જ્યારે (જમાનાનો) હ. ઈસા તારો છે, ડાબી તરફ ન જા (સીધે રસ્તે જા) કે જેથી તે તને બે ખરી આંખો બક્ષે.

૪૫૦. તારા રૂહનો ઈસા તારી સાથે જ છે, તેની મદદ માંગો, કારણ કે તે ઉત્તમ મદદ કરનાર છે.

૪૫૧. હાડકાથી ભરેલી કાયા માટે નુકસાની ભરેલ કાર્ય અંગે તેઓ, (ઈસા) ના દિલ પર દરેક પળે દબાણ ન લાવતો

૪૫૨. સત્યમાર્ગીની ખાતર પેલા મૂર્ખની વાર્તા અમે વર્ણવી છે.

૪૫૩. તારા ઈસા પાસેથી તારી કાયાની જિંદગી શોધતો નહિ તારા મૂસા પાસેથી ફીરઓનની ઈચ્છા માગતો નહિ.

૪૫૪. તારા દિલ પર તારી આજીવિકા વિષેનો જ બોજો ન રાખ. આજીવિકા બંધ થશે નહિ. (ખુદાઈ) દરબારમાં (હંમેશા હાજર) થા.

૪૫૫. આ કાયા રૂહ માટેનો તંબુ છે, અથવા હ. નુહના જહાજ જેવી છે,

૪૫૬. જ્યારે ત્યાં તુર્ક છે, તો તે (જરૂર) તંબુ મેળવશે. ખાસ કરીને જ્યારે (ખુદાઈ) દરબારમાં માન પામ્યો હશે ત્યારે.

**હ. ઇસા (અ.)ની દુઆથી હાંડકાનું સજીવન થવાની વાર્તાનો અંત**

૪૫૭. હ. ઈસાએ પેલા જુવાન માણસના કાલાવાલાથી પેલાં હાડકાંઓ ઉપર ખુદાનું નામ ઉચ્ચાર્યું.

૪૫૮. પેલા મૂર્ખ માણસની ખાતર ખુદાઈ હુકમે પેલા હાડકાં જે આકાર થકી હતાં તેને જિંદગી આપી,

૪૫૯. એક કાળો સિંહ ઉભો થયો. તેણે (પેલા પર) પોતાનો પંજો વીંઝીને અને તેના (શરીરના) અસ્તિત્વનો નાશ કર્યો.

૪૬૦. તેણે તેની ખોપરી તોડી નાખી. તેનું ભેજું તે જગ્યાએ વેરાઇ ગયું, સોપારીનું ભેજું (સત્વ) કારણ કે તેના માટે મગજ (સમજ) હતી જ નહિ.

૪૬૧. જો તેને મગજ હોત, તો તેની કાયા સિવાય તેના ટુકડા થવામાં તેને ઈજા થઈ ન હોત.

૪૬૨. હ. ઈસાએ ( સિંહને ) કહ્યું, તેં તેનો આટલી ઝડપથી નાશ કેમ કર્યો? સિંહે જવાબ આપ્યો "કારણ કે તમોને તેનાથી તકલીફ પડી.

૪૬૩. હ. ઈસાએ પૂછ્યું, 'તે પેલા માણસનું લોહી કેમ ન પીધું ?" સિંહે જવાબ આપ્યો, (ખુદાઈ) "હુકમ અંગે, મને તે પીવાની રજા આપવામાં આવી ન હતી."

૪૬૪. અરે એવા કેટલાએ પેલા ઝનૂની સિંહની માફક પોતાનો શિકાર ખાધા વગર દુનિયાનો ત્યાગ કરી ગયા છે.

૪૬૫. તેના (ભાગ્યમાં લખાએલો) ભાગ એક તણખલા જેટલો પણ ન હોવા છતાં તેની તૃષ્ણા પર્વત (જેવી મોટી) છે. (તેની ઇચ્છા સંતોષવા) તેની પાસે સાધન નથી જો કે દુન્યવી સાધન મલવા છતાં.

૪૬૬. ઓ, તું કે જેણે અમોને બદલા વગરની મહેનત આ દુનિયામાં કરવા સહેલું બતાવ્યું છે (તેમાંથી) અમોને મુક્ત કરો.

૪૬૭. અમોને તે ગલમાં ભરાએલો પદાર્થ દેખાય છે અને તે (હકીક્તમાં) હુક છે. તે જેવો છે તેવો જ અમોને દેખાડ.

૪૬૮. પેલા સિંહે કહ્યું, "ઓ મસિઆહ, આ શિકારો (મારી નાખવાનું) પ્રયોજન એટલું જ હતું કે (બીજાઓ) આનાથી ચેતવણી લે.

૪૬૯. મને આ દુનિયામાં મળેલા હિસ્સામાંથી કાંઈ બાકી હોત તો આ મૃત્યુ પામેલા સાથે મારે શી નિસ્બત હોત ?

૪૭૦. તે કે જે ચોકખું પાણી શોધે છે તેને માટે આ સજા લાયક છે અને ગધેડાની માફક ઉધ્ધતાઈથી ઝરામાં પેશાબ કરે છે.

૪૭૧. જો ગધેડો ઝરાની કિંમત સમજે તો (ઝરામાં) પગ મૂકવાને બદલે પોતાનું માથું મૂકે.

૪૩૨. તે નબીઓની માફક જિંદગી પોષતું અને (જિંદગી અર્પતા) પાણીના માલિકને શોધે છે.

૪૭૩. તે એમ કહીને તેની આગળ મરતો કેમ નથી ? "ઓ પાણીના માલીક," "થા એમ હુકમ કરીને મને હયાત રાખ."

૪૭૪. ધ્યાન રાખજે, તારો નફસે અમ્મારા જીવતો રહે એમ ઇચ્છતો નહિ, કારણ કે તે તારા આત્માનો ઘણા લાંબા વખતથી દુશ્મન છે.

૪૭૫. તે હાડકાના માથા પર ધૂળ પડજો કે જે કૂતરો રૂહને શોધવામાં અટકાયત કરે છે.

૪૭૬. જો તું હલકી જાતનો કૂતરો નથી તો તું હાડકાં સાથે કેમ મહોબત કરે છે ? તું શા માટે જળોની માફક લોહી સાથે પ્રેમમાં છો ?

૪૭૭. આ કેવી જાતની આંખ છે કે જેને દૃષ્ટિ નથી ? અને જ્યાં કસોટી કરવામાં આવે છે ત્યાં બદનામી સિવાય કાંઈ મળતું નથી ?

૪૭૮. માન્યતાઓ ક્યારેક ભૂલ ભરેલી હોય છે, (પણ) આ કઈ જાતની માન્યતા છે કે જે (સીધા) રસ્તાથી આંધળી છે ?

૪૭૯. ઓ આંખ, તું બીજા માટે આક્રંદ કરે છે, થોડી વાર માટે બેસી જા અને તારા પોતા માટે રુદન કર

૪૮૦. છોડ રડતાં વાદળાંને અંગે લીલો અને તાજો બને છે (તે જ) કારણને પ્રતાપે મીણબત્તી તેના રોવાથી પ્રકાશિત બને છે.

૪૮૧. જ્યાં જ્યાં માણસો રુદન કરતા હોઈ ત્યાં બેસી રુદન કર, કારણ કે (તેઓ કરતાં) તને રુદન કરવાનો વધુ હક છે.

૪૮૨. તેવી રીતે તેઓ મૃત્યુ પામનારથી છૂટા પડવાના સંબંધ અંગે (દિલગીર થાય છે) (સમજણની) ખાણ ધરાવતા કાયમી માણેકથી જે અજાણ છે.

૪૮૩. તેવી રીતે દિલ પર આંધળી માન્યતા તાળા (માફક) છે, જા, આંસુ વતી તે તાળાને તોડી નાખ.

૪૮૪. તેવી રીતે અનુકરણ સારા કાર્યો નો નાશ કરે છે. અનુકરણ એ (માત્ર) તણખલું છે. જો કે તે વજનમાં ડુંગર પણ હોઈ.

૪૮૫. જો આંધળો માણસ મોટો અને મજબૂત હોઈ તો પણ તેને માત્ર એક માંસનો ટુકડો સમજ, કારણ કે તેને આંખો નથી.

૪૮૬. જો કે તે (આંધળો) વાળથી પર બારીક શબ્દો બોલે તો પણ તેના દિલને તે શબ્દોનું જ્ઞાન હોતું નથી.

૪૮૭. તેને તેના શબ્દોનો ચોક્કસ નશો હશે. પણ તેની અને શરાબ વચ્ચે ઘણું છેટું હશે.

૪૮૮. તે નદીના પટની માફક છે. તે પાણી પીઈ શકતું નથી. પાણી પાણી પીનારા માટે પસાર થાય છે.

૪૮૯. પાણી નદીના પટ પર ઠરી ઠામ થતું નથી. કારણ કે નદીનો પટ તરસ્યો અને પાણી પીનાર નથી.

૪૯૦. વાંસળીની માફક તે દયાજનક રુદન કરે છે. પણ તે માત્ર ખરીદનાર (વખાણનાર) શોધે છે.

૪૯૧. અનુકરણ કરનાર સંભાષણ અંગે ધંધાદારી રુદન કરનાર છે. તે દુષ્ટ માણસને લાલસા સિવાઈ બીજો કોઈ હેતુ નથી.

૪૯૨. ધંધાદારી રુદન કરનાર (દિલગીરીના) બળતા શબ્દો ઉચ્ચારે છે. પણ (તેમાં) દિલનો ચળકાટ અને ફાટેલ પહેરણ ક્યાં છે ?

૪૯૩. ખરેખર જાણનાર અને આંધળુ અનુકરણ કરનાર વચ્ચે ઘણો તફાવત છે. કારણકે પહેલો દાઉદ જેવો છે જ્યારે બીજો (માત્ર) પડઘો છે.

૪૯૪. પેલાના શબ્દોનું મૂળ (દિલની અસરનો) ચળકાટ છે, જ્યારે અનુકરણ કરનાર માત્ર જૂની વસ્તુઓ શીખે છે

૪૯૫. ખબરદાર થા ! પેલા દિલગીરી ભરેલા શબ્દોથી ઠગાતો નહિ. બળદ બોજો સહન કરે છે પણ ગાડું જ દિલગીર થાય છે (ચાલતાં અવાજ કરે છે.)

૪૯૬. અનુકરણ કરનાર પણ (ખુદાઈ) વળતરથી નિરાશ થતો નથી. ધંધાદારી રુદન કરનાર પણ (તેના વખતનું) વળતર મેળવે છે.

૪૯૭. નાસ્તિક અને ઈમાનદાર (બન્ને) ખુદાને પુકારે છે. પણ તેઓ બંનેમાં ઘણો તફાવત છે.

૪૯૮. ભિખારી રોટલાની ખાતર ખુદા પુકારે છે, ભાવિક ઈન્સાન પોતાના આત્મામાંથી ખુદાને પુકારે છે,

૪૯૯. ભિખારી પોતાના પુકારવામાં ખુદાને ઓળખી જાય તો તેની આંખ આગળ વધઘટ રહે નહિ (સ્વાર્થી જીવ ન રહે.)

૫૦૦. પેલો રોટલા શોધનાર વર્ષો સુધી કહે છે, "ખુદા. તે ગધેડાની માફક તણખલાની ખાતર કુરાન ઉંચકે છે.

૫૦૧ જો તેના હોઠના શબ્દો દિલમાં પ્રકાશિત હોત, તો તેના શરીરના પરમાણુમાં ટુકડા થઈ ગયા હોત.

૫૦૨. જાદુમાં સેતાનનું નામ રસ્તો મેળવે છે. (જ્યારે) તમો ખુદાના નામ થકી હલકો સિક્કો પેદા કરે છો.

**ખેડૂતનું સિંહને ધબ્બા મારવા, એમ સમજીને કે તે તેનો બળદ છે.**

૫૦૩. એક ખેડૂતે તબેલામાં બળદ બાંધ્યો હતો. એક સિંહ તેના બળદને ખાઈ ગયો. અને તેની જગ્યાએ બેઠો.

૫૦૪. ખેડૂત બળદ (જોવા) તબેલામાં ગયો. પેલો માણસ ખૂણાઓમાં ફંફોરતાં રાતના પોતાના બળદને શોધતો હતો.

૫૦૫ તે સિંહના અવયવોને પોતાના હાથથી ઘસતો હતો. કોઈવાર પીઠપર કે બાજુમાં. કોઈવાર ઉપર કે નીચે (ઘસતો હતો.)

૫૦૬. સિંહ (પોતાના મનમાં) કહ્યું. જો અજવાળુ વધુ થયું તો ફેફસું ફાટી જશે. અને તેની છાતી લોહીમાં ફેરવાઈ જશે.

૫૦૭. તે મને બહાદુરીથી આમ પંપાળે છે કારણ કે આમાં (અંધારામાં) રાતને અંગે તે મને બળદ ધારે છે.

૫૦૮. ખુદા કહે છે. "ઓ આંધળાનો ભોગ બનેલ, શું મારા નામથી તુર પર્વતના ટુકડા ન થયા ?

૫૦૯. તેથી જો અમે પર્વત ઉપર કિતાબ મોકલી હોત તો તેના ટુકડે ટુકડા થઈ જાત પછી ટુકડામાં કપાઈ જાત અને પછી ફૂટો પડયો હોત (અદૃશ્ય થાત.)

૫૧૦. જો ઓહુદ પર્વત મારાથી વાકેફ બન્યો હોત. પર્વતમાંથી લોહીની ધાર વહેત.

૫૧૧. તારા માતાપિતાથી તે આ સાંભળ્યું છે. પરિણામે તમે તે વિચાર વગર સ્વીકાર્યું છે.

૫૧૨. જો તમે તેની સાથે આંધળુ અનુકરણ કર્યા વગર વાકેફગાર બન્યા. તો તેની દયા થકી આકાશી અવાજની માફક (ખુદીમાં) ઓછા ઉપયોગી બનશો.

૫૧૩. નાહિંમત કરનાર, આ વાર્તા સાંભળ, એટલા માટે કે આંધળા અનુકરણથી થતો નાશ જાણી શકે.

૫૧૪. એક સૂફી મુસાફરી કરતે કરતે એક (સૂફીઓના) આશ્રમે આવી પહોંચ્યો તેણે પોતાની સ્વારીને દોરી અને તબેલામાં લઈ ગયો.

૫૧૫ તેણે તેને પોતાનાજ હાથથી થોડું પાણી અને ઘાસ આપ્યું. આપણે અગાઉ જણાઇ ગયા તેવો સૂફી તે ન હતો.

૫૧૬. તેણે બેદરકારી કે ગાંડપણ ની સામે સાવચેતી રાખી (પણ) જ્યારે (દૈવી) ભાવિ આવી પહોંચે છે ત્યારે સાવચેતી શી ઉપયોગી થાય?

૫૧૭. સૂફીઓ કંગાળ અને ગરીબ હતા. ગરીબાઈ (ક્યારેક) નાસ્તિકતામાં સમાવેશ કરાવે છે. કે જે (આત્માનો) સર્વનાશ લાવે છે.

૫૧૮. ઓ, તું પૈસાદાર કે જે ધરાએલો છે, દુઃખ સહન કરતા ગરીબોની બૂરાઈ તરફ હાંસી ન કરતો.

૫૧૯. કંગાલિયતના કારણે પેલા સૂફીના ટોળાએ, તમામે (પેલા) ગધેડાને વેચી નાખવા ઠરાવ્યું.

૫૨૦. કહેવામાં આવ્યું છે, તંગીના (વખતમાં) મુડદાલ માંસ હલાલ છે, કેટલાંક દુર્ગુણી કાર્યો જરૂરિયાત અંગે સદાચારી બને છે.

૫૨૧. તેઓએ જલ્દીથી તે ગધેડો વેચી નાખ્યો. તેઓ મિષ્ટાન અને કેળવેલ માંસ લાવ્યા અને મીણબત્તીઓ સળગાવી.

૫૨૨. આશ્રમમાં ખુશીયાલી ફેલાઈગઈ, (તેઓ બૂમ પાડી ઊઠ્યા) આજે રાત્રે મિષ્ટાન, સંગીત, અને નાચગાન છે.

૫૨૩. ક્યાં સુધી વધુ વખત આ કોથળી અને માગવાનું? આ ધીરજ અને ત્રણ દિવસના રોજા, કેટલો (લાંબો) વખત?

૫૨૪. અમોને પણ (ખુદાએ) બનાવેલા છે, અમોને પણ જીવ છે, (અમારું) આજે રાત્રે ખુશનસીબ છે. અમારે ત્યાં મહેમાન છે.

૫૨૫. તેઓ જૂઠાણાનાં બી વાવતા હતા. તેઓ રૂહને જોતા હતા કે જે રૂહ ન હતો.

૫૨૬. અને મુસાફર, પણ લાંબી મુસાફરીથી થાકેલો હતો. (અને તેણે) બતાવાતી તરફદારી અને લાગણી જોઈ.

૫૨૭. સૂફીઓએ એક પછી એક લાડ લડાવ્યા. તેઓ તેનું ગમ્મતમાં ધ્યાન ખેંચી જવાની રમત રમતા હતા.

૫૨૮. જ્યારે તેણે પોતાના તરફ બતાવાતી લાગણી જોઈ, તેણે (પોતાના મનમાં) કહ્યું હું આજે રાત્રે ખુશી નહિ મનાવું તો (ક્યારે મનાવીશ)?

P.67 - તંગીના વખતમાં
મુડદાલ માંસ હલાલ છે.
- કાર્યો - સદાચારી બને છે.

૫૨૯. તેઓએ કેળવેલું માંસ ખાધું, અને નાચ શરૂ કર્યો. આશ્રમ છાપરા સુધી ધુમાડા અને ધૂળથી ભરાઈ ગયો.

૫૩૦. રંધણીનો ધુમાડો, (પગ પછાડવાથી) ઊડતી ધૂળ, ચાહના અને અતિ આનંદથી આત્મામાં ઉદ્ભવેલ ગડબડ (અનુભવતા).

૫૩૧ અવારનવાર હાથ હલાવતા. (જમીનને) પગનો ઠેંસો મારતા. અવારનવાર સિજદો કરતા, તેઓ વ્યાસપીઠની ધૂળ સાફ કરતા (કપાળ અડવાથી)

૫૩૨. લાંબો વખત (રાહ) જોયા બાદ સૂફીઓની ઉમેદ ખુશ કિસ્મતે પૂરી થઈ, તે કારણથી સૂફી મોટા ખાઉધરા છે.

૫૩૩. સિવાય કે, સૂફી કે જેણે ખુદાઇ "નૂર" થી પેટ ભર્યું છે, તો તે ભીખની શરમથી છુટી ગયો છે.

૫૩૪. (પણ) આ જાતના સૂફીઓ હજારોમાં (બહુજ) થોડા હોય છે, બાકીના તેની (સંપૂર્ણ સફીની રૂહાનીયત) બાદશાહીમાં રહેતા હોય છે.

૫૩૫. જ્યારે 'સમા' (ખૂબ જોરમાં શરૂ થયું.) તો પહેલેથી છેલ્લા સુધી કવિએ ખૂબ જોરથી ગાવું શરૂ કર્યું.

૫૩૬. તેણે (ગાવું) શરૂ કર્યું, "ગધેડો ગયો છે અને ગધેડો ગયો છે." તેણે બધાં (સાથીદારોને) આમાં ભાગ લઈ ગાવા (ઉત્સાહ આપ્યો).

૫૩૭. આ ઉત્સાહ થકી તેઓ પગ પછાડતા, પહોર ફાટતાં સુધી (નાચવામાં) પગ પછાડતા, તાલીઓ પાડતા (ગાતા હતા) ઓ પુત્ર, ગધેડો ગયો છે અને ગધેડો ગયો છે."

૫૩૮. અનુકરણ કરવાની ખાતર પેલો સૂફી પણ ભાવના અંગે તેજ (વાક્ય) ગાતો હતો. "ગધેડો ગયો છે."

૫૩૯. જ્યારે ખુશી, ઉશ્કેરણી, ગાયન, નાચ પૂરો થયો. સૂર્ય ઊગ્યો, અને તેઓ સઘળાએ "અલ વિદાઅ" કહી.

૫૪૦. આશ્રમ ખાલી થયો. અને પેલો સૂફી (એકલો જ) રહ્યો, પેલો મુસાફર પોતાનો સર સામાન પરથી ધૂળ ખંખેરવા લાગ્યો.

૫૪૧. તે પોતાનો સામાન ઓરડામાંથી બહાર લાવ્યો. એટલા માટે કે તે ગધેડા પર બાંધે અને બીજા માણસો સાથે મુસાફરીએ રવાના થાય.

૫૪૨. તે ઉતાવળો થતો હતો કે પોતાના સાથી મુસાફરોથી તે આગળ નીકળી જાય, તે તબેલામાં ગયો પણ ગધેડો મળ્યો નહિ.

૫૪૩. તેણે કહ્યું, "પેલો નોકર ગધેડાને પાણી પાવા લઈ ગયો લાગે છે, કારણ કે ગઈ રાતના તેણે થોડું પાણી પીધું હતું."

૫૪૪. નોકર આવ્યો, સૂફીએ તેને કહ્યું, "ગધેડો ક્યાં છે?" પેલા નોકરે જવાબ આપ્યો, "તારી દાઢી તરફ જો, અને કજીયો શરૂ થયો."

૫૪૫. તેણે (સૂફીઓ) કહ્યું, "મેં ગધેડો તને સોંપ્યો હતો. મેં ગધેડો તારે હવાલે કર્યો હતો.
૫૪૬. યોગ્ય રીતે (આની) ચર્ચા કર. જીભાજોડી ન કર, મેં તને સોંપેલ (વસ્તુ) મને સોંપી દે.
૫૪૭. મેં તને આપેલ વસ્તુની હું માગણી કરું છું. સોંપેલી વસ્તુ પાછી દઈ દે.
૫૪૮. હ. પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે કે તમારા હાથથી જે લીધું હોઈ તે (તેના માલિકને) સોંપો.
૫૪૯. જો તમે ઉદ્ધતાઇ અંગે આની સાથે સહમત નથી તો પછી મઝહબના કાજી પાસે ચાલો (જઈએ).
૫૫૦. નોકરે કહ્યું, મને હંફાવ્યો હતો, સૂફીઓએ (મારા તરફ) હલ્લો કર્યો, અને હું મારી જિંદગીની ફિકરમાં હતો.
૫૫૧. તમો બિલાડીઓ વચ્ચે ફેફસાનો ટુકડો ફેંકો અને પછી તેની નિશાની પણ શોધી શકશો ?
૫૫૨. સો ભૂખ્યા લોકો વચ્ચે એક રોટલો, એક ભૂખે મરતી બિલાડી સો કૂતરાઓ વચ્ચે (જીવતી રહે) ?
૫૫૩. સૂફીએ કહ્યું, હું ધારું છું કે તેઓએ તે (ગધેડો) જોર જુલમથી લીધો, મારા જેવા કંગાળની જિંદગી પર હાથ નાખ્યો.
૫૫૪. (અને આ જોઈને) તું મારી પાસે આવીને એમ કેમ ન કહ્યું કે ઓ ગરીબ ઈન્સાન, તારો ગધેડો તેઓ લઈ જઇ રહ્યા છે ?
૫૫૫. તેથી હું ગધેડો (ખરીદનાર) પાસેથી પાછો વેચાતો લઉં, તે ગમે તે હોય તેઓ મારા પૈસા વહેંચી લેત.
૫૫૬. આ (નુકશાન) સાંધવાના સો રસ્તાઓ હતા. જ્યારે કે સૂફીઓ હાજર હતા. (પણ) હવે તેઓ દરેક (જુદી) દિશાએ ગયા છે.
૫૫૭. હું કોને પકડું ? કોને કાજી પાસે લઇ જઉં ? સત્ય ખીના તારામાંથી જ છે કે આ ન્યાય મારા પર આવી પડયો છે.
૫૫૮. તેં (મારી) પાસે આવીને કેમ ન કહ્યું કે "ઓ અજાણ્યા આદમી, આવો ભયંકર હુમલો થયો છે ?
૫૫૯. તેણે કહ્યું, ખુદાના કસમ, આવું બનવાનું તમોને જણાવવા માટે હું ઘણીવાર આવ્યો હતો.
૫૬૦. (પણ) તમો હરેક વખતે કહેતા હતા, ઓ પુત્ર, ગધેડો ગયો છે, અને બાકીના બીજા બધા કરતાં વધુ મજાથી તે કહેતા હતા.
૫૬૧. (તેથી) હું પાછો ફરતો હતો (એમ ધારીને) કે તે આ વાતથી માહિતગાર છે, તે આ (દૈવી) ન્યાયથી સંતોષ પામેલો છે, તે (ખુદાને) જાણનારો માણસ છે.

૫૬૨. પેલા સૂફીએ કહ્યું, તેઓ બધા આનંદમાં (આમ) બોલતા હતા, (તેથી) મેં પણ તેમ બોલવામાં આનંદ અનુભવ્યો.

૫૬૩. તેઓના આંધળા અનુકરણે મારો નાશ નોતર્યો. તે અનુકરણ પર બસો શ્રાપ હોજો.

૫૬૪. ખાસ કરીને આવા નકામા નાલાયકોના અનુકરણ (ઉપર) તેઓં કે જેઓ છૂપાય જાય છે; તેઓ ઉપર હ. ઈબ્રાહીમનો કોપ ઊતરો !

૫૬૫. (સુફીના) ટોળાની ખુશી પ્રતિબિંબ પાડતી હતી. અને આ મારું દિલ તે પ્રતિબિંબથી ખુશ થતું હતું.

૫૬૬. તું સમુદ્રમાંથી પાણી ખેંચનાર, પ્રતિબિંબ વગરનો બને ત્યાં સુધી ભલા દોસ્તોનું પ્રતિબિંબ જરૂરી છે.

૫૬૭. જાણ કે પહેલું પ્રતિબિંબ પડે તો તે (માત્ર) અનુકરણ છે, (પણ) જો તે ચાલુ બન્યા કરે તો તે હકીકતમાં ફેરવાઇ જાય છે.

૫૬૮. જ્યાં સુધી તે હકીકતમાં ન ફેરવાઈ ત્યાં સુધી દોસ્તોથી છૂટો નહિ પડતો, (કે જેઓ તને રસ્તો બતાવે છે). છીપમાંથી ભાગી ન છૂટ, પાણીનું ટીપું હજી મોતી બન્યું નથી.

૫૬૯. જો તમે આંખ, સમજણ અને સાંભળવું, ચોકખું હોવાનું ઇચ્છો તો સ્વાર્થી ઉમેદોના પડદાના ટુકડા કરી નાખો.

૫૭૦. કારણ કે સૂફીનું અનુકરણ (કે જે) ઈચ્છામાંથી (ઉત્પન્ન) થયું, તેણે તેને પ્રકાશ, અરે અજવાળું ભરેલી સમજણથી દૂર રાખ્યો.

૫૭૧. સેકેલા માંસ ખાવાની ઇચ્છા, (સૂફીઓ) સાથેના આનંદની ઇચ્છા અને 'સમા' એ તેને (ખરા) જ્ઞાનથી વંચિત રાખ્યો.

૫૭૨. જો ઈચ્છા આરસીમાં ઊઠી હોત (દેખાણી હોત) તો તે આરસી નાસ્તિકતામાં આપણા જેવી બનત.

૫૭૩. જો ત્રાજવાને માલની ઈચ્છા હોય તો ત્રાજવું વસ્તુનો સાચો હાલ શી રીતે આપે ?

૫૭૪. દરેક પયગમ્બરો એ પોતાના લોકોને સચ્ચાઈપૂર્વક કહ્યું હતું: હું મારા સંદેશા માટે તમો પાસેથી કાંઈ મહેનતાણું માગતો નથી.

૫૭૫ હું (માત્ર) માર્ગદર્શક છું. ખુદા તમારો ખરીદનાર છે, ખુદાએ મને બન્ને બાજુ એ કાર્ય કરનાર દલાલ મુકરર કર્યો છે.

૫૭૬. મારા કાર્ય માટે મારું મહેનતાણું શું છે ? દોસ્તની (ખુદાની) દૃષ્ટિ. ભલે અબુ બક ચાલીસ હજાર (દીરહમ) મને આપે (તોપણ ને કરતાં ખુદાની દૃષ્ટિ બસ છે)

૫૭૭. મારું મહેનતાણું તેના ચલીસ હજાર (દીરહમ) નથી. કાચના મોતી એડનના (દરિયાના) મોતી જેવાં કેમ બને ?

૫૭૮. હું તને એક વાર્તા કહીશ. સાવધાનીથી તે સાંભળ. કે જેથી તું જાણે કે સ્વાર્થી ઉમેદો કાનનો દાટો છે.



પ્રતિબિંબ વગર નો બને ત્યાં સુધી દોસ્તોનું જરૂરી

પયગંબરો- મારા સંદેશા માટે -મહેનતાણું [illegible]

ત્રાજવાને માલની ઇચ્છા- સાચો હાલ(?) [illegible]

૫૭૯. જે કોઈને (આવી) ઈચ્છાઓ હોય છે. તે તોતડો બોલનાર બને છે. જ્યારે ઈચ્છા (દિલમાં) ભરી હોઈ તો (રૂહની) આંખ અને દિલ પ્રકાશિત કેમ બનશે ?

૫૮૦. તેની આંખ આગળના સત્તા અને દોલતના તરંગો આંખમાં વાળની માફક છે.

૫૮૧. ખુદાઈ (મહોબત) ના કેફથી ભરેલ (સંત) માત્ર તેઓજ તમો અગર ખજાનો આપો તો પણ તેઓ તેનાથી પર છે.

૫૮૨. (કારણકે) જ્યારે હરકોઈ (ખુદાઈ) દષ્ટિનો આનંદ માણે છે. ત્યારે આ દુનિયા તેની આંખમાં મુડદાલ માંસ (જેવી) બને છે.

૫૮૩. પણ પેલો સૂફી (રૂહાની) કેફથી દૂર ફેકાએલો હતો. પરિણામે તે (તેની લાલસામાં) રતાંધ હતો.

૫૮૪. માણસ સો વાતો સાંભળીને તૃષ્ણાથી ગભરાયો હશે (છતાં પણ) લોભીના કાનમાં એક પણ દલીલ ઉતરશે નહિ

## કાજીના બુમ પાડનારાઓએ સારા શહેરમાં નાદારની જાહેરાત કરી તે વિષે

૫૮૫. એક ઘર કે મકાન વગરનો નાદાર માણુસ હતો. તે દયાજનક બંધનમાં જેલમાં રહેતો.

૫૮૬. તે બેફામ કેદીઓનું ખાવાનું ખાઈ જતો. આ તેની ભૂખ થકી (જેલના) લોકો પર તે કાફ પર્વતની માફક (બોજો) હતો.

૫૮૭. રોટલાનો એક કોળીઓ ખાવાની કોઈમાં હિંમત ન હતી. કારણકે પેલો અનાજનો લૂંટનાર આખું ખાણુંજ ખેચીં જતો.

૫૮૮. દયાળુ (ખુદા) ની મિજબાનીથી જે કોઇ દૂર છે, જો તે બાદશાહ પણ હોય તો, પણ તેની આંખ (હલકા) ભીખારીની છે.

૫૮૯. (નાદારે) પગતળે સદગુણને કચર્યો હતો. જેલ તે રોટલાના લુંટનાર થકી દોઝખ બની ગઈ હતી.

૫૯૦. જો તમે થોડી વિશ્રાંતી માટે ભાગી છૂટો, તો પેલી બાજુએ પણ તમને મળવા આફત આવે છે.

૫૯૧. કોઇપણ ખૂણો જંગલી પશુઓ વગરનો નથી. ખુદા સાથે તમો એકાંતમાં હો તે સિવાય ક્યાંય આરામ નથી.

૫૯૨. આ દુનિયાનો અનિવાર્ય જેલનો ખૂણો (તંગ જગ્યા) મળવા આવનારા પાસેથી અને ઘરમાં રહેવા અંગે કિંમત લેવાનું છોડતી નથી.

૫૯૩. ખુદાના કસમ, જો તમે ઉંદરના દરમાં (પણ) જશો તો પણ કોઈ બિલાડી જેવા નહોર ભરાવનારથી ઈજા પામશો.

૫૯૪. માણુસને કલ્પનાને અંગે જાડાઈ છે, જો તેની કલ્પના સુંદર છે તો,

ખુદા સાથે - એકાંત - આરામ
'બાકી' ક્યાંય આરામ x.
ઝુંપડાનો ખૂણો પશુઓ વગરનો નહિ.

૫૯૫. અને જો તેની કલ્પના કાંઈ અપ્રિય બતાવે, તો તે અગ્નિથી ઓગળતા મીણની માફક ઓગળે છે.

૫૯૬. જો ખુદા સર્પો અને વીંછીઓ વચ્ચે જેઓ (રૂહાની) રીતે) સાચા છે તેઓની કલ્પના વચ્ચે રાખશે તો.

૫૯૭. સર્પો અને વીંછીઓ તારાથી મિત્રતા કરશે, કારણ કે તે કલ્પના અર્ક છે, જે તારું જસત (સોનામાં) ફેરવશે.

૫૯૮. ભલી કલ્પનાઓ થકી ધીરજ મીઠી લાગે છે, જ્યારે આરામના વિચારો (તારા અંતઃ કરણમાં) આવ્યા છે.

૫૯૯. પેલો આરામ તારા દિલમાં ઈમાન થકી આવે છે. ઈમાનની નબળાઈએ નિરાશા અને તીવ્ર દુઃખ છે.

૬૦૦. ધીરજ ઈમાનદારી થકી મુગટ મેળવે છે. જ્યાં જેને ધીરજ નથી તો તેને ઈમાન નથી.

૬૦૧. હ. પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે કે જેની ખાસિયતમાં ધીરજ નથી તેને ખુદાએ ઈમાન આપ્યું નથી.

૬૦૨. તમારી આંખોમાં જે સર્પ જેવો છે, તેજ બીજાની આંખોમાં (ખૂબસૂરત) પ્રતિમા છે.

૬૦૩. કારણકે તારી આંખોમાં તે નાસ્તિક હોવાની કલ્પના છે. જ્યારે તેના દોસ્તની આંખોમાં તે (સાચો) ઈમાનદાર છે તેવી કલ્પના છે.

૬૦૪. આ બન્ને અસરો એક પુરુષમાં હસ્તી ધરાવે છે હમણાં તે મચ્છી છે, બીજીવાર હુક.

૬૦૫. તે અર્ધો ઇમાનદાર છે અને અર્ધો નાસ્તિક, તેનું અર્ધું લાલસામાં (દિલ) અને અર્ધું ધીરજમાં.

૬૦૬. તારા ખુદાએ ફરમાવ્યું છે "જૂના અગ્નિ પૂજકની (માફક) (કેટલાક) તમો ઇમાન લાવો છો (અને) ફરીવાર (કેટલાક) ઈમાન લાવતા નથી."

૬૦૭. (તે) બળદની માફક છે, તેનો ડાબો (ભાગ) અર્ધો કાળો અને બીજો અર્ધો ભાગ ચંદ્રમાની માફક સફેદ

૬૦૮. જે કોઇ આગલો અર્ધો ભાગ જુએ (તો તેને) ધિક્કારે છે, જે કોઈ પાછલો અર્ધો ભાગ જુએ છે તે (તેની) પાછળ પડે છે.

૬૦૯. હ. યુસુફ તેના ભાઈઓની આંખમાં જનવરના બોજાની માફક, (ખટકતો) હતો, તેજ વખતે હ. યાકુબની આંખમાં તે ફિરસ્તા જેવો હતો.

૬૧૦. હલકા વિચારો થકી (શારીરિક) મૂળ આંખ અને અસલ-અદીઠ આંખે (દિલની આંખે) તેને (યુસુફને) બેડોળ માન્યો.

૬૧૧. જાણકે બહારની આંખ (અંદરની દિલની) આંખનો પડછાયો છે, જે પણ તે (અંદરની) આંખ જોશે, આ (બહારની) આંખ તે (આંખ) તરફ ફરશે

અંદર દિલની આંખનો પડછાયો, બહાર ની આંખ

૬૧૨. તમો (અત્યારે) ક્યાંક છો, (પણ) તમારું અસલ 'લામકાં' છે આ દુકાન બંધ કરીને પેલી દુકાન ખોલ.

૬૧૩. છએ દિશાની (દુનિયામાં) દોડાદોડી ન કર, કારણ કે દિશાઓમાં "શશ્દરા" છે અને 'શશ્દરા' જોડી છે.

### કેદીઓએ કાજીના પ્રતિનિધિ પાસે નાદરના સખત હાથની ફરિયાદ કરી તે વિષે

૬૧૪. કેદીઓ કાજીના પ્રતિનિધિ (કે જે) વિવેક ધરાવતો હતો, તેની પાસે ફરિયાદ કરવા આવ્યા.

૬૧૫. કહેવા લાગ્યા, અમારી સલામો કાજી સાહેબની પાસે હવે લઈ જાઓ. અને આ જંગલી માણસ થકી અમારા પર પડેલી તકલીફોથી તેઓને માહિતગર કરો.

૬૧૬. કારણકે તે આ જેલની અંદર ચાલુ રહેતો આવ્યો છે અને તે એક આંળસુ ફાચર, થૂંક ચાટનાર, અને કંટાળા જનક છે.

૬૧૭. માખીની માફક તે દરેક જમવાના વખતે આમંત્રણ કે સલામ વગર સાન વગરનો દેખાવ દે છે.

૬૧૮. તેને સાઠ માણસનો ખોરાક (પણ) નજીવો છે. જો તમો તેને કહો, હવે બસ તો તે બહેરો હોવાનો ઢોંગ કરે છે.

૬૧૯. (સાધારણ) માણસને જેલમાં ખોરાક પહોંચતો નથી. અથવા તો સો યુક્તિ કરીને પણ તે કોઈ ખોરાક શોધી કાઢે છે.

૬૨૦. તે દોઝખી ગળાવાળો તેની આ દલીલ સાથે આગળ આવે છે કે ખુદાએ ફરમાવ્યું છે કે "તમે ખાઓ."

૬૨૧. આ ત્રણ વર્ષના દુકાળની સામે અમોને ન્યાય આપો. અમારા માલિકનો પડછાયો હમેશ માટે અમર રહો?

૬૨૨. કાંતો આ ભેંસને જેલમાંથી કાઢો અથવા તો અનામત મૂકેલા ફાળામાંથી તેને રોજનો ખોરાક આપો.

૬૨૩. ઓ, તું કે જેનાથી પુરુષો અને સ્ત્રીઓ બન્ને સુખી છે, ન્યાય કરો, તમારી મદદની પ્રાર્થના અને વિનંતી કરી છે.

૬૨૪. પેલો વિવેકી પ્રતિનિધિ કાજી પાસે ગયો, દરેક દરેક મુદ્દા પર તેની પાસે ફરિયાદ રજુ કરી.

૬૨૫. કાજીએ તેને (નાદારને) જેલમાંથી તેની હજૂરમાં બોલાવ્યો, અને પછી તેના પોતાના અમલદારો પાસેથી માહિતી મેળવી.

૬૨૬. (કેદીઓ) પાસેથી આવેલી બધી ફરિયાદો કાજીની સમક્ષ પુરવાર કરવામાં આવી છે.

અસલ – લામકાં ૬

૬૨૭. કાજીએ (તેને) કહ્યું, ઊભો થા, આ જેલમાંથી ચાલ્યો જા, તારા વંશવારસાના મિલ્કતના સ્થળે જ્યાં તારું ઘર હોય ત્યાં ચાલ્યો જા."

૬૨૮. તેણે જવાબ આપ્યો, "મારું ઘર અને મકાન તારા પરોપકારમાં આધાર રાખે છે. નાસ્તિકોને અંગે તારું કેદખાનું મારું સ્વર્ગ છે.

૬૨૯. જો તમે મને જેલમાંથી કાઢી બહાર કાઢી મૂકશો તો ખરેખર હું ભીખ અને તંગીથી મરી જઇશ."

૬૩૦. તે સેતાનની માફક (બચાવ કરતો હતો) કે જે કહેતો હતો "ઓ રક્ષણ કરનાર, ઓ મારા માલિક, કયામતના દિવસ સુધી મને વિશ્રાંતિ આપો."

૬૩૧. કારણ કે હું આ દુનિયામાં આ જેલમાં હોવા માટે ખુશી છું એટલા માટે કે હું મારા દુશ્મનોનાં બચ્ચાંને કતલ કર્યા કરું.

૬૩૨. (અને) જો કોઇ પાસે ઈમાન (રૂપી) ખોરાક હોય અને મુસાફરી (મૃત્યુબાદની) માટે એકાદ રોટલો ભાથાં માટે હોય, તો

૬૩૩. હું તે યુક્તિથી કે ઠગાઈથી ખેંચી લઉં છું. તેથી પશ્ચાતાપમાં તેઓ હાયકારો ઉચ્ચારે.

૬૩૪. (રોટલા માટે) હું કોઈવાર તેઓને ગરીબાઈની બીક બતાવું છું, ક્યારેક તેઓની આંખો સ્ત્રીઓના વાળ અરે તલ તરફ (સાયા તરફ) મંત્રુ છું (ફેરવું છું).

૬૩૫. (કન્યારૂપી) આ જેલમાં ઈમાનનો ખોરાક બહુ જ જૂજ છે, અને જે છે તે પણ આ કૂતરાના ગળા ફાંસીના હુમલા થકી ભયમાં છે.

૬૩૬. જે પ્રાર્થનાઓ, રોજાઓ અને સો લાચારીઓથી રૂહાની ભાવનાઓનો ખોરાક (કોઈને મળે છે) (સેતાન) એકદમ ઉપાડી જાય છે.

૬૩૭. તેના સેતાનથી હું ખુદાનું શરણ શોધું છું. આપણે તેની વધુ પડતી બેફરમાનીથી હલાક થયા છીએ.

૬૩૮. તે જો કે એક કૂતરો છે. અને તે હજારો (લોકોમાં) જાય છે અને જેમાં તે જાય છે તે (પેલો શખ્સ) (સેતાન) બની જાય છે.

૬૩૯. જે તને (ઈમાનદારીમાં) ડંડો બનાવે, તો જાણ કે તે (સેતાન) તેની ચામડીમાં સંતાએલો બન્યો છે.

૬૪૦. જ્યારે તેને (શારીરિક) રૂપ મલતું નથી. ત્યારે તે તારી કલ્પનામાં આવે છે, એટલા માટે કે તે વિચાર તને આફતમાં દોરી જાય.

૬૪૧. ક્યારેક આનંદવિનોદ, ક્યારેક દુકાન, ક્યારેક જ્ઞાનના વિચારો અને ક્યારેક ઘર કે મકાન.

૬૪૨. ખબરદાર કહે, તુર્તજ પુકાર "ઓ ખુદા મને મદદ કરો ફરી અને ફરીવાર (બોલ), નહિ કે માત્ર જીભથી પણ તારા અંદરના આત્મામાંથી (બોલ.)

૬૪૩. કાજીએ કહ્યું "ખુલ્લી રીતે બતાવ કે તું નાદાર છો." તેણે જવાબ આપ્યો, "અહીં કેદીઓ તારા સાક્ષીઓ તરીકે છે."

૬૪૪. કાજીએ કહ્યું, "તેઓ શકમંદ માણસો છે, કારણ કે તેઓ તારાથી અને (તારી વર્તણુંકથી) લોહીથી રોતા માણસો છે.

૬૪૫. વળી તેઓએ તારામાંથી મુક્ત કરવા દાવો કર્યો છે, તેઓના પોતાના સ્વાર્થ અંગે તેઓ જે પુરાવો આપે તે કિંમત વગરનો છે.

૬૪૬. ન્યાય કરનાર દરબારના બધા લોકોએ કહ્યું, "અમો તેની નાદારી અને તેની ઉતરતી (નીતિમત્તા) બન્નેના સાક્ષી છીએ."

૬૪૭. કાજીએ તેની હાલત વિષે જેને પણ સવાલો પૂછ્યા, તે દરેકે કહ્યું, "કાજીસાહેબ, આ નાદારથી તમારા હાથ ધોઈ નાખો."

૬૪૮. કાજીએ કહ્યું, દરેક જોઈ શકે તેમ શહેરની અંદર તેને ફેરવો (અને કહો), આ માણસ એક નાદાર છે અને મોટો ઠગ છે.

૬૪૯. મહોલ્લે મહોલ્લે તેના વિષે જાહેરાત કરો, ખુલ્લી રીતે દરેક જગ્યાએ ઢોલ વગાડીને તેની નાદારીની (જાહેરાત કરો)

૬૫૦. કોઈપણ તેને પૈસા રોકડા વગર વેચે નહિ, કોઈ તેને એક સિક્કો પણ ઉધાર આપે નહિ.

૬૫૧. કોઈ તેની દગલબાજી માટે અહીં દાવો લઇ આવશે, હું તેને વધુ વખત જેલમાં પૂરીશ નહિ,

૬૫૨. તેની નાદારી મારી આગળ સાબિત થઈ ચૂકી છે તેની પોતાની પાસે કાંઈપણ નથી. નથી પૈસા કે નથી માલસામાન."

૬૫૩. માણસ આ દુનિયાની કેદમાં એટલા માટે છે કે તેની નાદારી સાબિત થઈ જાય.

૬૫૪. આપણા ખુદાએ આપણા કુરાનમાં શેતાનની નાદારી પણ જાહેર કરી છે.

૬૫૫. કહેવામાં આવ્યું છે કે "તે ઠગારો અને નાદાર અને જૂઠો છે, તેની સાથે રમત રમવામાં તે કોઈ જાતની ભાગીદારી કરશો નહિ.

૬૫૬. અને જો તું કરીશ (અને) તેનાથી (ખોટાં) બહાનાં લાવીશ (સજાથી છૂટવા માટે) તે નાદાર છે. તેની પાસેથી તું શું નફો કરીશ ?

૬૫૭. જ્યારે મુસીબત શરૂ થઈ (નાદારને ફેરવવામાં), તેઓ એક કુર્દ કે જે લાકડાં વહેંચતો હતો તેનો ઊંટ તે જગ્યાએ લઈ આવ્યા.

૬૫૮. લાચાર કુર્દે મોટી રાડારાડ કરી મૂકી. તેણે (ઊંટ પકડી જનાર) અમલદારને સિક્કો આપી રાજી કર્યો.

૬૫૯. (છતાં પણ) તેઓ તેનો ઊંટ બપોરથી રાત સુધી લઈ ગયા. અને તેનું રુદન કાંઈ કામ આવ્યું નહિ.

૬૬૦. પેલો ભૂખડીબારસ પેલા ઊંટ ઉપર બેઠો, જ્યારે ઊંટનો માલિક પોતાની એડી ઉપર દોડતો હતો.

૬૬૧. તેઓએ તેને એક રહેઠાણેથી દરેકે દરેક મહોલ્લામાં ફેરવ્યો, જ્યાં સુધી કે આખું ગામ તેને નજરે જાણી શકે.

૬૬૨. દરેક જાહેર નાહણીએ અને બજારમાં, બધા લોકો તેના દેખાવ પર તાકીને જોઈ રહેતા.

૬૬૩. તુર્કો, કુર્દો, રૂમીઓ અને આરબો. દસ ગણા મોટા અવાજે (પોકાર પાડતા હતા)

૬૬૪. આ માણસ નાદાર છે અને તેની પાસે કાંઈજ નથી. તેને કોઈપણ માણસ સીસાનો એક સિકકો પણ ધીરે નહિ.

૬૬૫. તે દેખાવની કે દેખાઈ નહિ તેવી નાનામાં નાની વસ્તુ પણ ધરાવતો નથી. તે નાદાર, જૂઠાણાનો ટુકડો, લુચ્ચો, ઠગ, મીઠી છૂરી (છે)

૬૬૬. ખબરદાર થાઓ, ખબરદાર થઓ. તેની સાથે લેતીદેતી ન કરતા, જ્યારે તે બળદ (વેચવા) આવે, તમારી ગાંઠ મજબૂત કરજો.

૬૬૭. અને જો તમે આ સડેલા માણસને ન્યાય માટે લાવશો તો હું આ મડદાને જેલમાં પૂરીશ નહિ.

૬૬૮. તે મીઠાબોલો છે અને તેનું ગળુ ખૂબ જ પહોળું છે, (તે) અંદરના નવા પોશાક અને બહારના ફાટેલા વસ્ત્રોથી ( સજ્જ થએલો છે. )

૬૬૯. જો તે માણસોને ઠગવા (અંદરના) કપડાં પહેરે, તો તે સામાન્ય માણસોને છેતરવા ઉછીના લીધેલાં છે. (એમ સમજ)

૬૭૦. ઓ ભોળા દિલના માનવી, જાણ કે ડહાપણ વગરના માણસની જીભે જો ડહાપણ ભરેલા શબ્દો હોઈ તો તે, ઉછીના લીધેલા છે.

૬૭૧. જોકે ચોરે સારાં કપડાં પહેર્યાં હોય છતાં જેનો હાથ કાપી નાખવામાં આવેલ છે તે તારો હાથ કેમ પકડશે ?

૬૭૨. જ્યારે રાત પડી ત્યારે તે (નાદાર) ઊંટ ઉપરથી નીચે ઊતર્યો. કુર્દે તેને કહ્યું, "મારું રહેઠાણ અહીંથી દૂર અને ઘણે લાંબે રસ્તે છે.

૬૭૩. તું મારા ઊંટ પર વહેલી સવારથી સવારી કરતો હતો. હું બાજરીને જવા દઈશ. (મોટોલાભ). ઘાસની કિંમતથી ઓછું (લઈશ નહિ)."

૬૭૪. તેણે ઉમેર્યું: આપણે અત્યાર સુધી શહેરની આસપાસ શા માટે જતા હતા ? તારી સમજ શક્તિઓ ક્યાં છે ? શું ઘરે કોઈપણ નથી ?

૬૭૫. મારી નાદારીના વાગતા ઢોલનો (અવાજ) સાતમા આસમાને પહોંચ્યો છે, અને તેં શું આ ખરાબ સમાચાર સાંભળ્યા નથી ?

૬૭૬. તારો કાન મૂર્ખાઈ ભરેલી આશાથી ભરેલો છે, (દરેક) આશા (માણસને) બહેરો અને આંધળો બનાવે છે.

આશા → બહેરો અને આંધળો બનાવે છે

૬૭૭. તે નાદાર છે, તે નાદાર છે, આ હરામખોર (છે), તે જાહેર ખબર ઢેફાંઓએ અને પત્થરાઓએ પણ સાંભળી છે.

૬૭૮. તેઓએ (બૂમ પાડવાવાળાઓએ), રાત પડી ત્યાં સુધી કહ્યું છે અને તેની કાંઈ છાપ ઊંટના માલિક પર ન થઈ કારણ કે તે (ખોટી) આશાઓથી ભરેલો હતો.

૬૭૯. સાંભળવા અને જોવા પર ખુદાનું સીલ લાગેલું હોય છે. પડદાની અંદર ઘણાં રૂપ અને ઘણા અવાજ હોય છે.

૬૮૦. તે આંખને તેની ઈચ્છા મુજબની ખૂબસૂરતી, સંપૂર્ણતા અને પ્રેમી નજરની જાણ કરે છે.

૬૮૧. અને તે કાનને તેની ઈચ્છા મુજબનું ગાન, ખુશ સમાચાર અને (અત્યાનંદ) ના અવાજોની જાણ કરે છે.

૬૮૨. દુનિયા ઈલાજોથી ભરપૂર છે. પણ ખુદા જ્યાં સુધી તારા માટે બારી ન ખોલે ત્યાં સુધી કોઈ ઈલાજ નથી.

૬૮૩. જો કે અત્યારે તું તે ઈલાજથી બે ખબર છે છતાં જ્યારે જરૂરત પડશે ત્યારે ખુદા તને તેની જાણ કરશે.

૬૮૪. હ. પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે કે કીર્તિવંત ખુદાએ દરેક દર્દનો ઈલાજ ઉત્પન્ન કર્યો છે.

૬૮૫. તું તેના હુકમ વગર તારા દર્દના ઈલાજ માટેનો રંગ કે વાસ જોઈ શકીશ નહિ.

૬૮૬. આવ, ઓ તું કે જે પેલો ઈલાજ શોધે છે, તારી આંખ "લામકાં" પર રાખ, તે કે જે પોતાનું ખૂન થતી વખતે પોતાની આંખ આત્મા તરફ રાખે છે.

૬૮૭. આ દુનિયા કે જે સબંધ વગરની તેનાથી હસ્તીમાં આવી છે. કારણ કે આ દુનિયાનો સબંધ સ્થળ વગરની દુનિયાથી મેળવે છે.

૬૮૮. હસ્તીમાંથી "નેસ્તી" તરફ પાછો ફરે, જો તું ખુદાનો હો અને ખુદાને શોધતો હોતો.

૬૮૯. આ "નેસ્તી" ફાયદાવાળી જગ્યા છે, તેનાથી ભાગ નહિ, આ વધઘટની હસ્તી એ ખર્ચ કરવાની જગ્યા છે.

૬૯૦, જ્યારે ખુદાનું કારખાનું (જાહેરીમાં) અસ્તિત્વ ધરાવતું નથી, કારખાનાની બહાર (માત્ર) વગર ઉપયોગીપણું જ છે.

૬૯૧. ઓ દયાળુ દાતાર, અમારા દિલમાં એવા ગૂઢ શબ્દો મૂક કે જેના થકી (તું) અમારાં તરફ દયા દર્શાવે.

૬૯૨. તારામાંથી જ પ્રર્થના અને તેનો જવાબ બન્ને આવે છે, તારામાંથી જ સલામતી અને તારામાંથી જ ભય આવે છે.

ખુદા દરેક દર્દનું ઈલાજ પેદા કરેલ છે.

૬૯૩. જો અમો ભૂલભરેલું બોલ્યા હોઈએ તો તું તેને સુધાર, તું જ સુધારનાર છો, એ તું કે જે વાણીનો પણ સુલતાન છે.

૬૯૪. તારી પાસે કીમિયો છે કે જેનાથી તું તેનું રૂપ બદલી નાખે છે જો તે લોહીની નદી પણ હોઈ તો તું તેને નાઇલમાં ફેરવે છે.

૬૯૫. આવું કીમિયાવાળું તારું કામ છે, આવા અર્કો એજ તારા ગુપ્ત ભેદો છે.

૬૯૬. તું પાણી અને માટી પર એક સાથે પ્રહાર કરે છે પાણી અને માટીમાંથી જ તે હ. આદમના શરીરને ઘડ્યું હતું.

૬૯૭. તેંજ (માણસને) વંશ અને ઓરત અને કાકાઓ આપ્યા. માતા અને પિતા, હજારો વિચારો, આનંદો અને દિલગીરીઓ સાથે. (બનાવ્યા)

૬૯૮. ફરીવાર કેટલાકને તે યુક્તિ આપી તેંજ તેઓને આનંદ અને દિલગીરીથી મુક્ત કર્યા.

૬૯૯. તેંજ તેઓને સગા સબંધી અને તેની પ્રકૃતિથી દૂર કર્યો, (આવાની) આંખમાં તેંજે દરેક સુંદર ચીજ વિકૃત બનાવી.

૭૦૦. ને જે જે ઇંદ્રિયથી જોવાય તેને ધિક્કારે છે, અને જે અદશ્ય છે તેની મદદ તરફ વળે છે.

૭૦૧. તેનો પ્રેમ દેખાઈ છે અને તેનો પ્રિતમ સંતાએલો છે. દોસ્ત (પ્રીતમ) (આ દુનિયાની) બહાર છે (પણ) તેની મોહિની આ દુનિયામાં છે.

૭૦૨. આ (માન્યતા) છોડી દે. બહારના રૂપ કે સ્રીના ચહેરાનો દેખાવ તેમના પ્રેમનું મૂળ નથી.

૭૦૩. પ્રેમનો હેતુ રૂપ નથી. જો કે તે પ્રેમ આ દુનિયાની (ચીજો પર) કે આવતી દુનિયા માટેનો હોય.

૭૦૪. જો તું રૂપ પર પ્રેમ કરવા આવ્યો હોય તો જ્યારે આત્મા ભાગી છૂટે છે ત્યારે તે પ્રેમ કેમ છોડી આપે છે ?

૭૦૫. તેનું રૂપ હજી ત્યાં જ છે. તો પછી આ અણગમો ક્યાંનો ? ઓ પ્રેમી, (ખરેખરો) તારો વ્હાલમ કોણ છે તેની શોધ કર,

૭૦૬. જો પ્રીતમ કે જેને સમજણ જોઈ શકે તો દરેક જણ કે જેને સમજણ છે તે તેની (સાથે) પ્રેમ કરે.

૭૦૭. તેવી જ રીતે જો દઢતા પેલા (રૂહાની) પ્રેમ અંગે વધે છે તો તે દઢતા પેલા (દુન્યવી) રૂપથી કેમ ફરે ?

૭૦૮. સૂર્યનો તડકો દીવાલ પર પડે છે, દીવાલ ઉછીનો લીધેલ પ્રકાશ મેળવે છે

૭૦૯. શા માટે તારું દિલ ઢેફાના કટકા પર રાખે છે, ઓ સાદા માનવી, તે જગ્યા શોધ કે જે નિરંતર પ્રકાશે છે.



પ્રેમ નો હેતુ રૂપ નથી. દિવાલ-ટુકડા
દેહ - ટુકડો છે. ટુકડો.
ઉછીના-ટુકડા- શરીર

પાણી
પીવા આવનાર } ત્રણે એક બન્યા
પીધેલો        - શરીર જુદું



૭૧૦. તમો કે જેઓ તમારી હોંશિયારી (અકલમંદી) સાથે પ્રેમમાં છો, રૂપના પૂજકો પોતાને વધુ ઉતમ જુએ છે.

૭૧૧. પેલી (સમજણ) એ (અકલે કુલ) ની સમજણનું કિરણ છે, કે જે તારી સમજણ પર પડે છે, તેને તારા જસત પર ઉછીના લીધેલા સોનાની માફક સમજ.

૭૧૨. માણસ જાતની ખૂબસૂરતી જાણે સોનાથી રસેલું હોઈ તેની માફક છે, નહિતર તારું મધુરદિલ ઘરડા ગધેડા માફક (કદરૂપુ) કેમ બન્યું ?

૭૧૩. તેણી હુંશ જેવી હતી. તેની જાણે કે ભૂત જેવી બની. કારણ કે તેની પેલી ખૂબસૂરતી ઉછીની (ફરતી) ચીજ હતી.

૭૧૪. તે (ખુદા) આસ્તે આસ્તે થોડી થોડી ખૂબસૂરતી લઇ લે છે. આસ્તે આસ્તે નાનો છોડ કરમાય જાય છે.

૭૧૫. જા (કુરાન) ૫૯. "જેના અમે દિવસો લંબાવીએ છીએ તેને અમો ઉત્તરોત્તર પડતી દશામાં પણ લાવીએ છીએ." દિલ (રૂહને) શોધ, તારું દિલ હાડકાં પર ન મૂક.

૭૧૬. કારણ કે દિલની ખૂબસૂરતી એ જ નિરંતરની ખૂબસૂરતી છે, તેના હોઠો (અમર) જિંદગીનું પાણી પીવા આપે છે.

૭૧૭. ખરેખર તે પાણી અને પીવા આવનાર અને પીધેલો બન્ને છે, આ બધાં ત્રણેય એક બને છે, જ્યારે તારા માદળિયાના ટુકડે ટુકડા કરવામાં આવ્યા.

૭૧૮. પેલું એકીપણું ધારણાથી તમે જાણી શકશો નહિ, ઈબાદત કર.ઓ ભેદ ન સમજનાર મૂર્ખાઈભરેલા લવારાથી દૂર રહે.

૭૧૯. તારી વાસ્તવિકતા રૂપ છે, કે જે ઉછીનું લીધેલું છે. જે સંબંધિત છે અને કાવ્યમય છે તેનો આનંદ માણ.

૭૨૦. વાસ્તવિકતા કે જે તને બાંધી રાખે છે, અને રૂપ પર પરાધીન બનાવે છે.

૭૨૧. વાસ્તવિકતા એ નથી કે જે તને આંધળો અને બહેરો બનાવે છે અને માણસને રૂપ તરફ વધુ પ્રેમ કરતો બતાવે છે.

૭૨૨. આંધળાપણાનો ભાગ એ કલ્પના છે કે જે દર્દમાં વધારો કરે છે, (રૂહાની) આંખનો ભાગ આ 'ફના' થવાની કલ્પનાઓ છે.

૭૨૩. આંધળો એ કુરાનના કાગળ ભરેલી ખાણ છે, તેઓ ગધેડો જોતા નથી. અને (માત્ર) બાંધેલા જીનને ચોંટી રહે છે.

૭૨૪. જો તને દૃષ્ટિ હોય તો (તારાથી) નાસી છૂટેલ ગધેડા પાછળ જા. ઓ જીનને પૂજનારા, ક્યાં સુધી જીનને ટાંકો દીધે રાખીશ ?

૭૨૫. જ્યારે ગધેડો ત્યાં છે તો જીન ચોકકસ તારું જ છે. જ્યારે (આવશ્યક) રૂહ છે તો રોજી મળશે જ.

અકલમંદી કે પ્રેમ (કરનારા)
પેલી સમજણ - અકલે કુલની સમજણ નું કિરણ
રૂહને શોધ . હાડકાં ને નહિ

'જો'=નો ગુલામ નહિ



૭૨૬. ગધેડાની પીઠ પર દુકાન અને દોલત અને નફો છે. તારા દિલનું મોતી સો કાયા માટેનો ભંડાર છે.

૭૨૭. ઓ ઉદ્યોગી છોકરા, ગધેડાની ખુલ્લી પીઠ પર સવાર થા. શું હ. પયગમ્બર સાહેબ ગધેડાની ખુલ્લી પીઠ પર સવાર થતા ન હતા?

૭૨૮. હ. પયગમ્બર સાહેબ (તેના જાનવરની) ખુલ્લી પીઠ પર સવાર થતા હતા અને કહેવામાં આવ્યું છે કે હ. પયગમ્બર સાહેબ પગે પણ મુસાફરી કરતા હતા.

૭૨૯. ગધેડો, તારો નફસે અમ્મારા તારા હાથથી ગયો છે, તેને ખીલે બાંધ. તે કામ આવે અને બોજામાંથી કેટલો લાંબો વખત ભાગતો રહેશે? કેટલો લાંબો?

૭૩૦. તેણે ધીરજ અને શુકરાનાનો બોજો સહન કરવો જોઈએ, સો વર્ષ માટે કે ત્રીસ કે વીસ વર્ષ માટે (સહન કરવો જોઈએ)

૭૩૧. જેના ઉપર બોજો લદાયેલો છે તે બીજાને મદદ કરી શકતો નથી. કોઈ વાવ્યા વગર લણી શકતું નથી.

૭૩૨. તે કાચી (મૂર્ખાઇ ભરેલી) આશા છે, પુત્ર. જે કાચું છે તે ખા નહિ. ખાધેલી કાચી-ચીજ માણસને બીમારી લાવે છે.

૭૩૩. (તને પોતાને એમ ન કહે) ફલાણાને ઓચિંતો ખજાનો મળ્યો છે, મને પણ તેમ ગમ્યું હોત કામ કે દુકાન વગર (મને મળ્યું હોત).

૭૩૪. તે (ખજાનાની શોધ) એ કિસ્મતનું કામ છે. ઘણુંખરું તેવું ભાગ્યે જ બને છે, જ્યાં સુધી કાયામાં શક્તિ હોય ત્યાં સુધી માણસે રોજી પેદા કરવી જોઈએ.

૭૩૫. રોજી પેદા કરવી એ ખજાનો (શોધવામાં) અટકાયત કેમ કરશે? કામમાંથી નિવૃત્ત ન થા. (પેલો ખજાનો) ખરેખર (કામની) પાછળ જ છે.

૭૩૬. જો કે તું "જો" નો ગુલામ નથી. કહેવામાં આવે છે કે જો મેં આમ કે તેમ કર્યું હોત.

૭૩૭. કારણ કે સાચા પયગમ્બર સાહેબે (માણસોને) જો કહેવાની મના કરી છે, અને કહ્યું "તે નાસ્તિકતામાંથી છે."

૭૩૮. કારણ કે નાસ્તિક જો કહેવામાં મરી ગયો. તો 'જો' કહેવામાંથી તેને અફસોસ સિવાય કાંઈ ન મળ્યું.

દૃષ્ટાંત કથા 'જો'

૭૩૯. એક અજાણ્યો માણસ ઉતાવળે ઘર શોધતો હતો. એક દોસ્ત તેને નાશ પામતા ઘરે લઈ ગયો.

૭૪૦. તેણે (અજાણ્યાને) કહ્યું), જો આ (ઘરને) છાપરું હોત તો મારા પાડોસમાં તારું ઘર થયું હોત.

૭૪૧. તારું કુટુંબ પણ સુખી થયું હોત. જો તેમાં એક બીજો ઓરડો હોત તો.

પયગંબર- ગધેડા ઉપર ખુલ્લી પીઠ પર સવારી કરતા પગે - સવાર
નફ્સે અમ્મારાને ખીલે બાંધ.
દોલત, ગુડાના નો બોજો - સહન કરવો. 100 વર્ષ 30 20 સુધી

૭૪૨. તેણે કહ્યું, "હા. દોસ્તોની નજીકમાં (રહેવું) સારું છે પણ મારા વ્હાલા આત્મા, કોઈ 'જો'માં ઉતારો કરે નહિ.

૭૪૩. આખી દુનિયા સુખ શોધનાર છે. અને ખોટા મુખના અંગે તેઓ અગ્નિમાં છે.

૭૪૪. બૂઢા અને જુવાનો સોનું શોધનારા બન્યા છે. પણ સાધારણ આંખ સોનામાંથી મિશ્ર ધાતુ ઓળખી શકતી નથી.

૭૪૫. ચોકખા (સોના)એ મિશ્રધાતુ પર કિરણ ફેંક્યું. માત્ર માન્યતાના આધારે સોનું કસવાના પત્થર વગર સોનું પસંદ કરતો નહિ.

૭૪૬. જો તારી પાસે કસવાનો પત્થર છે તો પસંદ કર. નહિતર, જે જાણે છે તેની પાસે જા અને અર્પણ થા. (તે કહે તેમ કર)

૭૪૭. કાં તો તારા પોતાના આત્મામાં સોનું કસવાનો પત્થર હોય અથવા જો તું રસ્તો જાણતો ન હોતો એકલો આગળ ન વધ.

૭૪૮. ભૂતોની રાડ એ પિછાણકારની રાડ છે. એક પિછાણકાર કે જે તને સત્યનાશ તરફ લલચાવશે.

૭૪૯. તેણી (ભૂત) બૂમ પાડયા જ કરશે. સાંભળો ઓ વણજારના લોકો, મારા તરફ આવો. અહીં રસ્તો અને પગલાંની નિશાનીઓ છે.

૭૫૦. ભૂત દરેકનું નામ લઈને કહેશે. ઓ ફલાણા, એટલા માટે કે તે માણસને ડૂબી ગયેલાઓમાંનો એક બનાવે.

૭૫૧. જ્યારે તે તે જગ્યાએ પહોંચે છે, ત્યારે તે વરુઓ અને સિંહો જુએ છે, તે જિંદગી ગુમાવે છે, રસ્તો દૂર રહી ગયો અને દિવસ મોડો (થયો)

૭૫૨. હું વિનંતી કરી કહું છું, ભૂતની રાડ કોના જેવી છે? (તે છે) હું મિલ્કત ચાહું છું. હું નામના અને સત્તા ચાહું છું.

૭૫૩. તારા દિલને પહોંચતી આ રાડો અટકાવ. કે જેથી (રૂહાની) ગૂઢાર્થો તારી પાસે ખુલ્લા થાય.

૭૫૪. (બંદગીમાં) ખુદાનું નામ લીધા કર. ભૂતોની રાડોને નીચે પછાડ (બાળી મૂક). તારી આત્મપૂજાની આંખને આ ગીધથી બંધ કર.

૭૫૫. ખોટો ઉષાકાળ અને સાચા વચ્ચેનો તફાવત સમજ. શરાબના કપના રંગમાંથી શરાબનો રંગ પરખાતો નથી.

૭૫૬. તે દૈવયોગે આંખમાંથી કે જે સાત રંગની ધીરજ જુએ છે અને (રૂહાની) આંખ પેદા થવાની રાહ જુએ છે.

૭૫૭. (કે જેનાથી) તું આ સિવાયના રંગો જોઈ શકે, અને પથરાઓને બદલે મોતી જોઈ શકે.

૭૫૮. શું મોતી? નહિ, તું (પોતે) સમુદ્ર બની જઇશ. તમે આકાશમાં ફરતા સૂર્ય બની જશો.

૭૫૯. કામ કરનાર કારખાનામાં સંતાયેલ છે, તમે જાઓ અને કારખાનામાં તેને ચોકખી રીતે જુઓ.

૭૬૦. જેમ કામકાજે કામ કરનાર ઉપર પડદો ગૂંથ્યો છે, તમે તેને કામકાજની બહાર જોઈ શકો નહિ.

૭૬૧. જ્યારે કારખાનું કામ કરનારની રહેઠાણની જગ્યા છે તે જે બહાર છે તે તેનાથી અજ્ઞાત છે.

૭૬૨. તો પછી કારખાનામાં આવ એમ કહેવાનું કે શૂન્યમાં આવ કે જેથી તું તેનું કામ અને કામ કરનાર બન્નેને જુએ.

૭૬૩. કારખાનુ એ અદૃશ્ય દર્શનની જગ્યા છે, પછી કારખાનાની બહાર (માત્ર) આંધળા-પણું છે.

૭૬૪. બળવાખોર ફીરઓને તેનો ચહેરો અસ્તિત્વ તરફ રાખ્યો, ચોકસ તેના (ખુદાના) કારખાનાથી આંધળો હતો.

૭૬૫. પરિણામે તે આગળથી નક્કી કરેલા (દૈવી) ભાવિને બદલાવવા ઇચ્છા રાખતો હતો. કે તે પોતાના દરવાજેથી (દૈવી) ભાવિને પાછું કાઢે.

૭૬૬. ખરેખર, (દૈવી) ભાવી તેના હોઠથી ઉચ્ચારેલાં લુચ્ચાઈ ભરેલાં કાવતરાંથી દરેક પળે ખંધાઈ ભરેલી રીતે હસતું હતું.

૭૬૭. તેણે લાખો નિર્દોષ બાળકોને મારી નાખ્યાં, એટલા માટે કે ખુદાઈ કલામો અને નક્કી થયેલાં ભાવિને હરાવી શકે

૭૬૮. હ. મૂસા પયગમ્બર પેદા ન થાય તેટલા માટે પોતાની ગરદન પર હજારો અન્યાયો અને ખૂનો મૂકયાં.

૭૬૯. તેણે આ બધું ખૂન વહાવ્યું. અને (છતાં) હ. મૂસા જન્મ્યા અને તેની શિક્ષા માટે તૈયાર કર્યા.

૭૭૦. નિરંતર રહેનાર (ખુદાનું) કારખાનું તેણે જોયું હોત તો તો કાવતરાં હાથ કે પગ ચલાવ્યો ન હોત.

૭૭૧. હ. મૂસાને (ફીરઓનના જ) ઘરમાં સલામત (મૂકયા) જ્યારે બહાર બચ્ચાંઓને વૃથા મારતો હતો.

૭૭૨. વાસનામય ઇન્સાન જે પોતાના શરીરને લાડ લડાવે છે. અને કોઈ બીજાને (પોતા તરફ) ધિક્કારે છે એવી શંકા કરે છે.

૭૭૩. કહે છે, આ મારો દુશ્મન છે, અને પેલો અદેખો અને શત્રુ છે, (જોકે) હકીકતમાં તેનો અદેખો અને દુશ્મન (તેની પોતાની) કાયા જ છે.

૭૭૪. તે ફીરઓનની માફક છે, અને તેની કાયા તેનો મૂસા છે, તે બહાર દોડતો પૂછતો ફરે છે કે મારો દુશ્મન કયાં છે?

૭૭૫. તેનો નફસે અમ્મારા તેના ઘર કે જે તેની કાયા છે તેમાં સુખ ભોગવે છે. જ્યારે તે પોતાનો હાથ કોઈ બીજા પર ભારે દ્વેષથી કરડે છે.

### માણસે કે જેણે તેની માને શંકા ખાતર મારી નાખી તે વિષે.

૭૭૬. અમુક માણસે પોતાની માને વેર અંગે ખંજરના તથા મુક્કાના ઘાથી મારી નાખી.

૭૭૭. કોઈએ તેને કહ્યું, "ખરાબ ખસલતને અંગે તું તારા દિલમાં ન સમજ્યો કે માતા પણું કેવું મહાન છે?

૭૭૮. તુ મને કહે તેં શામાટે તારી માને મારી નાખી? તેણીએ શું કહ્યું! ઓ દંભી બહાદુર તને હું પ્રાર્થના કરું છું કે મને કહે.

૭૭૯. તેણે કહ્યું તેણીએ નામોશી ભર્યું કૃત્ય કર્યું છે મે તેને મારી નાખી કે જેથી જમીન (કબર) તેને સંતાડે."

૭૮૦. પેલાએ કહ્યું, "ઓ માનવંત સાહેબ, પેલાને મારી નાખો. (તેના ગુનાહના ભાગીદારને) તેણે જવાબ આપ્યો તો પછી મારે રોજ એક માણસને મારી નાખવો પડે.

૭૮૧. મેં તેને મારી નાખી, (કે જેથી) હું ટોળાબંધ માણસોને મારી નાખવામાંથી બચી જાઉં, આટલા બધાનાં ગળાં કાપવા કરતાં તેનું એકલીનું જ ગળું કાપું તે વધુ સારું છે.

૭૮૨. પેલી દુષ્ટ કૃત્યો વાળી માતા કે જેનું દુષ્ટ કૃત્ય દરેક રહેઠાણે છે તે તારો નફસે અમ્મારા છે.

૭૮૩. આવ તેને મારી નાખ, કારણ કે તે દુષ્ટ (હસ્તી) થકી તું દરેક પળે પૂજ્ય માણસ પર હુમલો કરે છે.

૭૮૪. તેના થકી (નફસે અમ્મારા થકી) આ ભવ્ય દુનિયા તારા માટે સાંકડી (દુઃખમય) બની છે, તેના કારણે જ તું માણસ સાથે લડાઈમાં છે.

૭૮૫. જો તેં નફસે અમ્મારાને મારી નાખ્યો, તો પછી પોતાને દોષ દેવામાંથી મુક્ત કર્યો છે. દુનિયામાં કોઈ પણ તારો દુશ્મન રહેશે નહિ.

૭૮૬. પયગમ્બરો અને ઓલિયાઓ વિષે મારા શબ્દોમાં જો કોઈ શંકા ઊઠાવે.

૭૮૭. (અને કહે) શું પયગમ્બરોએ નફસે અમ્મારાને માર્યો ન હતો? તો પછી શા માટે તેઓના દુશ્મનો અને અદેખાઈ કરનારા હતા?

૭૮૮. ઓ સચ્ચાઈ શોધનાર, કાન દઈને સાંભળ, અને શંકા કે મુશ્કેલીનો જવાબ સાંભળ

૭૮૯. પેલા અવિશ્વાસુઓ (ખરેખરતો) તેઓના પોતાના જ દુશ્મનો હતા. તેઓ આવા પ્રહારો પોતાના ઉપર જ કરતા હતા.

૭૯૦. દુશ્મન તે છે કે જે (બીજાની) જિંદગી લેવાની કોશિશ કરે જે પોતાની જિંદગીનો નાશ કરે છે તે (બીજાનો) દુશ્મન નથી. (પોતાનો જ છે.)

દરેક ઠેકાણે - નફસે અમ્મારા - માતા
રહેઠાણે (પયગંબરે) સાંકડી : દુઃખમય
નફસે અમ્મારાને મા[illegible]

૭૯૧. નાનકડું ચામાચીડિયું સૂર્યનું દુશ્મન નથી, તે તેના (આંધળાપણાના) પડદાનું પોતેજ દુશ્મન છે.

૭૯૨. સૂર્યનો ચળકાટ તેને મારી નાખે છે, સૂર્ય તેનાથી ત્રાસ કેવી રીતે ભોગવે ?

૭૯૩. દુશ્મન તો તે છે કે જેનાથી તોફાન આગળ વધે (તે કે જે) જવાહીરને સૂર્યના (કિરણથી) સંતાડે.

૭૯૪. બધા નાસ્તિકો પયગમ્બરોના (રૂહાની) જવાહીરોના કિરણોથી પોતાને સંતાડે છે.

૭૯૫. (અવિશ્વાસુ) લોકો કેવી રીતે તે અમીરોના અમીરની આંખો પર પડદો રાખે ? લોકોજ આંધળા બન્યા છે અને તેઓએ પોતાની આંખોને જ મરડી છે

૭૯૬. (તેઓ) હિંદી ગુલામ જેવા છે કે જેઓએ અદેખાઈ ઊચકી છે અને માલિક તરફ પ્રેમ ખાતર પોતે પોતાને મારી નાખે છે.

૭૯૭. એવી આશામાં તે ઘરના છાપરા પરથી માથાભર પડ્યો છે કે તેણે તેના ધણીને કાંઈ નુકશાન પહોંચાડ્યું છે.

૭૯૮. જો મંદો માણસ વૈદનો દુશ્મન બને અથવા જો છોકરો તેના શિક્ષક તરફ દુશ્નાવટ બતાવે.

૭૯૯. ખરેખરતો તેઓ પોતાનાજ લૂંટારા છે. તેઓ પોતાનાજ દિલ અને આત્માને રસ્તામાં લુંટવા ટાંપી રહેલ છે.

૮૦૦. જો સંપૂર્ણ સૂર્ય તરફ કાંઈ ગુનાહ કરે. જો મચ્છી પાણી તરફ કાંઈ ગુન્હાહિત કાર્ય કરે.

૮૦૧. થોડી વાર માટે વિચાર કરે કે તે ( ગુસ્સો ) કોને નુકશાન કરે છે. અને કેનો ગ્રહ અંતમાં ઘરણ પામશે ?

૮૦૨. જો ખુદા તમને કદ્રુપા ચહેરાનો બનાવે. (તો) સંભાળ રાખ કે ( રખેનેતું ) કદ્રૂપો ચહેરો અને કદ્રૂપા સ્વભાવનો બને.

૮૦૩. અને જો તમારા જોડા કપાઈ ગએલા છે તો પથરાળ જમીન તરફ જતો નહિ. જો તમારે બે મેખ છે તો ચાર મેખવાળા બનતા નહિ.

૮૦૪. તમો હસદ કરનારા છો. કહો છો, હું ફલાણાથી હલકો છું. તે (તેના મોટા મર્તબાથી) મારા કિસ્મતમાં મારી હલકાઈનો વધારો કરે છે.

૮૦૫. (પણ) ખરેખરતો અદેખાઈ એ બીજી ભૂલ અને ખામી છે, નહિ, તે બધી હલકાઈ કરતાં પણ વધુ ખરાબ છે.

૮૦૬. પેલા સેતાને પોતાના નીચા દરજ્જા માટેની શરમ અને અપમાન થકી પોતાને હજારો સેતાનિયતમાં ફેંક્યો.

૮૦૭. અદેખાઈ થકી તેણે પોતાને સર્વોત્તમ થવાનું ઈચ્છયું ટોચ પર, ખરેખર, નહિ. (તેણે) ખૂન વહાવનાર બનવાનું (ઈચ્છયું)

પયગાંબર ના (રૂહાની) જવાહીરોના કિરણોથી નાસ્તિકો પોતાને સંતાડે છે.

૮૦૮. અબુ જહલ હ. મહમ્મદ (હ. સ. અ.)થી શરમમાં મુકાબલો અને અદેખાઈ અંગે તેણે (અબુજહલ) પોતાને ઊંચો ચડાવતો હતો.

૮૦૯. તેનું નામ અબુ. અલ હકમ હતું અને તે અબુ જહલ બન્યો. અરે કેટલાય લાયક અદેખાઈ અંગે નાલાયક બન્યા.

૮૧૦. મેં તપાસ અને શોધની દુનિયામાં સારી રચનાથી વધુ કીમતી કોઈ વસ્તુ જોઈ નથી.

૮૧૧. ખુદાએ પયગમ્બરોને મધ્યમ બનવ્યા (તેની અને ખલ્કત વચ્ચે) એટલા માટે કે ઉશ્કેરાટમાં અદેખાઈની લાગણી જાહેર થાય.

૮૧૨. એટલું ખરું કે કોઇ ખુદાને અંગે બદનામી થયો નથી. કોઈપણ ખુદાનો અદેખો ન હતો.

૮૧૩. (પણ) માણસ કે ને તેણે જોયો તેને પોતાના જેવો જોયો. અને તેટલા કારણથી જ તે તેની અદેખાઈ કરે છે.

૮૧૪. (હવે) જ્યારે હ. પયગમ્બર સાહેબની ભવ્યતા સ્થાપિત થઈ છે ત્યારે કોઈ અદેખાઈ કરતું નથી કારણ કે તેઓ (ઈમાનદારોથી) સ્વીકારાએલો છે.

૮૧૫. તેટલા માટે હર જમાનામાં (હ. મુહમ્મદ પછી) રૂહાની પેશ્વા જાહેર થાય છે, (આમ) લોકોની અજમાયશ કયામત સુધી ચાલુ રહેશે.

૮૧૬. જેઓના આમાલ સારા હશે તેઓ બચી જશે. જેઓનાં દિલ નબળાં હશે તેઓ નાશ પામશે.

૮૧૭. મર્દે ખુદા તે જ અકલેકુલ છે. અર્શ અને કુરસી તેનાથી જુદા નથી.

૮૧૮. તે 'મહદી' છે. અને હાદી (રસ્તો બતાવનાર) છે. ઓ સત્ય રસ્તાના શોધક, તે (તારાથી) છૂપો અને તારા ચહેરાની સામે બેઠેલો બન્ને છે.

૮૧૯. તે (હ. મુહમ્મદ) નું નૂર છે, અને (સર્વમય) સમજ તેનો જીબ્રાઈલ છે. તેનાથી ઓછી (શક્તિ) ધરાવનાર 'વલી' નો તે દીપક છે

૮૨૦. આ બત્તી કરતાં ઓછી (શક્તિ) ધરાવનાર તે આપણી બત્તી છે. આ રોશનીના પણ દરજ્જા છે.

૮૨૧. કારણ કે "નૂરે હક" સાતસો પડદા છે, નૂરના પડદાને છેલ્લા તબક સમજ.

૮૨૨. દરેક પડદાની પાછળ ચોક્કસ દરજ્જાના (મોમીનોનું) રહેઠાણ હોય છે, આ તેઓના પડદા (ઉપર ચડતાં ચડતાં) દરજ્જા પર દરજ્જા ચડતાં ઈમામની (હજૂર) સુધી પહોંચે છે.

૮૨૩. જેઓ પોતાની અંગે સૌથી નીચા દરજ્જા (પર છે) તેઓ પોતાની આંખો આગળ આ નૂર જોઈ શકતા નથી.

૮૨૪. અને પહેલી હારવાળા નજરની નબળાઈ અંગે રોશનીમાં વધુ આગળ વધેલાને મદદ કરી શકતા નથી.

(પયગંબરની કોઈ) અદેખાઈ × કરતું દરેક જમાનામાં
અદેખાઈ - પોતાને જોયો - પોતાના જેવો જોયો
સર્વમય(સમજ) જિબ્રાઈલ છે.
પડદા 700 - નૂરેહક - નૂરના પડદાને છેલ્લા તબક સમજ
દરેક પડદા પાછળ - મોમીન રહે છે - ... છેવટે પહોંચે ઈમામ હજૂર

૮૨૫. રોશની કે જે સૌથી ઊંચા દરજ્જાની જિંદગી છે તે ત્રાંસુ જોનાર માટે દુઃખદાયક છે.

૮૨૬. પરંતુ તે ત્રાંસાપણું આસ્તે આસ્તે ઓછું થતું જાય છે અને જ્યારે તે આ સાતસો પડદા તે પસાર કરી જાય છે. ત્યારે તે (પોતે) સમુદ્રમાં (સમાઈ જાય છે)

૮૨૭. અગ્નિ કે જે લોઢા અને સોનાને ફાયદો કરે છે તે તાજાં સફરજન યાને એપલને શું ફાયદો કરે?

૮૨૮. એપલ યાને સફરજનમાં થોડી ખરાશ છે તેઓને થોડી ગરમી જોઈએ છે લોઢા જેવી નહિ.

૮૨૯. પણ પેલા ભડકાઓ લોઢા માટે (ઘણાજ) નરમ છે. કારણકે તે (ભયંકર) અજગરની ગરમીને (આતુરતાપૂર્વક) પોતા તરફ ખેંચે છે.

૮૩૦, પેલું લોઢું છે તે દરવીશ છે કે જે (દુનિયાની) સખ્તાઈઓ સહન કરે છે તે અગ્નિ અને હથોડાની વચ્ચે રાતો અને સુખી છે.

૮૩૧. તે અગ્નિ અને તેને અટકાવનાર અધિકારી છે. તે કાંઈપણ સંબંધ વગર (પણ) તેની વચ્ચે જાય છે.

૮૩૨. વચ્ચે કાંઈ ઢાંકણ પાણી અને પાણીનાં બચ્ચાં (પાણીથી બનેલી વનસ્પતિઓ) વગર અગ્નિ પાસેથી જવાબ કે રાંધેલું મેળવી શકાય નહિ.

૮૩૩. (બન્ને વચ્ચે) મધ્યમ ઘડો અથવા કઢાઈ છે. જેમ ચાલવા વખતે પગમાં (મધ્યમ) તરીકે બૂટ છે.

૮૩૪. અથવા તો અવકાશની વચમાં, કે જેથી હવા બાળતી અગ્નિની (જેવી ગરમ થતાં) (અગ્નિ) ને પાણીમાં ફેરવે છે.

૮૩૫. (ખરે) દરવીશ તે છે કે જેને (વચ્ચે) માધ્યમ નથી. તેના અસ્તિત્વની સાથે તેના કિરણોને સીધો સબંધ છે.

૮૩૬. તેથી તે દુનિયાનું દિલ છે કારણકે આ દિલ થકીજ તેનું શરીર યોગ્ય કાર્ય કરવાને લાયકાત મેળવે છે.

૮૩૭. જો ત્યાં દિલ ન હોય તો કાયા વાતચીત અને વાણી કેમ ઉચ્ચારી શકે? જો દિલ ન શોધે તો કાયા કેમ શોધે અને તપાસ કરે?

૮૩૮. તેથી (દૈવી) કિરણોનો તખ્તો પેલું લોઢું છે. તેથી દિલ એ ખુદાનું તખ્ત છે, નહિ કે કાયા.

૮૩૯. (સંપૂર્ણ સંત) કે જે અસલ મૂળ છે. તેવા માણસના દિલ સાથે આવા (દરવેશો)નાં દિલ કાયાની માફક સબંધ ધરાવે છે.

૮૪૦. આ દલીલ (ની સાબિતીમાં) ઘણી સમજણ અને ખુલાસાઓ જોઈએ પણ મને બીક લાગે છે, કે ગીધનો મત લથડી પડશે



રોશની - સૌથી ઊંચા દરજ્જાની જીંદગી
દરવેશ - નો માધ્યમ નથી

૮૪૧. રખેને મારી ભલાઈ (ની વાત) તેઓ માટે નુકશાન કર્તા બને આ કે જે હું બોલ્યો. (પ્રેમના નશામાં ભાન ગુમાવીને બોલ્યા સિવાય બીજું કંઈ નથી.

૮૪૨. વાંકા પગ માટે વાંકા બૂટની જરૂર છે ભિખારીની સત્તા માત્ર દરવાજા સુધીજ પહોંચે છે.

## બાદશાહની તુરતમાં ખરીદેલા બે ગુલામોની કસોટી કરી તે વિશે

૮૪૩. એક બાદશાહે બે ગુલામો સસ્તામાં ખરીદયા. અને બેમાંથી એક સાથે વાતચીત કરી.

૮૪૪. તેને તે ખૂબજ સમજ શક્તિવાળો અને સુંદર જવાબો આપનાર માલમ પડયો. ખાંડના હોઠમાથી શું બહાર આવશે? સકારનું પાણી.

૮૪૫. માણસ તેની જીભની અંદર સંતાયેલો છે. આ જીભ આત્માનના દરવાજા પરનો પડદો છે.

૮૪૬. જ્યારે પવનનો ઝપાટો પડદા પર અથડાશે ત્યારે ઘરની અંદરનો ભેદ આપણને નજરે પડશે.

૮૪૭. (અને આપણે જોશું કે) પેલા ઘરમાં મોતી છે કે ઘઉંના (દાણા) સોનાનોં ખજાનો છે કે બધા સર્પો અને વીંછી છે.

૮૪૮. અથવા તો એક ખજાનો ત્યાં છે, અને તેની બાજુમાં અજગર. એટલા માટે કે સોનાનો ખજાનો તેની ચોકી કરનાર વગર હોય નહિ.

૮૪૯. તે (ગુલામ) પૂર્વવિચારણા વગર એવી ડાહી રીતે બોલતા કે (તેની જગ્યાએ) બીજા પાંચસો પૂર્વવિચારણા બાદ (જવાબ આપી શકે)

૮૫૦. તમોએ એમજ કહ્યું હોતકે તેના અંદરના ભાગમાં સમુદ્ર હોવો જોઈએ અને તે સમુદ્ર ભાષણની છટાના મોતીઓથી ભરેલો હોવો જોઈએ.

૮૫૧. અને દરેક મોતી ઓમાંથી નીકળતો પ્રકાશ જૂઠ અને સત્ય શોધી કાઢતું ધોરણ બની જતો.

૮૫૨. (તેથી) પેલા ધોરણનો પ્રકાશ આપણા માટે સત્ય અને જૂઠ પારખે છે અને રજેરજ (એકબીજાને) જુદા પાડે છે.

૮૫૩. (ખુદાઈ) મોતીનું 'નૂર' આપણી આંખનો પ્રકાશ બનશે. સવાલ અને જવાબ બન્ને આપણામાંથી (મળશે)

૮૫૪. તમે તમારી આંખત્રાંસી બનાવી છે. અને ચંદ્રમાના બે ગોળા જુઓ છો. આ મૂંઝવણમાં તાકી રહેવું એ સવાલ છે.

૮૫૫. તારી આંખો ચંદ્રમાના પ્રકાશ ઉપર સીધી રાખ કે જેથી તું એકજ ચંદ્રમા જોઈ શકે. જો (આ) તેના જવાબ છે.

માણસ - તેની જીભની અંદર સંતાયેલો છે.
સોનાના ખજાનાની બાજુમાં - અજગર
સોની કરનાર પેરા

૮૫૬. તમારા વિચારોને કહોકે દ્વિતભાવે ન જુએ અને (સાચી રીતે) જુએ. પેલો વિચાર એ મોતીનું કિરણ છે.

૮૫૭. કાન થકી જ્યારે અંતઃકરણમાં જવાબ આપે છે, ત્યારે આંખ કહે છેઃ સાંભળ તે મારામાંથી છે. ભલે (કાનનો જવાબ) જુદો રહે !

૮૫૮. કાન એ બન્ને વચ્ચેનો પુલ છે, જ્યારે આંખ મિલન ધરાવે છે. (પ્યારાના દીદારનું) આંખને (હકીકતનો) સીધો અનુભવ છે. જ્યારે કાનને (સંભળાય છે)

૮૫૯. કાનના સાંભળવામાં ગુણનું રૂપાંતર છે. જ્યારે આંખના જોવામાં સત્યનું રૂપાંતર છે.

૮૬૦. જો તારું આગનું જ્ઞાન (પાત્ર) શબ્દ પૂરતું ચોકસાઈ તરફ પાછું ફરે, તો પાકેલાં તરફ જો, (બીજાના જ્ઞાનથી મેળવેલી) ખાત્રી તરફ બંધાઈ ન જા.

૮૬૧. જ્યાં સુધી તું બળે નહિ ત્યાં સુધી ત્યાં ખરેખર ખાત્રી નથી. જો તારી ઈચ્છા ખાત્રી કરવાની હોય તો અગ્નિમાં બેસી જા.

૮૬૨. જ્યારે કાન આરપાર જાય છે ત્યારે તે આંખ બને છે, નહિતર (ખુદાનો) શબ્દ કાનમાં ગૂંચવણ ભરલો બને છે, (દિલ સુધી નથી પહોંચતો)

૮૬૩. આ વાતચીતનો છેડો નથી. પાછો ફર કે જેથી (આપણે જોઈએ કે) રાજાએ તેના પેલા ગુલામોનું શું કર્યું.

## રાજાનું બન્ને ગુલામાંથી એકને બહાર મોકલવું અને બીજા સાથે સવાલ જવાબ કરવા વિષે

૮૬૪. જ્યારે તેણે જોયું કે પેલો નાનો ગુલામ ખૂબ જ સમજશક્તિ ધરાવનાર છે ત્યારે તેણે બીજાને (પાસે) આવવા ઈશારો કર્યો.

૮૬૫. (જો) છેને માયાળુ શબ્દોથી બોલ્યો, તો તેને તે ઉતારી પાડવા માટે નહિ, જો (કોઈ) દાદો એમ કહે, મારા બચ્ચા, તો તે ધિક્કાર અંગે નહિ,

૮૬૬. જ્યારે બીજો (ગુલામ) રાજાની આગળ આવ્યો. ત્યારે (તેણે જોયું કે) દુર્ગંધ મારતું મોં એને કાળા દાંત છે.

૮૬૭. જો કે બાદશાહ તેની વાતચીતથી નારાજ થયો પણ છતાં તેના અંતરના વિચારોની તપાસ કરવાનું નક્કી કર્યું.

૮૬૮. તેણે કહ્યું, "આવો દેખાવ અને આ બદબો મારતું મોં હોઈ તું જરા દૂર બેસ પણ બહુ દૂર જતો નહિ.

૮૬૯. કારણ કે અત્યાર સુધી (તું મારા કામકાજમાં) કાગળો યાદીઓ લખનાર હતો, તું મિત્ર, સાથી કે દોસ્ત ન હતો.

૮૭૦. કે જેથી અમો તમારા મોંનો ઇલાજ કરાવીએ, તમો (હવે) વ્હાલા (દર્દી) છો અને અમે હોંશિયાર વૈદ છીએ.

પેલો વિચાર - એ મોતીનું કિરણ છે.

૮૭૧. એક જૂ ખાતર નવો ધાબળો બાળી નાખવો ઠીક નહિ તારા તરફ આંખ મીંચામણું. નહિ થાય,

૮૭૨. (આ) બધાં ખાતર (હવે) તું નીચે બેસ અને થોડો વાર્તાલાપ કર કે જેથી તારા દિલની હાલત હું જાણી શકું

૮૭૩. પછી તેણે પેલા બુદ્ધિ માનવે બહાર મોકલ્યો, એમ કહીને કે હમામમાં જઈ તારાં શરીરને ચોળી નાહી આવ.

૮૭૪. એને આ બીજાને કહ્યું, ભલા માણુસ, તું હોંશિયાર છોકરો છે, હકીકતમાં તું એક ગુલામમાં સો ગુલામ છે.

૮૭૫. તારા સાથી ગુલામે તને જાહેર કર્યો તેવો ગુલામ તું નથી. પેલા અદેખાએ મને તારા તરફ ઠંડો બનાવ્યો છે (દુર્ગુણો જાહેર કરીને)

૮૭૬. (કારણ કે) તેણે કહ્યું, તું ચોર અને અપ્રમાણિક છો અને ખરાબ ચાલનો, દુર્ગુણી વિગેરે વિગેરે,

૮૭૭. પેલા ગુલામે કહ્યું, "તે (સાથી ગુલામ) હમેશાં સાચો રહ્યો છે, તેના જેવો સાચો મેં કોઈ જોયો નથી.

૮૭૮. તેની સચ્ચાઈ તેની ખાસિયતમાં જન્મી છે, તે જે પણ કહે, ને જૂઠાણું છે એમ હું કહેતો નથી.

૮૭૯. તે ભલા દિલવાળાને હું બૂરો જોતો નથી. હું મારા પોતામાં કદાચ અવિશ્વાસ કરું.

૮૮૦. ઓ બાદશાહ, તે તે મારામાં જે ભૂલો જુએ છે તે કદાચ હું જોઈ શકતો ન પણ હોઉં.

૮૮૧. (બીજાની ભૂલો જોવા) પહેલાં જોએ, તો તે પોતાની ભૂલ જુએ, તો એ પોતાની ભૂલો સુધારવાથી દૂર કેમ રહે?

૮૮૨. આ (દુનિયાના) લોકો પોતાના તરફ ધ્યાન આપતા નથી. ઓ પિતા, પરિણામે તેઓ એક બીજાને નીંદે છે,

૮૮૩. ઓ મૂર્તિપૂજક, (જો) હું મારો ચહેરો ચહેરો (હકીક્ત) જોઉં નહિ, (તો) હું તારો ચહેરો જોઉં અને તું મારો જુએ.

૮૮૪. તે કે જે પોતાનો ચહેરો (હકીકતમાં) જુએ છે, તો તેનો પ્રકાશ (ખુદાના) બનાવેલી હસ્તીઓના પ્રકાશથી વધુ છે,

૮૮૫ જો તે મરી પણ જાય, તેની દૃષ્ટિ નિરંતર રહેનાર છે, કારણ કે તેની દૃષ્ટિ એ પેદા કરવાની દૃષ્ટિ છે.

૮૮૬. પેલો પ્રકાશ કે જેના વડે તે સમજપૂર્વક પોતાનો ચહેરો જુએ છે, તો તેની આગળ સમજણ પ્રકાશ નથી,

પોતાની ભૂલ જુએ બીજાની ભૂલ જોવા [illegible]

૮૮૭. રાજાએ કહ્યું, હવે જેમ તારા (સાથી ગુલામે) તારી ભૂલો કહી તેમ તું તેની ભૂલો કહે,

૮૮૮. કે જેથી હું જાણું કે તું મારા માટે આતુર છે કે નહિ, અને મારા ઘરની સંભાળ તેમજ મારા મિલ્કત અરે કામકાજ (અંગે લાયક કે નહિ).

૮૮૯. તેણે જવાબ આપ્યો, "ઓ બાદશાહ, હું તેની ભૂલો જણાવીશ જો કે તે મારો આનંદદાયક સાથી હો.

૮૯૦. તેની ભૂલો, હેત, ઇમાનદારી અને માનવતા છે, તેની ભૂલોમાં ઈમાનદારી, અકલમંદી સાચા દિલની સાથીદારી છે.

૮૯૧. તેની સૌથી મોટી ભૂલ, ઉદારતા અને સખાવત છે. પોતાની જિંદગી (પણ) આપી દે તેવી ઉદારતા છે.

૮૯૨. તેની સૌથી નાની ભૂલ, ઉદારતા અને સખાવત છે. પોતાની જિંદગી આપનારના બદલામાં) હજારો જિંદગીઓ પેદા કરી છે, ઉદારતા (કોઈએ ન જોઈ હોય) તેવી ઉદારતા તેનામાં છે.

૮૯૩. અને જો તેણે તેમને જોઈ હોય, તે તેથી જિંદગીની કેમ અદેખાઈ કરી ? એક જિંદગી ખાતર તે શા માટે આટલો બધો દિલગીર થાય ?

૮૯૪. નદીના કિનારે, તેનાથી પાણી (માત્ર) અદેખાઈ કરે છે, જે ઝરાના પાણીથી અજાણ છે,

૮૯૫. હ. પયગઅર સાહેબે કહ્યું છે, કયામતના દિવસે જે કોઇએ પોતાનું વળતર ચોક્કસ રીતે જોયું,

૮૯૬. કે તેનું વળતર એકના બદલે દશગણું હશે. દરેક પળે જુદી જુદી ઉદારતા તેનાથી બહાર આવતી હશે.

૮૯૭. બધી ઉદારતા તેનાથી એ વળતરના જોવામાંથી છે, તેટલા માટે વળતર જોવાનો વિરોધ બીકને લીધે છે.

૮૯૮. કંજૂસાઈપણું વળતર ન જોવાનું પ્રતીક છે. મોતી મેળવવાની ભાવિ આશાથી ડૂબકી મારનાર ખુશ હોય છે.

૮૯૯. જેથી દુનિયામાં કોઈ કંજૂસ નથી. કે બદલામાં શું મેળવે છે. તે (જોયા વગર) કોઇ જોખમ ખેડતા નથી.

૯૦૦. ત્યારે ઉદારતા આંખમાંથી આવે છે, નહિ કે હાથમાંથી, તે પેલી બાબતો જુએ છે, માત્ર જોનાર જ બચી જશે.

૯૦૧. (તેની) બીજી ભૂલ એ કે જે પોતાની બડાઈ હાંકનાર નથી. તે તેની પોતાની હસ્તીમાંથી ભૂલ કાઢવા તત્પર હોય છે.



[illegible]
મોતી માટે- ડૂબકીમારનાર ખુશ.

૯૦૨. તે તેઓમાંનો છે કે જે પોતામાં ભૂલ શોધે છે અને પોતાનો જ વાંક કાઢે છે. તે (હંમેશા) બીજા તરફ માયાળુ હોય છે અને પોતા તરફ ક્રૂર (હોય છે)

૯૦૩. બાદશાહે કહ્યું, તારા દોસ્તના વખાણ કરવાની આટલી બધી તત્પરતા બતાવ નહિ. તેના વખાણ કરવાના બહાના હેઠળ તારાં વખાણ ન કર.

૯૦૪. કારણ કે હું તેની કસોટી કરીશ. પરિણામે તારા પર શરમ આવી પડશે (જૂઠું બોલવા અંગે)

### ગુલામના, પોતાના પવિત્ર વિચારોને લીધે પોતાના દોસ્ત તરફની સત્યતા અને વફાદારીના સોગંદ ખાવા વિષે

૯૦૫. તેણે કહ્યું, નહિ, ખુદાના કસમ અને તે મહાન ખુદા કે જે દયાળુ અને કૃપાળુ અને ખુદાના બાદશાહીનો માલિક છે.

૯૦૬. ખુદા કે જેણે પયગમ્બરો મોકલ્યા, નહિકે તેને તેઓની જરૂરત હતી તે માટે, પણ દયા અને રહેમતના પ્રતાપે.

૯૦૭. માલિક કે જેણે આ નીચી દુનીયા ઉપર કીર્તિવંતા બાદશાહી સ્વારો પેદા કર્યા.

૯૦૮. અને દુનિયાની વસ્તુઓની પ્રકૃતિમાંથી તેઓને પવિત્ર બનાવ્યા અને સ્વર્ગોથી પણ ઉપર જવાના તેઓને લાયક બનાવ્યા.

૯૦૯. (તેણેજ) અગ્નિમાંથી છોડાવ્યા અને પવિત્ર "નૂર" સાથે મેળવ્યા અને બીજા બધા પ્રકાશ ખુલ્લા કર્યા.

૯૧૦. પ્રકાશની દિવ્યતા તે આત્માઓ ઉપર પ્રકાશિત દેખાઈ. તેજ પ્રકાશ થકી હ. આદમને ખુદાઈ જ્ઞાનની નવાજિશ થઈ.

૯૧૧. હ. શીશના હાથે જે હ. આદમમાં ઉત્પન્ન થએલ તે મેળવ્યું, તેથી હ. આદમે જ્યારે તે (નૂર) તેનામાં જોયું ત્યારે તેને પોતાનો ગાદીવારસ બનાવ્યો.

૯૧૨. ત્યારથી હ. નુહે આ જવાહીરનો આનંદ અનુભવ્યો. તેણે (ખુદાઈ ડહાપણનાં) મોતી આત્માના દરિયાની હવામાં વરસાવ્યાં

૯૧૩. પેલા શક્તિશાળી પ્રકાશમાંથી હ. ઈબ્રાહીમનો આત્મા અગ્નિની જ્વાળાઓમાં બીક વગર દાખલ થયો.

૯૧૪. જ્યારે હ. ઇસમાઈલે તે ઝરામાં ડૂબકી મારી તેણે (હ. ઈબ્રાહીમના) ચળકતા છૂરા આગળ મસ્તક નમાવ્યું.

૯૧૫. હ. દાઉદનો આત્મા તેના કિરણોથી ગરમ થયો હતો. લોઢું તેની હાથકારીગરીમાં નરમ બન્યું.

૯૧૬. જ્યારે હ. સુલેમાન તેના મેળાપનું (દૂધ) ધાવ્યો. ત્યારે સેતાન, તેના હુકમ અને આજ્ઞાના ગુલામ બન્યા.

૯૧૭. જ્યારે હ. યાકુબે (દૈવી) ભાવિને પોતાનું મસ્તક નમાવ્યું, તે (પ્રકાશે) તેની આંખ (ખોવાએલા) પુત્રની સુગંધથી પ્રકાશિત કરી.

૯૧૮. જ્યારે ચંદ્રમા સરખા ચહેરાવાળા હ. યુસુફે તે સૂર્યને જોયો. તે એવો બહોળી જાગૃતિ (જ્ઞાનવાન) સ્વપ્નાની તાસીર જાણનાર બન્યો.

૯૧૯. જ્યારે દોરડાએ હ. મૂસાના હાથનું પાણી પીધું. (તેના પ્રકાશની અસર થઈ) તેણે ફીરઓનના સામ્રાજ્યનો એકજ કોળિયે નાશ કર્યો.

૯૨૦. જ્યારે મેરીના ફરજંદ હ. ઈસાને તેની સીડી મલી ગઈ ત્યારે તે ચોથા આસમાને સૌથી ઊંચે આસને બિરાજ્યો.

૯૨૧. જ્યારે હ. મુહમ્મદ (ર સ.અ)એ તે બાદશાહી અને પરમ સુખ મેળવ્યું, ત્યારે તેણે એક પળમાં ચંદ્રમાના ગોળાના બે કટકા કર્યા.

૯૨૨. જ્યારે હ. અબુબકર (ખુદાની) પસંદગીના દૃષ્ટાંતની નિશાની બન્યા. ત્યારે તેઓ આવા બાદશાહના સાથી અને સાચાનું (બિરુદ પામ્યા).

૯૨૩. જ્યારે હ. ઉમર તે વહાલા સાથે બેધ્યાન બન્યા. તેઓ "ફારૂક" દિલની માફક સત્ય અને જૂઠ વચ્ચેનો ભેદ સમજદાર બન્યા.

૯૨૪. જ્યારે હ. ઓસમાન તે ચોકખા સત્વના ઝરા બન્યા, ત્યારે તેઓ પ્રકાશ પાસ્તા ધુલનુરીન બન્યા.

૯૨૫. જ્યારે હ. મૌલા મુર્તુઝાઅલી તેનો ચહેરો બન્યા તેઓએ (રૂહાની સત્યનાં) મોતી વેરવાં શરૂ કર્યાં તેઓ આત્માના ચરાણમાં ખુદાના સિંહ બન્યા.

૯૨૬. જ્યારે જુનાયદને તેના સૈન્યનો ટેકો મળ્યો. ત્યારે તેનો "મકામાત" અગણીત થયો.

૯૨૭. બાયઝીદે અપાર રેલમ છેલમાં રસ્તો જોયો અને ખુદા પાસેથી "નામ" સાંભળ્યું, "આરીફોનો સ્તંભ" (તેને ખુદાએ લકબ આપ્યો).

૯૨૮. જ્યારે કર્ખી તેના શહેરનો ચોકીદાર બન્યો. તે (દૈવી) ઈશ્કનો વારસ અને (રૂહાની) શ્વાસનો પ્રેરક બન્યો.

૯૨૯. અદહમનો પુત્ર પોતાનો ઘોડો આનંદ સહિત તે તરફ દોરી ગયો, અને ન્યાયનો સૌથી મહાન બહાન બાદશાહ બન્યો.

૯૩૦. અને પેલો (પ્રખ્યાત) શકીક તે પવિત્ર રસ્તે ફરતાં પૂર્ણ દૃષ્ટિ અને ન્યાયનો સૂર્ય બન્યો.

૯૩૧. લાખો છૂપા (રૂહાની) રાજાઓ આ દુનિયાની પેલી પારની (દુનિયામાં) પોતના માથાં ઉંચકે છે.

૯૩૨. કારણકે ખુદાની અદેખાઈ અંગે તેઓનાં નામ છૂપાં રહેલાં છે. દરેક ભિખારી તેઓનાં નામો ઉચ્ચારતો નથી.

૯૩૩. તે "નૂર"ની સત્યતા અને પેલાઓ કે જેઓ પ્રકાશિત બન્યા તેની સત્યતા કે જેઓ પેલા દરિયાની મચ્છી છે.

૯૩૪. હું જો તેને આત્માનો સમુદ્ર કહું તો તે યોગ્ય નથી અથવા સમુદ્રનો આત્મા કહું ? હું તેને માટે નવું નામ શોધું છું.

૯૩૫. આ અને પેલું કે જેમાંથી પેલું સત્ય (ઊતર્યું છે). અને જેના સંબંધને પ્રતાપે (બધાં) સત્વો છીલટાં છે.

૯૩૬. (હું કસમ ખાઉં છું કે) તે મારા સાથી દાસોના તથા દોસ્તોના ભલા ગુણો મારા વર્ણન કરતાં સો ગણા વધુ હોય !

૯૩૭. (મારા) સાથીદારોની રૂહાની બક્ષિશો કે જે હું જાણું છું તે તમે માની શકશો નહિ (તો પછી) એ ભલા (રાજા) હું શું બોલું ?

૯૩૮. બાદશાહે કહ્યું, હવે તું તારી પોતાની હકીકત કહે, કયાં સુધી તું આ કે પેલાને લગતું બોલ્યા કરીશ ?

૯૩૯. તું શું ધરાવે છે અને તેં શું મેળવ્યું છે ? સમુદ્રના તળિયેથી કયાં મોતી તે આણ્યાં છે ?

૯૪૦. મૃત્યુદિને તમારી ઇંદ્રિયની સમજ અદૃશ્ય થશે, શું તમે રૂહાનિયત પ્રકાશ મેળવ્યો છે કે જે તમારા દિલનો સાથી બને ?

૯૪૧. જ્યાર કબરમાં આ આંખો ધૂળથી ભરેલી હશે ત્યારે તને કબરમાં તે કે જે પ્રકાશ આપવો (તે) (આંખો) મેળવી છે ?

૯૪૨. તે વખતે કે જ્યારે તમારા હાથ અને પગના ટુકડા થઈ ગયા હશે. ત્યારે તમોને પાંખો અને પીંછા હશે કે જેનાથી તમારો આત્મા ઉપર ઊડી શકે ?

૯૪૩. તે વખતે કે જ્યારે આ જનાવરી જીવ વધુ વખત નહિ હોય, ત્યારે તેની જગ્યા અનંતકાળ સુધી ટકનાર આત્મા માટેની લાયકાત મેળવી છે ?

૯૪૪. "તે કે જે ભલાઈ સાથે આપે છે" તે શરત ભલાં કાર્યો કરવામાં જ સમાએલી નથી પણ તે ભલાં કૃત્યો ખુદાની હજૂરમાં લાવવામાં રહેલી છે.

૯૪૫. તારી પાસે માણસાઇ કે જાનવરી સત્વ તે (તે ખુદા સંરક્ષે રજૂ કરે) આ સત્વો કે જે નાશ પામ્યા તે તું તેની (ખુદાની) પાસે કેમ લાવીશ ?

૯૪૬. આ નમાઝ અને રોજાનાં કર્તવ્યો, કે જે બે પળો માટે પણ સહન કરી શકતો નથી તે તેની અવગણના છે.

૯૪૭. તે કર્તવ્યોને (બીજી હાલતમાં) લઈ જવાં અશક્ય છે પરંતુ તેઓ વાસ્તવિકતાની ખામીઓ કદાચ લઈ જાય.

૯૪૮. તેથી કર્તવ્ય થકી આ મતલબમાં ફેરફાર થાય છે જેમ જ્યારે ઉપવાસ થકી દર્દ હટાવવામાં આવે છે.

૯૪૯. શ્રમપૂર્વકના અપવાસ (કે જે) કર્તવ્ય છે તે હકીકત બને છે. રોજા થકી કડવું મોં મધ જેવું મીઠું બને છે.

૯૫૦. વાવવા થકી જમીન અનાજના કાનોમાં ફેરવાય જાય છે, વાળની દવા થકી વાળ સાંકળમાં ફેરવાઈ જાય છે (લાંબા અને વાંકડિયા બનાવે છે.)

૯૫૧. લગ્નસબંધનાં સંભોગ એ કર્તવ્ય છે, તે પસાર થઇ જાય છે અને તેનો સાર કે જે બચ્યું છે, તે આપણાથી પેદા થાય છે.

૯૫૨. ઘોડો કે ઊંટની જોડી સળવી એ બનાવ છે. અને તેનો હેતુ જે વછેરાનું જન્મવું છે, તે સાર છે.

૯૫૩. તેવીજ રીતે બગીચાનું રોપવું એ બનાવ છે અને બગીચો બનવો એ તેનો સાર બને છે. હેતુ જો.

૯૫૪. કીમિયો અજમાવવાને પણ બનાવ સમજ. અને જો તે કીમિયાથી પદાર્થ પેદા થાય તો તેને (દ્રષ્ટિ એ) પાઠ.

૯૫૫. ઓ શાહજાદા, ઓપવું એ બનાવ છે. આ બનાવમાંથી પદાર્થની ચોકખાઇ પેદા થાય છે.

૯૫૬. ત્યાર બાદ એમ ન કહે કે, મેં કાર્યો કર્યાં છે. પેલા બનાવોમાંથી પેદા થયેલા લાભો બનાવ. (મારી વિનતીને) નજર અંદાજ ન કરતો.

૯૫૭. આ જાતોનું ગુણદર્શન એ (માત્ર) બનાવ છે. ચૂપ રહે, બકરાના પડછાયાને કુરબાની ખાતર મારી ન નાખ.

૯૫૮. ગુલામે કહ્યું, ઓ બાદશાહ, જો તમે એમ કહોને કાર્યોને ગતિ આપવામાં આવી નહતી તો તમારું દિલ સદા નિરાશા અનુભવશે.

૯૫૯. ઓ બાદશાહ, જો કરેલું કર્તવ્ય (બદલા) સહિત પાછું નથી આવતું તોતે (ખુદાના) બંદા માટે માત્ર નિરાશા (ઉત્પન્ન) કરશે.

૯૬૦. જો કાર્યો થકી પ્રતિ કાર્યો ન થતાં હોયતો કાર્ય નકામું બને અને શબ્દો (માત્ર) લવારી હોત.

૯૬૧. આ કાર્યોને બીજા ખોટા દેખાવમાં લઈ જવામાં આવ્યાં છે. મૃત્યુ પામતી બધી ચીજની કયામત એ બીજી ઉત્પત્તિ છે.

૯૬૨. જે કાંઈ રૂપાંતર થાય છે તે તેની કુદરતી ખાસિયતને અનુકૂળ હોય છે, ટોળાંને હાંકનાર અનુકૂળ હોય છે.

૯૬૩. નવી ઉત્પત્તિ વખતે દરેન બનાવનું ખાસરૂપ હોય છે અને દરેક બનતા બનાવો (ખુદાતરફ) ફરના હોય છે.

૯૬૪. તારા પોતા તરફ જો, શું તું (પણ) એક બનાવ ન હતો? સાંધવતી હીલચાલ, હેતુ થકીનું સાંધણ!

૯૬૫. મકાનો અને હવેલીઓ તરફ જુઓ. તેઓ તેઓ શિલ્પીના (મનમાં) વાતાં માફક હતા.

૯૬૬. ફલાણું ઘર કે જે આપણને ખૂબસૂરત દેખાયું. કે જેના ખંડ, છત અને બારણા પ્રમાણસર (તૈયાર) કરેલાં હતાં.

૯૬૭. (તે કારીગરી (હતી) અને અનુમાનો શિલ્પમાંથી (બહાર પડતાં હતાં) કે જેના થકી ઓજારો અને થાંભલાઓની કારીગરી (હસ્તીમાં આવી).

૯૬૮. થોડી કલ્પના, કાર્ય અને અનુમાનોએ દરેક કારીગરીનું અસલ અને મૂળ છે.

૯૬૯. નિઃસ્વાર્થીપણે દુનિયાના બધા (જુદા જુદા) ભાગો જો. તે કાર્ય સિવાય (બીજા કશાનું) પરિણામ નથી.

૯૭૦. શરૂઆત કે જે વિચાર છે. તેનો અંત કાર્યમાં આવે છે જાણકે અનંતતાની દુનિયાનું ઘડતર આવું ડહાપણ ભરેલું હતું.

૯૭૧. ફળો શરૂઆતમાં મગજમાંના વિચારો છે. (પણ) તેઓ ખરેખરા દેખાવમાં આખરીમાં આવે છે.

૯૭૨. જ્યારે તમે કાર્ય કર્યું છે (અને) ઝાડ વાવ્યું, આખરે (જ્યારે ફળો દેખાય છે) તમે પહેલા શબ્દો વાંચો છો.

૯૭૩. જોકે તેની ડાળીઓ, પાંદડાઓ અને મૂળિયાં પહેલાં (દેખાય છે) (છતાં) પેલાં બધાંઓ ફળોની ખાતર મોકલવામાં આવ્યાં.

૯૭૪. આથી પેલો છૂપાએલો "વિચાર" કે જે પેલા (નવ) બહેસ્તોના 'ગર' હતો (કે જે) અંતમાં 'લોલાંક'નો માલિક હતો.

૯૭૫. આ ચર્ચા અને વાત પેલા બનાવોને લઈ જવાના (કારણભૂત) છે. આ સિંહ અને શિયાળ આ બનાવો લઈ જવાના (દષ્ટાંતરૂપ) છે.

૯૭૬. ખરેખર, આ પેદા થએલી હસ્તીઓ (એકવાર) હાર્યો હતો. તેથી આ અર્થમાં જ (આયાત) નાઝીલ થઇ "શું તેઓ હસ્તીમાં ન આવ્યા ?"

૯૭૭. આ કાર્યો ક્યાંથી ઉત્પન્ન થાય છે ? વિચારોમાંથી અને આ અનુમાનો ક્યાંથી જાગે છે ? વિચારોમાંથી.

૯૭૮. આ દુનિયા "અકલેકુલ"નો એક વિચાર છે. "અક્કલ એક રાજા માફક છે અને વિચારો (તેના) એલચીઓ છે.

૯૭૯. આ દુનિયા અજમાયશની દુનિયા છે, બીજી દુનિયા આ અને પેલાના વળતરની (દુનિયા) છે.

૯૮૦. ઓ બાદશાહ, જો તારો નોકર ગુન્હો કરે તો પેલો બનાવ સાંકળ અને જેલમાં (લઈ જનાર) થાય છે.

ફળ- મગજ ના વિચારો શરૂઆતમાં
-દેખાવ- આખરીમાં

૯૮૧. જ્યારે તારા ગુલામે તારી સેવા બજાવી ત્યારે (રૂહ અને નફસની) લડાઈમાં તે કાર્યથી તેને સાનના ઝખ્મો નહિ મળે ?

૯૮૨. આ કાર્યની મતલબ (જાણે કે) પક્ષી અને ઇંડુ છે. આ પેલાથી બનેલું છે અને પેલું આનાથી વારાફરતી (બનેલું છે).

૯૮૩. બાદશાહે કહ્યું, આનો અર્થ આમ (લે) (તો પછી) તારા કાર્યોએ કાંઈ પણ મતલબ કેમ પેદા ન કરી ?

૯૮૪. ગુલામે જવાબ આપ્યો, (દૈવી) ડહાપણે તને છૂપાવી રાખ્યું છે. એટલા માટે કે આ ભલાઈ અને બૂરાઈની દુનિયા ભેદ બની રહે !

૯૮૫. કારણ કે, જો વિચારનાં (નક્કર) રૂપો ખુલ્લાં જાહેર કરવામાં આવત તો નાસ્તિક અને આસ્તિક (ખુદાના) વખાણ સિવાય બીજું કાંઈ બોલત નહિ.

૯૮૬. તો પછી ઓ બાદશાહ, આ ચોકખી રીતે જોઈ શકાત અને સંતાડેલાં ન હોત તો ચહેરા પર (કયામતમાં) ઈમાન અને નાસ્તિકતાની નિશાની કેમ (દેખાત) ?

૯૮૭. તો પછી આ દુનિયામાં મૂર્તિઓ મૂર્તિપૂજક કેમ હોત ? તો પછી કોઈ ને (પવિત્ર ચીજો તરફ) મશ્કરી કરવાનું દિલ કેમ થાત ?

૯૮૮. તો પછી આપણી દુનિયા કયામત જેવી બની જાત, કયામતના દિવસે પાપ અને જૂઠ કોણ આચરશે ?

૯૮૯. બાદશાહે કહ્યું, ખુદાએ પાપના બદલા ઉપર પડદો ઢાંકયો છે, પણ તે માત્ર નીચ લોકોથી જ, નહિ કે તેના પસંદ કરાયેલાથી.

૯૯૦. જો હું એક અમીરો જાળમાં સપડાવું, તો તે હું બીજા અમીરોથી છૂપાવું પણ વજીરથી (છૂપાવું) નહિ.

૯૯૧. તો પછી ખુદાએ મને કાર્યનો બદલો અને લાખો કાર્યોનો નક્કર રૂપો બતાવ્યાં છે.

૯૯૨. (દેખીતી) નિશાની કર. (કારણ કે) હું બધું જાણું છું. વાદળાંઓ ચંદ્રમાને મારાથી છૂપાવતાં નથી

૯૯૩. ગુલામે જવાબ આપ્યો, તે પછી મારા કહેવાની મતલબ કયાં રહી ? જ્યારે તમે સઘળું જાણો છો કે ખરી હકીકત શું ?

૯૯૪. બાદશાહે કહ્યું, દેખીતી દુનિયા બનાવવાનું (ખુદાનું) કારણ એ છે કે જાણીતી (હકીક્ત) ખુલ્લી રીતે આગળ આવે.

૯૯૫. ત્યાં સુધી કે તેણે જાણ્યું તે તેણે દષ્ટિમાન કર્યું. તેણે દુનિયા પર સખત પીડાતું દુઃખ મૂકયું નથી.

૯૯૬. તમે એક પળ પણ પ્રમાદી બની બની બેસી શકો નહિ. જ્યાં સુધી ભલાઈ કે બૂરાઈ તમારામાંથી બહાર ન પડે ત્યાં સુધી (તમે આરામ કરી શકો.)

૯૯૭. આ આજીજીપૂર્વકનાં કાર્યો કરવાનો હુકમ થયો કે તમારી અંદરનું મન ખુલ્લી રીતે દેખાવમાં આવે.

૯૯૮. તો પછી જ્યારે દોરાનો છેડો કે જે મન છે તેને ખેંચતાં તે ફિરકી કે જે શરીર છે તે શાંત બને છે,

૯૯૯. ખેંચવાની નિશાનીએ તમારો બળાપો છે, પ્રમાદી બનવું એ જાણે કે તમારા માટે મૃત્યુ જેવી માનસિક પીડા છે.

૧૦૦૦. આ દુનિયા અને પેલી દુનિયા હંમેશ માટે જન્મ આપનાર છે, દરેક કારણ માતા છે, (તેમાંથી) બચ્ચાંનો જન્મ થવો એ અમલ છે.

૧૦૦૧. જ્યારે અમલનો જન્મ થયો, તે પણ કારણ બન્યું, તેથી તે પણ અજાયબ કારણોનો જન્મ આપે.

૧૦૦૨. આ કારણો પેઢી દર પેઢીનાં છે, (આ બધી સાંકળનું જોડાણ જોવા) ખૂબ જ પ્રકાશિત આંખની જરૂર છે.

૧૦૦૩. બાદશાહ તેની સાથેની વાતચીતમાં આ મુદ્દા પર આવ્યો, કે તે તેનામાં સ્પષ્ટ ન દેખાતી નિશાની જોઈ.

૧૦૦૪. જો પેલી તપાસમાં બાદશાહે (નિશાની) જોઈ કે જે વિચિત્ર નહિ હતી, પણ તે જાહેર કરવાની આપણને રજા નથી.

૧૦૦૫. જ્યારે પેલો બીજો ગુલામ નાવણમાંથી બહાર આવ્યો, ત્યારે પેલા પ્રખ્યાત રાજાએ તેને પોતાની હજૂરમાં બોલાવ્યો.

૧૦૦૬. (અને) કહ્યું, (ખુદા પાસે દુઆ કરું છું કે) તમારા સુખ અને કાયમી તંદુરસ્તી ચાલુ રહે! તું બહુ સુંદર ચાલાક અને હોંશિયાર છે.

૧૦૦૭. (પણ) અરે, અફસોસ જો ફલાણો કહે છે તે જો તારામાં ન હોત તો,

૧૦૦૮. તો જે પણ તારો ચહેરો જોત તે ખુશી થાત, તારો માત્ર દેખાવ જ આ દુનિયાની બાદશાહત જેટલો કીમતી છો

૧૦૦૯. તેણે કહ્યું, " ઓ બાદશાહ, પેલા ઢોંગીએ મારા માટે કહેલું તેની માહિતી આપો.

૧૦૧૦. બાદશાહે કહ્યું, શરૂઆતમાં તેણે કહ્યું તને બેવડા ચહેરાવાળો વર્ણવ્યો છે, કહે છે તું દેખીતી રીતે ઔષધ છો (પણ) ખાનગીમાં દર્દ છો.

૧૦૧૧. જ્યારે તેણે બાદશાહ પાસેથી તેના સાથીનો દ્વેષ સાંભળ્યો કે તું તેજ તેની અંદર ગુસ્સાનો સમુદ્ર ઊભરાઈ આવ્યો.

૧૦૧૨. પેલો ગુલામ ઉભરાઈ તેના ચહેરા પર (ગુસ્સાથી) લાલાશ આવી ગઈ કે જેથી ગાળોનાં મોજાં તેની હદ વટાવી ગયાં.

આ દુનિયા
પેલી દુનિયા } હંમેશા માટે જન્મ આપનાર
કારણ માતા – બચ્ચાંનો જન્મ
અમલ છે
અમલનો જન્મ – કારણ

૧૦૧૩. તેણે કહ્યું, પહેલીજ પળથી જ્યારે, તે મારો સંગાથી થયો ત્યારથી જ તે એક મોટો દુકાળમાં કૂતરો ખાય તેમ વિષ્ઠા ખાનાર હતો.

૧૦૧૪. જેવો તે ઘંટડીની માફક (ચાલુ) દરેક પળે કટાક્ષમય બોલી બોલતો ગયો, તેવો, બાદશાહે તેના હોઠ ઉપર હાથ મૂકી કહ્યું, "બસ"

૧૦૧૫. તેણે કહ્યું, હું (તું જે બોલ્યો તેનાથી) ઓળખી ગયો છું, તારામાં આત્મા ગંદો છે, અને તારા સાથીમાં (માત્ર) ચહેરો (બેડોળ છે)

૧૦૧૬. તેથી ઓ ગંદા આત્માવાળા મારાથી ખૂબ જ દૂર બેસે, હું તેને હુકમ કરનાર અને તને તેના તાબામાં (મૂકું છું).

૧૦૧૭. હદીસમાં કહેવાયું છે, વ્હાલાઓ જાણો, કે ઢોંગ થકી (ખુદાની) કીર્તિ હરીયાળા બાગ જેવી છે.

૧૦૧૮. તો પછી જાણો કે દેખાવનો સારો અને સુંદર (પણ અંદરમાં) હલકી ખાસિયતો હોઇતેની કિંમત એક પાઈ જેટલી પણ નથી.

૧૦૧૯ અગર જોકે રૂપ તુચ્છ અને અણગમતું હોય (છતાં) જો તે (માણસનો) સ્વભાવ સારો છે તો તેના પગમાં (ભલે) મૃત્યુ થાય.

૧૦૨૦. જાણકે જાહેરી રૂપ પસાર થઈ જનાર છે. (પણ) હકીકતની દુનિયા હંમેશ રહેનાર છે.

૧૦૨૧. ક્યાં સુધી તું બરણીના આકારના પ્રેમમાં રમીશ ? બરણીના આકારને મૂકી દે. જા. પાણી શોધ.

૧૦૨૨. તમે તેના (બહારના) રૂપને જોયું છે, તમે વાસ્તવિકતાથી અજાણ છે, જો તમે ડાહ્યા હોતો છીપમાંથી મોતી પકડી લ્યો.

૧૦૨૩. દુનિયામાં આ શારીરિક છીપો આત્માના સાગરની (દયાથી) બધી જીવતી છે,

૧૦૨૪. છતાં દરેક છીપમાં મોતી નથી. તમારી આંખો ખોલો અને દરેકના દિલમાં જુઓ.

૧૦૨૫. અને આ અને પેલામાં છે તે ખેંચી લ્યો, કારણકે તે કિંમતી મોતી ભાગ્યે જ માલમ પડે છે.

૧૦૨૬. જો તમે રૂપ તરફ જશો (ધ્યાન દેશો,) તો પર્વત બહારના દેખાવે માણેકથી સેંકડો ગણો દેખાય છે.

૧૦૨૭. વળી કદના હિસાબે તમારા હાથ, પગ અને વાળ આંખના પરિઘથી સેંકડોગણું (મોટું) છે.

૧૦૨૮. પણ આ (હકીકત) તારાથી છૂપી નથી કે તારા બધા અવયવોમાં આ બે આંખો સૌથી વહાલી છે !

૧૦૨૯. મગજમાં માત્ર એકજ વિચાર આપતાં એક પળમાં સેંકડો દુનિયાની ઉથલપાથલ થાય છે.

૧૦૩૦. જોકે બાદશાહનું શરીર રૂપમાં (માત્ર) એકજ હોય છે, (છતાં) (તેની) પાછળ લાખો સૈનિકો દોડે છે.

૧૦૩૧. ફરીવાર કીર્તિવાન બાદશાહની આકૃતિ અને રૂપ એક અદશ્ય ખ્યાલથી બાદશાહી કરે છે.

૧૦૩૨. અંત વગરના લોકો જો કે જેઓ એક વિચાર (માત્રથી) પસાર થઈ પૃથ્વી પર પ્રલયની માફક પસાર થઈ ગયા છે.

૧૦૩૩. માણસોની આંખમાં તે વિચારનારો છે, પણ પ્રલયની માફક તે ઉભરાય છે, દુનિયાને ખેંચી જાય છે.

૧૦૩૪. તેથી જ્યારે તું જોઈજ કે વિચારમાંથી દુનિયાની દરેક કળા ઉદય પામે છે અને ગુજરાન મેળવે છે.

૧૦૩૫. (પેલાં) ઘર અને મહેલો અને શહેરો, પહાડો અને મેદાનો અને નદીઓ.

૧૦૩૬. જમીન અને સાગર તેમજ સૂર્ય અને આકાશ તેમાંથી દરિયાની મચ્છીઓની માફક જીવે છે.

૧૦૩૭. તો પછી, ઓ અંધ, તારી મૂર્ખાઈપણાને અંગે કાયા સુલેમાન જેવી (મહાન) અને વિચાર એ કીડી જેવો (નાનો દેખાય છે.)

૧૦૩૮. તારી આંખે પહાડ મોટો દેખાય છે. તને વિચાર એ ઉંદર જેવો (નાનો) દેખાય દેખાય છે, અંતે પહાડ વરૂ જેવો (લાગે છે.)

૧૦૩૯. (માયીક) દુનિયા તારી આંખોમાં ભયંકર અને ભવ્ય લાગે છે. તમે વાદળાં અને આકાશની ગર્જનાથી ધ્રુજી ઊઠો છો.

૧૦૪૦. જ્યારે વિચારની દુનિયા તરફ જોઈએ, ત્યારે ઓ ગધેડાથી પણ નીચા (દરજ્જાવાળા) તમે બુદ્ધિહીન પત્થરની માફક સલામત અને જુદા (સમજો છો).

૧૦૪૧. કારણકે તું માત્ર આકાર છો અને સમજણનો ભાગ નથી તો તું ઈન્શાની ખાસિયત ધરાવતો નથી. તો તું ગધેડાનો ખોલકો છે.

૧૦૪૨. અજ્ઞાનતા અંગે તમે પડછાયાને વાસ્તવિક જુઓ છો. જ્યારે તમોને વાસ્તવિકતા રમવાની ચીજ અને નજીવી કિંમતની બની છે.

૧૦૪૩. તે દિવસની રાહ જુઓ કે જ્યારે પેલો વિચાર અને કલ્પના તેની પાંખો અને પીંછા કશા પડદા વગર ખુલ્લાં કરશે.

૧૦૪૪. તમે જોશો કે પર્વતો નરમ લાકડાં બન્યા છે (અને) આ ગરમ અને ઠંડી પૃથ્વી નહિવત બની છે.

૧૦૪૫. તમે આકાજ કે તારાઓ કે (કાંઇપણ) હસ્તી જોશો નહિ, સિવાય ખુદા. જીવંત અને પ્રેમાળ, એક માત્ર (જોઈ શકશો).

ખુદા → (૧ આકાશ, તારા
હસ્તી. જીવંત. પ્રેમાળ.

૧૦૪૬. અહીં એક વાર્તા (આ) સત્યોને સમજવા ખોટી અગર સાચી (કહું છું).

## (રાજાના) હજુરિયાની પસંદ કરાયેલા ગુલામની અદેખાઇ કરવા વિષે

૧૦૪૭. એક બાદશાહે પોતાના બધા હજુરિયા ઉપર અમુક ગુલામને પસંદ કર્યો હતો.

૧૦૪૮. તેનું વેતન ચાલીસ અમીરોના ઠરાવેલા વેતન જેટલું હતું. એકસો વજીરો તેના દસમા ભાગનું પણ જોતા (મેળવતા) ન હતા.

૧૦૪૯. તેના ઉત્તમ ગ્રહો, આબાદી અને કિસ્મતથી તે એક અયાઝ (જેવો) હતો, ત્યારે બાદશાહ તે વખતનો મહમુદ હતો.

૧૦૫૦. અસલમાં તેનો આત્મા, આ શરીર બન્યા પહેલાં બાદશાહના આત્માનો નજીકનો સગો કુટુંબી (હોવો જોઇએ.)

૧૦૫૧. (માત્ર) તે જ બાબતો શરીરથી પહેલા હસ્તી ધરાવતી હતી, આ ચીજોને (તમારી પાછળ) છોડો કે જે નવીન હસ્તીમાં આવી છે.

૧૦૫૨. તે કે જે બાબતો (ખુદાના) જાણનારની માલિકીની છે, કારણ કે તે ત્રાંસુ જોતો નથી. પહેલાં વાવેલી ચીજો પર તેની આંખ (મંડાએલી છે.)

૧૦૫૩. તે કે જે ઘઉ કે બાજરી વાવેલી હતી. રાત્રી અને દિવસ તેની આંખ (વાવેલી) પેલી જગ્યા પર તાકી રહેતી હતી.

૧૦૫૪. તેથી જે ગર્ભમાં અંદર હતું. તેના સિવાય બીજા કશાનો જન્મ રાત્રીએ આપ્યો નહિ. આ કૃતિઓ અને અનુમાનો માત્ર હવા છે, (ખાલી) હવા છે.

૧૦૫૫. તે તેનું દિલ સુંદર આકૃતિઓથી કેમ ખુશ કરશે કે જે તેના કરતાં ખુદાએ બનાવેલી ચડિયાતી આકૃતિઓ જુએ છે.

૧૦૫૬. (ખુદાએ) બિછાવેલી જાળમાં તે (પોતાની) જાળ પાથરે છે. તમારી જિંદગીથી, આ (જાળ) છટકશે નહિ, (અને) (માણસની) પણ નહિ.

૧૦૫૭. (દરમ્યાન) જો કે સો છોડ ઊગી મોટા થયા હશે, આખરે ખુદાએ વાવેલું જ ઊગશે.

૧૦૫૮. તે (લુચ્ચો માણસ) પેલા બીજ ઉપર નવા બીજ વાવશે (પણ) આ બીજું બિયારણ નાશ પામશે અને (માત્ર) પહેલું ટકી રહેશે.

૧૦૫૯. પહેલું બી સંપૂર્ણ અને પસંદગીનું છે. બીજુ બી સડેલું અને કહોવાઇ ગએલું છે.

૧૦૬૦. પ્યારા આગળથી આ તમારી યુકિત ફગાવી દયો, ભલે તમારી યુકિત ખરેખર તેની યોજના છે.

૧૦૬૧. તે કે જે ખુદાએ ઉત્પન્ન કરી (તે) ઉપયોગી છે, જે તે પહેલાં વાવ્યું તેજ ઊગવાનું છે.

[ પહેલા વાવ્યું – તેજ ઉગવાનું છે. ]

૧૦૬૨. તું જે પણ વાવ તે તેના ખાતર વાવ. ઓ પ્રેમી, (આખરે તો) તું પ્યારાના બંધનમાં છે.

૧૦૬૩. ચોરટા નફસે અમ્મારા અને તેના કામ ઉપર ભરોસો નહિ રાખતો જે પણ ખુદાઈ કાર્ય નથી તે નાશ પામશે.

૧૦૬૪. (સારાં બી વાવ) કે જે કયામતના દિવસે નજરે પડે, અને રાત્રીનો ચોર તેની આગળ શરમાય કે જેની બાદશાહી છે.

૧૦૬૫. તેની યુકિત અને કળાથી ચોરાએલો માલનો (બોજો) કયામતના દિવસે તેની ગરદન ઉપર રહેશે.

૧૦૬૬. તેની જાળ સિવાય લાખો મગજ એક સાથે કૂદી પડી જાળ બિછાવે;

૧૦૬૭. (પણ) તેઓને તેઓની જાળ (તેમના પોતા માટે દુઃખથી ભરેલી માલમ પડશે. તણખલું પવનની સામે કઈ શકિત બતાવી શકશે ?

૧૦૬૮. જો તમે કહો, (આપણા પેદા) કરવામાં શું ફાયદો હતો. (હું જવાબ આપું) ઓ ઉજળા ચહેરા વાળા, તારા સવાલમાં જ ફાયદો છે.

૧૦૬૯. જો આ તમારા સવાલમાં કાંઇ ફાયદો નથી. તો હું શા માટે નકામો ફાયદા વગર સાભળું ?

૧૦૭૦. અને જો તમારા સવાલમાં ઘણા ફાયદાઓ છે, તો પછી મહેરબાની કરી કહે, દુનિયા ફાયદા વગરની છે ?

૧૦૭૧. અને (ફરીવાર) જો એક ઉભા થએલા મુદ્દામાં દુનિયા નફા વગરની છે, તો બીજા મુદ્દાથી ફાયદાકારક છે.

૧૦૭૨. જોકે તમારો ફાયદો મારા માટે ફાયદો ન પણ હોય (છતાં) તમને ફાયદો તો છેજ, તેનાથી અલગા ન કહો.

૧૦૭૩. હ. યુસુફની ખૂબસૂરતી એ (આખી) દુનિયા (ના લોકો)ને ફાયદો પહોંચાડયો, જોકે તેના ભાઈઓને તે નકામો બિનજરૂરી વધારો હતો.

૧૦૭૪. હ. દાઉદની મધુરતા (ઇમાનદારોને) વહાલી હતી પણ (વિશ્વાસ વગરનાઓને) લાકડાના અવાજથી (વધુ કાંઈ નહતું).

૧૦૭૫. નાઈલ નદીનું પાણી જીવનના જળથી ચડિયાતું હતું પણ મના કરવાવાળા અને નાસ્તિકો માટે તે લોહી હતું.

૧૦૭૬. ઈમાનદારોને શહીદી જિંદગી છે, નાસ્તિકો માટે તે મોત અને સડો છે.

૧૦૭૭. (મને) કહે. આખી દુનિયામાં એક માત્ર આશીર્વાદ કયો છે કે જેમાંથી લોકોના અમુક સમૂહને બાકાત રાખવામાં આવ્યા ન હોય ?

સવાલ: પેદા કરવામાં શું ફાયદો ?
જવાબ: સવાલમાંજ ફાયદો.

૧૦૭૮. બળદ અને ગધેડાને સાકરથી શું ફાયદો છે ? દરેક આત્માનો ખોરાક જુદો જુદો છે.

૧૦૭૯. પણ જો તે ખોરાક તેના માટે આકસ્મિક છે (તેની ખાસિયતથી વિરુદ્ધનો) તો પછી ચેતવણી આપવી તેજ તેના માટે (ખરી) સુધારણા છે.

૧૦૮૦. એક કે જે બીમારીના કારણથી માટી (ખાવાનો) શોખીન બન્યો, તે એમ ધારી લ્યે કે માટી તેનો (કુદરતી) ખોરાક છે.

૧૦૮૧. (હકીકતમાં) તેના અસલ ખોરાકને ભૂલી ગયો છે, અને દર્દ ઉપજાવનાર ખોરાકને સ્વીકાર્યો છે.

૧૦૮૨. મધ છોડીને તેણે ઝેર ખાધું છે, બીમારીના ખોરાકને તે ચરબી (સમજી બેઠો છે).

૧૦૮૩. માણસનો અસલ ખોરાક "ખુદાઇ નૂર" છે જનાવરનો ખોરાક તેને માટે અયોગ્ય છે.

૧૦૮૪. પણ બીમારીના પરિણામે, તેનું મન આ (ગૂંચવણમાં) પડ્યું છે, કે દિવસ અને રાત આ પાણી અને માટી ખાવી જોઇએ.

૧૦૮૫. (તે) ફિક્કા ચહેરાનો, કમજોર, નિરાશ દિલનો છે, તે ખોરાક ક્યાં છે ? "તેનો રસ્તો આસમાનમાંથી હતો."

૧૦૮૬. (ખુદાઈ) બાદશાહનો પસંદ કરેલો આ ખોરાક છે, તેનું ખાવું ગળા કે ઓજાર વગરનું છે.

૧૦૮૭. (રૂહાની) સૂર્યનો ખોરાક (અવકાશી) તખ્તના "નૂર"માંથી આવે છે. સેતાનીક અને અદેખાઓનો (ખોરાક) (પાર્થિવ) ચાદરનો ધુમાડો છે.

૧૦૮૮. ખુદાએ શહીદોને લગતું ફરમાવ્યું છે કે 'તેઓ (તેઓના માલિક સાથે જીવતા) છે, રોજી મેળવે છે તે ખોરાક માટે મોં કે થાળી નથી.

૧૦૮૯. દિલ એકે એક સાથીમાંથી ખોરાક ખાય છે, દિલ દરેક જ્ઞાનના (ટુકડા થકી) ઉત્તમતા મેળવે છે.

૧૦૯૦. દરેક માનુષી હસ્તીનો (બહારનો) દેખાવ પ્યાલા જેવો છે, (માત્ર) (રૂહાની) આંખ જ તેની (કે તેણીની) વાસ્તવિકતા જુએ.

૧૦૯૧. તમે કોઈ પણ મળતા (માણસ) થકી મળતું ખાઓ છો, અને કોઈ પણ ભળતી વાતચીત થકી જે પણ મળે તે લઈ લ્યો છો.

૧૦૯૨. જ્યારે એક ગ્રહ બીજા ગ્રહની અથડામણમાં આવે છે. તે બન્નેની ચોક્કસ યોગ્ય અસર થશે.

૧૦૯૩. (દાખલા તરીકે) જેમ સ્ત્રી અને પુરુષનો મેળાપ જરૂર માનવી હસ્તીને જન્મ આપશે. અને (જેમ) પત્થર અને લોઢું. અથડવાથી તણખા ઉડશે.

૧૦૯૪. અને (જેમ) પૃથ્વી વરસાદના મેળાપમાં આવે છે તો ફળો, લીલોતરી અને મીઠા છોડ (ઉત્પન્ન થાય છે.)



માણસનો ખોરાક : ખુદાઈ નૂર
બાદશાહનો પસંદ કરેલો ખોરાક.
દિલ- એક એક સાથી માંથી ખોરાક ખાય છે.
દિલ- દરેક જ્ઞાન ના ટુકડા થકી ઉત્તમતા મેળવે.

૧૦૯૫. માણસ આ લીલોતરીના મેળાપ થકી દિલની ખુશી બેદરકારી અને સુખ (પેદા થયા).

૧૦૯૬. અને આપણા આત્માથી આ સુખનો મેળાપ થતાં ભલાઈ અને ફાયદો જન્મ્યો.

૧૦૯૭. આપણા શરીરો ખાવા અને પીવાના સશક્ત બન્યા જ્યારે આપણી ઈચ્છા નવીનતા બનાવવામાં સંતોષ પામી.

૧૦૯૮. લોહીના મેળાપમાંથી આપણા ચહેરાએ રતાશ (મેળવી) લોહી એ સુંદર ગુલાબી રંગના સૂર્યમાંથી (અસલિયાત શોધી)

૧૦૯૯. (બધા) રંગોમાં રાતો સૌથી ઉત્તમ છે. અને તે સૂર્યમાંથી (જન્મ્યો છે) અને તેમાંથી (આપણા તરફ) આવે છે.

૧૧૦૦. દરેક જમીન જે શનિથી જોડાએલી છે તે પથરાળ અને વાવવા માટેની જગ્યા નથી રહી.

૧૧૦૧. સેતાનના નાસ્તીક સાથેના જોડાણની માફક સાથે સાથ રહેવા અંગે શક્તિ ગતિમાં આવે છે.

૧૧૦૨. આ રૂહાની સત્યો દુનિયાના (કાંઈપણ) ઠાઠમાઠ અને ભપકો ધરાવવા વગર, નવમાં બહેસ્તમાંથી ભપકો અને ઠાઠમાઠ (ધરાવે છે)

૧૧૦૩. પેદા થએલી દુનિયાને લગતો ઠાઠમાઠ અને ભપકો એ ઉછીની ચીજ છે, ભપકો અને ઠાઠમાઠ (જે) હુકમની દુનિયાનું (છે) તેજ ઉપયોગી ચીજ છે.

૧૧૦૪. દુન્યવી ઠાઠમાઠ અને ભપકાની ખાતર તેઓ ઘટાડો વેઠી લે છે. કીર્તિની આશામાં તેઓ આ ઘટાડામાં (પોતાને) સુખી મનાવે છે.

૧૧૦૫. આ દશ દિવસની આશામાં ત્રાસ ભરેલી કીર્તિને તેઓએ પીડા થકી પોતાની ગરદનોને ત્રાકની જેવી પાતળી કરી છે.

૧૧૦૬. જ્યાં હું છું ત્યાં તેઓ કેમ આવતા નથી ? કારણ કે આ (રૂહાનીયત) કીર્તિમાં હું સૂર્યની માફક પ્રકાશું છું.

૧૧૦૭. સૂર્યને ઊગવાની જગ્યા એ (આસમાનનો) ડામર રંગનો બુરજ છે, (પણ) મારો સૂરજ બધી ઊગતી જગ્યાઓથી પર છે.

૧૧૦૮. તેની ઊગવાની જગ્યા તેના રજકણોની જ સબંધી છે. તેનું સત્વ નથી ગુલાબી કે નથી સ્થાપિત.

૧૧૦૯ હું તેના રજકણોથી પાછળ રહી ગયો છુ. (છતાં) બન્ને દુનિયામાં પડછાયા વગરનો સૂરજ છું.

૧૧૧૦ છતાં હું સૂર્યની આજુમાજુ ફરું છું; તે ખૂબ જ વિચિત્ર છે. આનું કારણ આ સૂર્યનો "શાહ" છે.

૧૧૧૧ સૂર્ય બધાં ગૌણ કારણોથી માહિતગાર છે તેજ વખતે (ગૌણ) કારણોનું દોરડું તેનાથી છૂટું કરવામાં આવ્યું છે (યાને કે તે સ્વતંત્ર છે)

૧૧૧૨. લાખો વખત મેં આશા કાપી નાખી છે (છોડી દીધી છે) કોની ? સૂર્યની ? તે તમે માનો છો ?

૧૧૧૩. મચ્છી પાણી વગરની રહી શકે અથવા હું સૂર્ય વગરનો બનવાનું સહન કરી શકું તો તે મારી (વાત) તમે માનતા નહિ.

૧૧૧૪. અને જો હું નિરાશ બનું તો અય ભલા મિત્ર, મારી નિરાશા સૂર્યના કાર્યને જાહેરમાં મૂકવાને માટે છે.

૧૧૧૫. કાર્યના લક્ષ્યનું પ્રદર્શન કાર્ય કરનાર પોતાથી કેવી રીતે કાપી નાખે ? (અણધાર્યા) બનાવની કેઈ ચીજ બનાવ્યા વગર કેમ બને ?

૧૧૧૬. બધા (અણધાર્યા) જીવોનું આ મેદાન ચરાણ છે અગર જો કે તેઓ ખુરાક, અરબ ઘોડા કે ગધેડા પણ હોય.

૧૧૧૭. અને તે કે જે (બધી હલમલ) પેલા દરિયામાંથી બનતી નવી સ્વીકારતો, (છતાં) દરેક ક્ષણે તે પોતાનો ચહેરો પૂર્વીય નવી ભૂમિકા તરફ ફેરવે છે.

૧૧૧૮. તેણે મીઠા સમુદ્ર નું ખારું પાણી પીધું છે તેથી પેલા પાણીએ તેને આંધળો બનાવ્યો છે.

૧૧૧૯. દરિયો કહે છે, ઓ આંધળા. મારું પાણી જમણા હાથથી પી કે જેથી તે કદાચ દૃષ્ટિ મેળવે.

૧૧૨૦. અહીં "જમણો હાથ" (એ) સાચી માન્યતા છે. કે જે ભલા અને બૂરા કેવી હાલતમાં ઉભા છે તે (સત્યરીતે) જાણી શકે.

૧૧૨૧. ઓ છરી, ત્યાં છરીવાળો પણ છે. કે જેથી તું કયારેક સીધી બને છે તો કયારેક બેવડ બને છે ?

૧૧૨૨. શમ્સે દીન (દીનના સૂર્ય) (શમ્સ તબ્રીઝ)ના પ્રેમ વગર હું શક્તિ વગરનો છું. નહિતર આ આંધળાને મેં દેખતો ન કર્યો હોત ?

૧૧૨૩. સાંભળ ઓ સત્યના પ્રકાશ, હિસામુદીન, અદેખાની આંખનો ગભરાટ તું તાત્કાલિક સુધારી શકીશ ?

૧૧૨૪. બાદશાહી જલ્દી અસર કરતા મિક્ષ્ચર વડે તેને સાજો કરો. (કે જે) સામા થનારનું અંધારું નાશ કરતી ઔષધ (છે)

૧૧૨૫. કે જો તે પેલા આંધળા માણસની આંખમાં નાખવામાં આવે, તો સો વર્ષનો અંધાપો તેમાંથી ચાલ્યો જાય.

૧૧૨૬. અદેખો માણસ કે જે અદેખાઈ અંગે તારી વિરુધ્ધ તારો અસ્વિકાર કરાવે છે, તે સિવાય બીજા બધા આંધળાઓને સાજા કરો.

૧૧૨૭. અગર તારો અદેખો અગર હું પણ હોઉં, જીવન દેતો નહિ. કે જેથી હું પણ (રૂહાની) મૃત્યુનું દુઃખ સહન કરું.

જમણો હાથ : સાચી માન્યતા : ભલા ને બૂરા ને જાણનારો છે.

૧૧૨૮. (મારો કહેવાનો મતલબ) તે માટે કે જે સૂર્યનો અદેખો છે અને તે કે જે સૂર્યના અસ્તિત્વ માટે મનમાંને મનમાં ધુંધવાય છે.

૧૧૨૯. તમે જુઓ (કે) આ જે તેનામાં છે તે સારું ન થાય તેવુ દર્દ છે., અફસોસ, આના તરફ જો. આ એક એવો છે કે, જે ખાડાના તળિયે હમેશ માટે પડેલો છે.

૧૧૩૦. તેને એવું જોઈએ છે કે અનંતતાનો સૂર્ય નષ્ટ થઈ જાય. (હવે મને) કહે, આ ઈચ્છા કેમ અમલમાં આવશે. ?

૧૧૩૧. બાજ (ખુદાનો શોધનાર) તે છે કે જે બાદશાહ તરફ પાછો આવે છે. જેણે રસ્તો ગુમાવ્યો છે તે આંધળો બાજ છે.

૧૧૩૨. તે રસ્તો ભુલ્યો અને જંગલના વિસ્તારમાં પડયો. પછી તે જંગલમાં ઘુવડો વચ્ચે પડયો.

૧૧૩૩. તે (બાજ) (ખુદાઈ) પસંદગીના 'નૂર' માંથી (મેળવેલ) પ્રકાશથી ભરપૂર છે. પણ (દૈવી) નશીબે તેને આંધળો કર્યો.

૧૧૩૪. તેણે (નશીબે) તેની આંખમાં ધૂળ નાખી. અને (સત્ય) રસ્તાથી તેને દૂર લઇ ગયું. તેને ઘુવડો વચ્ચે જંગલમાં મૂક્યો.

૧૧૩૫. તેને પૂરો કરવા ઘુવડો એ તેનાપર હુમલો કર્યો અને તેની સુંદર પાંખ અને પીંછા તોડવા લાગ્યા.

૧૧૩૬. ઘુવડો વચ્ચે કકળાટ ઉઠયો. "અરે, જુઓ બાજ આપણી રહેવાની જગ્યા પચાવી પાડવા આવ્યો છે.

૧૧૩૭. (તે તેના) જેવું (હતું જયારે) રસ્તાના કુતરાઓ ઝનુની બની (દશ્રવીશ) અજાણ્યાના ઝબ્બા ઉપર તુટી પડે છે.

૧૧૩૮ બાજ કહે છે, ઘુવડો (સાથે રહેવા માટે) હું કયાં લાયક છું, આના જેવાં સો જંગલો મેં ઘુવડ માટે છોડી દીધાં છે.

૧૧૩૯. હું અહીં રોકાવા ઇચ્છતો નથી. હું જાઉં છું. હું બાદશાહોના બાદશાહ પાસે પાછો જાઉં છું.

૧૧૪૦. ઓ ઘુવડો, (ખોટી બીકમાં) તમો પોતાને મારી ન નાખો. હું (અહીં) રહેવાનો નથી. હું ઘરે જાઉં છું.

૧૧૪૧. આ જંગલ તમારી આંખોમાં આબાદ રહેઠાણ છે, છતાં મારા માટે બાદશાહનો જમણો હાથ રહેઠાણ છે કે જ્યાં દરેક પાછો ફરે છે.

૧૧૪૨. ઘુવડ (જે બીજાને ચેતવણી આપતું હતું.) કહે, બાજ તમારા ઘરબારનો નાશ કરવાનો પ્રપંચ કરી રહ્યું છે!

૧૧૪૩. તે આપણા ઘર લુચ્ચાઈથી આંચકી લેશે. તે ઢોંગથી આપણા માળાઓમાંથી આપણને ફેંકી દેશે.

૧૧૪૪. આ પાપનો ભક્ત (તેણે જે કહ્યું તેનાથી) સંપૂર્ણ સંતોષ પામવાનો ઢોંગ કરે છે, ખુદાના કસમ, (દુનિયાના) તમામ કંજૂસો કરતા તે વધુ ખરાબ છે.

૧૧૪૫. તે કંજૂસાઈ અંગે માટીને ખજૂરીના રસ (ની માફક) ખાય છે ઓ દોસ્તો, રીંછને ઘેટાંની પૂંછડી હવાલે ન કરો.

૧૧૪૬. તે રાજા અને રાજાના હાથની બડાઈ હાંકે છે એટલા માટે કે આપણે જેઓ ભોળા ભલા છીએ તેને આડે રસ્તે દોરી જાય.

૧૧૪૭. ખરેખર, એક હલકુ પંખી રાજાની જાતનો કેમ બની શકે ? જો તમોને થોડી પણ અક્કલ હોય તો તેની વાત સાંભળતા નહિ.

૧૧૪૮. શું તે રાજા કે વજીરની જાતનો છે? અખરોટના સવથી બનાવેલી મીઠાઈમાં લસણ લાયક બને ખરું ?

૧૧૪૯. રાજા તેના હજૂરિયાઓ સહિત મારી તલાશ કરે છે, તેવા તેના કહેવામાં જૂઠ, બનાવટ અને ઢોંગ છે.

૧૧૫૦. તમારા માટે આ કબૂલ ન કરી શકાય તેવી કલ્પના છે. અહીં નકામી બડાઈ અને મૂર્ખને પકડવાની જાળ છે.

૧૧૫૧. જે કોઈ આ કબૂલ કરશે. તો તેનું કારણ તેની મૂર્ખતા છે. એક હલકુ પંખી રાજા (સાથે દોસ્તી માટે) લાયક કેમ હોઇ શકે ?

૧૧૫૨. જો નાનામાં નાનુ ઘુવડ તેના મગજપર ફટકારે તો રાજાની મદદ તેના માટેની ક્યાં છે ?

૧૧૫૩. બાજે કહ્યું, જો એક પીછું પણ મારું ભાંગ્યું છે, બાદશાહોનો બાદશાહ (આખી) ઘુવડોની રહેવાની જગ્યાને ઉખેડી નાખશે.

૧૧૫૪. અરે ઘુવડતો શું ? અગર જો એક બાજ મારા દિલને સતાવે અને ખરાબ રીતે વર્તે.

૧૧૫૫. (તો) બાદશાહ દરેક નીચી કે ઊંચી જગ્યામાંના લાખો બાજોનાં માથાના ઢગલા ખડકશે.

૧૧૫૬. તેના પસંદ કરેલા મારા પર ચોકી કરે છે, હું જ્યાં જ્યાં જાઉં છું બાદશાહ (પાછળ પાછળ) આવે છે.

૧૧૫૭. મારી કલ્પના રાજાના દિલમાં હમેશા ચાલુ રહે છે મારી કલ્પના વગરનું રાજાનું દિલ બીમાર (બની જાય.)

૧૧૫૮. જ્યારે બાદશાહ તેના રસ્તે ઊડવાનો મને હુકમ કરે છે, હું દિલના તેના કિરણોની માફક ઊંચામાં ઊંચા બિંદુ પર ઊડું છું.

૧૧૫૯. હું સૂર્ય અને ચંદ્રમા માફક ઊડું છું. હું આકાશના પડદાઓ ચીરી નાખું છું.

૧૧૬૦. બુદ્ધિમાનોનો પ્રકાશ મારા દિલમાંથી છે. આકાશનું આગળ ફાટવું મારી કુદરતી ખાસિયતના અંગે છે.

૧૧૬૧. હું બાજ છું. અને (છતાં) 'હુમા' મારા તરફ અજાયબીમાં ગરકાવ થઈ જાય છે, (તો પછી) ઘુવડ તે વળી શું છે કે જે મારી ગુપ્ત હકીકત જાણે ?

૧૧૬૨. બાદશાહ મારી ખાતર (આ દુનિયારૂપી) કેદ ભૂલી જાય છે, અને ભૂલાખોને બંધન મુક્ત કરે છે.

૧૧૬૩. તેણે મને એક પળ માટે ઘુવડોનો સંબંધી બનાવ્યો છે અને મારી ફુંક થકી તેને ઘુવડોને બાજ બનાવવા છે.

૧૧૬૪. અરે, તે જ ઘુવડ સુખી છે કે જે મારા આ ઉડ્ડયન થકી મારો ગૂઢાર્થ સમજવામાં નશીબદાર બન્યું છે.

૧૧૬૫. મને વળગી રહો, કે જેથી તમો આશીર્વાદિત બનો, જો કે તમે ઘુવડો હોવા છતાં બાદશાહી બાજો બનો.

૧૧૬૬. તે કે જે આવા રાજાને વહાલો છે, ગમે તેટલો ને હલકો હોય તો તે શા માટે અજાણ્યો થશે ?

૧૧૬૭. જે કોઈના પણ દુઃખનો ઈલાજ રાજા છે ભલે તે વાંસળી માફક શોક કરે તો પણ તે સાધનવિહિન નથી.

૧૧૬૮. હું આ (રૂહાની) હકુમતનો માલિક છું. થૂંક ચાટનાર નથી. બાદશાહ મારા માટે દૂરથી બાજનું નગારું વગાડે છે.

૧૧૬૯. મારું બાજ–નગારું તેડું છે, "પાછો ફરો" ખુદા મારા હરીફ સાથેના વાદમાં મારો સાક્ષી છે.

૧૧૭૦. હું બાદશાહોના બાદશાહની જ જાતિનો નથી. તેનાથી દૂર હોવા છતાં, તેના ખુદના પ્રદર્શનમાંથી મને પ્રકાશ મલે છે.

૧૧૭૧. એક જાતિના રૂપ અને રંગ અંગે જ હોવા જોઈએ તેવું નથી, પાણી જમીન છોડમાં એક જાતિ બની જાય છે.

૧૧૭૨. પવન અગ્નિ સાથે વિરોધી હોવા છતાં સમજાતિય બને છે. શરાબ શરીરના બંધારણ સાથે આખરે સમજાતિય બને છે.

૧૧૭૩. જ્યારે મારી જાતી રાજાની જાતિ નથી મારો અહમ્ નાશ પામ્યો છે તેના અહમ્ની ખાતર (ફના થયો છે).

૧૧૭૪. તેવી જ રીતે જ્યારે મારો અહમ્ નાશ પામ્યો છે ત્યારે તે એટલો જ રહ્યો, હું તેના ઘોડાના પગ પાસે ધુળની માફક દડું છું.

૧૧૭૫. (વ્યક્તિગત) આત્મા (અહમ્) ધૂળ બની અને (તેની માત્ર) નિશાની તેના પગની ઉપર ધૂળની નિશાની છે.

૧૧૭૬. આ નિશાની ખાતર તેના પગની રજ બની જા એટલા માટે કે તમે પ્રોન્નતના માથાના તાજ બનો.

પાણી(ખાતર) જમીન - છોડમાં એક જાતિ બની

૧૧૭૭. રખેને મારું રૂપ તમને છેતરે, મારી રવાનગી પહેલાં મારા મુખવાસના ફળો ખાવામાં ભાગ લો.

૧૧૭૮. અરે, એવા ઘણા છે કે રૂપ તેઓને લૂંટવા રસ્તો રુંધે છે, તે (પવિત્ર માણસોના) રૂપ તરફ નિશાન તાકે છે અને (હકીકતમા) ખુદાને મારે છે.

૧૧૭૯. આખરે આ આત્મા શરીર સાથે જોડાએલો છે, (પણ) આ આત્માને શરીર સાથે સરખાપણું છે?

૧૧૮૦. આંખના પ્રકાશની ચિનગારી ડોળાની સફેદી સાથે ભાગીદાર છે, દિલનો પ્રકાશ લોહીના ટીપામાં સંતાયેલ છે.

૧૧૮૧. કીડનીમાં આનંદની બેઠક છે, પિત્તાશયમાં દિલગીરી બુદ્ધિ મીણબત્તીની માફક માથામાં મગજની અંદર છે.

૧૧૮૨. આ જોડાણો 'કેમ' અને 'શા માટે' વગરનાં નથી. (પણ) શા માટેના જ્ઞાનથી જોઈએ તો (આપણા) મગજો શક્તિહીન છે.

૧૧૮૩. 'કુલ્લ'નો આત્મા 'જુઝ'ના આત્મા સાથે મેળાપમાં આવ્યો, અને પાછલા આ આત્માને તેમાંથી મોતી મળ્યું અને તે દીલમાં મૂક્યું.

૧૧૮૪. પેલા સ્પર્શથકી તેના દિલમાં (વ્યક્તિગત) આત્મા બીબી મરીયમ, દિલ છેતરતા હ. ઈસા, માફક બેજીવ બન્યો.

૧૧૮૫. (તે) મસીઆહ જેવો, નહિ કે જે જમીન અને દરિયાનો (મુસાફર) છે, (પણ) મસીઆહ કે જે માપવાની (હદથી) પર છે.

૧૧૮૬. તેથી જ્યારે આત્માના આત્માથી આત્મા આશાજનક બન્યો, આવા આત્માથી દુનિયા આશાજનક બને છે.

૧૧૮૭. પછી દુનિયા બીજી દુનિયાનો જન્મ આપે છે. અને ભેગા થએલા આ લોકોને ભેગા થવાંની જગ્યા જાહેર કરે છે.

૧૧૮૮. જો હું બોલું અને કયામત સુધી ફરી ફરી બોલ્યા કરું (છતાં) આ રૂહાની કયામતને વર્ણવા શક્તિમાન નથી.

૧૧૮૯. આ (મારાં) વચનો ખરેખર તો "ઓ માલિકજ કહેવું છે," આ શબ્દો ખુદાઈ પ્રાર્થનાના જવાબ મેળવવાના શોધનાર છે.

૧૧૯૦. તો પછી જે (જવાબ શોધે છે) તે (દુઆ) માગતો કેમ અટકશે? તે ચૂપ કેમ થશે, દાખલા તરીકે "ઓ માલિક"નો જવાબ "હું અહીં છું" તે આવતો જ હોય છે.

૧૧૯૧. તે "હું અહીં છુ" તે તમે સાંભળતા નથી. પણ પગથી માથા સુધી તેનો સ્વાદ માણતા હોશો.

કુલ્લનો આત્મા
જુઝનો આત્મા સાથે મેળાપમાં
આવ્યો.
મસીહા – માપવાની હદથી પર
ઓ માલીક :- હું અહીં છું!

## તરસ્યા માણસે દીવાલના મથાળા પર બેસી પાણીના ઝરામાં ઈંટો ફેંકી તે વિષે.

૧૧૯૨. એક ઝરાના કિનારે ઊંચી દીવાલ હતી. અને દીવાલને મથાળે એક તરસ્યો દિલગીરીમાં ગર્ક થએલ માણસ બેઠો હતો.)

૧૧૯૩. પાણીને પહોંચવામાં પેલી દીવાલ તેને અટકાયતરૂપ હતી. તે મચ્છીની માફક પાણી માટે તલખગાર હતો.

૧૧૯૪. ઓચિંતી તેણે પાણીમાં એક ઈંટ ફેંકી. અને પાણીનો અવાજ જાણે બોલેલા શબ્દોની માફક તેની તરફ આવ્યો.

૧૧૯૫. જાણે કે હેતાળ અને પ્રેમાળ દોસ્ત તરફથી ઉચ્ચારેલા શબ્દો, પાણીના અવાજે તેને શરાબ પીધો હોઈ તેવો કેફી બનાવ્યો.

૧૧૯૬. પાણીનો અવાજ સાંભળવાના આનંદમાં પેલો તદ્દન થાકેલો માણસ તે જગ્યાની ઈંટો ઉખેડીને ફેંકવા મંડ્યો.

૧૧૯૭. પાણી અવાજ કરતું હતું, જાણે એમ કહેતું હોય, "અરે, આમ મારા તરફ ઈંટો ફેંકવામાં તને શું ફાયદો મલવાનો છે?"

૧૧૯૮. પેલા તરસ્યા માણસે કહ્યું: ઓ પાણી, મને બે જાતના લાભ છે. આ કામ અટકાવવામાં હું નવેસવો હોઈશ.

૧૧૯૯. પહેલો લાભ એ છે કે આ પાણીનો અવાજ સાંભળું છું. કે જે તરસ્યા માટે સારંગી માફક (પ્યારો) છે.

૧૨૦૦, એટલા માટે પાણીનો અવાજ મારા માટે અસરાફીલના અવાજ જેવો બન્યો છે આ (અવાજ) થકી મારી મરી ગયેલી જિંદગી જીવંત બની છે.

૧૨૦૧. અથવા (તે) વસંતઋતુના દિવસોએ ગર્જનાના અવાજ જેવો (છે) કે જેમાંથી બાગ આટલાં બધાં (સુંદર) આભૂષણો મેળવે છે.

૧૨૦૨. અથવા તો ગરીબોને ભીખ આપવાના દિવસો જેવો અથવા તો કેદીને તેના છુટકારાનો સંદેશો આપવા જેવો.

૧૨૦૩. તે દયાળુ (ખુદાની) ફુંક જેવો છે કે જે મુખ વગર યમનમાંથી (હ.) મુહમ્મદ (ર.સ.અ.) તરફ આવે છે.

૧૨૦૪. અથવા તો હ. આહમદ (ખુદાના) પયગમ્બરની સુવાસ જેવી છે કે જે પાપીઓ તરફ પહોંચતી હતી.

૧૨૦૫. અથવા તો કાંતિવાન માયાળુ હ યુસુફની સુગંધ કે જે નબળા બનેલા હ. યાકુબના આત્માને અથડાતી હતી.

૧૨૦૬. હું જે આ દરેક ઈંટને તોડું છું તેનો બીજો ફાયદો એ છે કે હું વહેતા પાણીથી વધુ નજીક આવું છું.

અવાજ થકી: મરી ગયેલી જીંદગી જીવંત બની (બાકીના શબ્દો પાછળ)

૧૨૦૭. આ ઈંટો ઉખેડવાથી દરેક વખતે પેલી ઊંચી દીવાલ વધુ નીચી બને છે.
૧૨૦૮. દીવાલનું નીચાપણું (પાણીને) પહોંચવાનું સાધન બને છે. તેમાંથી જુદાઈ (પાણીના) મેળાપની ઔષધ બને છે.
૧૨૦૯. દૃઢતાથી વળગી રહેલી ઈંટોને છૂટી પાડવી તે (જાણે કે) (બંદગી વખતે) સિજ્દા કરવા (માફક છે) જે (ખુદાની) નજદીકીનું કારણ (બને છે) કારણકે (ખુદાએ ફરમાવ્યું છે.) "અને તમે સિજ્દો કરો (મને) નજીક થાઓ."
૧૨૧૦. જ્યાંસુધી આ દીવાલ ઊંચા ડોકની (ભવ્ય અને મગરૂર) છે ત્યાંસુધી તે માથાને નમાવવાના (રસ્તામાં) અડચણ છે.
૧૨૧૧. જીવનના જળ ઉપર સિજ્દો કરવા તે અશક્ય બનાવે છે, ત્યાંસુધી કે હું આ માટીની કાયામાંથી મુક્તિ મેળવું.
૧૨૧૨. જેટલો વધુ તરસ્યો આ દીવાલ ઉપર જે કોઇ હોય, તેટલી વધુ જલદીથી તે આ ઈંટો અને ઢેફાંને તોડી નાખે છે,
૧૨૧૩. જે કોઇ પાણીના અવાજના પ્યારમાં હોય તેટલાં વધુ ઢેફાં અટકાયતમાંથી તે તોડી નાખે છે.
૧૨૧૪. તે પાણીના અવાજથી ગળા સુધી શરાબના (નશાથી) છલકાયો છે, (જ્યારે) પ્રેમથી) અજાણ્યુ પાણી ઉડાડવાના અવાજ સિવાઈ બીજું કાંઈ સાંભળતો નથી.
૧૨૧૫. અરે તેજ આશીર્વાદિત છે કે તેના શરૂઆતના દિવસોમાં આવેલી તક જોઈ પકડી લે છે અને પોતાનું દેવું ભરે છે.
૧૨૧૬. તે દિવસોમાં કે જ્યારે શક્તિ છે. (જ્યારે) તે તંદુરસ્ત છે અને દીલ અને હિંમતથી મજબૂત છે.
૧૨૧૭. અને (જ્યારે) યુવાનીની ઋતુ, જાણેકે લીલો અને તાજો બગીચો, હદ વગરની પેદાશ અને ફળો લાવે છે.
૧૨૧૮. (જ્યારે) શક્તિ અને વાસનાનો ફુવારો વહેતો હોય (કે જેથી) કાયારૂપી જમીન તેનાથી હરિયાળી બને.
૧૨૧૯. (ત્યારે હજી તે) મજબૂત મકાન કે જેની છત ભવ્ય અને ઘાટીલી સમારવાની જરૂરત ન હોય (તેવો હોય).
૧૨૨૦. ઘડપણના દિવસો આવી પહોંચશે, અને તારી ગરદન ખજૂરીના પાનની દોરીથી બાંધશે.
૧૨૨૧. અને (કાયારૂપી) ખેતર ઉજ્જડ બનશે, કટકા બની જશે, લીલોતરી ઉજ્જડ ખેતરમાં કદી નહિ પાકે.
૧૨૨૨. જ્યારે શક્તિનું પાણી અને વાસનાનું પાણી કપાઈ જશે, અને તેને પોતા થકી કે બીજાથી કોઈ ફાયદો નહિ રહે,



(બંદગી વખતે) સિજ્દો કરો : નજીક થાઓ.

૧૨૨૩. ત્યારે પાંપણો પાટાની માફક બીડાએલી હશે, આંખો ઝાંખી અને ભીની હશે.
૧૨૨૪. કરચલી થકી ચહેરો, ગરોળીની પીઠ જેવો (થશે), વાણી અને સ્વાદ અને દાંત ઉપયોગ વગરના રહ્યા હશે.
૧૨૨૫. દિવસ લાંબો, ગધેડો લૂલો, રસ્તો લાંબો, દુકાન નાશ પામી અને વેપાર હાથથી ગયો.
૧૨૨૬. ખરાબ ટેવોનાં મૂળે જોર કર્યું. અને તેને દબાવવાની શકિત ઘટી ગઈ.

**એક માણસને હાકેમનો હુકમ થયો,**

**"રસ્તા પર વાવેલો બાવળ ખોદી નાખ."**

૧૨૨૭. (દાખલા તરીકે) એક લાગણીહીન પણ મીઠી જીભવાળા માણસે રસ્તાની વચ્ચે બાવળ વાવ્યો હતો.
૧૨૨૮. રસ્તા પરથી પસાર થતા લોકો તેને મળતા અને તેને ખોદી નાખવા વારંવાર કહેતા, તેણે તે ઉપાડયો નહિ.
૧૨૨૯. દરેક પળે તે બાવળ વધુ મોટો થતો હતો. અને લોકોના પગે તેના કાંટા ભોંકાતા લોહી વહેતું હતું.
૧૨૩૦. લોકોનાં કપડાં પેલા કાંટાથી ચીરાતાં હતાં, ગરીબ લોકોના પગ દયાજનક રીતે ઘવાતા હતા.
૧૨૩૧. જ્યારે હાકેમે તેને આતુરતાપૂર્વક કહ્યું, "આને ઉખેડી નાખ." તેણે જવાબ આપ્યો, "હા, હું તે કોઈ દિવસે ઉખેડી નાખીશ."
૧૨૩૨. લાંબો વખત સુધી તેણે આવતીકાલે અને આવતીકાલનાં વચન આપ્યાં (તે દરમ્યાન) તેનો બાવળ બાંધાનો મજબૂત બની ગયો.
૧૨૩૩. એક દિવસે હાકેમે તેને કહ્યું. ઓ જુઠા વચન આપનાર, મારા (બતાવેલા) કાર્ય માટે જલ્દી જા પાછી પાની નહિ કર.
૧૨૩૪. તેણે જવાબ આપ્યો, ઓ કાકા, આપણી વચ્ચે (આ પતાવવાનો) હજી વખત છે, તેણે કહ્યું, ઉતાવળ કર, મારું કરજ જલ્દી ભરપાઈ કરી દે.
૧૨૩૫. તું કે જે આવતી કાલે કહે છે, તો (હવે) આથી ચેતતો રહે, દરેક દિવસે વખત આવે છે અને જાય છે.
૧૨૩૬. પેલું જંગલી ઝાડ મોટું થતું જાય છે, જ્યારે આ ખોદનાર ઘરડો અને અત્યંત ત્રાસેલો છે,
૧૨૩૭. બાવળ જોર અને ચઢાવ (પકડવા)માં છે. તેનો ખોદનાર ઉમરમાં અને શકિતમાં ઘટતો જાય છે.
૧૨૩૮. બાવળ દરરોજ અને દરેક પળે લીલો અને તાજો (થતો જાય છે) તેનો ખોદનાર દરરોજ બીમાર અને કરમાતો જાય છે.

૧૨૩૯. તે વધતું જાય છે, અને તમે ઘરડા થાવ છો, ચૂપ થઈ જાઓ અને તમારો વખત ગુમાવો નહિ.

૧૨૪૦. જાણુ કે તારી દરેક ખરાબ ટેવ બાવળ છે. સઘળું છતાં ઘણી વખત તેના કાંટા તમારા પગમાં ભોંકાય છે.

૧૨૪૧. ઘણી વખત તમારી પોતાની ખરાબ ટેવોથી તમે ઘવાવ છો, તમને સમજ નથી. તમે સાવ અક્કલ વગરના છે.

૧૨૪૨. જો બીજા લોકો કે જેઓ તમારી ખરાબ ખાસિયતને પ્રતાપે ઘાયલ થતા હોય,

૧૨૪૩. તમે બેપરવા છો, કોઈપણ રીતે તમે તમારા પોતાના જખમોથી બેપરવા નથી, તમો તમારા માટે અને દરેક અજાણ્યાની ભારે પીડા છો.

૧૨૪૪. યા તો કુહાડો લઇને જવામર્દની, હ. અલીની માફક ખૈબરના દરવાજાનો નાશ કરો.

૧૨૪૫. અથવા તો આ કાંટાઓને ગુલાબના છોડો સાથે મીલાવો, (વિષયવાસનાની) અગ્નિને દોસ્તના "નૂર"થી મીલાવો.

૧૨૪૬. એટલા માટે કે તેનું 'નૂર' તમારી અગ્નિને બૂઝાવે અને (તે) મેળાપ તમારા કાંટાને ગુલાબમાં ફેરવે.

૧૨૪૭. તમે દોઝખ જેવા છો, તે સાચો ઈમાનદાર છે, સાચા ઈમાનદાર થકી બુઝાવવી શકય છે.

૧૨૪૮. હ. નબી મહમ્મદ (ર. સ. અ.) દોઝખની વાણીને અનુલક્ષીને ફરમાવ્યું છે કે સાચા ઈમાનદાર પાસે બીકથી (તેની વાણી) નમ્ર બની જાય છે.

૧૨૪૯. અને તેને કહે છે, ઓ બાદશાહ, મારી પાસેથી જલ્દીથી પસાર થઈ જા. સાંભળ, કારણ કે તારા નૂરે મારી અગ્નિની આતશ લઈ લીધી છે.

૧૨૫૦. તેથી સાચા ઇમાનદારનો પ્રકાશ એ અગ્નિનું મૃત્યુ છે, વિરોધી સિવાય બીજા વિરોધીને ખસેડવો અશકય છે.

૧૨૫૧. કયામતના દિવસે અગ્નિ (નૂર) વિરોધી હશે. કારણ કે આગલો ખુદાના કોપથી ઉત્પન્ન થએલ છે. પાછલો (તેની) દયાથી.

૧૨૫૨. જો તમે અગ્નિની ખરાબી હટાવવા ઈચ્છતા હો તો (ખુદાઈ) દયાના પાણીને, દિલને અગ્નિ તરફ વાળો.

૧૨૫૩. સાચો ઈમાનદાર દયાના પાણીનો ઝરો છે, ભલાં કાર્યો કરનારનો પવિત્ર આત્મા જીવનનું જળ છે.

૧૨૫૪. જ્યારે તમારી કાયાનો આત્મા તેનાથી (દૂર) ભાગે છે, કારણ કે તમે અગ્નિ છો, (જ્યારે) તે ઝરાનું પાણી છે.

સાચા ઈમાનદાર પાસે - દોઝખ ની વાણી
(નૂર- અગ્નિને બુઝાવે છે) નમ્ર બને છે

૧૨૫૫. અગ્નિ પાણીથી દૂર નાસતો હોય છે કારણ કે તેની અગન પાણીથી નાશ પામે છે.

૧૨૫૬. તમારી સમજ અને વિચાર સંપૂર્ણપણે અગ્નિ રૂહાની રાહનુમાની સમજ અને અને તેના વિચાર આહ્લાદક 'નૂર' છે.

૧૨૫૭.. જ્યારે તેના 'નૂર'નું પાણી અગ્નિ પર ટપકે છે, ત્યારે 'ચકચક' (અવાજ) અગ્નિમાંથી ઊઠે છે અને તે ઓલવાઇ જાય છે.

૧૨૫૮. ત્યારે તે ચકચક (અવાજ) કરે છે, તેને તમે કહો છો (તને) દુઃખ અને મોત હોજો ! એટલા માટે આ દોજખી (કેજે) તમારો નફસે અમ્મારા છે, ઠંડો બને.

૧૨૫૯. તેથી તે તમારો ગુલાબનો બાગ બાળે નહિ, તેથી તે તમારો ઈન્સાફ અને સારાં કૃત્યો બાળે નહિ.

૧૨૬૦. ત્યારબાદ તમે જે પણ વાવશો તેનાં ફળો ઉત્પન્ન થશે. તે 'બાલા' ગુલાબો અને 'સંબર' નો પાક દેશે.

૧૨૬૧. એકવાર ફરીવાર આપણે સીધા રસ્તાના બહોળા રસ્તે જઈ રહ્યા છીએ. પાછો ફર. ઓ રસ્તો બતાવનારા, આપણો રસ્તો ક્યાં છે ?

૧૨૬૨. ઓ અદેખા, આપણે પ્રદર્શન કરતા હતા કે તમારા ઘોડો લૂલો છે, અને પ્રકાશનો રસ્તો દૂર છે, (તો હવે) જલ્દી કર.

૧૨૬૩. વરસ લંબાયું છે. તે વાવણીનો વખત નથી. તમે કાળાં કૃત્યોથી કાળો ચહેરો (બનાવવા) સિવાય કાંઈ પ્રાપ્ત કર્યું નથી.

૧૧૬૪. તમારી કાયારૂપી ઝાડના મૂળમાં કીડો દાખલ થયો છે, તેને બહાર કાઢીને અગ્નિ પર મૂકવો જોઈએ.

૧૧૬૫. ઓ રસ્તાના મુસાફર, સાંભળ અને (ફરીવાર) સાંભળ, મોડું થયું છે, જિંદગીનો સૂર્ય (આથમણી) દિશાએ ગયો છે.

૨૨૬૬. આ (એક કે) બે ટૂંકા દિવસો (દરમ્યાન) જ્યારે તારામાં થોડું જોર છે, ઉતાવળ કર, ઉદારતાપૂર્વક તારી પાંખો ફફડાવ.

૧૨૬૭. આ બાકી રહેલી બીના નાના જથ્થાને અર્પણ કરી દો. એટલા માટે કે લાંબી જિંદગી આ (એક કે) બે પળોમાંથી ઊગી નીકળે.

૧૨૬૮. જ્યાં સુધી આ જવાહીર જડેલી બત્તી ઓલવાઇ ગઈ નથી, ત્યાં સુધી તું તેજ તેલ (પૂરી) તેની વાટ વ્યવસ્થિત કર.

.૨૬૯. ખબરદાર થા. આવતી કાલ (કદી) ન કહે, કારણ કે ઘણાં 'આવતી કાલ' પસાર થઇ ગઈ છે, અને વાવણીના દિવસો એકદમ પસાર ન થવા હતો.

૨૭૦. મારી ચેતવણી સાંભળ, કે કાયા એ મજબૂત બેડી છે, જો તને નવીનની ઈચ્છા હોય તો જૂનાને ઉખેડી નાંખ.

આવતી કાલ ના કહે.

૧૨૭૧. હોઠ બંધ કર અને સોનાથી છવાયેલ ખજૂરીનો બાગ ખોલ. શરીરની કંજૂસાઈ છોડી દે. ઉદારતા દાખવ.

૧૨૭૨. ઉદારતા એ વિષયવાસના અને (દુનિયાની) ખુશીઓને ત્યજી દેવું છે, કોઈપણ જે વાસનામાં ખૂંચેલો છે તે (ફરીવાર) ઊભો થઈ શકતો નથી.

૧૨૭૩. આ ઉદારતા બહેસ્તના શરુના ઝાડની શાખા છે. ધિક્કાર છે તેને કે જે આ શાખાને પોતાના હાથમાંથી જવા દે છે.

૧૨૭૪. સૌથી મજબૂત હાથ (એ) આ વિષય વાસનાને છોડવાનું છે. આ શાખા રૂહને બહેસ્ત સુધી દોરી જાય છે.

૧૨૭૬. ઓ સાચા દીનદાર, (એવી રીતે કાર્ય કર કે) પેલી ઉદારતાની શાખા ઊંચે ઊંચકીને તેના અસલ તરફ લઈ જાય.

૧૨૭૬. તું સુંદરતાથી (ભરપૂર) યુસુફ છે. અને આ દુનિયા કુવાની માફક છે, અને આ દુનિયા કુવાની માફક છે, અને આ (ઉપર ખેંચવાનું) દોરડું ખુદાના હુકમને આધીન થવાની ધીરજ છે.

૧૨૭૭. ઓ યુસુફ, દોરડું આપ્યું છે, તારા બન્ને હાથોથી તે પકડી લે, દોરડાથી મોઢું નહિ ફેરવ, કારણ કે (ખૂબ જ મોડું થયું છે.)

૧૨૭૮. બધાં વખાણ ખુદાનાં છે કે આ દોરડું લટકાવવામાં આવ્યું છે. (અને તેથી) રહેમત અને દયાની એક સાથે મેળવણી કરવામાં આવી છે.

૧૨૭૯. કે જેથી તું નવા આત્માની દુનિયા જુએ, (જો કે) અદૃશ્ય છતાં ઘણી જ ખુલ્લી.

૧૨૮૦. આ (નોંધવા જેવી) અસ્તિત્વ ન ધરાવતી દુનિયા જાણે (ખરી) દુનિયા બની છે. જ્યારે પેલી (ખરી) દુનિયાનું અસ્તિત્વ ઘણું જ છૂપું બન્યું છે.

૧૨૮૧. પવન ઉપર ધૂળ છે, તે રમત રમે છે, તે જૂઠો દેખાવ અને પડદો બનાવે છે.

૧૨૮૨. આ કે જે (દેખાવમાં) કામળી છે (તે) (હકીકતમાં) આળસ. તે ઉપરનું છોતરું છે અને જે સંતાએલું છે તે ગર્ભ અને અસલ છે.

૧૨૮૩. હવાના હાથમાં ધૂળ એ ઓજાર છે, પવન ઉંચો અને વધુ ઉંચો ચડતો દેખાય છે.

૧૨૮૪. માટીની આંખનું માટી ઉપર તાકી રહે છે, (અને) આંખ કે જે પવનને જુએ છે તે આંખ બીજી જાતની છે.

૧૨૮૫. એક ઘોડો ઘોડાને જાણે છે, કારણ કે તે (એકબીજા સાથે) હળેલા હોય છે. તેવી રીતે એક ઘોડેસ્વાર ઘોડેસ્વારની હાલત જાણે છે.

૧૨૮૬. વાસનામય આંખ એ ઘોડો છે, "નૂરેહક" તેનો સવાર છે, ઘોડેસ્વાર વગર ઘોડો પોતે નકામો છે.

૧૨૮૭. એટલા માટે ઘોડાને ખરાબ આદતો (છોડાવવાની) તાલીમ આપ. નહિતર બાદશાહની હજૂરમાં તે ઘોડાને નકારવામાં આવશે.

નુરેહક: સવાર. વાસનામય આંખ = ઘોડો



ઉદારતા → વિષયવાસના અને (!) દુનિયાની ખુશી ઓને ત્યજી દેવાવાળા

અદૃશ્ય = છતાં ઘણી ખુલ્લી જગ્યા.

૧૨૮૮. ઘોડાની આંખ રાજાની આંખ થકી રસ્તો શોધે છે. રાજાની આંખ વગર તેની આંખ તદ્દન ઝાંખી છે.

૧૨૮૯. ઘોડાઓની આંખ, વાસ અને ચરાણ સિવાય ગમે ત્યાં તેને દોરશો, કહે શે. "નહિ" હું શા માટે (જાઉં)?

૧૨૯૦. "નૂરેહક" વાસનામય આંખ ઉપર (ઘોડેસ્વારની) માફક સ્વાર થાય છે, અને પછી આત્મા ખુદાનો તલબગાર બને છે.

૧૨૯૧. ઘોડેસ્વાર વગરનો ઘોડો રસ્તાની નિશાનીઓ કેમ જાણશે? રાજાની જરૂર છે. એટલા માટે કે તે રાજાનો રસ્તો જાણે.

૧૨૯૨. 'નૂર' જેના પર સવાર છે તે સમજ તરફ દોડયો જશે આ 'નુર' સમજનો સુંદર સાથી છે.

૧૨૯૩. "નૂરે હક્ક" સમજણના પ્રકાશનું ઘરેણું છે. પ્રકાશ ઉપર પ્રકાશની આ માયના છે.

૧૨૯૪. સમજણનો પ્રકાશ (માણસને) પૃથ્વી તરફ ખેંચે છે, "નૂરેહક" તેને ઊંચકે છે.

૧૨૯૫. કારણ કે સમજણવાળી ચીજો નીચલી દુનિયાની છે, "નૂરેહક" સમુદ્ર મિસાલ છે, અને સમજણ એક ટીપાની માફક છે.

૧૨૯૬. પણ તે કે જે (સમજ ઉપર) સવાર થાય છે તે સારા આમાલ અને કર્તવ્યો સિવાય દેખાતો નથી.

૧૨૯૭. વાસનામય પ્રકાશ કે જે ગંદો અને ભારે છે તે આંખની કાળાશમાં છૂપાએલ છે.

૧૨૯૮. જેવી રીતે જેમ તમો તમારી આંખથી સમજણનો પ્રકાશ જોતા નથી. તો પછી રૂહાની રાહબરનું "નૂર" તમારી આંખથી કેમ જોશો?

૧૨૯૯. સમજણનો પ્રકાશ આ ગંદકીમાં સંતાએલો છે તો પછી તે પ્રકાશ કે જે પવિત્ર છે તે સંતાએલો કેમ ન હોય?

૧૩૦૦. આ દુનિયા પવનના હાથમાં (ઘસડાતા) તણખલા મિસાલ છે, અદૃશ્ય દુનિયાએ પોતાનું કામકાંજ અદૃશ્યમાં આધારહીન સ્વીકાર્યું છે.

૧૩૦૧. ક્યારેક તે ઊંચે અને ક્યારેક નીચે બતાવે છે, ક્યારેક તે આખું અને ક્યારેક ટુકડામાં.

૧૩૦૨. કોઈવાર તે જમણી તરફ અને ક્યારેક તે ડાબી તરફ લઈ જાય છે, ક્યારેક તે તેને ગુલાબ અને ક્યારેક કાંટા બનાવે છે.

૧૩૦૩. તેણી, હાથ (કેવો) સંતાએલો છે. જ્યારે કલમ લખી રહી છે, ઘોડો કારકિર્દી મેળવે છે જ્યારે ઘોડેસ્વાર અદૃશ્ય છે.

૧૩૦૪. તીર ઊડતું જુએ છે, અને બાણ દૃષ્ટિમાં નથી. (વ્યક્તિગત) આત્મા દૃશ્યમાન થાય છે અને આત્માનો આત્મા સંતાએલો છે.

સમજણવાળી ચીજો નીચલી દુનિયાની નુરે હક્ક = સમુદ્ર. સમજણ :- ટીપું છે. બુંદ.

૧૩૦૫. તીરને ભાંગો નહિ કારણ કે તે રાજાનું તીર છે, તે (વેરમાં) દૂરથી ફેંકાએલું નથી તે કે જે (કયાં કોને મારવું) જાણે છે તેના અંગુઠાના ટેરવાથી (ફેંકાએલું છે)

૧૩૦૬. ખુદાએ કહ્યું, "જ્યારે તે ફેંકયું ત્યારે તે ફેંકયું નહતું." આપણા કૃત્યો ઉપર ખુદાના કાર્યનો પહેલો હક છે.

૧૩૦૭. તમારા પોતાના ગુસ્સાને ભાંગી નાખો. તીર નહિ ભાંગો. તારા ગુસ્સાની આંખ દૂધને લોહીમાં (ફેરવાયેલું) ગણે છે.

૧૩૦૮. તીરને ચુંબન આપ. અને તે તારા લોહીથી ભીનું, લોહી ખરડાએલું રાજા પાસે લાવ.

૧૩૦૯. તે કે જે દેખાય છે એ આધારહીન, પથારીવશ અને નબળુ દેખાય છે, તે કે જે નથી દેખાતું તે ઝનૂની અને અંકુશરહિત છે.

૧૩૧૦. આપણે (શિકાર કરેલા) છીએ, આવી (દુઃખદાયક) જાળ કોણે બિછાવી છે? આપણે પોલો રમવાના બોલ છીએ, બેટવાળો કયાં છે?

૧૩૧૧. તે વેતરે છે, તે સીવે છે, (પણ) આ દરજી કયાં છે? તે ફુંકે છે, તે બાળે છે, આ અગ્નિ સળગાવનાર કયાં છે?

૧૩૧૨. એક સમયે સાચા સંતને બેઈમાન બનાવે છે બીજે સમયે નાદાનને દરવેશ બનાવે છે.

૧૩૧૩. કારણ કે સાચો ભક્ત (સેતાનની) જાળમાં ફસાવાની બીક છે, ત્યાં સુધી કે જ્યાં સુધી તે ખુદીથી તદન પવિત્ર બની જાય.

૧૩૧૪. કારણ કે હજી તે રસ્તા પર છે, અને લૂંટારાઓ અસંખ્ય છે, (લૂંટારાથી) તે બચે છે જે ખુદાની સલામત ચોકી અંદર છે.

૧૩૧૫. (જો) તે ચોકખા અરીસાની માફક ખુદીથી છૂટયો નથી તો તે 'મુફલિસ' છે (જો) તેણે પંખીને પકડયું નથી તો તે (હજી) શિકાર કરવામાં છે.

૧૩૧૬. (પરંતુ) જ્યારે 'મુખ્લિસ' 'મુખ્લસ' બને છે ત્યારે તે મુક્ત થયો છે. તે સહી-સલામત જગ્યાએ પહોંચ્યો છે અને ફતેહ કરી છે.

૧૩૧૭. કોઇ અરીસો ફરીવાર લોઢું નહિ બને. કોઈ પણ પાંઉં ફરીવાર કોથળામાંના ઘઉં (કદી નહિ) બને.

૧૩૧૮. સંપૂર્ણ પાકેલી દ્રાક્ષ ફરીવાર કાચી નહિ બને, પાકેલું ફળ પાછું કાચું નહિ બને.

૧૩૧૯. પાકો બન ખરાબ હાલતમાં બદલાવાની (શકયતાથી) દૂર રહે, જા, બુર્હાન-ઈ-મુહક્કિક માફક "નૂર" બન.

૧૩૨૦. જ્યારે તુ ખુદીથી છૂટી ગયો છે. ત્યારે તમે સંપૂર્ણ (ખુદાની) સાબિતી બન્યા છો, જ્યારે (તમારી અંદરનો) ગુલામ નહિવત બન્યો છે. ત્યારે તમે બાદશાહ બન્યા છે.

બોલ આપણે બેટવાળો (?) ગુલામ નહિવત ના બને ત્યાં બાદશાહ બનો

પાંઉ — દાંઉ ના બને
પાકેલું ફળ — પાછું કાચું ના બને.

૧૩૨૧. અને જો તમે (આ ગૂઢાર્થ) ખુલ્લી) રીતે જોવા ચાહવા હો સલાહુ દીને તે ખુલ્લી રીતે બતાવેલ છે, તેણે આંખોને જોતી કરી છે તેણે (તેમને) ઉઘાડી છે.

૧૩૨૨. તેની આંખો અને ચહેરામાંથી, દરેક આંખ કે જેણે હું (ખુદાનું) "નૂર" મેળવ્યું છે (તેણે) (ગૂઢાર્થ) ગરીબાઈનો ભેદ સમજ્યો છે.

૧૩૨૩. એક રૂહાની પેશ્વા, ખુદાની માફક સાધન વગર વર્તે છે, તેના મુરીદોને કાંઈપણ કહ્યા વગર હિદાયત કરે છે.

૧૩૨૪. તેના હાથમાં દિલ મીણુની માફક નમ્ર બને, તેનું સીલ કયારેક શરમની કયારેક કીર્તિની છાપ મારે છે,

૧૩૨૫. તેના મીણુ ઉપરની સીલની છાપ સીલની ગોળાઈ કહેતી હોય છે, યુકિત જે વીંટીના પત્થરમાં કોતરેલ છે, તે શું ફરી વાર કહે છે.

૧૩૨૬. તે સોનીના વિચારો કહે છે, (આ બધું) એક સાંકળ છે, દરેક અંકોડો એકબીજા સાથે (દાખલ કરે છે.)

૧૩૨૭. આપણા દિલના પહાડોમાં આ કોના અવાજનો પડઘો છે? કોઈવાર આ પહાડ અવાજથી ભરેલો છે, કયારેક તે ખાલી છે.

૧૩૨૮. જ્યાં પણ તે છે ત્યાં તે રૂહાની પેશ્વા, માલિક (છે) તેનો અવાજ આ પહાડને ત્યજી ન દે (તો સારું)

૧૩૨૯. આ આ પહાડ છે કે જે (માત્ર) અવાજને બેવડાવે છે એવા પણ પહાડ છે કે તેને સો ગણો બનાવે છે.

૧૩૩૦. તે અવાજ અને વાણી થકી પર્વત ચોકખા પાણીના લાખો ઝરાઓ વહેતા મૂકે છે.

૧૩૩૧. જેમ તેની દયા પર્વતોમાંથી (પાણી) ઉત્પન્ન કરે છે તેમ જરામાનું પાણી લોહીમાં ફેરવાઈ (પણ) જાય છે.

૧૩૩૨. પેલા કીર્તિવંત બાદશાહ (હ મુસા અ.) થકી સિનાઈ પર્વત એક છેડાથી બીજા છેડા જેથી માણેકોમાં (ફેરવાઈ ગયો)

૧૩૩૩. પર્વતના (બધા) ભાગો જીવન અને સમજ મેળવે છે ઓ લોકો, આ બધા પછી, શું આપણે પત્થરથી પણ હલકા છીએ?

૧૩૩૪. નથી આત્મામાંથી એક પણ ઝરો વહેતો કે નથી કાયા પેલા સજ્જ થયેલાની માફક લીલી બનતી.

૧૩૩૫. નથી તેની અંદર તડપનની બૂમનો પડઘો નથી સાકીએ આપેલા પ્યાલાના ઘૂંટડાથી (જન્મેલી) પવિત્રતા,

૧૩૩૬. આવા એક પર્વતને આ કુહાડો અને પાવડાથી આખોય ખોદી નાખવા (આવો મોટો) ઉત્સાહ કયાં છે?

ખુદા - સાધન વગર

૧૩૩૭. (એવી આશામાં કે) ચંદ્રમા તેના અણુઓ ઉપર પ્રકાશિત થાય. (કે) ચંદ્રમાનું કિરણ તેની અંદરથી રસ્તો શોધે?

૧૩૩૮. તેવી જ રીતે જેમ (દુન્યવી) કયામત પર્વતને ખોદી નાખશે, તે આપણા ઉપર ઉપર (રક્ષણનો) પડછાયો કેમ ફેંકશે?

૧૩૩૯. (તો પછી) આ (રૂહાની) કયામત પેલી (દુન્યવી) કયામત એ જખમ છે અને આ (રૂહાની) કયામત લેપ છે.

૧૩૪૦. દરેક કે જેણે આ લેપ (પ્લાસ્ટર) ને જોયો છે (અનુભવ્યો છે) તે જખમથી સલામત છે, દરેક બદઈન્સાન કે જેણે આ ભલાઈ જોઈ છે તે ભલો છે.

૧૩૪૧. અરે, તે કદરૂપો સુખી છે કે જેના આ ખૂબસૂરત સાથીદાર બન્યો છે, તેને માટે અફસોસ છે કે જેનો ગુલાબી ચહેરો પાનખરના પનારે પડયો છે!

૧૩૪૨. જ્યારે આ ચેતન પાંઉ જીવન સાથે સંબંધિત થાય છે ત્યારે પાંઉ જીવન બને છે અને પેલાં (જીવનના) સત્યમાં ડેરવાઈ જાય છે.

૧૩૪૩. કાળું બળતર અગ્નિનું સાથીદાર બન્યું. અંધારું અદૃશ્ય થયું, અને બધું પ્રકાશમાં ફેરફાઈ ગયું.

૧૩૪૪. જ્યારે મરેલો ગધેડો નિમકની ખાણમાં પડયો,

૧૩૪૫ ખુદાનું નામકરણ એ "હું" (કીર્તિવંત ખુદાનું) રંગનું પીપ છે, તેમાં (બધી) છાપ વગરની ચીજો એક રંગની બને છે.

૧૩૪૬. જ્યારે તે (સાધક) પીપમાં પડે છે અને જો તમો કહો, "ઊઠો", તે અત્યાનંદમાં કહે છે, "હું પીપ છું. (મને) મારી નીંદા ન કર."

૧૩૪૭. તે "હું પીપ છું, "હું ખુદા છું" એમ કહેવા બરોબર છે, તેનો રંગ અગ્નિ (જેવો) છે, અલબત તે લોઢું છે,

૧૩૪૮. લોઢાનો રંગ અગ્નિના રંગમાં અદૃશ્ય થયો છે તે (લોઢું) તેના (તેના) ઝનૂની પણાની બડાઈ હાંકે છે જો કે (ખરી રીતે) તે તેનો જેવા છે જે ચૂપકીદી સેવે છે.

૧૩૪૯. જ્યારે તે રતાશમાં ખાણના સોના જેવો બન્યો છે, ત્યારે જીભ વગર તે બડાઇ કરે છે, "હું અગ્ન છું."

૧૩૫૦. તે અગ્નિના રંગથી એને ખાસિયતથી કીર્તિવંત બન્યું છે તે કહે છે, હું અગ્નિ છુ.

૧૩૫૧. હું અગ્નિ છું. જો તને શક કે વહેમ હોય તો અખતરો કર, તારો હાથ મારા પર મૂકી જો.

૧૩૫૨. હું અગ્નિ છું, જો તે તને શંકાશીલ દેખાય તો એક પળ માટે તારું માથું મારા માથા પર મૂક.

૧૩૫૩. જ્યારે માણસ ખુદામાંથી "નૂર" મેળવે છે, તેને ફિરસ્તાઓ પણ સિજદો કરે છે, કારણ કે તે (ખુદાથી) પસંદ કરી બન્યો છે.

૧૩૫૪. વળી (તે) કે જેનો રૂહ ફિરસ્તાની માફક મોહ અને શકથી મુક્ત થએલો છે તે પણ તેને સિજદો કરે છે.

૧૩૫૫. અગ્નિ શું? લોહું શું? તારા હોઠ બંધ કર. તે વાસ્તવિકતા સાથે મળતા થવાની સૂચનાની સરખામણી કરવા પર મશ્કરી ન કર.

૧૩૫૬. દૈવી મિલનના દરિયામાં (સરખામણી કરી) પગ ન મૂક, કાંઈ પણ (તે વિષે) બોલતો નહિ દરિયાના કિનારે (અજાયબીમાં) હોઠ કરડતા ચૂપકીદી ધારણ કર.

૧૩૫૭. મારા જેવા સો માણસો હોય તો પણ દરિયાને ઊંચકવાનું જોર હોઈ શકે નહિ. છતાં હું દરિયાના ડૂબાડતા પાણી વગર રહી શકું નહિ.

૧૩૫૮. ભલે મારો આત્મા અને મારું મન તે દરિયાને કુરબાન થાય. આ દરિયાએ મારો આત્મા અને મનના લોહીની કિંમત ચૂકવી આપી છે.

૧૩૫૯. જ્યાં સુધી મારા પગ ચાલશે ત્યાં સુધી તેમાં ચાલતો રહીશ જ્યારે પગ રહેશે નહિ તો (તેમાં) બતકની માફક (ડૂબકી મારીશ.)

૧૩૬૦. એક ગેરહાજર કરતાં અસંખ્ય માણસની હાજરી વધુ સારી છે, જો કે સાંકળ વાંકી વાળેલી છે શું તે દરવાજા પર નથી (લટકાવેલી)

૧૩૬૧. ઓ શરીરે ગંદા, ટાંકીની બહાર આજુબાજુ ફરતાં, માણસ (ગંદકીથી) કેમ ચોકખો થશે ?

૧૩૬૨. પવિત્ર કે જેને ટાંકીમાંથી દેશવટો આપવામાં આવ્યો છે, તે તેની ચોકખાઈથી ઘણો વેગળો બન્યો છે.

૧૩૬૩. આ ટાંકીની ચોકખાઈ અનંત છે, શરીરની ચોકખાઈ ઓછી કીંમતી છે.

૧૩૬૪. કારણ કે દિલ (જો કે તું) ટાંકી છે, છતાં છુપાવાની જગ્યામાં (નજર બહાર) તે

૧૩૬૫. તમારી છેવટના પવિત્રતા માટે મદદની જરૂર છે, નહિતર સંખ્યા ખર્ચાના (હિસાબે) ઘટી જશે.

૧૩૬૬. પાણીએ ગંદકીને કહ્યું, "જલ્દી સારામાં સમાઈ જા," ગંદકીએ કહ્યું, હું પાણી આગળ શરમ અનુભવું છું."

૧૩૬૭. પાણીએ કહ્યું, "મારા વગર આ (તારી) શરમ કેમ જશે? મારા વગર આ ગંદકી કેમ દૂર થશે ?"

૧૩૬૮. દરેક ગંદકી જે પાણીથી સંતાય છે તે (કહેવતના દાખલા માફક છે) "શરમ ઈમાનને અટકાવનાર છે."

૧૩૬૯. દિલ શરીરની ટાંકીનાં પગલાંથી ગારાવાળું બન્યું છે, શરીર દિલની ટાંકીઓના પાણીથી સાફ કરવામાં આવે છે.

" દરિયાના જો સરખામણી નાકર "

૧૩૭૦. ઓ પુત્ર, દિલની ટાંકીનાં પગલાંને વસાવ ધ્યાન રાખ અને હંમેશા કાયાની ટાંકીનાં પગલાથી ખબરદાર રહે.

૧૩૭૧. કાયાનો સમુદ્ર દિલના સમુદ્ર વિરુદ્ધ અફળાય છે (પણ) "તેઓ વચ્ચે અટકાયત છે કે જે તેઓ પસાર કરશે નહિ."

૧૩૭૨. અગર તમે સીધા (સાચા) અથવા વાંકા હો (છતાં) હમેશાં તેના તરફ અવાજ ન થાય તેમ ધીમે ધીમે આગળ વધો, પાછળ ન હટો.

૧૩૭૩. જો બાદશાહોની હજૂરમાં જવામાં જિંદગીનું જોખમ હોઈ તો પણ તેઓ કે જેઓ ઊંચી આશા રાખે છે તેવા (તેની હજૂરથી) અલગા રહી શકતા નથી.

૧૩૭૪. જ્યારે બાદશાહ સાકર કરતાં મીઠો છે ત્યારે જીવન તે મીઠાશમાં કુરબાન કરવું વધુ સારું છે.

૧૩૭૫. ઓ (પ્રેમીઓના) નીંદાખોર, તારીજ સલામતી હોજો ! ઓ સલામતીના શોધનાર તું મજબૂતાઈમાં નબળો છે.

૧૩૭૬. મારો આત્મા ભઠ્ઠી છે, અગ્નિનો સાથ સુખ છે ભઠ્ઠી માટે એ પૂરતું છે કે તે અગ્નિનું ઘર છે,

૧૩૭૭. ભઠ્ઠીની માફક પ્રેમ એ કાંઈક બાળેલી વસ્તુ છે, જે કોઈ આનાથી આંધળો છે તે ભઠ્ઠી નથી.

૧૩૭૮. જ્યારે અપૂરતી ખાદ્યસામગ્રી તારી ખાદ્યસામગ્રી બને છે ત્યારે તેં કાયમી જિંદગી મેળવી છે અને મૃત્યુ મરી ગયું છે.

૧૩૭૯. જ્યારે (પ્રેમના) દર્દે તારી (રૂહાની) ખુશી વધારવી શરૂ કરી છે ત્યારે ગુલાબ અને કમળે તારા દિલની બગીચાનો કબજો લીધો છે.

૧૩૮૦. તે કે જે બીજાની બીક છે તે તારી સલામતી છે, નદી થકી બતક મજબૂત છે પાળેલો કૂકડો અશક્ત. (છે)

૧૩૮૧. ઓ હકીમ, ફરી એકવાર હું ગાંડો બન્યો છું. ઓ પ્યારા, ફરી એકવાર હું ઉન્માદિત બન્યો છું.

૧૩૮૨. તારી સાંકળની કડીઓ લાખો રૂપની છે, દરેક કડી જુદી જુદી જાતનું ગાંડપણ લાવે છે.

૧૩૮૩. દરેક કડીની બક્ષિશ જુદા જુદા રૂપમાં (સમાયેલી) છે, એટલા માટે દરેક પળે મારામાં જુદુ જુદુ ગાંડપણ છે.

૧૩૮૪. તેથી "ગાંડપણ જુદા જુદા રૂપનું હોય છે." આ એક કહેવત બની ગઈ, ખાસ કરીને આ સૌથી કીર્તિવંત શાહજાદાની સાંકળ માટે (તે સત્ય છે).

૧૩૮૫. આવા ગાંડપણે (મારી સમજણથી) બેડીઓ તોડી નાખી છે, કે બધા ગાંડા માણસો મને ચેતવણી આપે.

કાયમી જીંદગી : મૃત્યુ મરી જવું.
કડી – ની બક્ષીસ જુદા જુદા રૂપમાં સમાયેલી છે,
– જુદી જુદી જાતનું ગાંડપણ લાવે છે

## ગાંડાના દવાખાને ઝુન્નુનના દોસ્તોનું આવવું.

૧૩૮૬. મિસરવાસી ઝુન્નુનને એવું બન્યું કે તેની અંદર નવા ઉશ્કેરાટ અને ગાંડપણે જન્મ લીધો.

૧૩૮૭. તેનો ઉશ્કેરાટ એવો વિરાટ બન્યો કે તેની કડવાશ આસમાન સુધી રહેનારા (બધાનાં) દિલમાં પહોંચતી હતી.

૧૩૮૮. ઓ (તું કે જે) ક્ષારની જમીનનો છે તે ખબરદાર રહે, પવિત્ર રૂહાની પેશ્વાઓના ઉશ્કેરાટ વિરુદ્ધ તારો ઉશ્કેરાટ બતાવતો નહિ.

૧૩૮૯. લોકો તેનો ઉશ્કેરાટ સહન કરી શક્યા નહિ, તેની ગરમી તેઓની (મઝહબી) સમજણ ઉશ્કેરતી હતી.

૧૩૯૦. જ્યારે (તે) અગ્નિ પેલા નીચની દાઢીના વાળ પર પડી, તેઓએ તેમને બાંધ્યા, અને કેદમાં પૂર્યા.

૧૩૯૧. જોકે અધમ આવી રીતે દુઃખી થાય તો પણ તેની કેડ પાછી વાળવી અશક્ય હતી.

૧૩૯૨. આ (રૂહાની) રાજાઓએ પોતાની જિંદગીઓ (આવા) નીચથી ભયમાં મૂકાયેલી જોઈ છે, કારણ કે આ સમુદ્ર આંધળો છે, અને (રૂહાની) રાજાઓ (દૃષ્ટિએ) વડે તેવી નિશાનીઓ વગરના (છે).

૧૩૯૩. જ્યારે અધિકાર દુરાચારીના હાથમાં હોય છે ત્યારે ઝુન્નુન અનિવાર્યપણે જેલમાં જ હોય.

૧૩૯૪. મોટો બાદશાહ એકલો સવારી કરે છે, આવું અમૂલ્ય મોતી બચ્ચાઓના હાથમાં ?

૧૩૯૫. અરે મોતી (તો) શું ? (નહિ.) ટીપામાં દરિયો સમાયો છે. એક સૂર્ય રજકણમાં સંતાયો ?

૧૩૯૬. સૂર્યે પોતેજ રજકણ જેવો દેખાવ કર્યો, અને ધીરે ધીરે પોતાનો ચહેરો ખુલ્લો કર્યો.

૧૬૯૭. બધાં રજકણો તેમાં અદૃશ્ય થયાં. (આખી) દુનિયાને તેનાથી કેફ ચડ્યો, અને (પછી) ગંભીર બની.

૧૩૯૮. જ્યારે અધિકારની કલમ દગલબાજના હાથમાં હોય છે, વિના સવાલે મનસૂર ફાંસી પર હોય છે,

૧૩૯૯. જ્યારે આ સત્તા મૂર્ખ ધરાવે છે ત્યારે તેનું પરિણામ એ આવે છે કે "તેઓ પયગમ્બરોને મારી નાખે છે."

૧૪૦૦. લોકો કે જેઓએ (દિલનો) રસ્તો ગુમાવ્યો હતો તેઓએ મૂર્ખતા અંગે પયગમ્બરોને કહ્યું, "જુઓ, અમે તમારામાંથી ખરાબ ભવિષ્ય ભાંખીએ છીએ."

૧૪૦૧. ક્રીશ્ચીયનોની અજ્ઞાનતા જુઓ ધણી પાસે બચાવવા અરજ કરે છે કે જેને (સૂળી ઉપર) લટકાવવામાં આવેલ હતો.

દીપા માં દરિયા સમાયા
કલમ દગાબાજ ના હાથમાં - મનસૂર ને વિના
મૂર્ખ પાસે સત્તા નો - પયગંબર ... મારી
ક્રિશ્ચીયનો ની અજ્ઞાનતા - ધણી પાસે અરજ જેને

૧૪૦૨. જ્યારે (ક્રીશ્ચીયનોની) માન્યતા પ્રમાણે તે જ્યુ થકી ક્રોસ પર ચડાવી મારી નાખવામાં આવેલ તો પછી તે તેઓને કેમ બચાવશે ?

૧૪૦૩. જેમકે તે બાદશાહ (હ. ઈસાનું) દિલ તેઓ (ક્રીશ્ચીયનો) ખાતર લોહી કાઢે છે, (તો પછી) તેઓ માટે ભંગ ન કરી શકાય તેઓ બચાવ કેમ હોય ? "તું તેઓમાંનો એક છે"

૧૪૦૪. ચોકખા સોનાને તથા સોનીને (બીજા કરતાં) ખોટા ભેળસેળ કરેલાથી વધુ ભય છે

૧૪૦૫. બદ લોકોની ઈર્ષા થકી યુસુફને સંતાડવામાં આવે છે કારણ કે ખૂબસૂરતીના દુશ્મનો અગ્નિમાં (દુઃખમાં) રહે છે.

૧૪૦૬. યુસુફો (તેઓના) ભાઈઓના પાપે ખાડામાં છે કે જેઓ અદેખાઈના પ્રતાપે યુસુફને વરુઓને (હવાલે કરે છે).

૧૪૦૭. તેના અંગે માયાળુ યાકુબને હંમેશા યુસુફ માટે આ વરુનો ભય અને બીક હતી.

૧૪૦૮. તેના અંગે માયાળુ યાકુબને હંમેશા યુસુફ માટે આ વરુનો ભય અને બીક હતી.

૧૪૦૯. બહારનો (દેખાતો) વરુ, ખરેખર હ. યુસુફ તરફ આવતો નહિ, (પણ) આ ઈર્ષા ખરેખર (ખારમાં) ચઢિયાતી છે.

૧૪૧૦. આ વરુએ જખમો કર્યાં, અને ખાસ દરગુજર કરવા (આ શબ્દો) આવ્યા, "અરે, અમે એક બીજા સાથે સંપૂર્ણ કરવા ગયા."

૧૪૧૧. લાખો વરુઓને આ લુચ્ચાઈ આવડતી નથી. (પણ) આ વરુને આખરે શરમમાં મૂકવામાં આવશે રાહ જો. (અને જોઈશ)

૧૪૧૨, કારણ કે દુઃખના દિવસે અદેખાઓને શક વગર (મડદામાંથી ઉડાવવામાં) આવશે અને વરુઓના આકારમાં (ઈન્સાફ માટે) ભેગા કરવામાં આવશે.

૧૪૧૩. હરામ ખોરાક ખાનારા કંજૂસોને કયામતમાં કયામતને દિવસે ડુક્કરના આકારમાં હશે.

૧૪૧૪. હવસખોરના મોઢાં પશ્ચાતાપ કરી શકતાં નથી. (જેમ) શરાબ પીનારામાં મોઢાં દુર્ગંધ મારતાં હોય છે.

૧૪૧૫. છુપાએલી બદઓ કે જે (લોકોના) દિલ સુધી જ પહોંચતી હતી તે કયામતમાં ખુલ્લી અને દેખીતી બની જશે.

૧૪૧૬. માણસોના જીવ એ જંગલ છે, આ જીવની વિરુધ્ધ તારો પોતાનો ચોકીદાર બન, જો તમે (દેવી) ફૂંકવાળા છો (હ. ઈસા માફક.)

૧૪૧૭. આપણા જીવમાં હજારો વરુઓ અને ડુક્કરો છે (ત્યાં) ભલા અને બૂરા, સુંદર અને કદરૂપા (છે.)

ડુક્કર નાં આકારમાં. હરામ ખોરાક ખાનારા કંજૂસો.

૧૪૧૮. સ્વભાવ કે જે બહુ અગત્યનો હોય છે તે (તમે કેવા છો તે) તમારા નિર્ણય ઉપરથી (જણાય છે) જ્યારે સોનું જસત કરતાં વધુ હોય તો તે સોનું છે.

૧૪૧૯. કાર્યની રીત જે બહુ અગત્યની તમારી ખાસિયતમાં (છે) તેવી જ રીતે (મૃત્યુમાંથી) તેવાજ આકારમાં તમે ઉઠશો.

૧૪૨૦. એક વખતે વરુ માણસમાં દાખલ થાય છે બીજી વખતે ચંદ્રમા જેવી ખૂબસૂરતી યુસુફ જેવા ચહેરાથી (દાખલ થાય છે.)

૧૪૨૧. ભલા અને ધિક્કારવા જેવા ગુણો દિલોમાંથી દિલોમાં ગુપ્ત રસ્તે દાખલ થાય છે.

૧૪૨૨. નહિ. ડહાપણ અને જ્ઞાન અને ચતુરાઈ માણસમાંથી બળદ અને ગધેડામાં, પસાર થાય છે.

૧૪૨૩. તોફાની ઘોડો નમ્ર અને શાંત બને છે, રીંછ નાચે છે, બકરી સલામ કરે છે.

૧૪૨૪. ઈન્સાની જીવોમાંથી ઈચ્છા કૂતરામાં પસાર થાય છે, તે જેથી તે ભરવાડ અથવા શિકારી અથવા (ઘરનો) ચોકીદાર છે.

૧૪૨૫. (ગુફાની) મંડળીના કૂતરામાં પેલા સૂતેલાઓમાંથી સ્વભાવ પસાર થયો કે જેથી તે ખુદાનો શોધનારો બન્યો હતો.

૧૪૨૬. દરેક પળે એક (જુદા જુદા) પેટા વિભાગો દિલમાં ફુટી નીકળે છે કયારેક સેતાનીક અને કયારેક ફિરસ્તાઈ, અને કયારેક જંગલી જ આવશે.

૧૪૨૭. તે ભવ્ય જંગલમાંથી કે જેનાથી જાનવરો સુધી દરેક સિંહ જાણીતો છે ત્યાં એક ખાનગી રસ્તો છે જે (રૂહાની શીકારની) જાળ પાથરે છે.

૧૪૨૮. ઓ તું કે જે કૂતરાથી હલકો છે તારી અંદરથી રૂહાનિયત મોતી ચોરી લે. તેઓના (હૃદયમાંથી) કે જેઓ ખુદાને ઓળખે છે.

૧૪૨૯. કોઈ પણ ભોગે તમારે ચોરવું જોઈએ (કદાચ) તે સુંદર મોતી (અને) જ્યારે તમે બોજો સહન કરવા જાઓ છો તો ગમે તે ભોગે તે ઉમદા બનવો જોઇએ.

### મુરીદોનું સમજવું કે ઝુન્નુન ગાંડો બન્યો નથી (પણ) ઈરાદાપૂર્વક (આમ) કર્યું છે.

૧૪૩૦. દોસ્તો ઝુન્નુનની વાત સાંભળીને જેલમાં તપાસ કરવા ગયા અને તેને લગતો મત ઉચ્ચાર્યો.

૧૪૩૧. કહેવા લાગ્યા કે કદાચ તે આમ ઈરાદાપૂર્વક કહે છે અથવા તેના (ઊંડાણમાં) કાંઈ ડહાપણ સમાયેલું હશે. આ દીનનો તે પ્રકાશની નિશાની અને ધડો લેવા જેવો છે.

૧૪૩૨. દરિયા સમજ તેની સમજશક્તિથી ગાંડપણ તો દૂર કર. મૂર્ખાઈ છોડી નાસી જાય !

૧૪૩૩. તેની (રૂહાનિયત) સંપૂર્ણતા મેળવેલ દષ્ટિને નજર સમક્ષ રાખી ખુદાએ મના કરી છે કે બીમારીનાં વાદળ તેના ચંદ્રમાને ઢાંકે !

સ્વભાવ :- તમારા નિર્ણય થી જણાય. કાર્ય નીતિ

૧૪૩૪. ગીધના દુષ્ટપણાથી (રક્ષણ મેળવવા) તે તે ઘરમાં દાખલ થયો છે, તેની (રૂહાનિયત) નિરોગીપણાને કલંક લાગે તે માટે (કદાચ) ગાંડો થયો હોય.

૧૪૩૫. કંટાળાજનક શારીરિક સેવા કરતી સમજની અધમતાની લાગણીમાંથી બહાર નીકળી ઈરાદાપૂર્વક તે ગાંડો બન્યો હોય.

૧૪૩૬. કહે છે, મને સખ્ત બાંધો અને ગાયને માથા અને પીઠ પર મારવાના સાધનથી (મારાં) આ (બાબતનો) વાદવિવાદ ન કરો.

૧૪૩૭. (ગાયનો) ભાગના ફટકાથી હું કદાચ જીંદગી મેળવું. ઓ ઈમાનદાર, જેમ મરેલાએ હ. મૂસાની ગાય થકી (જિંદગી મેળવી હતી.)

૧૪૩૮. ગાયનો એક ટુકડો ફટકારતાં હું પણ ખુશી મેળવું. અતે સારો થાઉં જેમ મૂસાની ગાય થકી મરેલો (સારો થયો.)

૧૪૩૯. ખૂન કરાએલા માણસની ગાયની પૂંછડીના ફટકાંથી સજીવ થયો હતો. તે (રૂહાની રીતે) સાચું સોનું બન્યો, જસતની માંફક (કે જે) અર્ક થકી (બદલાઈ જાય છે.)

૧૪૪૦. ખૂન થએલા માણસ ઉભો થયો અને ગુપ્ત હકીકત કહી. તેણે પેલી લોહી તરસી ટોળીની હકીકત જાહેર કરી.

૧૪૪૧. તેણે ખુલ્લી રીતે કહ્યું, આ લોકો કે જેઓ મારી વિરુધ્ધ (ગુસ્સામાં) લડે છે તેઓએ મારું ખૂન કર્યું હતું.

૧૩૪૨. જ્યારે આ પાર્થિવ કાયાને મારી નાંખવામાં આવી, તેનું સત્વ કે જે (રૂહાની) ગુપ્ત હકીકતો જાણે છે તેને જીવન આપવામાં આવ્યું.

૧૪૪૩. તેનો આત્મા બહેસ્ત અને દોઝખથી આગ જુએ છે. અને બધા ગુઢાર્થોનો ભેદ સમજવો.

૧૪૪૪. તે સેતાની ખૂતીઓને ખુલ્લા પાડે છે. અને તે પાપ અને ઢોંગની જાળને ખુલ્લી કરે છે

૧૪૪૫. (નફસે અમ્મારા રૂપી) ગાયને મારવી એ સૂફી (તરીકાએ) (લાદેલી) શરત છે. એટલા માટે કે રૂહ તેનું આંતરીક મન આ પૂંછડીના ફટકાથી જાગૃત થાય.

૧૫૪૬. જલ્દી તે ગાય, તારો નફસે અમ્મારાને મારી નાખ કે જેથી સંતાયેલા જીવ જાગૃત અને સજીવ બને.

### ઝુન્નુનની વાર્તા ફરી હાથ ધરવા વિષે.

૧૪૪૭. જ્યારે પેલા લોકો તેની નજીક આંવ્યા, તેણે બૂમ પાડી "એઈ, તમો કોણ છો ? ખબરદાર થાઓ."

૧૪૪૮. તેઓ માનપૂર્વક કહે, "અમો કેટલાક દોસ્તો છીએ, અમો તમારી ભલાઈ ઈચ્છવા અહીં આવ્યા છીએ."

ખુન થયેલ ઉભો થયો — ગુપ્ત હકીકત કહી
કાયાને મારવું. ... સત્વ જે હકીકત જાણે ...
ગાય: નફસે અમ્મારા : ને મારવું.

૧૪૪૯. ઓ સમજણના સાગર તમે કેમ છો ? તમારી સમજણની કઈ વિચારધારા તમોને ગાંડપણમાં (લઈ ગઈ છે)

૧૪૫૦. રાંધણીમાંનો ધુમાડો સૂરજ સુધી કેમ પહોંચે ? કાગડાએ ‘ ઉન્કા ’ ને કેમ કચર્યો ?

૧૪૫૧. અમારાથી સત્ય છૂપાવો નહિ. આ બાબત સમજાવો, અમો (તારા) પ્રેમીઓ છીએ. અમારી સાથે આવું વર્તન ન કરો.

૧૪૫૨. એક જણે પોતાના પ્રેમીઓને નસાડી મૂકવા ન જોઈએ અને ખોટા ઢોંગ અને પડદાથી તેમને ઠગવા ન જોઇએ.

૧૪૫૩. ઓ બાદશાહ, આ ગુપ્ત હકીક્ત દિલખોલીને કરો. ઓ ચંદ્રમા; તમારો ચહેરો વાદળોમાં છુપાવો નહિ.

૧૪૫૪. અમો તમોને ખરા દિલથી ચાહીએ છીએ અને અમારા દિલમાં જખમો થયા છે (તમારી હાલત જોઈને) બંને દુનિયામાં અમારા દિલ તારી સાથે એક થયાં છે.

૧૪૫૫. તેણે હલકા શબ્દો અને બેફામ ખરાબ નામથી બોલાવવા (શરૂ કર્યા,) તે ગાંડા માણસની માફક ગુસ્સા ભરેલા શબ્દો બોલ્યો.

૧૪૫૬. તેણે કૂદકો મારી પથરા અને લાકડી ફેંકવી શરૂ કરી. આખી મંડળી ફટકાની બીકથી ભાગી છૂટી.

૧૪૫૭. તેઓ જોરથી હસ્યા. અને માથું ઉછાળ્યું. તેણે કહ્યું : આ દોસ્તોની ખોટી બડાઈ. જુઓ.

૧૪૫૮. દોસ્તો જુઓ ? (સાચી) મિત્રતાની નિશાની ક્યાં છે ? (સાચી) મિત્રોને દુઃખ એ જિંદગી. માફક (પ્યારું છે)

૧૪૫૯. એક દોસ્ત પોતાના દોસ્તે નાખેલા દુઃખ થી પીઠ ફેરવે ? દુઃખ એતો છીલટું છે અને દોસ્તી (માત્ર) સત્ય મિસાલ છે.

૧૪૬૦. (સાચી) મિત્રતાની નિશાની દુઃખ અને તકલીફ સહન કરવામાં આનંદ નથી ?

૧૪૬૧. દોસ્ત સોના માફક છે. દુઃખ અગ્નિ મિસાલ છે. સાચું સોનું અગ્નિમાં રાજી હોય છે.

### લુકમાનના શેઠની સાધુતાની ચકાસણી કરવા.

૧૪૬૨. લુકમાન કે જે નિસ્વાર્થ ગુલામ હતો અને દિવસ અને રાત સેવામાં ચપળ હતો. તેને માટે આ બન્યું તે હકીક્ત (ખરી) નહતી.

૧૪૬૩. તેનો શેઠ (સેવાના) કાર્યમાં (બધા માં) તેની પસંદગી કરતો અને તેના પોતાના દીકરા કરતાં

૧૪૬૪. કારણ કે લુકમાન. જો કે તે જન્મનો ગુલામ હતો તો (પણ) તે (પોતાનો) શેઠ હતો. અને વિષયવાસનામય ઈચ્છાઓથી પર હતો.

૧૪૬૫. અમુક રાજાએ શેખને વાતચીતમાં કહ્યું, “મારી પાસે તમારા માટે કાંઇ બક્ષિસ માગો.”

દોસ્ત = સોનું.

અગ્નિમાં (દુઃખ)માં રાજી

જન્મનો ગુલામ
પોતાનો શેઠ : વાસના મોહ પર :

૧૪૬૬. તેણે જવાબ આપ્યો, "ઓ બાદશાહ, આવી વાત મારી પાસે કરતાં તમોને શરમ આવતી નથી ? ઉપર આવો.

૧૪૬૭. મારી પાસે બે ગુલામો છે. અને તેઓ જંગલી છે અને પેલા બન્ને તારા ઉપર બાદશાહો અને માલિકો છે."

૧૪૬૮. બાદશાહે કહ્યું, "તે બેઉ કયા છે ?" "તે એક ભૂલ છે તેણે જવાબ આપ્યો," "એક ગુસ્સો છે અને બીજો વિષય વાસના છે."

૧૪૬૯. બાદશાહી સાથે સંબંધ નહોવા છતાં તેને રાજા જાણો. તે કે જેનું "નૂર" ચંદ્રકે સૂર્ય વગર પ્રકાશે છે.

૧૪૭૦. (માત્ર) તેજ કે જેનું સત્વ (રૂહાની સત્યોનો) ખજાનો છે. તેજ ખજાનાને કબજામાં રાખે છે (માત્ર) તે કે જે (પોતાના ખુદના) અસ્તિત્વનો દુશ્મન છે તેજ. (ખરા) અસ્તિત્વને કબજામાં રાખે.

૧૪૭૧. લુકમાનનો શેઠ દેખીતી રીતે શેઠ હતો. વાસ્તવિક રીતે લુકમાનનો શેઠ લુકમાનનો ગુલામ હતો.

૧૪૭૨. આ ગુન્હાહિત દુનિયા કે જ્યાં એવા ઘણા આ (જાતના) છે. તેઓની નજરમાં મોતી તણખલાથી હલકું છે.

૧૪૭૩. દરેક જંગલને 'મફાઝા'નું નામ આપવામાં આવેલ છે, નામ અને સત્યાભાસ રૂપે તેઓની સમજણ ઉપર ગળાફાંસો બાંધ્યો છે.

૧૪૭૪. ચોકકસ વર્ગના લોકોને (તેઓનાં) કપડાં જાણીતો બનાવે છે. જો તેણે 'કબા' (પહેર્યું હોય) તો તેઓ કહેશે તે નીચજાતિ સંબંધિત છે.

૧૪૭૫. એક વર્ગના લોકોની (જાણીતી નિશાની) દરવેશોના ઢોંગી દેખાવની (છે) (પણ) પ્રકાશની જરૂર છે કે (કોઈપણ) એકાંતવાસીની જાસૂસી કરે.

૧૪૭૬. પ્રકાશની જરૂર છે (એક પ્રકાશ) કે જે દાંભિક નુકશાનકારક વાણીથી સાફસૂફી કરેલો હોય, કે જેથી તે કાર્ય અને શબ્દની (ખાત્રી વગર પણ) ઓળખી શકાય.

૧૪૭૭. અને બુદ્ધિપૂર્વક તેના દિલમાં તે ઉતરી જાય, અને તેઓની ખરી હાલત નિહાળે અને હઠધર્મી તરીકે રહી ન જાય.

૧૪૭૮. (ખુદાના) પસંદ કરાએલા સેવકો, અદશ્ય ચીજોના જાણવાવાળા, રૂહાનિયત દુનિયામાં દિલ ઉપરના જાસૂસો છે.

૧૪૭૯. તે (આત્મા) દિલની અંદર કલ્પનાની માફક દાખલ થાય છે, (ખરી) હાલતનું ગૂઢાર્થ તેને ખુલ્લો કરવામાં આવે છે.

૧૪૮૦. ચકલીના શરીરમાં કઈ શક્તિકે ડહાપણ છે કે તે બાજની બુદ્ધિમાં સંતાએલું છે (તે જાણી શકે) ?



બે ગુલામ જંગલી – (૧) ગુસ્સો (૨) વાસના } બંને રાજા

૧૪૮૧. તે કે જે "હું" (ખુદા)ની ગુપ્ત હકીકતોથી માહિતગાર બન્યો છે તેને માટે બનાવેલા જીવોની ગુપ્ત વાતો (જાણવી કઈ વિસાતમાં છે)?

૧૪૮૨. તે કે જે અવકાશોમાં ચાલે છે, તો તેને દુનિયા પર ચાલવું કેમ મુશ્કેલ હોય?

૧૪૮૩. જેમ લોઢું હ. દાઉદના હાથમાં મીણ બન્યું, તો પછી એ અન્યાય આચરનાર, તેના હાથમાં મીણ (તે વળી કઈ વસ્તુ છે).

૧૪૮૪. લુકમાન દેખાવમાં ગુલામ હતો (હકીકતમાં) શેઠ હતો. બહારની દેખીતી નજરે જ તે ચાકરી કરતો હતો.

૧૪૮૫. જયારે શેઠ અજાણી જગ્યા કે જ્યાં તેને કોઇ ઓળખતું ન હોય ત્યાં જાય છે ત્યારે તે પોતાનાં કપડાં પોતાના ગુલામને પહેરાવે છે.

૧૪૮૬. તે પોતે ગુલામનાં કપડાં પહેરે છે અને તેના ગુલામને આગેવાન બનાવે છે.

૧૪૮૭. તે રસ્તાપર તેની પાછળ જેમ ગુલામો ચાલે છે તેમ ચાલે છે, રખેને કોઈ તેને (ખરી હાલતમાં) ઓળખી જાય.

૧૪૮૮. તે કહે છે, એ ગુલામ, જા અને માનવંતી જગ્યાએ બેસ. હું હલકામાં હલકા ગુલામની માફક તારા બૂટ ઉપાડીશ.

૧૪૮૯. મારી સાથે તોછડાઈથી વર્તજે અને ગાળો દેજે, મારા તરફ કાંઈ પણ માન રાખતો નહિ.

૧૪૯૦. તારી પૂરેપૂરી સેવા કરવાના મેં અખાડા કર્યા છે, જ્યારે કે મેં પરદેશી જમીનમાં રહી યુક્તિઓનાં બી વાવ્યાં છે.

૧૪૯૧. શેઠોએ આવાં ગુલામી ભરેલાં કાર્યો કરેલાં છે, એટલા માટે કે તેઓ માટે તેઓ વિચારે કે તેઓ ગુલામો છે.

૧૪૯૨. તેઓએ તેઓનું ધણીપણું ભરેલું જોયું, અને (તેનાથી) તેઓ સંતોષ પામ્યા. (જેથી) તેઓ (ગુલામનું) કામ કરવા તૈયાર થયા.

૧૪૯૩. તેનાથી ઊલટું આ વિષય વાસનાનાં ગુલામો પોતાને બુદ્ધિ અને જીવના માલિક તરીકે પોતાને ઓળખાવ્યા.

૧૪૯૪. શેઠાઇમાંથી (રૂહાનિયત માણસમાંથી) નહિવતપણું બહાર આવે છે. ગુલામમાંથી (વાસનામય ઇન્સાનમાંથી) ગુલામપણું બહાર આવે છે.

૧૪૯૫. તેથી ત્યારબાદ, આ અને પેલી દુનિયા વચ્ચેનો ભેળસેળ વહેવાર છે, આ ચોક્કસ રીતે સમજ.

૧૪૯૬. લુકમાનનો શેઠ (લુકમાનના) આ ગુપ્ત હાલતથી સભાન હતો તેણે (તેનામાં) આ નિશાનીઓ જોઇ હતી.

૧૪૯૭. તે મુસાફર (લુકમાનનો શેઠ) આ ગુપ્ત હકીકત જાણતો હતો, (પણ) ભલાઈની ખાતર પોતાને રસ્તે શાંતિથી ચાલ્યો જતો હતો.

લોઢું હ. દાઉદના હાથમાં મીણ..
લુકમાન - ગુલામ નહિ પરંતુ શેઠ.
અજાણી જગ્યામાં શેઠ ગુલામના કપડાં
અને લુકમાન શેઠના કપડાં પહેરે
(ગુલામ)
મારી સાથે - તોછડાઈથી વર્તે

૧૪૯૮. શરૂઆતમાં તેણે તેને આઝાદ કરી દીધો હોત, પણ તેણે લુકમાનની (ઇચ્છાને) અમલમાં મૂકી.

૧૪૯૯. કારણ કે તે લુકમાનની (પોતાની) ઈચ્છા (ગુલામ રહેવાની) હતી. એટલા માટે કે કોઈ આ બહાદુર અને મહાન યુવાનની ખાનગી વાત જાણે નહિ.

૧૫૦૦. તમે તમારી ખાનગી વાત દૃષ્ટથી સંતાડો તેમાં કંઈ અજાયબી છે. વિચિત્રતા તો તે છે કે તમે તમારાથી ગુપ્ત હકીકત સંતાડો.

૧૫૦૧. તમારી પોતાની આંખોથી તમારું કામ સંતાડો કે જેથી તમારું કામ ખરાબ આંખથી સલામત બની જાય.

૧૫૦૨. (ખુદાઈ) બક્ષિસના ફાસાની શરણાગતિ સ્વીકાર અને પછી તને પોતાને (જીવની) નજીક લઈ જા. અને તારા પોતામાંથી કાંઈક ચોર.

૧૫૦૩. તેઓ ઘાયલ માણસને અફીણ આપે છે, એટલા માટે કે તેઓ તેના શરીરમાંથી ભાલા કે તીરની) અણી ખેંચી લે.

૧૫૦૪. મૃત્યુ સમયે તે દુઃખથી તૂટેલો છે તે તેનામાં જ વળગેલો રહેશે અને (તે દરમ્યાન તેનો જીવ (જિંદગી) ઝૂંટવાઈ જશે.

૧૫૦૫. તેવી જ રીતે જે પણ વિચાર તમારૂં મગજ છોડી દેશે, કાંઈક ગુપ્ત રીતે તમારા-માંથી ઝૂંટવાઈ જશે.

૧૫૦૬. (એને તેવી જ રીતે) જે કાંઈપણ તમે વિચારશો અને (જે પણ) વસ્તુ તમે મેળવેલી હશે, જ્યાં તમને સલામતી લાગશે ત્યાં બાજુની બાજુએથી ચોર દાખલ થશે.

૧૫૦૭. કાર્યમાં મશગૂલ રહે, તેમાં કે જે વધુ ઉત્તમ છે એટલા માટે કે ચોર તારી પાસેથી ઓછી કિંમતનું ચોરી જાય.

૧૫૦૮. જ્યારે વેપારીની ગાંઠડીઓ પાણીમાં પડે છે, તે પોતાના હાથ વધુ સારી વેપારી ચીજો ઉપર અજમાવે છે.

૧૫૦૯. જ્યારે ચોક્કસપણે પાણીમાં કાંઇક ગુમાવવાનું છે ત્યારે ઓછી કિંમતનું છોડી દે અને ઉત્તમ મેળવ ાની (કોશિશ કર)

## તેઓ કે જેઓએ લુકમાનની ચકાસણી કરી તેઓને લુકમાનની સાધુ જાહેર થઇ જવા વિષે

૧૫૧૦. જે પણ ખાવાનું તેના (લુકમાનના શેઠ) માટે લાવતા તે કોઈને લુકમાનને બોલાવવા મોકલતો.

૧૫૧૧. કે જેથી લુકમાન (પણ) તે ખાવામાં (ભાગ લે) એટલા માટે કે (લુકમાનનો) શેઠ તેનું બાકી રહેલું ખાય.

૧૫૧૨. તે તેનું બાકી રહેલું ખાઇ ખુશી થાય. કોઈ પણ ખોરાક તે સ્વાદ ન ચાખે તો (લુકમાનનો શેઠ) તેને ફેંકાવી દે.

૧૫૧૩. અગર જો કે તેણે (તેમાંનુ) ખાધું, તો તે દિલ અને ભૂખ વગર (ખાધું) આ હદ વગરની સ્નેહાકર્ષણની (નિશાની) છે.

૧૫૧૪. તેઓ એક તરબૂચ ભેટ તરીકે લાવ્યા હતા. તેણે કહ્યું, "જાઓ, મારા પુત્ર લુકમાનને (અહીં) બોલાવી લાવો."

૧૫૧૫. જ્યારે તેણે તે કાપીને એક ચીર તેને આપી, તે તેણે જાણે કે સાકર અને મધ (જેવી મીઠી) હોય તેમ ખાધી.

૧૫૧૬. તેણે જે ખુશીથી ચીર ખાધી (તે જોઈ) તેણે બીજી ચીર આપી, (આવી રીતે એક પછી એક) તેણે તેને સત્તર ચીરો આપી.

૧૫૧૭. એક ચીર બાકી રહી. તેણે કહ્યું, "હું (પોતે જ) આ ખાઇશ, કે જેથી મને ખબર પડે કે આ તરબૂચ કેવું મીઠું છે."

૧૫૧૮. તે (લુકમાન) એવી ખુશીથી ખાઈ રહ્યા છે તેની ખુશીમાં બધી ટેવો આતુર અને અને કોળિયો કરવાની ઉત્કંઠામાં (પરોવાઈ ગઇ).

૧૫૧૯. તેના (શેઠે) જેવું તે ખાધું કે તેવો જ તેના (દિલમાં) તેના કડવાશથી (જાણે કે) અગ્નિ ઉઠયો, તેની જીભમાં ફોલ્લા પડયા અને તેનું ગળું બળ્યું.

૧૫૨૦. થોડીવાર માટે તે તેના કડવાપણામાં પોતાને ખોઈ બેઠો, ત્યારબાદ તેણે તેને કહ્યું, "ઓ (તું કે જે) આત્મા અને દુનિયા છો.

૧૫૨૧. આ બધા ઝેરને તેં અમૃત કેમ કર્યું ? આ ઘાતકીપણામાં તેં દયા કેમ જોઈ ?

૧૫૨૨. આ કેવી ધીરજ છે ? શા કારણે આવું ધૈર્ય ધર્યું અથવા દૈવયોગે, આ તારી જિંદગી તારા મતે શું દુશ્મન છે (કે જેનો તું ખુશીથી નાશ નોતરે છે ?)

૧૫૨૩. શા માટે ખૂબીપૂર્વક તું માગણી ન કરી એમ કહીને કે મને માફ કરો (ખાવાથી) થોડીવાર અટકાવો."

૧૫૨૪. લુકમાને કહ્યું, "મેં આટલું બધું તમારા ઉદાર હાથથી ખાધું, કે જે શરમથી બેવડ વળી ગયો છે.

૧૫૨૫. એ તમો કે જેઓ જ્ઞાન ધરાવનારા છો, તેમના હાથની કડવી ચીજ ન ખાવા માટે હું શરમાયો હતો.

૧૫૨૬. જ્યારે મારા બધા અવયવો તારી ઉદારતામાંથી મોટા થયા છે, અને તમારી તાબે દોરી અને જાળમાં સપડાયેલા છે.

૧૫૨૭. જો હું એક બૂમ કે ફરિયાદ એક કડવી ચીજ માટે કરું તો (મારા) બધા (શરીરના) ભાગો પર સો રસ્તાની ધૂળ પડો,

૧૫૨૮. તે (તરબૂચમાં) તમારા સાકર વરસાવતા હાથને આનંદ હતો. (આવો આનંદ) આ આ તરબૂચમાં કડવાશ કેવી રીતે દે છે?

૧૫૨૯. પ્રેમ અંગે કડવી ચીજ મીઠી બને છે, પ્રેમ થકી જસતના કટકા સોનું બને છે.

૧૫૩૦. પ્રેમ થકી ગંદુ ચોકખું બને છે, પ્રેમ થકી (જખમમાં) દુઃખોને રૂઝ આવી જાય છે.

૧૫૩૧. પ્રેમ થકી મડદાં જીવતાં થાય છે, પ્રેમ થકી રાજાને ગુલામ બનાવાય છે.

૧૫૩૨. વધુમાં આ પ્રેમ એ જ્ઞાનનું પરિણામ છે. આવા તખ્ત ઉપર મૂર્ખતામાં કદી કોઈ બેઠો છે?

૧૫૩૩ કયા પ્રસંગે અધૂરા જ્ઞાને પ્રેમનો જન્મ આપ્યો છે? અધૂરું (જ્ઞાન) પ્રેમને જન્મ આપે છે પણ જે (હકીકતમાં) નિર્જીવપણે (તેને જ પાત્ર જન્મ આપે છે.)

૧૫૩૪. જ્યારે તે નિર્જીવ ચીજ પોતાને મનપસંદ (ચીજનો) રંગ જુએ છે. જાણે કે તેણે સિસોટીમાં પ્યારાનો અવાજ સાંભળ્યો.

૧૫૩૫. અધૂરૂં જ્ઞાન વિચારીને જુદુ પાડી શકાય નહિ. તે જરૂરિયાત અંગે વીજળીને સૂર્ય જુએ છે.

૧૫૩૬. જ્યારે હ. પયગમ્બર સાહેબે અધૂરા (માણસોને) શ્રાપિત કહી બોલાવ્યા, (તેનો અર્થ) હતો "અધૂરા દિલના"

૧૫૩૭. કારણ કે કોઈના શરીરની ખામી એ (ખુદાઈ) દયાને આધારિત છે, ખુદાઈ દયાના હેતુ વિરુદ્ધ શ્રાપ આપવો કે ગુસ્સો કરવો તે અયોગ્ય છે.

૧૫૩૮. મનની ખામી એ મોટું દર્દ છે, અને તેનું કારણ (ખુદાનો) શ્રાપ છે. (અને ખુદાની હજૂરમાંથી) દેશવટો દેવા લાયક છે.

૧૫૩૯. એટલા માટે કે મનને સંપૂર્ણ બનાવવું એ અશક્ય નથી, પરંતુ શરીરને સંપૂર્ણ બનાવવું એ આપણી સત્તામાં નથી.

૧૫૪૦. દરેક નાસ્તિક કે જે ખુદાથી દૂર છે, તેના દુષ્ટ અને ફીરઓન જેવા ગર્વે આ બધી ખામી સર્જી છે.

૧૫૪૧. શારીરિક ખામી માટેની રાહત કુરાનના (શબ્દોમા) આવી છે, "આંધળાપણામાં કાંઈ પાપ નથી."

૧૫૪૨. વીજળી ક્ષણભંગુર ને વિશ્વાસહીન છે. (અંતઃકરણની) શુદ્ધિ વગર કાયમીમાંથી ક્ષણભંગુર જાણી શકીશ નહિ.

૧૫૪૩. વીજળી હસે છે, કહે, તે કોની તરફ હસે છે? તેના તરફ કે જે પોતાનું દિલ તેના ઉપર મૂકે છે.



પ્રેમ ની મહાનતા,
શરીર ની ખામી – ખુદાઈ દયાને આધારિત છે.

૧૫૪૪. આકાશને પ્રકાશ અપૂર્ણ છે, તે તેવો પ્રકાશ કે જે નથી પૂર્વનો કે પશ્ચિમનો (પ્રકાશ નથી) તેના જેવો કેમ હોય?

૧૫૪૫. વીજળીને આમ સમજ જેમ "જેમ દૃષ્ટિ છીનવી લે છે" કાયમી રહેનાર "નૂર" ને ખરેખર મદદકર્તા સમજ.

૧૫૪૬. વીજળીના ઝબકારામાં પત્ર વાંચવો તે દરિયાનાં ફીણ ઉપર ઘોડો ચલાવવા માફક છે.

૧૫૪૭. અંતમાં તે તેના કંજૂસાઇપણા અંગે પડવાનો છે. તારી પોતાની બુદ્ધિ અને મન ઉપરજ તારે આના અંગે હસવાનું છે.

૧૫૪૮. બુદ્ધિશાળી પોતાની કુદરતી ખાસિયતના અંગે અંત (પરિણામ) જોનાર હોય છે. નફસે અમ્મારાજ હોય છે કે જે અંત (પરિણામ) જોતો નથી.

૧૫૪૯. બુદ્ધિમાન જયારે નફસે અમ્મારાથી જીતાય જાય છે ત્યારે પોતે 'નફસ' બને છે. શુક્રનો ગ્રહ શનિથી હારી જાય છે અને અમંગળ બને છે.

૧૫૫૦. છતાં, આ અમંગળતા ઉપરનું તારું ધારણ ફેરવ, પેલા તરફ જો કે જે તમારો નબળો ગ્રહ બતાવ્યો.

૧૫૫૧. તેની (ધારણા) કે જે આ ગોળાની આસપાસ મોજણી કરે છે, અને આ અમંગળ અસરમાંથી મંગળની આરપાર (પોતાની ધારણા) વહેવડાવે છે.

૧૫૫૨. ને (ખુદા) એક (ભાવનામય) હાલતમાંથી બીજી હાલતમાં ફેરવે છે, વિરોધીને વિરોધીપણું બતાવતી (હાલતમાં) ફેરવે છે.

૧૫૫૩. તે કારણ અંગે પેલી ડાબા હાથની બાજુ તારી અંદર બીકનો જન્મ આપે, (જ્યોતિ) (આશીર્વાદિત) માણસોના જમણા હાથની બાજુ તને ખુશાલી તરફ દોસ્તી આશા આપે.

૧૫૫૪. તેથી તમને બે પાંખો છે (બીક અને આશા) ઓ ઉત્તમ, (વાંચક) પંખી કે જેને એક જ પાંખ હોય તે ઊડવાને અશક્ત હોય છે.

૧૫૫૫. (ઓ ખુદા) કાં તો તું મને બોલવાજ ન દે, અથવાતો અંત સુધીનું તમામ કહેવાની રજા દે.

૧૫૫૬. પણ જો તું આ કે પેલું કાંઈ પણ ન ઇચ્છે, તો (ભલે) હુકમ માત્ર તારો જ છે, તારી ઇચ્છા શું છે તે કોઇ કેમ કરી જાણે?

૧૫૫૭. દરેક ઇચ્છે છે કે હ. ઇબ્રાહીમનો આત્મા કે જેણે અગ્નિમાં બહેસ્ત અને તેના મહેલો (રૂહાના જ્ઞાનથી) જોયા, તેવો બને.

૧૫૫૮. અને પગથિબ પગથિયે સૂર્ય અને ચંદ્રમા સુધી ચડતો રહે. દરવાજામાં વાસેલી કડી માફક દરવાજાની સાંકળ માફક ન રહે.

બુદ્ધિ શાળી - અંત જુએ.
નફસે અમ્મારા: અંત ના જુએ.
બે પાંખ - બીક અને આશા.

૧૫૫૯. અને દોસ્ત (હ. ઈબ્રાહીમની) માફક સાતમા બહેસ્તથી પણ પેલેપાર પહોંચી જા કહીને કે, "અસ્ત થનારાને હું ચાહતો નથી."

૧૫૬૦. આ કાયાની દુનિયા છેતરામણી છે તેને બચાવજે કે જે વિષય વાસનાથી નાસી છૂટ્યો હોય!

## બીજા હજુરિયાની બાદશાહના પસંદગીના ગુલામ તરફ કરેલી અદેખાઈની વાર્તાનો અંત ભાગ.

૧૫૬૧. બાદશાહ અને અમીરોની વાર્તા અને તેઓની પસંદગી પામેલ ગુલામ અને ડહાપણના માલિક તરફ અદેખાઈ.

૧૫૬૨. હેવાલના શક્તિશાળી આકર્ષણના પ્રતાપે (તેને) બહુંજ દૂર પાછળ છોડવામાં આવ્યું હતું. (હવે) આપણો પાછા ફરી તેને પૂરું કરીએ.

૧૫૬૩. (ખુદાઈ) બાદશાહતનો સુખી અને સદ્‌ભાગી માળી એક ઝાડથી બીજા ઝાડને કેમ ઓળખી ન શકે?

૧૫૬૪. ઝાડકે જે કડવું અને સડી ગયેલું છે અને ઝાડ કે જેવું એક બીજા સાતસો જેવું છે.

૧૫૬૫. તેમને ઉછેરવામાં તેઓ એક સરખાં કેમ દેખાશે. જ્યારે તેને તેઓનો અંત દૃષ્ટિ સમક્ષ છે.

૧૫૬૬. (અને) પેલાં ઝાડા આખરે કેવાં (જુદાં જુદાં) ફળો આપનારછે (તે જાણે છે.) જોકે આ પળે તેઓ દેખાવમાં એક જાતનાં છે.

૧૫૬૭. રૂહાની પેશ્વા કે જે "ખુદાના નૂર"થી જોનાર બન્યો છે તે શરૂઆત અને અંતનો માહિતગાર બન્યો છે.

૧૫૬૮. તેણે ખુદા ખાતર આંખ કે જે તબેલો (દુનિયા) જુએ છે, બંધ કરી છે. તેણે આંખ કે જે અંત જુએ છે તે પહેલેથીજ પોલી છે.

૧૫૬૯. પેલા અદેખાઓ ખરાબ ઝાડ હતા. તેઓ કડવા જથ્થાના બદનસીબ હતા.

૧૫૭૦. તેઓ અદેખાઈથી ઊકળીને ફીણ થતા હતા અને ગુપ્ત રીતે કાવતરાં ચાલુ કરતા હતા.

૧૫૭૧. કે જેથી તેઓ પસંદગીના ગુલામનું માથું ઉડાવે અને દુનિયામાંથી તેનું મૂળ ઉખેડી નાખે.

૧૫૭૨. (પણ) તે કેમ નાશ પામશે, જ્યારે રાજા તેનો આત્મા હતો, અને તેનું મૂળ (ખુદાના) રક્ષણ તળે હતું.

૧૫૭૩. બાદશાહ પેલા ગુપ્ત વિચારોથી ખબરદાર બન્યો છે. (પણ) બૂ બક્ર રબાબીની માફક તેણે ચૂપકીદી સેવી છે.

ખુદા ના નૂરથી જોનાર— શરૂઆત અને અંત નો માહિતગાર બન્યો.
માળી — ઝાડને કેમ ના ઓળખે.!

૧૫૭૪. પેલા બદચલનના દિલનો ખેલ જોતાં તે (ઠઠ્ઠામાં) પેલા કાવતરાંઓ તરફ તાળી વગાડતો હતો.

૧૫૭૫. કેટલાક લુચ્ચા લોકો બદશાહને છેતરવા દાવપેચ લડાવતા હતા.

૧૫૭૬. (પણ) જેક બાદશાહ હદ વગરનો ભવ્ય છે. એ ગધેડાઓ તે આવી રીતે છેતરામણમાં કેમ ફસાશે ?

૧૫૭૭. તેઓએ બાદશાહ માટે એક જાળ ગુંથી (છતો) આખરે તેઓ આ યુક્તિ તેની પાસેથીજ શીખ્યા

૧૫૭૮. ખરાબ ગ્રહનો તે જ વિદ્યાર્થી તે કે જે પોતાના શિક્ષક સાથે હરીફાઈ શરૂ કરે છે. અને તેની (હરીફાઈમાં) આગળ આવે છે.

૧૫૭૯. કયા શિક્ષકથી ? (આખી) દુનિયા નો શિક્ષક, કે જેને જાહેર અને બાતૂન એક સરખું છે.

૧૫૮૦. તેઓ કે જેઓની આંખો "ખુદાના નૂર" થી જોનાર બની છે, અને અજ્ઞાનતાના પડદા ચીરાઈ ગયા છે.

૧૫૮૧. તે (મુરીદ) જૂના ધાબળાની માફક કાણાથી ભરેલ તેના દિલનો પડદો (બનાવી) પેલા રૂહાની પેશ્વા સમક્ષ મૂકે છે.

૧૫૮૨. પડદો સો મુખે તેના તરફ હસે છે, દરેક મુખ (જાણે કે) પેલા મુરશિદ માટે ચીર બની ગઈ છે.

૧૫૮૩. મુરશિદ પેલા મુરીદને કહે છેઃ એ તું કે જે કૂતરા કરતાં પણ હલકો છે તો મારામાં તને કાંઈ વિશ્વાસ નથી ?

૧૫૮૪. એમ પણ ધારી લે કે હું મુરશિદ અને રૂહાની શક્તિ લેતો દેતો નથી, ધારી લે કે હું એક તારા જેવો દિલનો આંધળો મુરીદ છું.

૧૫૮૫. મારામાંથી (તારા) રૂહ અને મનમાં મદદકર્તા નથી ? મારા વગર તારા માટે એક પાણીનું (ટીંપુ પણ) વહેશે નહિ.

૧૫૮૬. એટલા માટે મારું દિલ તારા નશીબ માટેનું કારખાનું છે, એ જૂઠા, ત્યારે શા માટે આ કારખાનું ભાંગી નાખે છે.

૧૫૮૭. તમે કદાચ એમ કહેશો કે તમોએ તેની વિરુધ્ધ ખાનગીમાં (હરીફાઈ કરવા) દીવાસળી સળગાવી પણ દિલ અને દિલ વચ્ચે શું બારી નથી ?

૧૫૮૮. આખરે શા તે બારીમાંથી તમારો વિચારો જુએ છે, તમારું દિલ શું વિચાર કરે છે તે તેઓને પુરાવો આપે છે.

૧૫૮૯. ધારી લ્યો કે માયાળુપણા અંગે તમોને તમારા મોં પર ઠપકો ન પણ આપે અને તમો જે પણ કાંઈ કહેશો, તે હસે છે અને કહે છે, 'હા',

દિલ અને દિલ વચ્ચે બારી છે
જે વિચાર કરે તેનો પુરાવો આપે છે.

૧૫૯૦. તેઓ તમારી ખુશામત કરવા અંગે હસતા નથી. તે તમારા (છૂપેલા) વિચાર ઉપર હસે છે.

૧૫૯૧. તેથી ઠગાઈનો જવાબ ઠગાઈથી આપવામાં આવે છે, પ્યાલાથી મારો (અને તમે) જગથી માર ખાઓ; તેને જ (લાયક છો)

૧૫૯૨. તમારા તરફ (તેનું) કબૂલાતનું હસવું કયાં છે? લાખો ફૂલ તમારા તરફ ખીલી ઊઠશે.

૧૫૯૩. જ્યારે તેનું દિલ (તમારી) કબૂલાતમાં કામ કરશે ત્યારે સુર્ય ઊગતો (તારામાં) દાખલ થતો જો.

૧૫૯૪. કે જેના થકી દિવસ અને વસંતઋતુ ખીલી ઊઠે છે અને કળીઓ અને લીલાં ખેતરો એક બીજાને ભેટે છે.

૧૫૯૫ અને લાખો બુલબુલો અને કબૂતરો પેલી નવીન દુનિયામાં ગીતો ગાવા ટોળે મળે છે.

૧૫૯૬. જ્યારે તમે તમારા રૂહાનીના પાન પીળાં અને કાળા જુઓ છો ત્યારે બાદશાહનો ગુસ્સો કેમ જાણતા નથી?

૧૫૯૭. બાદશાહનો સૂર્ય (રાશી ચંદ્ર) માં બદલાની નિશાની છે (જે) ભૂંજાયેલા ગોસના ટુકડાની માફ ચહેરાને કાળો બનાવે છે.

૧૫૯૮. આપણા આત્માઓ બુધના ગ્રહ માટેનાં પણ છે. પેલું કાળું અને સફેદ (લખાણ) આપણું ચાલુ (ધોરણ) છે.

૧૫૯૯. ફરીવાર તે રાતા અને લીલા રંગમાં લખે છે કે જેથી (આપણા) રૂહ. દિલગીરી અને નિરાશામાંથી મુક્તિ મેળવે.

૧૬૦૦. રાતો અને લીલો (શિયાળાનું) ખતમ થઈ વસંત આવવાની છે (નિશાની છે) જાણે કે મેઘધનુષની (રંગીન) લીટીઓ.

## તુચ્છ હુદહુદના રૂપમાંથી બિલ્કીસના દિલમાં હ. સુલેમાનના માનભર્યા સંદેશાનું પ્રતિબિંબ પડવા વિષે

૧૬૦૧. પેલી બિલ્કીસ ઉપર સો ગણી રહેમત હોજો કે જેને ખુદાએ સો માણસોની અક્કલ આપી હતી.

૧૬૦૨. એક હુદહુદ હ. સુલેમાન પયગમ્બરની મહોરવાળો થોડા સુંદર શબ્દોવાળો કાગળ લાવ્યો.

૧૬૦૩. (જ્યારે) તેણીએ પેલા ભેદ ભરેલા શબ્દો વાંચ્યા, (ત્યારે) તેણીએ સંદેશવાહક તરફ ધિક્કારની નજરે ન જોયું.

૧૬૦૪. તેણીની આ.ખે તેને હુદહુદ જોયો, (પણ) તેણીના આત્માએ તેને 'અન્કા' જોયો, તેણીની સમજણે તેને ફીણનો ડાઘ જોયો (પણ) તેણીના દિલે તેને સમુદ્ર જેવો જોયો.

૧૬૦૫. કારણ કે આ બેરંગી જાદુ થકી બુધ્ધીવાન ઈંદ્રિઓ સાથે ઝઘડામાં છે. જેમ હ. મુહમ્મદ (ર. સ. અ.) અબુજહલ જેવાઓ સાથે (હતા).

૧૬૦૬. નાસ્તિકો હ. અહમદને (માત્ર) માણસ માનતા હતા. જ્યારે તેઓએ તેમની અંદર (પયગમ્બરી ખાસિયત) ન જોઈ. "ચંદ્રમાના ટુકડા થયા."

૧૬૦૭. તારી જાહેરી જોતી આંખમાં ધૂળ નાખ. વાસનામય આંખ એ બુદ્ધિમાન અને દીનની દુશ્મન છે.

૧૬૦૮. ખુદાએ વાસનામય આંખને આંધળી કહી છે, તેણે કહ્યું છે કે તે એક મૂર્તિ અને આપણી દુશ્મન છે.

૧૬૦૯. કારણ કે તેણે ફીણ જોયું પણ દરિયો જોયો નહિ, કારણ કે તેણે અત્યારનો વખત જોયો આવતી કાલ નહિ.

૧૬૧૦. આવતી કાલ અને અત્યારનો ધણી તારી સમક્ષ હાજર છે (છતાં) (આખા) ખજાનામાં બે ચાર દાણા જેટલું પણ તે જોયું નહિ.

૧૬૧૧. (જો) એક રજકણ પેલી પારના "સૂર્ય" પાસેથી સંદેશો લાવે, તો સૂર્ય પેલા રજકણોનો ગુલામ બને.

૧૬૧૨. એક ટીપું કે જે "વહદતના" દરિયામાંનું એલચી બન્યું. તો સાતેય સમુદ્રો પેલા ટીપાના ગુલામ બની જાય.

૧૬૧૩. મૂઠીભર માટી જો તેની દૂત બને, તેની માટી આગળ તેનાં બહેસ્તો તેઓનાં માથાં (માન આપવા) નમાવે.

૧૬૧૪. જ્યારે આદમની મીટી ખુદાની દૂત બની, ખુદાના ફિરસ્તાઓએ તેની માટીને પોતાનાં માથાં નમાવ્યાં.

૧૬૧૫. (તે) શા માટે? (થયું)? દુઆ માંગ કે "આસમાનના ટુકડા કરવામાં આવ્યાં હતા? કારણ કે એક જમીનના પ્રાણી થકી (રૂહાની) આંખ ખુલી.

૧૬૧૬. જમીન તેની ગંદકી થકી પાણીની અંદર રહેઠાણ કરે છે. (પણ) જો કે જમીન વર્તુળમાં કેવી પથરાણી છે.

૧૬૧૭. તો પછી જાણ કે (પાણીની) ઉચ્ચાઈ પાણીની વ્યુત્પત્તિ નથી. તે માત્ર કીર્તિવંત પેદાકરનારની બક્ષિશ છે.

૧૬૧૮. અને જો તે હવા અને અગ્નિને નીચા રાખે, અને જો તે કાંટાને ગુલાબથી આગળ કરે.

આંધળી આંખ = વાસનામય આંખ
= બુદ્ધિમાન અને દીનની દુશ્મન

ખુદાના દૂત: આદમની માટી: ફિરસ્તાઓએ માથા નમાવ્યા

૧૬૧૯. તે બાદશાહ છે અને "ખુદા પોતે ધારે તે કરે છે." દુઃખમાંથી પણ તે ઔષધ ઊભું કરે છે.

૧૬૨૦. અને જો તે હવા અને અને અગ્નિને નીચી (જમીનમાં) પેદા કરે, અને અંધારપટ અને ગંદુ અને વજનદાર બનાવે.

૧૬૨૧. અને જો તે જમીન અને પાણીને ઊંચી (જગ્યાએ) બનાવે અને બહેસ્ત તરફ જવા પગનો રસ્તો બનાવે.

૧૬૨૨. તો તેનો અર્થ ચોક્કસ એમ થાય કે "તું જેને ચાહે, તેને બુલંદ બનાવે છે," તેણે (ખુદાએ) જમીનના પ્રાણીને કહ્યું, "તારી પાંખો ખુલ્લી કર,"

૧૬૨૩. અગ્નિના પ્રાણીઓને તેણે કહ્યું : જા, ઈબલીસ બન. તારા ઢોંગીપણા સાથે સાતમા પાતાળની નીચે ચાલ્યો જા.

૧૬૨૪. ઓ માટીના આદમ, તુ "સુહા"ની પણ પર જા ઓ તામસી ઇબલીસ, જમીનના તળિયે પહોંચી જા.

૧૬૨૫. હું ચાર (હલકી) પ્રકૃતિઓવાળો અથવા પહેલા નિયમવાળો નથી. હું (મારા પર) સંપૂર્ણ કાબૂ ધરાવું છું.

૧૬૨૬. મારું કાર્ય ઉત્પન્ન કરાએલું અને સ્વતંત્ર છે મારામાં નિશ્ચય બળ છે, આ અસ્થિર (દિલવાળા) (મને કાંઈ) ઉત્પન્ન કરવાના નથી.

૧૬૨૭. જ્યારે મારી ખુશી પડે ત્યારે) હું મારી ભાત બદલું વખતે હું મારી આગળ (ઊડતી) માટીને નીચે ફગાવું છું.

૧૬૨૮. હું દરિયાને કહું છું સાંભળ, અગ્નિમય બની જા. હું અગ્નિને કહું છું. જા ગુલાબનો બગીચો બની જા.

૧૬૨૯. હું પર્વતને કહું છું. ઊન જેવો હલકો બની જા હું સ્વર્ગને કહું છું, આંખ આગળ ટુકડામાં ફેરવાઈ જા

૧૬૩૦. હું કહું છું, ઓ સૂર્ય, ચંદ્રમા સાથે જોડાઈજા હું તે બન્નેને કાળાં વાદળાં જેવા બનાવું છું.

૧૬૩૧. અમો સૂર્યના ઝરાને સૂકો બનાવીએ છીએ અમારી કળા થકી અમે લોહીના ઝરાને કસ્તુરીમાં ફેરવીએ છીએ.

૧૬૩૨. સૂર્ય અને ચંદ્ર બે કાળા બળદો (જેવા બનશે) ખુદા તેઓની ગરદન પર ધૂંસરી જોડશે,

**એક તત્વવેત્તાનું (કુરાનની આયતમાં) અવિશ્વાસ બતાવવો. "જો તમારું પાણી જમીનમાં ડૂબી જાય."**

ખુદા- પોતે ધારે તે કરે - દુઃખમાંથી દવા બનાવે.
જમીનના પ્રાણી: તારી પાંખો ખુલ્લી કર.
અગ્નિના પ્રાણી - નીચે ઈબ્લીશ
[illegible] ટુકડા

૧૬૩૩. એક ( કુરાન પઢાવનાર ) શિક્ષક કુરાનના પાનામાંથી વાંચતો હતો, (જો) હું ઝરા સુધી પાણી પહોંચતાં અટકાવું.

૧૬૩૪. અને પાણીને તેના તળિયે છૂપાવું અને ઝરાને સૂકવી નાખું અને દુકાળની જગ્યા (બનાવું).

૧૬૩૫. હું કે જે કીર્તિવંતનો કીર્તિવંત છું તેના સિવાય તેવાં ઊંડા પાણીને ઝરામાં પાછું કોણ લાવશે ?"

૧૬૩૬. એક ધિક્કારવા લાયક ફિલસૂફ અને પ્રમાણશાસ્ત્રી તે પળે નિશાળની બાજુએથી પસાર થતો હતો.

૧૬૩૭. જ્યારે તેણે (આ કુરાનની) આયાત સાંભળી ત્યારે તેણે તેના ઈન્કારમાં કહ્યુ, "તે તે પાણી અમે પાવડા વડે પાછું લાવીએ છીએ."

૧૬૩૮. અમો ઊંડાણમાંથી થોડા ત્રીકમ અને પાવડાના ઘાથી પાણી ઉપર લાવીએ છીએ.

૧૬૩૯. રાત્રે તે નિંદ્રામાં પડયો, અને સ્વપ્નમાં (જોયું કે) એક સિંહ જેવા દિલના માણસે તેના ચહેરા પર ઘા કરી તેની બન્ને આંખો આંધળી કરી.

૧૬૪૦. અને કહ્યું, "ઓ દયાજનક પાપી, જો તું સાચું બોલતો હો તો તારી દષ્ટિના ઝરામાંથી બન્ને આંખો કુહાડા વડે બહાર કાઢ.

૧૬૪૧. સવારે જ્યારે તે (પથારીમાંથી) કૂદયો ત્યારે માલમ પડયું કે તેની બન્ને આંખો આંધળી છે. તેની બન્ને આંખોનું ભરપૂર તેજ ચાલ્યું ગયું છે,

૧૬૪૨. જો તેણે રુદન કર્યું હોત અને (ખુદાની) માફી માગી હોત, તો ચાલ્યું ગયેલું તેજ (ફરીવાર) ખુદાની રહેમતથી મેળવી શકત.

૧૬૪૩. પણ માફી માગવાની (શક્તિ) પણ, (આપણા) હાથમાં નથી. પશ્ચાતાપનો સ્વાદ દરેક મુખ ચાખી ન શકે !

૧૬૪૪. તેના કાર્યોના દુષ્ટપણા અને ( સત્યના તેના ) ઈન્કારના આફતપણાએ તેના દિલને પશ્ચાતાપના રસ્તેથી રોકયું હતું.

૧૬૪૫. તેનું દીલ ખડકની સપાટી જેવું કઠણ બન્યું હતું. તેમાં વાવેલો પશ્ચાતાપ કેમ ઊગે ?

૧૬૪૬. શુયાબ જેવો બીજો કયાં છે ? કે જેણે દુઆ થકી પથરાળ જમીન વાવવા લાયક બનાવી હતી ?

૧૬૪૭. વિનંતીઓ અને (ચુસ્ત) ઈમાન થકી તે દોસ્તે (હ. ઈબ્રાહીમે) સખત અને અશકય ચીજને શકયમાં (ફેરવી હતી.)

૧૬૪૮. અથવા (બીજો દાખલો લ્યો) મુકૌકિસ મારફત પયગમ્બર સાહેબ પાસે માગતાં પથરાળ જમીન સારું ધાન્ય આપે તેવી જમીનમાં ફેરવાઇ ગઈ.

૧૬૪૯. તેથી વિરોધમાં, એક માણસનો અવિશ્વાસ સોનાને જસતમાં અને સુલેહને લડાઈમાં ફેરવે છે.

૧૬૫૦. આ જૂઠ તેને ખરાબીમાં રૂપતાંર કરે છે, તે (સારી) જમીનને પથરા અને કાંકરામાં ફેરવે છે.

૧૬૫૧. દરેક દિલને સિજદા કરવા માટે લાયક બનાવેલું હોતું નથી. (ખુદાઇ) દયાનો પગાર દરેક વેઠિયાના ભાગે (મંજૂર) હોતો નથી.

૧૬૫૨. ખબરદાર રહે, (વિચાર ઉપર) આધાર રાખતાં પાપ અને ગુન્હા કર નહિ, "હું પશ્ચાતાપ કરીશ અને (ખુદાનો) આશરો લઈશ"

૧૬૫૩. કારણ કે (ખરા) પશ્ચાતાપમાં (અંતરની ભાવનાના) પ્રકાશનો ચળકાટ જરૂરી છે. અને (આંસુની) ધાર, (આવી) વીજળી અને વાદળાં પશ્ચાતાપની અનિવાર્ય શરત છે.

૧૬૫૪. ફળો માટે ગરમી અને પાણી (વરસાદ)ની જરૂરિયાત હોય છે. આ સિદ્ધિ માટે વાદળાં અને વિજળી જરૂરી છે.

૧૬૫૫. જ્યાં સુધી કે દિલની વીજળી અને આંખોમાં આંસુ રૂપી વાદળો નથી ત્યાં સુધી (ખુદાઇ) ધમકી અને કોપનો અગ્નિ કેમ બૂઝાશે ?

૧૬૫૬. (ખુદાની) એકતાની ખુશીનો છોડ કેમ ઊગશે ? ચોકખા પાણીનો ઝરો કેવી રીતે વહેવા માંડશે.

૧૬૫૭. ગુલાબશય્યા તેઓની ખાનગી હકીકતો બગીચાને કેમ કહેશે ? જાંબુડિયો રંગ જુઇ સાથે સગપણ કેમ કરશે ?

૧૬૫૮. સપાટ ઝાડ પોતાનાં હાથો દુઆ માટે કેમ ખોલશે (પાન ફેલાવશે) ? કોઈ ઝાડ પોતાનું માથું હવા સાથે કેમ ઉછાળશે ?

૧૬૫૯. ફુલો વસંત ઋતુમાં :અક્ષિસોથી ભરેલી તેની પાંખડીઓ કેવી રીતે હલાવવી શરૂ કરશે ?

૧૬૬૦. "એનેમોન"ના ગાલ લોહી માફક કેમ ભડકો થશે ? ગુલાબ તેની કોથળીમાંથી સોનું કેમ કાઢશે ?

૧૬૬૧. બુલબુલ કેવી રીતે આવીને ગુલાબને સૂંઘશે ? કેવી રીતે એક જણ શોધતું હોય તેમ કુઉકુઉ કેમ કહેશે.

૧૬૬૨. બગલો પોતાના સઘળા અંતઃકરણે 'લક' 'લક'ની બૂમ કેમ પાડશે ? 'લક'નો (અર્થ) (તેનો અર્થ એ છે કે) "તારી જ બાદશાહી છે." એ તું કે જેની મદદ માટે પ્રાર્થના કરાય છે.

૧૬૬૩. પૃથ્વી પોતાનાં ગુપ્ત રહસ્યો કેમ બહાર પાડશે ? બગીચો સૂર્યની માફક પ્રકાશિત કેમ બનશે ?



ખુદાઇ એકતાની ખુશીનો છોડ

૧૬૬૪. તેઓ તેઓનાં કપડાં (ભલા ગુણો) ક્યાંથી લાવ્યા છે ? (તેઓએ તે) બધાં દયાળુ અને કીર્તિવંત છે, તેમાંથી શોધી કાઢ્યા છે.

૧૬૬૫. પેલી દયાઓ (ખુદાના) પ્રતિનિધિની નિશાનીઓ છે. તેઓ ખુદાઈ ખિદમતના ખાદીમ પગલાંની નિશાનીઓ છે.

૧૬૬૬. તેજપુરુષ કે જેણે બાદશાહને જોયો છે અને નિશાનીથી ખુશી થયો છે. જ્યારે એકે તેને જોયો નથી ત્યારે તેની ઓળખ નથી.

૧૬૬૭. પેલાનો રૂહ કે જેણે "હું (તમારો માલિક) નથી" ના વખતે પોતાના માલિકને જોયો અને પોતામાં જ સમાઈ જઇ નશાબાજ બન્યાં.

૧૬૬૮. તે (પેલો રૂહ) તે શરાબની સુવાસ જાણે છે કારણ કે તે તેણે (પહેલાં) પીધો હતો. જ્યારે તેણે તે પીધો નથી તે તેની સુવાસ પામી શકે નહિ.

૧૬૬૯. કારણ કે ઢડાપણુ એ ખોવાઈ ગયેલા ઊંટની મિસાલ છે. બાદશાહોની હજૂરમાં આવજાવ કરનારની માફક તે દોરે છે.

૧૬૭૦. તમે સ્વપ્નામાં ખુશી પમાડતાં પુરુષનો ચહેરો જુઓ છો, કે જે તમને વચન અને નિશાની આપે છે.

૧૬૭૧. કે તમારી ઉમેદ પૂરી થશે, અહીં નિશાની છે આ અને આવો પુરુષ તમોને આવતી કાલે મલશે.

૧૬૭૨. એક નિશાનીએ છે કે ઘોડેસ્વાર હશે. એક નિશાની એ છે કે તેમને તેની છાતીએ લેટાડશે.

૧૬૭૩. એક નિશાની એ છે કે તે તમારી આગળ હસશે. એક નિશાની એ છે કે તે તમારી હાજરીમાં પોતાના હાથ ભેગા કરશે.

૧૬૭૪. એક નિશાની એ છે કે જ્યારે કાલ સવાર પડશે ત્યારે આ સ્વપ્નની વાત તમે બીજાને કહેશો નહિ. એમ કરવાની ઈચ્છા થાય તો પણ.

૧૬૭૫. (છેલ્લી સમજાવેલી) નિશાનીને લગતી, તેણે (ખુદાએ) હ. યાહ્યાના પિતાને કહ્યું, ત્રણ દિવસ (પસાર થાય) તે પહેલાં તમે બોલતા નહિ.

૧૬૭૬. તારા પર જે કાંઇ વીતે છતાં ત્રણ રાત્રી ચૂપકીદી રાખજે. આ યાહ્યાની (અવતરવાની) નિશાની બનશે.

૧૬૭૭. ત્રણ દિવસો દરમ્યાન એક શબ્દ ઉચ્ચારતો નહિ કારણકે આ ચૂપકીદી તારા ઈરાદાની નિશાની છે.

૧૬૭૮. ખબરદાર રહેજે આ નિશાની બોલી નાંખીશ તો નહિ. આ બાબત તારા દિલમાં સંતાએલી રાખજે.

૧૬૭૯. તે (જેનું સ્વપ્નું આવ્યું) તેને આ નિશાની ઓ સાકરની માફક મીઠી (જીભથી) કહેશે. આ નિશાની ઓ (એકલી) કઈ છે ? (તે તેને) સો નિશાનીઓ કહેશે.

કપડાં : સારા ગુણો
હું નથી = માલિકને જોયો : પોતામાં જ સમાઈ જઈ નશાબાજ બન્યાં.

૧૬૮૦. આની (પાછળ) જે નિશાનીઓ (આપે છે) તેથી તમો ખુદામાંથી (રૂહાનિયત) બાદશાહી અને શક્તિ જે તમે શોધો છો તે મેળવશો.

૧૬૮૧. કે તમે લાંબી રાત્રીઓમાં ચાલુ રુદન કરો છો, અને તમે હમેશા સવારના પહોરમાં બંદગી કરવામાં ઉત્સાહી છો.

૧૬૮૨. જે (તમે શોધો છો) તેની ગેરહાજરીમાં તમારા દિવસો અંધકારમય બને છે. (કે) તમારી ડોક ત્રાકની માફક પાતળી બની છે.

૧૬૮૩. અને સખાવતમાં તમારી પાસે જે પણ હતું તે આપી દીધું છે. (કે જેથી) તમારો માલસામાન (તમામ) સખાવતમાં આપી દીધો છે કે જેમ જુગારી જુગારમાં બધું ગુમાવી દે છે.

૧૬૮૪. (કે) તમોએ તમારો સરસામાન અને ઊંઘ અને તમારા ચહેરાની સુંદરતા (તંદુરસ્તી) અને તમારી જિંદગી કુરબાન કરી છે અને વાળની માફક પાતળા બન્યા છો.

૧૬૮૫. (કે) તમે વારેવાર અગ્નિમાં બળતણના લાકડાની માફક બેઠા. તમે વારેવાર ટોપની માફક તલવારને ભેટવા ગયા છો.

૧૬૮૬. એક લાખ આવાં નિરાધારપણાનાં કરવાની (ખુદાના) પ્રેમીઓને ટેવ પડેલી હોય છે. અને (તેઓની સંખ્યા) ગણી શકાય તેવી નથી.

૧૬૮૭. તમોએ આવું સ્વપ્નું રાત્રે આવ્યા બાદ. સવાર પડે છે. પેલાની આશા અંગે તમારો દિવસ જીતનો બને છે.

૧૬૮૮. તમે તમારી નજર ડાબી અક્ષ્જમણી તરફ ફેરવી છે (અજાયબીમાં કહો છો) પેલી એંધાણી અને નિશા ક્યાં છે?

૧૬૮૯. તમે એક પાંદડાની માફક જો છો. (અને કહો છો) અફસોસ જો દિવસ પૂરો થઈ જશે અને નિશાની પસાર નહિ થાય તો?

૧૬૯૦. તમે ગલીઓમાં, બજારમાં અને ઘરો માં એક ગાયનું બચ્ચું ગુમાયું હોઈ તેમ દોડો છો.

૧૬૯૧. (કોઈ પૂછે છે.) સાહેબ, શું કાંઈ શુભ સમાચાર છે? શા માટે તમે આમ તેમ દોડો છો? તમારી માલિકીનું અહીં શું ખોવાઈ ગયું છે?

૧૬૯૨. તમે તેને કહેશો, સારા સમાચાર છે, પણ તે સારા સમાચાર મારા સિવાય કોઈ જાણતું નથી.

૧૬૯૩. જો હું તે કહું, મારી નિશાની ભૂલાઈ જાય અને જો તે ભૂલાઈ તો મૃત્યુનો વખત આવી પહોંચે.

૧૬૯૪. તમે દરેક ઘોડેસ્વારને તાકી તાકીને જુઓ છો. તે તમને કહે છે. "મારા તરફ ગાંડાની માફક નહિ. જુઓ."

૧૬૯૫. તમે તેને કહો છો, "મેં એક મિત્ર ગુમાવ્યો છે. હું તેને શોધવા નીકળ્યો છું.

૧૬૯૬. ઓ ઘોડેસ્વાર, તારૂં કિસ્મત હંમેશા ભવ્ય રહે ? પ્રેમીઓ તરફ દયા રાખ અને (તેમને) દરગુજર કર.

૧૬૯૭. જ્યારે તમે તપાસ કરી છે અને તમારી શોધ ખરા અંતઃકરણવાળી છે, ખરા અંતઃકરણ ની કોશિષ કદી નિષ્ફળ જતી નથી. આ (પયગંબર સાહેબની) હદીસક છે.

૧૬૯૮. ઓચિંતો આશીર્વાદી ઘોડેસ્વાર આવે છે. પછી તે તદ્દન નજીકથી તમારી છાતીને આલિંગન આપે છે.

૧૬૯૯. તમો બેભાન બનો છો. નશાની માફક પડો છો અજાણ્યું માણસ કહે છે, "અહીં જૂઠ અને ઢોંગ છે."

૧૭૦૦. તેનામાં આકેવી ઉર્મિ છે તે પેલો કેમ જોઈ શકે ? કોની સાથે અને મિલનની કેવી નીશાની છે તે પેલો જાણતો નથી.

૧૭૦૧. આ નિશાની તેનેજ કે જેણે તેને પહેલાં જોયો છે તેને લાગુ પડે છે બીજાની નજરે તે નિશાની કેમ દેખાશે.

૧૭૦૨. દરેક પળે પેલી નિશાની તેમાંથી આવતી હતી એક (નવો) આત્મા પેલાના આત્મા માં દાખલ થતો હતો.

૧૭૦૩. મદદહીન મચ્છીને પાણી પહોંચ્યું હતું આ નિશાનીઓ છે. "પેલી કિતાબની નિશાનીઓ છે."

૧૭૦૪. આથી પયગમ્બરોમાં જે નિશાની ઓ છે તે કે જે (ખુદાનો પ્રેમી અને જાણનાર) દોસ્ત કે જે વિશિષ્ઠ (જાણકાર છે).

૧૭૦૫. આ વાદવિવાદ અપૂર્ણ અને અનિર્ણિત છે મને દિલ (સમજણ) નથી. હું દિલ વગરનો બન્યો છું. મને માફ કરો.

૧૭૦૬. કોઈ રજકણો નો હિસાબ કેવી રીતે કરી શકે ? ખાસ કરીને તે કે જેની સમજ શક્તિ પ્રેમના અંગે રવાના કરવામાં આવી છે.

૧૭૦૭. હું બગીચામાં પાદડાં ગણીશ ? હું તેતર અને કાગડાની બૂમો ગણવા બેસીશ ?

૧૭૦૮. તેઓ ગણત્રીમાં આવે નહિ પણ હું જેઓ દાવામાં મૂકાયેલા હોય તેને માર્ગ દર્શન આપવા ગણતરી કરું છું.

૧૭૦૯. શનિની અશુભ અસર અને ગુરુની માંગલિક અસર ગણતરીમાં આવે નહિ. છતાં તમો ગણતરી કરો છો.

૧૭૧૦. પણ છતાં કેટલીક આ બન્નેની (ઊલટા) અસરો સમજાવવી જોઈ એ. એટલે કે ભલાઈ અને નુકશાની (જેની સાથે તેઓને સબંધ છે)

દિલ નહિ: સમજણ નહિ

૧૭૧૧. એટલા માટે કે તે અસરોનો થોડો ભાગ (ખુદાઈ હુકમોનો) ખુશનશીબ અને બદનશીબ વાળાને જાણીતો થાય.

૧૭૧૨. તે કે જેનો ચઢિયાતો (ગ્રહ) ગુરૂ છે તેઓ ચપળતા અને પ્રખ્યાતિથી આનંદ પામશે.

૧૭૧૩. અને તે તેના માટે જરૂરી બનશે કે જેનો ચઢિયાતો ગ્રહ શનિ છે તે પોતાના કામકાજમાં ભૂલ ન થાય તેવાં પગલાં ભરે.

૧૭૧૪. જો હું કોઇ જેનો ગ્રહ શનિ છે અને શનિની અગ્નિ વિષે બોલું, તો (મારું સંભાષણ) પેલા આધારહીન માણસને દુઃખથી બાળશે.

૧૭૧૫. આપણા બાદશાહે (ખુદાએ) પરવાનગી આપી છે (કહે છે,) "ખુદાની યાદીમાં ઉત્સાહ ઉજવો" તેણે આપણામાં અગ્નિ જોયો અને આપણને પ્રકાશ આપ્યો.

૧૭૧૬. તેણે કહ્યું છે, જોકે મારા માટેના ઉજવાતા ઉત્સાહમાં હું બાકાત છું, (અને જો કે) (માનવ જાતના) ચિત્રમય વિચારો મારે લાયક નથી,

૧૭૧૭. છતાં તે કે જે (ચિત્રમય) ધારણાથી રંગાયેલો છે તે કલ્પનાના મળતાપણાની (મદદ) વગર મારું સત્ય પારખી નહિ શકે.

૧૭૧૮. શારીરિક જીભથી વખાણ અને બંદગી એ અધૂરી કલ્પના છે, બાદશાહી ગુણો પેલી (જીભના રૂપોથી) અલગ છે.

૧૭૧૯. જો કોઈ બાદશાહ વિષે કહે "તે વણકર નથી," આ કેવાં વખાણ છે ? તો (પેલા પુરુષ) ચોક્કસ અજ્ઞાન છે.

### હ. મૂસાએ એક ભરવાડની પ્રાર્થનાને ગુન્હો ગણવા વિષે.

૧૭૨૦. હ. મૂસાએ રસ્તા પર એક ભરવાડને જોયો કે જે કહેતો હતો, "તું (જેને ઈચ્છે છે) તેને પસંદ કરે છે.

૧૭૨૧. તું કયાં છે કે જેથી હું તારો નોકર બનું અને તારાં બૂટ સાંધુ અને તારું માથું ઓળવું ?

૧૭૨૨. કે જેથી હું તારાં કપડાં ધોઉં અને તારી લીખો મારી નાંખું અને તને દૂધ આપું, ઓ પૂજવાને લાયક !

૧૭૨૩. કે જેથી હું તારા નાના હાથને ચુંબન કરું. અને તારા નાના પગને ઘસું (અને જ્યારે) સૂવાનો વખત આવે ત્યારે તારો નાનો ઓરડો સાફ કરૂં.

૧૭૨૪. ઓ તું કે જેના પર મારા બધાં બકરાં કુરબાન કરું, ઓ તું કે જેની યાદીમાં આ બધી મારી આહો, અને નિસાસા છે.

૧૭૨૫, આ રીતે ભરવાડ આમ ડહાપણના પણ શબ્દો મૂર્ખતા ભરેલા બોલતો હતો. હ. મૂસાએ કહ્યું અય આમી કોને (સંબોધે છે) ?

ખુદાની યાદીમાં આનંદ ઉજવો.
અને ઉજવતા આનંદમાં હું
બાકાત છું.

૧૭૨૬. તેણે જવાબ આપ્યો, 'તેને કે જેણે આપણને પેદા કર્યા, તેને કે જેનાથી આ આ દુનિયા અને આકાશ દૃષ્ટિમાં આવ્યા."

૧૭૨૭. હ. મૂસાએ કહ્યું, "ખબરદાર, તું બહુજ બગડી ગયો છે, ખરેખર તું ઈમાનદાર બન્યો નથી, તું નાસ્તિક બન્યો છે.

૧૭૨૮. આ બધો લવારો કરે છે? આ ખુદાની નિંદા અને શો બકવાદ છે? તારા મોઢામાં રૂના ડૂચા નાખ (મોઢું બંધ કરવા).

૧૭૨૯. તારી ખુદાની નિંદાની બંદબોએ (આખી) દુનિયાને ગંદકીથી ભરી દીધી છે. તારી ખુદાઈ નિંદાએ રેશમના જભ્ભાને ચીંથરું બનાવ્યું.

૧૭૩૦. જોડીઓ અને મોજાંઓ તારા લાયક છે પણ આવી ચીજો તે કે જે સૂર્ય છે તેને કેમ લાયક થાય?

૧૭૩૧. જો તારું ગળું આ અગ્નિભર્યા શબ્દો ઉચ્ચારતું બંધ નહિ થાય તો અગ્નિ ઊતરી લોકોનું ભક્ષણ કરશે.

૧૭૩૨. જો અગ્નિ નથી આવ્યો તો બધો ધુમાડો શેનો છે? શા માટે તમારો આત્મા કાળો બન્યો છે અને તમારા આત્માને નાપસંદ કરેલ છે.

૧૭૩૩. જો તું જાણે કે ખુદા ન્યાય કરનાર છે તો તે તારા માટે કેવી રીતે આ મૂર્ખતા ભરેલી ચર્ચા અને ઓળખાણ વ્યાજબી છે?

૧૭૩૪. ખરેખર, સમજણ વગરના માણસની દોસ્તી એ દુશ્મનાઈ છે, મહાન ખુદાને આવી ખિદમતની જરૂર નથી.

૧૭૩૫. તું આ કોને કહે છે, તમારા માતા કે પિતાથી થતા કાકાઓને? શું શરીર અને (તેની જરૂરિયાત તેમહાન માલિકના ગુણોમાંના છે?

૧૭૩૬. માત્ર તે કે જેને વધવું અને જાડા થવું છે તેજ દૂધ પીએ છે, (માત્ર) તે જ કે જેને પગની જરૂર છે તે બૂટ પહેરે છે.

૧૭૩૭. અને જો (તારા) આ શબ્દો તેના ચાકર તરીકેના (અર્થમાં છે તો) (તેના માટે) ખુદાએ કહ્યું છે "તે હું છું. અને હું પોતે તે છે."

૧૭૩૮. તે કે જેના માટે તેણે (ખુદાએ) કહ્યું, "ખરેખર હું બીમાર હતો અને તે મારી મુલાકાત કરી નહિ (ખબર કાઢવા આવ્યો નહિ) (એટલે કે) હું બીમાર પડયો, નહિ કે તે (એકલો.)

૧૭૩૯. (તેને માટે) કે જે મારાથી જોનાર બન્યો છે, અને મારાથી સાંભળે છે, આવા દાસના માટે પણ (આવી વાત) મૂર્ખતા ભરેલી અર્થ વગરની છે.

૧૭૪૦. ખુદાના પસંદ કરાએલા પાસે અસબંધિત બોલવું એ દિલના (રૂહના) નાશનું કારણ બને છે, અને (દીલનું) પાનું કાળું રાખે છે.

૧૭૪૧. જો તમે એક માણસને 'ફાતિમા' કહીને બોલાવો જો કે માણસ અને સ્ત્રીઓ બન્ને એક જાતના છે.

'તે' હું છું અને
'હું' જાતે 'તે' છે.

૧૭૪૨. જો તેનાથી બની શકશે તો તે તમારું ખૂન કરવા તૈયાર થશે. અલબત્ત તે શાંત, સહનશીલ અને ઉત્તમ ચારિત્ર્યનો છે.

૧૭૪૩. ફાતિમા (નામ) એ સ્ત્રીઓના વખાણ અંગેનું છે, (પણ) જો તેને તમે પુરુષને સંબોધીને કહો તો તે જાણે કે તે ભાલાની અણીનો ઘા (જેવો) છે.

૧૭૪૪. હાથ અને પગનાં વખાણ એ આપણને સંબોધવા માટે છે પરંતુ પવિત્ર ખુદા માટે તો ને ભ્રષ્ટતા છે.

૧૭૪૫. "તે જન્મ્યો નથી, તેણે જન્મ આપ્યો નથી" આ શબ્દો) તેને માટે યોગ્ય છે, તે પોતે ઉત્પન્ન કરનાર અને ઉત્પન્ન થયેલાનો પેદા કરનાર છે.

૧૭૪૬. જન્મ એ દરેક વસ્તુ કે જે શરીર છે તેનો ગુણ છે જે પણ જન્મ પામે તે આ દિશાની નદી પર છે.

૧૭૪૭. કારણ કે તે બનતી (દુનિયાનો) અને નાશ પામતો અને ધિક્કારજનક છે, તે પેદા કરેલા છે અને ચોક્કસ પેદા કરવાની જરુરિયાત ધરાવે છે.

૧૭૪૮. તે (ભરવાડે) કહ્યું, "ઓ મૂસા, તેં મારું મોઢું બંધ કર્યું છે, તેં મારો આત્મા પશ્ચાતાપમાં બાળી મૂક્યો છે."

૧૭૪૯. તેણે પોતાનાં કપડાં ફાડ્યાં, અને દીર્ઘ નિશ્વાસ નાખ્યો અને ઉતાવળે પોતાનું માથું જંગલ તરફ ફેરવી ચાલ્યો ગયો.

## ખુદાનો હ. મૂસા (અ.) ને ભરવાડના કારણે ઠપકો આપવો.

૧૭૫૦. હ. મૂસા (અ.) ને ખુદાની વહી આવી, તેં મારા ચાકરને મારાથી જુદો કર્યો છે,

૧૭૫૧. તું (પયગંબર તરીકે) ભેગા કરવા આવ્યો તે કે તું જુદાઈ કરાવવા?

૧૭૫૨. જ્યાં સુધી તારાથી બની શકે ત્યાં સુધી જુદાઈ માટે પગ નહિ ઉપાડ, મને (બધી) ચીજોમાં સૌથી વધારે ધિક્કારવા જેવી ચીજ "છૂટા પાડવું." છે.

૧૭૫૩. મેં દરેક ઉપર એક ખાસ પ્રકારની કાર્યની રીત ઈનાયત કરી છે, મેં દરેકને ભાવ સમજાવતું રૂપ આપ્યું છે.

૧૭૫૪. તેના ભાવ અંગે. તે વખાણને (લાયક છે) અને તારા ભાવમાં તે ઠપકાને (લાયક છે) તેના માટે તે મધ છે અને તારા માટે ઝેર.

૧૭૫૫. હું તમામ પવિત્રતા, અપવિત્રતા, આળસ અને ચપળતા (મારી યાદીમાં રહેનારથી) સ્વતંત્ર છું.

૧૭૫૬. હું મારાં વખાણ કરવા કહેતો નથી કે જેથી હું તેમાંથી ફાયદો મેળવું, "નહી" પણ (એટલા માટે કે) હું મારા ચાકર તરફ ફાયદો કરું!

૧૭૫૭. હિન્દુઓમાં હિન્દની વાક્યરચના વખાણ કરવા લાયક છે. જ્યારે સિંધમાં સિંધીઓની વાક્યરચના વખાણ કરવા લાયક છે.

ધિક્કારવા જેવી ચીજ :- જુદા પાડવું.
પયગંબર તરીકે :- ભેગા કરવા.
વખાણ કરવા- વાક્યરચનાનું ખુદાને ફાયદો X.
- બંદાને ફાયદો થાય. (૬૬૩)

૧૭૫૮. હું તેઓને (ગારાં) તેઓના વખાણથી પાક કરતો નથી. તેથી તેઓ જ (પોતે) પવિત્ર બને છે. મોતી વેરે છે.

૧૭૫૯. હું તેઓની જીભ કે વાણી તરફ જોતો નથી. હું તેના અંતરની ભાવના અને (રૂહ) જોઉં છું.

૧૭૬૦. હું તેના દિલ તરફ તે નીચું છે કે નહિ તે તાકી રહું છું જો કે બોલાયેલા શબ્દો હલકા ન પણ હોય!

૧૭૬૧. કારણ કે દિલ છે તે જ વાસ્તવિક છે, વાણી તો (માત્ર) બનાવ છે, તેથી બનાવ એ ગૌણ છે. ખરી વસ્તુ વાસ્તવિકતા છે.

૧૭૬૨. આ વાકયોના ભાગો અને વિચારો અને અલંકારો હજી કેટલા (વધારે)? મારી માગણી બળવાની છે બળવાની, બળવાની સાથે દોસ્ત બનવાની.

૧૭૬૩. તારા આત્માના પ્રેમનો અગ્નિ સળગાવ. વિચાર અને ભાવને તદ્દન બાળી મૂક.

૧૭૬૪. ઓ મૂસા, તેઓ કે જે પ્રચલિત રિવાજ જાણે છે તેઓ એક જાતના છે. જેઓના આત્મા અને રૂહો બળે છે તેઓ બીજી જાતના છે.

૧૭૬૫. પ્રેમીઓને દરેક પળે બળવાનું છે, કર અને દશોંદ નાશ પામેલા ગામડાં પર (નખાતી નથી).

૧૭૬૬. જો તે (પ્રેમી) ભૂલભરેલું બોલે, તો તેને ખોટું નહિ કહેતો, અને જો તે લોહીમાં સ્નાન કરે. (તેઓ કે જેઓ શહીદો) છે તેને નવરાવતો નહિ.

૧૭૬૭. શહીદો માટે પાણી કરતાં લોહી વધુ સારું છે, (તેનાથી થયેલી) ભૂલ (બીજા) સો સારાં કર્તવ્યો કરતાં વધુ ઉત્તમ છે!

૧૭૬૮. કાબાની અંદર કીબલાનું રાજ અસ્તિત્વ ધરાવતું નથી. ડુબકી મારનાર પાસે બરફના જોડા ન હોય તો શું થયું?

૧૭૬૯. નશાબાજો પાસેથી દોરવણી ન શોધ. જેઓનાં કપડાં ફાટીને ટુકડા ટુકડા થઈ ગયાં છે તેઓને સાંધવાનો હુકમ શા માટે કરે છે?

૧૭૭૦. મહોબતનો મઝહબ બીજા બધા મઝહબ કરતાં જુદો છે, કારણ કે પ્રેમીઓ માટે માત્ર મઝહબ અને પંથ (માત્ર) ખુદા છે.

૧૭૭૧. જો માણેકને સીલ નથી (બરાબર પાસા પાડેલ નથી) તેનો કાંઇ વાંધો નહિ. પ્રેમ દિલગીરીના દરિયામાં દિલગીરી ભરેલ નથી.

### હ. મૂસા (અ.) પર ખુદાની વહી આવવી અને હ. મૂસા (અ.) નું ભરવાડ પાસે માફી માગવું

૧૭૭૨. ત્યારબાદ ખુદાએ હ. મૂસા (અ.) ના દિલમાંના ગૂઢાર્થો કે જે બોલી ન શકાય તે સંતાડયા.

તેઓ માટે મઝહબ અને પંથ માત્ર ખુદા છે.

૧૭૭૩. તેના દિલ પર શબ્દો રેડાતા હતા. દૃશ્ય અને વાણી એકી સાથે ભળતું હતું.

૧૭૭૪. કેટલીવાર તે પોતે પોતાથી જુદો થયો? કેટલીવારે પોતે પોતામાં પાછો ફર્યો? કેટલીવાર તે અનંતતાથી કાયમીપણામાં ઊડયો?

૧૭૭૫. જો હું આની પછી (તેની વાત) ખુલ્લી કરીશ તો તે (મારામાંની) મૂર્ખતા છે, કારણ કે આનું સ્પષ્ટીકરણ એ આપણી સમજણથી પર છે.

૧૭૭૬. અને જો કે (આથી વધુ) બોલું, તો તે (માણસોના) મગજ ઉખેડી નાખશે, અને જો હું (આથી વધુ) લખું ઘણી કલમોના ટુકડે ટુકડા થઇ જશે.

૧૭૭૭. જ્યારે હ. મૂસા (અ.) એ ખુદા તરફથી આ મેણું સાંભળ્યાં, તેઓ પેલા ભરવાડની શોધમાં રણ તરફ દોડયા.

૧૭૭૮. તેઓ પેલા ગભરાયેલા માણુસના પગલાંની નિશાની ઉપર આગળ વધ્યા તેઓ આમ કરવામાં ખૂબ જ ઉતાવળ કરી.

૧૭૭૯. સત્ય રીતે જોતાં ગભરાયેલા માણુસનાં પગલાં બીજાનાં પગલાની નિશાની કરતાં જુદાં પડે છે.

૧૭૮૦. એક પગલું તે ઉપરથી છેડા સુધી (સીધુ) ભરે છે અને એક પગલે તે ધર્મગુરુ બિશપની માફક ચોકડી જેવો વળાંક લે છે.

૧૭૮૧. કયારેક મોજાંની માફક પોતાને ટોચ પર ઊંચકતો હતો. કયારેક પોતાના પેટને મચ્છીની માફક (નીચે) લઈ જતો હતો.

૧૭૮૨. કયારેક પોતાની હાલતનું (વર્ણન) ધૂળ ઉપર જોશીની માફક કે જે લીટી દોરતાં શુકન લે છે.

૧૭૮૩. આખરે તેણે (હ. મૂસાએ) તેને પકડી પાડયો, અને તેને જોયો. શુભ સમાચાર આપનારે કહ્યું, (ખુદા તરફથી) રજા મલી છે.

૧૭૮૪. (બંદગીની) રૂઢિ કે કાયદા શોધ નહિ, જે પણ તારું દર્દમય દિલ ઇચ્છા કરે તે બોલી નાખ.

૧૭૮૫. તારી નિંદા એ (સાચો) મઝહબ છે, અને તારો (એ) ધર્મ રૂહનો પ્રકાશ છે, તમને બચાવી લેવામાં આવેલ છે અને તારા થકી (આખી) દુનિયા તરી જવામાં છે.

૧૭૮૬. ઓ તું કે જેને સલામત બનાવ્યો છે (જેમ) "ખુદા પોતે જે ધારે છે તે કરે છે." જા અને દરકાર રાખ્યા વગર તારી જીભ ચલાવ (ખુદાના ગમે તેવી રીતે વખાણ કરવામાં)

૧૭૮૭. તેણે કહ્યું, "ઓ મૂસા, હું તેનાથી પણ આગળ ચાલ્યો ગયો છું મેં મારા દિલના લોહીમાં સ્નાન કર્યું છે.

૧૭૮૮. મેં દૂરમાં દૂરની હદને પસાર કરી દીધી છે, હું પેલી મેર એક લાખ વર્ષની મુસાફરી પૂરી કરી છે.



દૃશ્ય અને વાણી - એકી સાથે ભળતું હતું.
કેટલીવાર પોતે - પોતાથી જુદા થયા ?
પોતે - પોતામાં પાછો ફર્યા ?
કેટલીવાર - પોતે - અનંતતાથી કાયમીપણામાં ઉડ્યો ?

૧૭૮૯. તમે ચાબુક ફટકાર્યો અને મારો ઘોડો ભડક્યો, દોડ મૂકી, અને આકાશની પેલી પાર પહોંચી ગયો.

૧૭૯૦. મારી ઈન્સાની પ્રકૃતિ ભલે ખુદાઈ પ્રકૃતિ સાથે એક થઈ જાય! તમારા હાથ અને તમારા હથેળી ઉપર આશીર્વાદ હોજો.

૧૭૯૧. હવે મારી હાલત વર્ણન કરવાથી પર છે જે હું આ કહી રહ્યો છું તે મારી (ખરેખરી) હાલત નથી."

૧૭૯૨. તમે આરસીમાં તમારૂં પ્રતિબિંબ જુઓ છો, તે તમારું પોતાનું પ્રતિબિંબ છે, તે (કાંઈ) અરીસાનું પ્રતિબિંબ નથી.

૧૭૯૩. વાંસળીનો વગાડનાર વાંસળીમાં પવન ફૂંકે છે, શું તે (પવન) વાંસળી ધરાવે છે? નહિ. તે માણુસનો (વાંસળી વગાડનારનો છે)

૧૭૯૪. બરાબર ધ્યાન રાખજે! અગર તમે ખુદાના વખાણ કરતા હો કે આભાર માનતા હો, જાણો કે તે પેલા ભરવાડના અદૃશ્ય (શબ્દો) છે.

૧૭૯૫. જો કે તમારાં વખાણ તેની સરખામણીમાં વધુ સારાં છે, છતાં ખુદાના સંબંધમાં તે બહુ જ નજીવાં છે.

૧૭૯૬. જ્યારે તમે અસલ વસ્તુ જોશો ત્યારે કેટલીવાર કાર્ય કરશો કે "હું જે ધારતો હતો તે આ નથી."

૧૭૯૭. તમારા વખાણ (ખુદા) કબૂલ કરે તે તેની દયા છે. જેમ દર્દથી પીડાતી સ્ત્રીની દુઆમાં (હેત) હોય છે તેમ તે પણ હેત છે.

૧૭૯૮. તેણીની દુઆઓ લોહીથી કલંકિત છે. (જ્યારે) તમારા વખાણ ભળી જવામાં અને લાયકાતથી કલંકિત છે.

૧૭૯૯. લોહી ગંદુ છે અને (છતાં) તે (થોડા) પાણીથી (ધોવાઈ જાય છે) પરંતુ અંદરના ભાગમાં મેલ છે.

૧૮૦૦. કે જે કાર્ય કરતા ઈન્સાનના અંદરના ભાગમાંથી કુદરતના કરનારની દયાના પાણી સિવાય (તે મેલ) (ખસેડાતો નથી.)

૧૮૦૧. નમાઝમાં સિજદો કરતાં તારો ચહેરો નમાવે છે અને "સર્વ વખાણ મારા માલિકનાં છે" તેનો અર્થ પકડી રાખે છે.

૧૮૦૨. કહે છે, અરે, મારો સિજદો. મારા અસ્તિત્વ ની માફક (તારે) લાયક નથી. તું બૂરાઈના બદલામાં ભલાઈ આપે છે.

૧૮૦૩. આ દુનિયા ખુદાની નિશાની ધરાવે છે. તેણે પોતામાં કચરો મેળવ્યો અને (બદલામાં) ફૂલો ઉત્પન્ન કરી આપે છે.

૧૮૦૪. તેમાં તે આપણી ગંદકી સંતાડે છે. (અને) તેમાંથી બદલીમાં ફણગા ફૂટે છે.

- આકાશની પેલી પાર
મારી હાલત – વર્ણન કરવાથી પર છે.
+ આરસી - માં પ્રતિબિંબ જુઓ છો તે તમારું
નહિ x આરસીનું x

૧૮૦૫ તેથી જ્યારે નાસ્તિકે આપવું અને ઉડાડવું જોયું ત્યારે તે માટી કરતાં વધુ સંકુચિત અને ગરીબ બન્યો.

૧૮૦૬. (તે) ફૂલો અને ફળ તેના જીવમાંથી ઊગ્યાં નહતાં અને જે તેણે શોધ્યું (અને મેળવ્યું) તે બધી પવિત્રતાના ઢોંગ સિવાય કાંઈ ન હતું.

૧૮૦૭. તેણે કહ્યું. મારા રસ્તામાં હું પાછળ હઠયો છું. અફસોસ ! જો હજુ પણ હું માટી હોત તો (કેવું સારું).

૧૮૦૮ માટીપણામાંથી મુસાફરી કરવાનું મેં પસંદ કર્યું ન હોત. (અને તે) માટીના ઢેફાની માફક થોડા દાણા ભેગા કર્યા ન હોત.

૧૮૦૯. જ્યારે મેં મુસાફરી કરી. રસ્તાએ (ખુદાએ) મારી અજમાયશ કરી, આ મુસાફરી થકી કઈ ચીજ બક્ષિશ (ઘરે) લાવ્યો ?

૧૮૧૦. તે બધી દુનિયા તરફનું તેના મનનું વલણ છે કે તે આ મુસાફરીમાં પોતાની સમક્ષ કાંઈ ફાયદો જોતો નથી.

૧૮૧૧. તેનું તેના ચહેરાને પાછળ ફેરવવું તે (તેનો) લોભ અને કંજૂસાઈ છે. તેનું તેના ચહેરાને રસ્તાપર ફેરવવું તે ઈમાનદારી અને બંદગી છે.

૧૮૧૨. દરેક છોડ કે જેના મનનું વલણ ઉપર જવાનું હોય છે. (તે) જીવન અને જાડાઈમાં વધવાની (હાલતમાં હોય છે).

૧૮૧૩. જ્યારે તેણે તેનું માથું જમીન તરફ ફેરવ્યું છે (તો તે) નિરાશા. વિનાશ અને સૂકાવાની, ઘટવાની (હાલતમાં) છે.

૧૮૧૪. જ્યારે તારા રૂહના મનનું વલણ ઉપર છે ત્યારે (તમે) ધપવાની (હાલતમાં) છો. અને તે (ઊંચી) જગ્યા કે જ્યાં પાછું ફરવાનું છે તે તમારી જગ્યા છે.

૧૮૧૫. પણ જો તમે માથાભર છો, તમારું માથું જમીન તરફ (તો પછી) તમો ડૂબનારાં-માંના એક છો. ખુદા ડૂબનારને ચાહતો નથી.

## હ. મૂસા (અ.) નું ખુદાને જુલમગારોના પ્રાબલ્ય ની ગુપ્તતા વિષે (ખુલાસો) પૂછવો.

૧૮૧૬. હ. મૂસાએ કહ્યું, "ઓ દયાના સાગર, ઓ, તું કે જેનો એક પળની યાદી લાંબી જિંદગી (જેટલી) કિંમતી છે.

૧૮૧૭. મેં પાણી અને માટી ના (પડેલા ઢાળમાં) તૂટેલો અને બેડોળ પુતળું જોયું છે, અને ફિરસ્તા ઓની માફક મારા દિલે એક વાંધો ઉઠાવ્યો છે.

૧૮૧૮. પૂતળું બનાવવાનો આશય શો છે? અને (પછી) સડાના બીમાં ફેંકી દેવામાં આવે છે!

રસ્તાએ = ખુદાએ - અજમાયેશ કરી
મેં મુસાફરી કરી. મુસાફરી થકી કઈ ચીજ બક્ષીશ (ઘરે) લાવ્યો

૧૮૧૯. અન્યાય અને ઢોંગનો આતશ સળગાવવા. મસ્જિદ અને નમાઝમાં નીચા વળીને સિજદા કરનારાને બાળવા.

૧૮૨૦. નમ્રતાથી કાલાવાલા કરતા લોહી સરખાં આંસુ વહાવ. તારા મૂળને બાળવા અગ્નિ મૂકવા.

૧૮૨૧. હું ચોકક્સ પણે જાણું છું કે ને (તારી નજરે) ડહાપણમાં સત્વ છે પણ મારી ઈચ્છા ખરેખર જોઇ દૃષ્ટિથી જાણવાની છે.

૧૮૨૨. તે (મારું) ઇમાન મને કહે છે, ચૂપ રહે, અંતર દૃષ્ટિ મને આજીજીપૂર્વક છે, ખળભળાટ કર.

૧૮૨૩. તે ફિરસ્તાઓને તારી ગુપ્ત હકીકત બતાવી છે. (ખાસ કરીને) કે આના જેવું મધ ચટકાથી કિંમતી છે.

૧૮૨૪. તેં હ. આદમના "નૂર" ને ફિરસ્તાઓ સમક્ષ ખુલ્લું દેખાડયું હતું. (તેથી બધી) મૂંઝવણો સમજાવવામાં આવી હતી.

૧૮૨૫. તારો કયામતનો દિવસ મૃત્યુની ગુપ્તતા શું છે તે જાહેર કરે છે, ફળો પાનની ગુપ્તતા શી છે તે જાહેર કરે છે.

૧૮૨૬. લોહી અને બીની ગુપ્તતા માણુસની ઉત્તમતા છે, આખરે તો ઉત્તમતાપણું દરેક ઉત્તમતાની આગાહી (હાલત) છે.

૧૮૨૭. અજ્ઞાન (બાળક) પહેલાં અક્ષરો ધોઈનાખે છે પછી તે તેના પર અક્ષરો લખે છે.

૧૮૨૮. (તેવીજ રીતે) તે (ખુદા) હૃદયને લોહીમાં ફેરવે છે અને આંસુથી નીચતા (ધોવાઈ છે) પછી તે તેના પર (રૂહાનિયત) ગૂઢાર્થો લખે છે.

૧૮૨૯. જ્યારે (દિલનું) મેજ ધોતી વખતે, એકે સમજવું જોઈએ કે તેને ગૂઢાર્થોની ચોપડી બનાવવામાં આવશે.

૧૮૩૦. જ્યારે તેઓ (ઘરને ફરી બાંધવા પાયે) મૂકશે, ત્યારે તેઓ અગાઉનો પાયો ખોદી નાખશે.

૧૮૩૧. (વળી) જમીનના ઊંડાણમાંથી માટી ખોદી નાખશે એટલા માટે કે આખરે તમે વહેતુ પાણી મેળવી શકો.

૧૮૩૨. બચ્ચાંઓ વાળ કપાતાં દયાજનક રીતે રુએ છે કારણ કે તે બાબતની સત્ય હકીકત તેઓ જાણતા નથી.

૧૮૩૩. (પણ) એક માણસ સહેલાઈથી સોનાજડિત પ્યાલો આપે છે અને લોહીતરસી દાકતરી છરીને લાડ લડાવે છે.

૧૦૩૪. મજૂર વજનદાર ભાર માટે દોડે છે, તે બીજા પાસેથી બોજો ખૂંચવી લે છે.

૧૮૩૫ ભાર માટે મજૂરોની રસાકસી જો. તેવી જ તેની કલ્પના છે કે જે (સત્ય) ચીજોને જુએ છે,

કયામતનો દિવસ:- મૃત્યુની ગુપ્તા શું છે
તે જાહેર કરે છે

અજ્ઞાન બાળક-અક્ષરોધોઈ- ફરીથી લખે છે-
નવીન ઘર બનાવવા- અગાઉનો પાયો ખોદી બનાવે છે.

૧૮૩૬. જેવી રીતે (પૈસો) બોજો આનંદનો પાયો છે. તેવી જ રીતે કડવી ચીજો પણ આનંદ માટેની આગળ દોડતી ચીજ બને છે.

૧૮૩૭. સ્વર્ગ આપણને અણગમતી ચીજો હોઈ તેનાથી ઘેરાયેલું છે. (દોઝખની) આગ આપણી વિષયવાસનાથી ઘેરાયેલી છે.

૧૮૩૮. તારી જલનના સારનું બી એ (વાસનાનો) નવો છોડ છે. (પણ) જે (ત્યાગની) અગ્નિથી બળેલો છે તે "કૌસર"નો સાથી છે.

૧૮૩૯. જે કોઈ કેદમાં દુઃખનો ભાગીદાર છે, તે મૂઠીભર (હરામ ખોરાક) અને વિષયવાસનાનો બદલો છે.

૧૮૪૦. જે કોઈ ખુશનશીબ અને મહેલનો સાથીદાર છે તો તે લડાઈના મેદાન કે કઠિન પરીક્ષાનો (ઈનામ) બદલો છે.

૧૮૪૧. (તેં) જે કોઈને પણ સોનારૂપાની સંપત્તિમાં (બિનહરીફ) જોયો હોય તો જાણ કે કસાવામાં ધીરજવાન છે.

૧૮૪૨. જેમ (રૂહાની) આંખ આરપાર જોઈ શકનારી બની છે. તેમ તે (માલિક) કારણ વગર જુએ છે, તમે કે જેઓ (જાહેરી) સમજમાં (બંધાયેલા છો) આ કારણો તરફ ધ્યાન આપો.

૧૮૪૩. તે કે જેનો આત્મા (આ દુનિયાની) કુદરતી સંપત્તિથી પર છે, તો તે આ કારણની (બેડી) તોડવાની શક્તિ ધરાવે છે.

૧૮૪૪. (રૂહાનિયત) આંખ પયગમ્બરોના મોજીજાના ઝરાઓને કારણ વગરના (દુન્યવી સંપત્તિના કારણ વગર) બનેલા સમજે છે નહિ કે પાણી અને વનસ્પત્તિના ખાવાના કારણે ઉત્પન્ન થએલા)

૧૮૪૫. આ કારણો એકબીજા સાથે ડોકટર અને દર્દી માફક (સાથે જોડાયેલા છે) આ કારણો બત્તી અને વાટની માફક (જોડાયેલા) છે.

૧૮૪૬. તારા રાત્રીના દીવામાં નવી વાટ (પણ) જાણ કે સૂર્યની બત્તી આ ચીજોને ટપી જાય છે.

૧૮૪૭. તમે જાઓ અને તમારા ઘરના છાપરાનું સમારકામ કરો, (પણ) જાણે કે આકાશનું છાપરું સમારકામથી થતું નથી.

૧૮૪૮. અફસોસ તો એ છે કે આપણા મધુરા દિલે આપણાં દુઃખને ભસ્મ કર્યા પછી રાત્રીનો તેનો (ખુદાની) સાથેનો વખત પસાર થઈ ગયો અને દિવસ ઊગ્યો.

૧૮૪૯. રાત્રી સિવાય ચંદ્રમાનો પડદો (હટતો નથી) દિલના દર્દ સિવાય દિલની ઈચ્છા શોધતો નહિ.

૧૮૫૦. હ. ઈસાને ત્યજીને તમે ગધેડાને ઉછેર્યાં છે, ગધેડાની માફક તંગીમાં તમે પડદાની બહાર નીકળી ગયા છો.



– રૂહાની આંખ:- આરપાર જોઈ શકનારી બની છે

–આકાશનું છાપરું -સમારકામથી થતું નહિ.
તારા ઘરનું છાપરાનું સમારકામ ૩૨૧.

૧૮૫૧. જ્ઞાન અને મારફત એ હ. ઇસાના ભાગ્ય છે. તે કાંઈ ગધેડાના નશીબમાં નથી. એ તું કેજે મૂર્ખ છે!

૧૮૫૨. તમે ગધેડાનું રુદન સાંભળો છો, અને તમને દયા ઉપજે છે, પછી તો જાણતા નથી કે (તે) ગધેડો ગધેડાપણામાં તમને દોરવે છે.

૧૮૫૩. હ. ઈસા પર દયા ખા. ગધેડા પર જરા પણ દયા બતાવતો નહિ, તારી સમજણ ઉપર (નફ્સે અમ્મારાને) માલિક થવા દેતો નહિ.

૧૮૫૪. કામી ખાસિયતને ખૂબજ આક્રંદ કરીને રોવા દે તેમાંથી (નફો) લઈને તારા આત્માનું કરજ ભરપાઈ કર.

૧૮૫૫. વર્ષોથી તું ગધેડાનો ગુલામ હતો. તેટલું પુરતું છે કારણ કે ગધેડાનો ગુલામ ગધેડાની (પણ) પાછળ ચાલે છે.

૧૮૫૬. (પયગમ્બર સાહેબના શબ્દોમાં) આનો આનો અર્થ આ છે તેઓને (સ્રીઓને) તમારી પાછળ રાખો (તે) તમારો નફ્સે અમ્મારા છે, કારણ કે તે છેલ્લો, અને તમારી સમજ પહેલી (હોવી જોઈએ)

૧૮૫૭. આ હલકટ સમજ ગધેડાના જેવી જ પ્રકૃતિવાળી બની છે, તેનો એક માત્ર વિચાર એ છે કે તે કેવી રીતે વાસનાનો કબજો રાખી શકશે.

૧૮૫૮. જિસસના ગધેડાએ પોતાનો સ્વભાવ રૂહાની સમજ પ્રમાણેનો બનાવ્યો, પોતાનું શરીર બુદ્ધિશાળીના સ્થાન પર લઈ ગયો.

૧૮૫૯. કારણ કે (ઈસામાં) બુદ્ધિ રાજ કરતી હતી અને ગધેડો નબળો હતો. જોરાવર સ્વાર ઘોડાને નીચો બનાવે છે.

૧૮૬૦. તારી નબળી સમજણ અંગે, એ તું કે જે એક ગધેડાથી વધુ કિંમતનો નથી, આ થાકેલો ગધેડો અજગર (જેવો) બને છે.

૧૮૬૧. જો ઈસા (રૂહાની રાહબર) થકી તમે દિલના બીમાર બન્યા છો, (છતાં) તંદુરસ્તી તેનામાંથી (રૂહાની રાહબરમાંથી) આવે છે. તેને છોડતો નહિ.

૧૮૬૨. તમે પીડામાં કેમ પડશો, એ તું ઈસા (કે જેની) પાસે હ. ઈસાથી ફૂંક છે, કારણ કે દુનિયામાં સર્પ વગરનો ખજાનો કદી ન હતો.

૧૮૬૩. એ ઇસા, જયુ લોકોને જોતાં તું કેમ છો? એ યુસુફ, અદેખાનું કાવતરું જોતાં તું કેમ છો?

૧૮૬૪. આ મૂર્ખલોકની ખાતર દિવસ અને રાત્રી, તું પણ રાત્રી અને દિવસની માફક જીવનને તાજું કરે છે.

૧૮૬૫. પેલા બે મોંવાળા માટે અફસોસ, કે જેઓ ઉત્તમતા વગરના છે, પિત્તમાંથી કઈ ઉત્તમતા જન્મશે? માથાનો દુ:ખાવો!

વર્ષોથી ગધેડાનો ગુલામ હતો.
ગધેડાનો માલિક-ગધેડા પાછળ ચાલે છે.

૧૮૬૬. પૂર્વનો સૂર્ય (આપણા) ઢોંગ અને લુચ્ચાઈ, અને ચોરી અને ધુતારાપણા માટે જે કરે છે તે જ તારા પોતા માટે પણ કર.

૧૮૬૭. તું મધ છે. દુનિયા અને દિલના (કાર્યમાં) આપણે સરકો છીએ. આ પિત્તને હટાવવાનું સાધન 'કંગબીન' છે.

૧૮૬૮. આપણા લોક કે જેઓ ચૂંકથી પીડાય છે, તેઓએ સરકો વધુ ને વધુ (વાપર્યો) છે. તું વધુ ને વધુ મધ ઉમેરતો જા. તારી દયા અટકાવતો નહિ.

૧૮૬૯. આ આપણામાં મળેલું હતું. (કુદરતી રીતે) આવાં (કૃત્યો) આપણામાંથી બહાર આવ્યાં છે. આંખમાં રેતી પડવાથી શેનો વધારો થશે? અંધાપાનો.

૧૮૭૦. (પણ) ઓ કીમતી માણેક, તે તારામાં મલે છે, કે દરેક નકામી ચીજમાંથી કાંઈક તારામાંથી મેળવીશ.

૧૮૭૧. તારું દિલ આ જૂઠા માણસોની અગ્નિથી શેકાયું છે, (છતાં) તારી બધી અરજ ખુદાને આ હોવી જોઈએ. "સારા લોકોને દોરવણી આપ,"

૧૮૭૨. તું સીસમના લાકડાનું વન છે, જો તેઓ તારામાં અગ્નિ મૂકે તો તેઓ આ દુનિયા ગુલાબને મધુરા કમળોની વાસથી ભરી દેશે.

૧૮૭૩. તું તે લાકડું નથી કે આગથી ઓછું થાય તું તે આત્મા નથી કે જે દુઃખનો બંદીવાન બને.

૧૮૭૪. લાકડું બળે છે (પણ) મારું લાકડું બળવાથી દૂર છે. (ખરાબ શબ્દોનો) પવન રૂહાની 'નૂર' નો મૂળ પર કેમ હુમલો કરશે?

૧૮૭૫. અરે, તારામાંથી આસમાનો તેઓની પવિત્રતા (મેળવે છે) અરે, તારી કૃપા કરતાં અવકૃપા સારી છે.

૧૮૭૬. કારણ કે જો અવકૃપા ડાહ્યામાંની આવે છે (તો) તે અજ્ઞાનની કૃપાં કરતાં બહેતર છે.

૧૮૭૭. હ. પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે કે "ડહાપણમાંથી (બહાર આવતી) દુશ્મની, મૂર્ખમાંથી આવતા પ્રેમ કરતાં વધુ ઉત્તમ છે.

## એક સૂતેલા માણસના મોંમાં સર્પનું જવું અને એક અમીરે (તેને) ત્રાસ આપવો તે વિષે

૧૮૭૮. એક ડાહ્યો માણસ રસ્તાપરથી ઘોડેસ્વાર થઈને જતો હતો (તે પળે કે જ્યારે) એક સૂતેલા માણસના મોંમાં સર્પ જતો હતો.

૧૮૭૯. ઘોડેસ્વારે તે જોયું, અને ઉતાવળથી તે સર્પને અટકાવવા જતો હતો, (પણ) (તેમ કરવાનો) તેને મોકો મલ્યો નહિ.

૧૮૮૦. જ્યારે તેને ભરપૂર સમજશક્તિ પૂરી પાડેલી હતી, તેણે પેલા સૂતેલાને કેટલાંય જોર શોરથી ચાબુક લગાવ્યા.

મોંમાં - સર્પનું જવું.
સુતેલા માણસના

૧૮૮૧. ચાબખાના સખત મારે તેનાથી નાસવા એક ઝાડ નીચે તેણે આશરો લીધો.

૧૮૮૨. ત્યાં કેટલાંય કોરવાએલાં સફરજનો હતાં કે જે (ઝાડપરથી) નીચે પડેલાં હતાં, તેણે (ઘોડેસ્વારે) તેને કહ્યું, "ઓ દર્દમાં ઘેરાએલા, આ ખાવામાંડ.'

૧૮૮૩. તેણે પેલા માણસને એટલાં બધાં સફરજન ખાવા આપ્યાં કે તે તેના મોંમાંથી ફરીવાર પડી જતાં હતાં.

૧૮૮૪. તે આક્રંદ કરતો હતો, "ઓ અમીર, આજીજી કરી કહું છું કે તું શા માટે મારી પાછળ પડયો છે? મેં તારું શું કર્યું (શું બગાડયું) છે?"

૧૮૮૫. જો તમને મારા તરફ જૂની દુશ્મનાવટ છે તો મને તમારી તલવારથી મારો અને જલ્દી મારું ખૂન કરો.

૧૮૮૬. હું તમારી દૃષ્ટિએ પડયો ત્યારે અશુભ ચોઘડિયું હશે આહ, તે ઘણા સુખી છે કે જેણે તમારો ચહેરો જોયો ન હોય?

૧૮૮૭. કોઈપણ ભૂલ વગર, કોઈપણ પાપ વગર કે કોઈપણ નાનું મોટું (અનુગતું) કર્યા વગર, આવો જુલમ પાખંડીઓ પર (પણ) વાજબી નથી.

૧૮૮૮. મારા મોંમાંથી શબ્દોની સાથે લોહી પણ વહી રહ્યું છે, ઓ ખુદા, તારા છત્ર નીચે તેને (કરેલા પાપનો) બદલો આપજે."

૧૮૮૯. દરેક પળે તે નવો શ્રાપ દેતો હતો. (જ્યારે) તે (ઘોડેસ્વાર) ચાલુ મારતો હતો અને કહેતો, "આ મેદાનમાં દોડ."

૧૮૯૦. ચાબુકના ફટકા, અને ઘોડેસ્વાર, પવન માફક (વેગીલો) (તેથી) પેલો દોડતાં દોડતાં અવારનવાર માથાભેર પડતો હતો.

૧૮૯૧. તેણે પેટ ભરીને ખાધું હતું. ઊંઘમાંથી ઊઠેલો, થાકેલો હતો. એક લાખ જખમ (ખાધા હોય તેવો) તેનો ચહેરો અને પગો બન્યો.

૧૮૯૨. રાત પડી ત્યાં સુધી પેલા (ઘોડેસ્વારે) તેને આમથી તેમ દોડાવ્યો, આખરે પિત્ત વધી જતાં ઊલટીઓ થઈ.

૧૮૯૩. જે પણ ચીજો સારી કે ખરાબ તેણે ખાધી હતી તે બહાર આવી અને જે તેણે ખાધેલું તેની સાથે પેલો સર્પ પણ બહાર આવ્યો.

૧૮૯૪. જ્યારે તેણે પોતામાંથી સર્પ બહાર આવેલો જોયો કે તે પેલા લાભદાયી અમીરની ઘૂંટણીએ પડયો.

૧૮૯૫. જેવી તેણે કાળા, કદરૂપા, મોટા સર્પની ભયંકરતા નિહાળી પેલી દિલગીરીઓ ખલાસ થઈ ગઈ.

૧૮૯૬. તેણે કહ્યું, "ખરેખર તમો (ખુદાઈ) રહેમતના જીબ્રાઈલ છો અથવા તમે ખુદા છો, કારણ કે તમે ઉદારતાના માલિક છો."

૧૮૯૭. અરે, જ્યારે તમે મને જોયો તે વખતને ધન્ય છે, હું મરેલો હતો. તમે મને જિંદગી આપી છે.

૧૮૯૮. તમે મા (બચ્ચાંને) શોધે તેમ મને શોધતા હતા, અને હું તમારાથી ગધેડાની માફક ભાગતો હતો).

૧૮૯૯. ગધેડો તેના માલિકથી મૂર્ખાઈપણા અંગે ભાગે છે તેનો માલિક (તેની) પાછળ સારા ઈરાદાથી (દોડે છે).

૧૯૦૦. તે તેને નફા કે નુકશાન ખાતર નથી શોધતો પણ એટલા માટે કે વરુ કે (બીજું) જંગલી જાનવર તેને ફાડી ન ખાય.

૧૯૦૧. અરે તેજ સુખી છે કે જે તમારા ચહેરાની કલ્પના કરે અથવા ઓચિંતો તમારા શરીર પર પ્રકાશ કરે.

૧૯૦૨. ઓ તમે કે જેઓનાં પવિત્ર રૂહાનીએ વખાણ કર્યાં હતાં, હું તમારા તરફ કેટલા મૂર્ખતા ભરેલા અસંખ્ય શબ્દો બોલ્યો હતો ?

૧૯૦૩. ઓ માલિક અને બાદશાહ અને અમીર, હું બોલ્યો ન હતો પણ મારી મૂર્ખાઇ બોલી હતી. તે (ગુન્હાની) સજા ન કરતા.

૧૯૦૪. જો મેં એક કણ જેટલું પણ આ સાંભળ્યું હોત, તો મેં (આ) મૂર્ખાઈ ભરેલા શબ્દો કેમ ઉચ્ચાર્યા હોત ?

૧૯૦૫. હું તમારા વખાણ માટે ઘણું બોલ્યો હોત! ઓ ભલા માણસ, (ખરી) હકીકતની જરા જેટલી ચેતવણી મને જો તમોએ આપી હોત.

૧૯૦૬. પણ તમે ચૂપ રહ્યા, વ્યાકુળતા બતાવી અને શાંતિથી મારા માથા પર મારવું ચાલુ રાખ્યું,

૧૯૦૭. મારું માથું ચક્કર ફરવા લાગ્યું, અને મારા માથામાંથી સમજશક્તિ ચાલી ગઈ, ખાસ કરીને આ માથાને (માત્ર) નાનું મગજ છે (સમજણ ઓછી છે)

૧૯૦૮. ઓ ઉજળા ચહેરાવાળા અને ઉજળા કાર્યોવાળા ભલા ઇન્સાન, મને માફ કર, મેં ઉન્માદમાં કહેલું ભૂલી જાઓ.

૧૯૦૯. તેણે જવાબ આપ્યો, જો મેં તેમાંથી કાંઈ પણ વાત કરી હોત તો તમારું પિત્ત તેજ પળે પાણીમાં ફેરવાઈ ગયું હોત.

૧૯૧૦. જો મેં તે સર્પનું વર્ણન કર્યું હોત તો ભયના અંગે જીવન ઘટી જાત.

૧૯૧૧. હ. મુસ્તફા (ર. સ. અ.)એ ફરમાવ્યું છેઃ તમારા આત્મામાં પેસેલા દુશ્મનની હકીકત જો તમોને સત્ય રીતે કહું તો,

૧૯૧૨. હિંમતવાળા માણસોનું પણ પિત્તાશય ફાટી જાત, ને (આવો માણસ) પોતાને રસ્તે જઈ ન શકે કે બીજા કોઈ કાર્યની દરકાર કરે.

૧૯૧૩. તેના દિલની અંદર ઈબાદત કરવાની સહનશીલતા ન રહે, કે ન રહે નમાજ અને રોજા રાખવાની શક્તિ !

૧૯૧૪. તે બિલાડીની સમક્ષ ઉંદરની માફક નકામો બની રહે, તે વરુની સમક્ષ ઘેટાની માફક કંગાળ બની રહે.

૧૯૧૫. તેનામાં નાસવાની શક્તિ કે યોજના જ ન રહે. એટલા માટે જ કાંઈ પણ બોલ્યા સિવાય મેં સંભાળ લીધી.

૧૯૧૬. હું બુ બક રબાબીની માફક મૂંગો છું. હું હ. દાઉદની માફક લોઢાથી કાર્ય કરું છું.

૧૯૧૭. તેથી મારા હાથથી અશક્ય (દેખાતું) શક્ય બન્યું, જે પક્ષીના પીંછા કાપી નાખેલાં તેની પાંખો સાજી કરવામાં આવી.

૧૯૧૮. જેમકે (કુરાને શરીફમાં) છે કે "ખુદાનો હાથ તેઓના હાથો ઉપર છે" તે એક (ખુદાએ) આપણા હાથને તેનો હાથ બનવાનું જાહેર કર્યું છે.

૧૯૧૯. તેટલા માટે મારો (હાથ) એ સાતેય આસમાનની પેલે પાર (પહોંચે) તેવો લાંબો હાથ છે.

૧૯૨૦. મારા હાથે (તેની) શક્તિ આકાશ ઉપર પણ બતાવી છે. ઓ કુરાનના શિક્ષક, પઢ, "ચંદ્રમાના ટુકડા કરવામાં આવ્યા હતા."

૧૯૨૧. ખાસ કરીને આ ચૂપકીદી માણસની સમજણની ખામી અંગે છે. (ખુદાની) સર્વ-વ્યાપકતા નબળાને સમજાવવી કેવી રીતે શક્ય છે ?

૧૯૨૨. તમે ચોક્કસ જાણશો કે જ્યારે તમો તમારું માથું આ (શારીરિક) નિંદ્રામાંથી ઊંચું કરશો. (મારા કહેણથી તો) આ છેડો છે. સત્ય માત્ર ખુદા જ જાણે છે.

૧૯૨૩. (જો મેં તને સર્પ વિષે કાંઈ કહ્યું હોત) તો તમો કાંઈ પણ ખાઈ શકવાને શક્તિમાન નહોત, અને ઊલટી કરવાને પણ શક્તિમાન નહોત અથવા (તેમ કરવાની) દરકાર હોત.

૧૯૨૪. મેં (તારી) ગાળો સાંભળી. અને મેં મારું કામ ચાલુ રાખ્યું, મારા હોઠોમાં (દિલમાં) આમ કહેવું ચાલુ રાખ્યું, "ઓ માલિક, તે આસાન કરી દે."

૧૯૨૫. મને કારણ કહેવાની પરવાનગી ન હતી. અને તને છોડી જવાની શક્તિ પણ ન હતી.

૧૯૨૬. મારા દિલમાં સંતાપ સાથે હું ચાલુ કહ્યા કરતો હતો, "મારા લોકોને દોરવણી આપ, ખરેખર તેઓ જાણતા નથી."

૧૯૨૭. માણસ કે જેને આ દુઃખમાંથી છોડાવવામાં આવ્યો, તે તેના ઘૂંટણમાં પડતો હતો અને કહેતો હતો, "ઓ મારા સદ્દભાગ્ય અને ખજાના, તું (માળ) પરમસુખ છે."

ડાહ્યા ની દુશ્મની – (માણસ–મોંમાં સર્પ ગયું)
તેમાંનું ઝેર – આત્માની બુરાઈ

૧૯૨૮. ઓ અમીર દિલવાળા, તું આનો બદલો ખુદા પાસેથી પામીશ, આ નબળાને તારો આભાર માનવાની પણ શક્તિ નથી.

૧૯૨૯. ઓ આગેવાન, ખુદા (પણ) તને શાબાશી આપશે. મને હોઠ કે હડપચી કે અવાજ (આભાર માનવા માટે) નથી.

૧૯૩૦. આ રીતની ડાહ્યાની દુશ્મની છે. તેઓનું ઝેર આત્માની ખુશી છે.

૧૯૩૧. મૂર્ખની દોસ્તી એ દુઃખ અને વિનાશ છે, દૃષ્ટાંતિક રીતે આ વાર્તા સાંભળ.

## રીંછના વહાલમાં અને સારા વર્તાવમાં ભરોસો મૂકવા વિષે

૧૯૩૨. એક અજગર એક રીંછને (પોતાના સકંજામાં) ભીડતો હતો. એક હિંમતવાન માણસ જઈને તેને મદદ કરી

૧૯૩૩. હિંમતવાન (પવિત્ર) માણસો દુનિયામાં મદદરૂપ છે. જ્યારે ચગદાયેલાંઓનો શોક તેમને પહોંચે છે.

૧૯૩૪. તેઓ દરેક દિશાએથી ચગદાયેલાની બૂમો સાંભળે છે, અને ખુદાની દયાની માફક પેલી દિશામાં દોડે છે.

૧૯૩૫. દુનિયાના નિયમભંગોના તેઓ પુસ્તાઓ (છે.) છૂપાં દર્દોના તેઓ હકીમો (છે.)

૧૯૩૬. તેઓ ખુદાની માફક ભૂલો કે ખામી વગરના, પ્રેમ. ન્યાય અને દયાથી ભરપૂર પાક અને પવિત્ર છે.

૧૯૩૭. (જો તેમાંના કોઈને પૂછશો) શા માટે આટલી મદદ એકદમ તેને આપો છો ? તે જવાબ આપશે, તેની દિલગીરી અને અપંગતાના અંગે (આપું છું).

૧૯૩૮. માયાળુપણાના બહાદુર (પવિત્ર) માણસો શિકાર બન્યા છે, (કારણ કે) દુનિયામાં દવા દર્દના (ઈલાજ) સિવાય બીજું નથી.

૧૯૩૯. જ્યાં જ્યાં પીડા છે, રાહત ત્યાં જાય છે, જ્યાં જ્યાં જમીન નીચી છે, ત્યાં ત્યાં પાણી દોડે છે.

૧૯૪૦. જો તને દયાનું પાણી જોઈતું હોય, જા. નીચો (નમ્ર) બની જા, અને પછી દયાનો દારૂ પી અને નશાબાજ બની જા.

૧૯૪૧. દયા ઉપર દયા આવે છે (પ્રલયની માફક ચઢે છે) માથા સુધી, ઓ પુત્ર, એક પણ દયા લેવા તારે નીચે આવવું નહિ પડે.

૧૯૪૨. આ બહાદુર, આકાશને તારા પગ તળે લાવ. અવકાશી સંગીતના સૂરો ઊંચા આકાશમાંથી સાંભળ.

૧૯૪૩. હલકી સૂચનાઓનો કપાસ તારા કાનમાંથી કાઢી નાખ, કે જેથી આકાશી અવાજો તારા કાનમાં સંભળાય.

૧૯૪૪. ખામીના વાળને તારી બંને આંખોથી સાફ કર, કે જેથી તું અદશ્ય દુનિયાના બાગ અને શરુના ઝાડોનો કયારો જુએ.

૧૯૪૫. તારા ગળાં અને નાકમાંથી કફ કાઢી નાખ, કે જેથી ખુદાઈ પવન તારી (રૂહાનીના) મધ્યમાં સમજણની સુવાસ પાથરે.

૧૯૪૬. (તારામાં) તાવ કે પિત્તની કોઈ નિશાની છોડીશ નહિ કે જેથી તું દુનિયામાં સાકરનો સ્વાદ માણી શકે.

૧૯૪૭. મર્દાનગીનો ઈલાજ કર અને નામર્દ ન બન, જેથી, મર્દાનગીની સો વિશિષ્ટતાઓ પ્રગટ થઈ શકે.

૧૯૪૮. બેડી કે જે તારી કાયા છે, તોડી નાખ, કે જેથી તું અગ્ગડની આસપાસ ફરતો થા.

૧૯૪૯. તારી ડોક અને હાથમાંથી તૃષ્ણાની બેડી હટાવી લે જૂના બહેસ્તમાં નવું નશીબ પકડી લે (ભોગવ).

૧૯૫૦. અને જો તું તેમ કરવાને અશક્ત છો તો (ખુદાઈ) દયાના કાબા તરફ ઊડ, તે મદદગાર પાસે તારી અશક્તિ જાહેર કર.

૧૯૫૧. ગીરીયાઝારી અને રુદન એ જોરાવર જથ્થો છે. 'અકલેકુલ્લ'ની દયા એ સૌથી જોરાવર આયા છે.

૧૯૫૨. આયા અને માતા બહાનું શોધે છે, (રાહ જુએ છે કે) કયારે તેણીનું બાળક રોવું શરૂ કરશે.

૧૯૫૩. તેણે (ખુદાએ) બાળક પેદા કર્યું તમારી તો (નામની જ) જરૂરત છે. એટલા માટે કે તેને રોવું જોઈએ અને જેથી (પછી) દુઃખ તેના માટે બનાવવામાં આવે.

૧૯૫૪. તેણે કહ્યું, "તમે ખુદાને સાદ કરો" આક્રંદ કરવામાંથી બાકાત ન રહેતો એટલા માટે કે કે તેના પ્યારનું માયાળુ દૂધ વહેતું થાય.

૧૯૫૫. પવનના ઝપાટા (વરસાદ જેવું) વાદળમાંથી વહેતું દૂધ આપણી સંભાળ માટે છે. એક પળ માટે ધીરજ ધર!

૧૯૫૬. (આ આયત) શું તે સાંભળી નથી? "આસમાનમાં તારી હંમેશની રોજી છે." શા કારણે આ નીચી જગ્યાએ તું ખૂંચી ગયો છે?

૧૯૫૭. તારો ભય અને નિરાશાને તને (નીચે) ખેંચી જતા તારા કાનને ભૂતના અવાજો સાંભળતો જા.

૧૯૫૮. દરેક કહેણ જે તને ઊંચે લઈ જાય છે તો જાણ કે સંદેશ ઊંચેથી આવ્યો છે.

૧૯૫૯. દરેક સંદેશ કે જે તારામાં કંજૂસાઈ ઉશ્કેરે તો જાણ કે તે વરુની રાડ છે કે જે માણસોને (ટુકડાઓમાં) રહેંસી નાંખે છે.

૧૯૬૦. આ (પહેલે કહેલ) ઊંચાઇ સ્થાન બતાવતી (ઊંચાઈ) નથી. આ ઊંચાઈઓ રૂહ અને દિલ તરફ છે.

૧૯૬૧. દરેક કારણ તેની અસર કરતાં વધુ ઊંચા છે. લોઢું અને પત્થર તણખા કરતાં વધુ ઊંચા છે.

૧૯૬૨. (હકીકતમાં) આવી જાતનો માણસ પેલો કે જે પોતાનું માથું આટલા ગર્વથી ઊંચુ કરીને દેખાવે તેની બાજુમાં બેઠો છે તેના કરતાં (પેલો) ઊંચો છે.

૧૯૬૩. (પેલા) શખ્સની જગ્યા ઊંચી હોવાનું કારણ (તેની રૂહાનિયત) અમીરાત છે, (જે) જગ્યા (રૂહાનિયત) બેઠકથી દૂર છે તેનું થોડું મહત્વ છે.

૧૯૬૪. પત્થર અને લોઢું કાર્યમાં પહેલા હતા. આ બન્નેની ઉત્તમતા વ્યાજબી છે.

૧૯૬૫. પણ પેલા તણખાઓ, તેઓના આખરના કારણને (ઇરાદાને) જોતાં લોઢું અને પત્થર (ની ઉત્તમતા) આગળ ઘણા દૂર છે.

૧૯૬૬. પત્થર અને લોઢું પહેલા છે. અને તણખા છેલ્લા પણ આ બન્ને શરીર છે અને તણખા આત્મા છે.

૧૯૬૭. જો પેલા તણખાઓ વખતના હિસાબે પાછળથી થએલા છે. (છતાં) ગુણમાં તેઓ પત્થર અને લોઢા કરતાં વધુ ઉત્તમ છે.

૧૯૬૮. છોડ ફળ કરતાં વખતના હિસાબે પાછળથી થયેલ છે (પણ) તે (ફળ) ઉત્તમતામાં છોડ કરતાં વધુ ઊંચું છે.

૧૯૬૯. જ્યારે ફળ ઝાડનું છેલ્લું કારણ છે, (હકીકતમાં) તે ફળ પહેલું અને ઝાડ છેલ્લું આવે છે.

૧૯૭૦. જ્યારે રીંછે અજગર વિરુદ્ધ મદદ માટે રાડ પાડી એક બહાદુર માણસે (અજગરની) ભીંસમાંથી તેને છોડાવ્યું.

૧૯૭૧. લુચ્ચાઇ અને હિંમતે એક બીજાને મદદ કરી. આ જોર થકી તેણે અજગરને સંહાર્યો.

૧૯૭૨. અજગરને જોર હોય છે, (પણ) તેમાં લુચ્ચાઈ નથી, ફરી લુચ્ચાઈ ઉપર (પણ) લુચ્ચાઈ હોય છે.

૧૯૭૩. જ્યારે તમે તમારી પોતાની લુચ્ચાઈને મહત્વ આપો છો તો પાછા ફરો (અને જુઓ કે) તે ક્યાંથી આવી, તેની અસલ જગ્યાએથી.

૧૯૭૪. જે પણ નીચે છે તે ઉપરથી આવ્યું છે. આગળ આવ, તારી નજર ઊંચાઇ તરફ ફેરવ.

૧૯૭૫. ઊંચે જોવું પ્રકાશ આપે છે, જો કે શરૂઆતમાં તે તેને કસવા આંજી નાખતો પ્રકાશ પેદા કરે છે.



રીંછે - અજગર - વિરુદ્ધ મદદ માટે રાડ પાડી - બહાદુર માણસે છોડાવ્યુ. (લુચ્ચાઈ અને હિંમત)

૧૯૭૬. તમારી આંખને પ્રકાશ તરફ (જોવાની) ટેવ પાડો તમે ચામાચીડિયું ન હોતો પેલી દિશામાં જુઓ.

૧૯૭૭. અંતનું દશ્ય એ તમારી "નૂર" મેળવ્યાની નિશાની છે, એક પળની વિષયવાસના એ સત્ય જોતાં (અંધારી) કબર છે.

૧૯૭૮. અંતના દૃષ્ટા કે જેણે સો યુક્તિઓ જોઈ છે. તે તેના જેવો નથી કે જેણે (માત્ર) એક યુક્તિ સાંભળી છે.

૧૯૭૯. (અને જે) પેલી એક યુકિતથી એટલો બધો મૂર્ખો બન્યો કે તેની મગરૂરીમાં ધણીઓ કરતાં બીજાને હવાલે થયો છે.

૧૯૮૦. સામીરીની માફક જ્યારે તેણે પોતામાં તે (નાની) ચતુરાઈ જોઈ, તેણે મગરૂરીમાં હ. મૂસાની વિરુદ્ધ બળવો કર્યો.

૧૯૮૧. તેણે તે ચતુરાઈ હ. મૂસા (અ.) પાસેથી શીખી હતી. અને (પછી) પોતાના શિક્ષક તરફ પોતાની આંખો બંધ કરી.

૧૯૮૨. અલબત હ. મૂસાએ બીજી ચતુરાઈ બતાવી જેથી (સામીરી) અને તેની જિંદગીને તે સાફ કરી ગઈ.

૧૯૮૩. અરે, ઘણી હોંશિયારી છે જે મગજમાં દોડે છે કે તે (માલિક) પ્રખ્યાત બને, સત્ય રીતે જોતો. પેલો (હોંશિયારી) થકી તેનું માથું ગુમાવાય છે.

૧૯૮૪. જો તમે તમારું માથું ગુમાવવા ન ઈચ્છતા હો પગ (જેવા નીચા) બનો 'કુત્બે સાહિબ'ની અંદર રક્ષણવાળા બનો જેઓ મર્મજ્ઞતા ધરાવે છે.

૧૯૮૫. જો તું રાજા પણ હો. તેનાથી ઊંચે ન જો. જો કે તું મધ પણ હો તેની શેરડી સિવાય બીજું કાંઈ ભેગું ન કર.

૧૯૮૬. તમારા વિચાર બહારનું રૂપ છે. અને તેનો વિચાર એ રૂહ છે. તારો સિક્કો ખોટો છે અને તેનો સિક્કો ખાણ (જેવો) (ચોકખો) છે.

૧૯૮૭. તમે (હકીકતમાં) તે છો. તારા પોતાને તેના 'તે' માં શોધ, 'કુ' 'કુ' કહે. તેના તરફ (ઊડતો) હોલો બની જા.

૧૯૮૮. અને જો તને (ઈન્શાન) જાતના પવિત્ર પુરુષની ખિજમત કરવી પસંદ ન હોય તો તો તું રીંછની માફક અજગરના મોંમાં છો.

૧૯૮૯. તો એમ થાય કે માલિક તને છોડાવે અને ભયમાંથી બહાર ખેંચી કાઢે.

૧૯૯૦. જ્યારે તમારામાં શકિત નથી, (તો) આક્રંદ કરવું ચાલુ રાખો. જ્યારે તમે આંધળાં છો, તો ધ્યાન રાખો તે કે જે રસ્તો જુએ છે, તેનાથી તમારો ચહેરો ફેરવો નહિ.

૧૯૯૧. તમે રીંછ કરતાં ઓછા ખરાબ છો (કારણે કે) તમે દુઃખ માટે અફસોસ કરતા નથી. રીંછને જ્યારે તેણે રાડ પાડી ત્યારે દુઃખમાંથી છોડાવવામાં આવ્યું.

૧૯૯૨. ઓ ખુદા, અમારા પત્થર જેવાં દિલને મીણ જેવા નરમ કર, અમારા શોક તારી મીઠાઇ અને તારી દયાનું કારણ બનાવ.

## એક આંધળા ભિખારીએ કહ્યું, "મને બે અંધાપા છે."

૧૯૯૩. એક આંધળો માણસ હતો તે એમ કહ્યા કરતો "ઓ જમાનાના લોકો, દયા કરો. મને બે અંધાપા છે.

૧૯૯૪. તમે સાંભળો, એટલો માટે મારા તરફ બેવડી સહાનુભૂતિ બતાવો કારણ કે મારામાં બેવડો અંધાપો છે. અને હું (તેમની) વચ્ચે (રહું છું.)"

૧૯૯૫. (કોઈએ તેને) કહ્યું, "અમે તારો એક અંધાપો જોઇએ છીએ. બીજો અંધાપો કયો થયો છે? સમજાવો."

૧૯૯૬. તેણે જવાબ આપ્યો, "મારો અવાજ કરાડો અને નાપસંદ પડે તેવી બોલી છે. અવાજનું કદરૂપાપણું અને અંધાપો (આમ) બેવડો અંધાપો છે.

૧૯૯૭. મારો કરડો અવાજ) ત્રાસનું કારણ બને છે, લોકોનું હેત મારા અવાજથી ઓછું થાય છે.

૧૯૯૮. જ્યાં જ્યાં મારો કરડો અવાજ જાય છે ત્યાં ત્યાં તે ગુસ્સો, ત્રાસ અને ધિક્કારનું કારણ બને છે.

૧૯૯૯. મારા આ ડબલ આંધળાપણા માટે તમારી દયા પણ બેવડી કરો, તમારા દિલમાં થોડી જગ્યાને બદલે મારા માટે મોટી જગ્યા કરો.

૨૦૦૦. આ ફરિયાદ થકી તેનો કરડો અવાજ અદૃષ્ય થયો, તેવા તરફ દયા બતાવવામાં લોકો એક દિલ થયા.

૨૦૦૧. જ્યારે તેણે (તેના દિલની) આ ખાનગી વાત જાહેર કરી ત્યારે તેના દિલના અવાજની દયા થકી તેનો અવાજ સુંદર બની ગયો.

૨૦૦૨. પણ તે કે જેના દિલનો અવાજ (પણ) કરાડો છે, (તેના માટે) ખુદાઈ દયાએ પેલા ત્રણ અંધાપા માટે તેને હંમેશ માટે દેશવટો દીધો છે.

૨૦૦૩. છતાં એવું પણ બને કે દયાળુ (રૂહાની પેશ્વાએ) કે જે કારણ વગર પણ આપે છે, તેના બદસૂરત માથા ઉપર પોતાનો આશીર્વાદિત હાથ મૂકે.

૨૦૦૪. જ્યારે તેનો (આંધળા ભિખારીનો) અવાજ મધુર અને દયા ઉપજે તેવો બન્યો, તેમ પત્થર દિલવાળાના દિલ તેવીજ રીતે મીણ જેવાં (નરમ) બનાવવામાં આવે છે.

૨૦૦૫. તેવીજ રીતે જેમ નાસ્તિકનું રુદન કરડું અને (ગધેડાના) ભૂંકવા (જેવું), કારણ (થકી) તે સ્વીકારાતું નથી.

૨૦૦૬. "ચૂપ કહો" (કુરાનમાં) નીચે ઉતારવામાં આવ્યું તે (નાસ્તિકના) કરડા અવાજ વિરુદ્ધ (ઉતાર્યું) કારણ કે તે કૂતરાની માફક લોકોના લોહીથી ધરાએલો છે.

૨૦૦૭. તેવી જ રીતે રીંછનું રુદન દયા ઉપજાવે છે, (જયારે) તારું રુદન આના જેવું નથી (પણ) નાખુશ કરે તેવું છે.

૨૦૦૮. જાણ કે તું હ. યુસુફ તરફ વરુપણાથી વર્તો છો અથવા નિર્દોષનું લોહી પીધું છે.

૨૦૦૯. પશ્ચાતાપ કર, અને જે તમે પીધું છે તે ખાલી કરો, અને જો તારા જખમ જૂનો હોય, (અને સુધરે તેવો રહ્યો નથી) તો જા, (તેને) ડામ દેવરાવ.

## રીંછ અને પેલો મૂર્ખ કે જેણે રીંછમાં ભલો વિશ્વાસ મૂકયો તેની ચાલુ વાત.

૨૦૧૦. રીંછ પણ જ્યારે અજગર પાસેથી છોડાવવામાં આવ્યું. અને પેલા બહાદુર માણસ પાસેથી આટલું (બધું) હેત મેળવ્યું.

૨૦૧૧. ગુફાના માણસોના કૂતરાની માફક. પેલું પેલું ગરીબ રીંછ તેના પગનો કે જેણે છોડાવવાનો શ્રમ લીધો હતો દાસ બની ગયું.

૨૦૧૨. પેલો મુસ્લિમ, થાક ને કારણે પોતાનું માથું (આરામ કરવા) સૂવા માટે મૂકયું. રીંછ ભક્તિભાવ થકી (તેનું) ચોકીદાર બન્યું.

૨૦૧૩. અમુક માણસ ત્યાંથી પસાર થતાં તેને કહ્યું, "ઓ ભાઇ, શું (સંબધી) થયા છે ?"

૨૦૧૪. તેણે ખેડેલું જોખમ કહી સંભળાવ્યું, "ઓઃમૂર્ખ, તારું દિલ રીંછ ઉપર ન ચોંટાડ !"

૨૦૧૫. મૂર્ખની દોસ્તી (તેની) દુશ્મની કરતાં ખરાબ છે, તે (રીંછ)ને કોઇ પણ હિસાબે તારી જાણ મુજબ હંકારી કાઢવું જોઈએ."

૨૦૧૬. તેણે (રીંછ વાળાએ) (પોતાના મનમાં) કહ્યું, "ખુદાના કસમ, આ તેણે અદેખાઈ અંગે કહ્યું છે, નહિતર (જોસથી કહે) તું શા માટે રીંછપણું જ જુએ છે ? આ હેત જો."

૨૦૧૭. પેલાએ કહ્યું, "મૂર્ખનું હેત છેતરે છે, આ મારી અદેખાઈ તેના હેત કરતાં વધુ ઉત્તમ છે."

૨૦૧૮. સાંભળ, મારી સાથે ચાલ અને આ રીંછને હાંકી કાઢ. (તમારા દોસ્ત તરીકે) રીંછને પસંદ નહિ કરો, તારી પોતાની જાતવાળાને હાંકી ન કાઢ."

૨૦૧૯. તેણે કહ્યું, "જા, ચાલ્યો જા, ઓ અદેખા, તારું પોતાનું કામ કર. પેલાએ કહ્યું." "આ મારું કામ હતું. અને (મારી સલાહને અનુસરવાનું) તારા નશીબમાં નથી

૨૦૨૦. ઓ અમીર, હું કાંઈ રીંછથી હલકો નથી. તેને છોડી દે, એટલા માટે કે હું તારો સાથીદાર બનું.

૨૦૨૧. મારું દિલ ચિંતામાં ધ્રુજે છે, આના જેવા રીછ સાથે જંગલમાં જતો નહિ.

'મૂર્ખની દોસ્તી'.
'મૂર્ખનું હેત'

૨૦૨૨. આ મારું દિલ કદી નકામુ ધ્રુજતું નથી આ "નૂરે હક" છે આ કાંઇ ઢોંગ કે ખોટી બડાઈ નથી.

૨૦૨૩. હું સાચો ઇમાનદાર છું. કે જે 'ખુદાના નૂર'થી જોનાર બન્યો છે. ખબરદાર ચેતતો રહે, આ અગ્નિના દેવળથી ભાગી જા."

૨૦૨૪. તેણે આટલું બધું કહ્યું, અને તે તેના કાનમાં ન ઉતર્યું. માણસને શંકા એ મોટો અટકાવ છે.

૨૦૨૫. તેણે તેનો હાથ પકડયો, અને તેણે (રીંછવાળાએ) પોતાનો હાથ ખેંચી લીધો. પેલાએ કહ્યું, "હું જઈશ કારણ કે તમે સાચી દોરવણી (આપનાર) દોસ્ત નથી."

૨૦૨૬. પેલો બૂમ પાડી કહે, "જાઓ, મારા માટે તકલીફ ન લો, ઓ માથું મારનાર, તારું આટલું બધું ડહાપણ ન બતાવ."

૨૦૨૭. તેણે તેને જવાબ આપ્યો, "હું તમારો દુશ્મન નથી જો તમે મારી પાછળ આવશો તો તમારી મહેરબાની થશે."

૨૦૨૮. તેણે કહ્યું, "મને ઊંઘ આવે છે, મને એકલો રહેવા દો. જાઓ, તેણે જવાબ આપ્યો, મહેરબાની કરી તમારા દોસ્તને તે આપો."

૨૦૨૯. કે જેથી તમે સંતની સલામતીમાં સૂઈ શકો, (ખુદા) ચાહકના રક્ષણમાં (સૂઓ)."

૨૦૩૦. તેના (પેલાના) હેતે (આ રીંછવાળા) માણસને કલ્પનામાં ધકેલી દીધો. તે ગુસ્સે થયો અને જલ્દીથી ચહેરો ફેરવી લીધો.

૨૦૩૧. ધારી લીધું, કદાચ આ માણસ મારા પર હુમલો કરવા આવ્યો છે. ખૂની લાગે છે, (કદાચ) કાંઈ મેળવવાની આશા હોઈ, ભિખારી હોય કે દલાલ હોય !

૨૦૩૨. અથવાતો તેણે તેના દોસ્તો સાથે સરત મારી હોય કે તે મને આ મારા સાથીદારથી બીધેલો બનાવશે.

૨૦૩૩. તેના દિલના દુષ્ટપણામાંથી તેના બધા વિચારોમાં એકપણ સારી અટકળ આવી નહિ.

૨૦૩૪. તેના સારા અભિપ્રાયો તમામ રીંછ માટે હતા. ખાત્રીપૂર્વક, તે રીંછની જાતનો જ હતો.

૨૦૩૫. કૂતરાપણા અંગે તેણે સંત ઉપર શક આણ્યો અને રીંછને માયાળુ અને ન્યાયી જોયો.

## (સોનાના) વાછરડાને પુજનારાઓમાંના એકને હ. મૂસા (અ.)એ કહ્યું : તારા વૃથા શંકાવાદ અને સાવચેતીનું (શું થયું) ?

૨૦૩૬. (છેતરતી) કલ્પનાથી નશાબાજ બનેલાને હ. મૂસા (અ.) એ કહ્યુ, "ઓ તું કે જે હલકા વિચારો કરે છે, કારણ કે તે તારા (માટે) આશીર્વાદ રહિત અને નાશકારક છે.

૨૦૩૭. તેં મારા પયગમ્બરપણા માટે આ સાબિતીઓ અને આ ઉમદા ખાસિયત (જે મેં બતાવી) તેને ન ગણકારતાં સો શંકાઓ સેવી હતી.

૨૦૩૮. તેં મારામાંથી લાખો મોજીઝા જોયા હતા. (અને બધો વખત) સો ધારણાઓ અને શકો અને (વૃથા) મતમતાંતર તારામાં ઊગતા હતા.

૨૦૩૯. તું ભયંકર રીતે કલ્પના અને સેતાનીક સૂચનાઓથી દબાએલો હતો. તું મારા પયગમ્બરપણા તરફ હાવભાવ વડે અપમાન કરતો હતો.

૨૦૪૦. મેં તારી આંખ આગળ દરિયામાંથી ધૂળ ઉડાડી. તેથી તું ફીરઓનના માણસોના દુષ્ટપણામાંથી છૂટકારો મેળવે.

૨૦૪૧. ચાલીસ વર્ષો સુધી આસમાનમાંથી ખાવાના થાળ આવ્યા અને મારી દુઆથી ખડકમાંથી નદી વહેતી થઈ.

૨૦૪૨. સો ઠંડા (સખત દિલના) માણસ આ (મોજીઝા) અને તેવો સો વખતના (મોજીઝા) અને આ બધી સાબિતીઓ, તારામાંથી વૃથા કલ્પનાઓને હટાવી શકેલ નથી.

૨૦૪૩. જાદુ થકી પેલા વાછરડાએ બૂમ પાડી, (પછી) તું સિજદામાં પડયો એમ કહીને "તું મારો ખુદા છે."

૨૦૪૪. (પણ) પેલા અનુમાનો એક પ્રલયની માફક ઉખડી ગયાં. અને તારી મૂર્ખાઇ ભરેલી કુનેહ સુવા ગઇ.

૨૦૪૫. તેના (સામીરી)ના કાર્યમાં તમને શંકાઓ કેમ ન આવી ? ઓ કદરૂપા, પેલાની માફત તે તારું માથું (સિજદામાં વાછરડા આગળ) કેમ મૂકયું ?

૨૦૪૬. મૂર્ખાઓને પકડતા જાદુના ઢોંગનો અને તેની સજાનો કોઈ વિચાર તને કેમ ન આવ્યો ?

૨૦૪૭. ઓ તમો કૂતરાઓ, ખરેખર સામીરી કોણ છે ? કે તે દુનિયામાં ખુદાના આકાશી કોતરણી કરે ?

૨૦૪૮. તું તેની સાથે આના જેવી દુષ્ટતામાં એક દિલનો અને બધી મુશ્કેલીઓથી પર કેમ બન્યો ?

૨૦૪૯. વૃથા બડાઈના (જોરમાં) એક ગાયનું બચ્ચું ખુદાની માફક મલવાને લાયક છે ? જ્યારે મારી પાસે પયગમ્બરપણાની સો દલીલો છે.

૨૦૫૦. મંદબુદ્ધિ અંગે મૂર્ખાઈપણાથી તેં વાછરડાની આગળ સિજદામાં પોતાને નાખ્યો, સામીરીના જાદુની તારી સમજણ શિકાર બની ગઈ.

૨૦૫૧. કીર્તિવંત ખુદાના "નૂર"થી દૂર તારી આંગળીને તું ચોરી ગયો. આ તારે માટે ભયંકર મૂર્ખતા અરે વિનાશનું સત્વ છે.

૨૦૫૨. તારી આવી સમજણ અને તારી આવી પસંદગીને છટછટ ધિક્કાર! તારા જેવા મૂર્ખની ખાણને મારી નાખવું એ તદ્દન યોગ્ય છે."

૨૦૫૩. સોનાનો વાછરડાએ એક બૂમ પાડી, "હું વિનંતી કરી પૂછું છું કે તેણે શું કહ્યું? કે આ બધી ઉમેદો મૂર્ખમાં ખીણ ઊઠી?

૨૦૫૪. તેં આવી ઘણી વધુ અજાયબ ચીજો મારામાં જોઇ છે પણ દરેક બદમાશ ખુદાને કેમ કબૂલ કરશે?

૨૦૫૫. કિંમત વગરના લોકને શું (અન્યાનંદમાં) તાણી જાય છે? માલ વગરની વાત, નકામા લોકને શું ખુશ કરે છે? નકામી વાત."

૨૦૫૬. કારણકે દરેક જાત (અન્યાનંદમાં) પોતાની જાતથી તણાઈ જાય છે, બળદ પોતાનો ચહેરો ઝનૂની સિંહ તરફ કેમ ફેરવશે?

૨૦૫૭. વરૂ યુસુફ માટે કેમ પ્રેમ ધરાવશે? સિવાય કે દૈવયોગે લુચ્ચાઈમાં તેને દૂર કરવા ખાતર (કરે).

૨૦૫૮. જ્યારે તેને વરુપણામાંથી છૂટકારો આપવામાં આવે છે, ત્યારે તે તેનો સંબંધ બનશે. ગુફાના કૂતરાની માફક આદમના એકાદ પુત્ર જેવો બનશે.

૨૦૫૯. જ્યારે હ. અબુબકર હ. મુહમ્મદને સૂંઘ્યા, (પહેલી મુલાકાત થઇ) તેણે (પોતાના મનમાં) કહ્યું. "આ ચહેરો જૂઠું બોલે તેવો નથી."

૨૦૬૦. (પણ) જ્યારે અબુ જહલ (હ. મુહમ્મદ સાથે) સહાનુભૂતિ ધરાવતો નહતો. તેણે ચંદ્રમાના સો ટુકડા જોયા પણ (છતાં) ઈમાન આણ્યું નહિ.

૨૦૬૧. દિલગીરી ભરેલી (ખુદાઈ પ્રેમી) જેનો પ્યાલો છત ઉપરથી પડી ગયો છે (ખુદાઈ નશામાં બેહોશ થયો છે) અમે તેમાંથી સત્ય છૂપાવશું. (પણ) તે છૂપું બનશે નહિ.

૨૦૬૨. જ્યારે તે કે જે (ખુદાથી) અજ્ઞાન છે, અને તેની દિલગીરી (પ્રેમથી) અજાણ છે, કેટલીબધી વાર તેને બતાવવું, (છતાં) તેણે તે જોયું નહિ.

૨૦૬૩. દિલની આરસી ચોકખી હોવી જોઇએ. એટલા માટે કે તેમાં તમે કદરૂપુ અને ખૂબસૂરત જાણી શકો.

## સાચી સલાહ આપનાર, ઠપકાના રૂપમાં (પોતાથી બનતું કર્યા પછી તે કે જે રીંછમાં ભરોસો રાખનાર બન્યો હતો) તેનાથી છૂટો પડયો તે વિષે

૨૦૬૪. પેલો મુસલમાન આ મૂર્ખથી છૂટો પડયો, ઉતાવળથી 'લાહોલ' મનમાં બોલી (પોતાના રહેઠાણે) પાછો ફર્યો.

૨૦૬૫. તેણે કહ્યું, "મારા ઉત્સાહી ઠપકામાં અને તેની સાથેના વાદવિવાદમાં (માત્ર પરીણામ એ આવ્યું છે.) કે વૃથા કલ્પનાઓ તેના મગજમાં વધુ ઉત્પન્ન થઈ છે.

૨૦૬૬. તેથી ઠપકાનો અને સલાહનો રસ્તો અટકાવેલો બન્યો છે. (ખુદાઈ) હુકમ "તેઓથી દૂર હટી જાઓ" આવી ગયેલ છે.

૨૦૬૭. જ્યારે તમારી દવા તેના દર્દને વધારે છે તો પછી (તેને છોડી દો) (સત્ય સાંભળનારને) તમારી વાત કહો. વાંચો (આયત) "સબસ"

૨૦૬૮. જેમ આંધળો માણુસ સત્ય શોધતો આવ્યો છે, તે તેની ગરીબાઈના કારણે તેની છાતીના જખમને રૂઝ આવી શકશે નહિ.

૨૦૬૯. તું (ઓ મુહમ્મદ), મોટાએ સીધો રસ્તો પકડે તે માટે તું આતુર છો કે જેથી સામાન્ય જનો તેના રાજાઓ પાસેથી (તેવુંજ કરવું) શીખે.

૨૦૭૦. ઓ આહમદ, (હ. મુહમ્મદ) તેં શાહજાદાઓની મંડળીને જોઈ છે (જેઓ) (તને) સાંભળવા તૈયાર બન્યા હતા. અને તું (આવી આશામાં) ખુશી થયો, કે

૨૦૭૧. આ મુખીઓ (ઈસ્લામ) મઝહબના સારા દોરતો બનશે (કારણકે) તેઓ અરબો અને હબશના માલિકો છે.

૨૦૭૨. (અને તે) આની ખ્યાતિ બસરા અને તાબુકની પેલે પાર સુધી પહોંચશે કારણ કે લોકો તેના બાદશાહોના દીન પ્રમાણે ચાલે છે.

૨૦૭૩. આ કારણ અંગે તેં તારો ચહેરો પેલા આંધળા તરફથી ફેરવ્યો કે જે (અંધ) સીધે રસ્તે દોરાવાએલો (છતાં) (તું તેના તરફ.) ચીડાએલો હતો.

૨૦૭૪. (તેને) એમ કરીને કે 'આ (અજાણ્યાનું) ભેગું થવું ભાગ્યેજ બને છે. (જ્યારે) તું મારા એક દોસ્તો માનો એક છો. અને વખત પુરતો છે.

૨૦૭૫. તમે મારા પાસે કસમયે ઉતાવળમાં આવ્યા છો. હું આ ઠપકો તમને આપું છું (પણ) ગુસ્સાકે ઝઘડાથી નહિ.

૨૦૭૬. ઓ અહમદ, (મુહમ્મદ) ખુદાની સૃષ્ટિમાં આ આંધળો માણુસ સો શહેનશાહો અને સો વજીરો કરતાં વધુ બહેતર છે.

૨૦૭૭. ધ્યાન રાખ. યાદ રાખ. "માણુસો ખાણ છે" એક ખાણ (બીજી) લાખ ખાણો કરતાં વધુ (કીમતી) હોય છે.

૨૦૭૮. છૂપાએલા હીરા માણેકની ખાણ જસતની લાખ્ખો ખાણો કરતાં વધુ કીમતી છે.

૨૦૭૯. ઓ અહમદ, અહીં સંપત્તિ કાંઈ કામની તથી. પ્રેમથી ભરેલું. દર્દ અને નિસાસા મય દિલની જરૂર છે.

૨૦૮૦. દિલનો પ્રકાશિત માણુસ આવ્યો છે, દરવાજો બંધ નકર, તેને સલાહ દે, કારણકે સલાહ માટેનો તેનો હક છે.

૨૦૮૧. જો બે ત્રણ મૂર્ખાઓને તારામાં અવિશ્વાસ છે તો (તેમાં) ચીડાએલો કેમ થઈશ કે જ્યારે તું સાકરની ખાણ છો.

૨૦૮૨. જો બે કે ત્રણ મૂર્ખાઓ તારા પણ જૂઠાનું તહોમત મૂકે તો ખુદા તારાવતી પુરાવો આપે છે.

૨૦૮૩ તેણે (હ મુહમ્મદે) કહ્યું: હું દુનિયાના સ્વીકારથી સબંધિત નથી. જેનો ખુદ (પોતે) સાક્ષી છે તેને (દુનિયાની) કઈ પરવા છે?

૨૦૮૪. જો એક ચામાચીડિયું કાંઈ પણ પોતાને અનુકૂળ પડે તેવું, સૂર્ય પાસેથી મેળવે છે તો તે સાબિતી છે કે તે સૂર્ય (અસલ) સૂર્ય નથી.

૨૦૮૫. કંગાળ ચામાચીડિયાનો કંટાળો એ સાબિતી છે કે હું કીર્તિમય પ્રકાશિત સૂર્ય છું.

૨૦૮૬. જો વંદો કોઈ (ખાસ) ગુલાબજળ માટે ઈચ્છા શોધતો હોય તો તે ગુલાબજળ ન હોવાની સાબિતી બતાવતું હોય છે.

૨૦૮૭. જો કોઈ ખોટો સિક્કો પારખવાના પત્થર માટે આતુર હોય તો અચોક્કસતા અને શક તે સિક્કા પારખવાના પત્થર વિષે ઉદ્ભવે.

૨૦૮૮. ચોર રાત્રી શોધે છે નહિ કે દિવસ, આ ધ્યાન રાખ. હું રાત્રી નથી. હું દિવસ છું કારણ કે હું દુનિયાભરમાં પ્રકાશું છું.

૨૦૮૯. હું ભેદ સમજું છું કે ચાળણીની માફક ખૂબ જ ખરું ખોટું પારખી શકું છું. કે જેથી ફૂંક મારામાંથી પસાર થઈ શકે નહિ.

૨૦૯૦. હું થૂલામાંથી આટો જુદો કરું છું. એવું બતાવવા ખાતર કે આ (બહારનાં) રૂપ છે, અને તે (અંદરનાં) આત્માના (સત્વો) છે.

૨૦૯૧. હું દુનિયામાં ખુદાના ત્રાજવા જેવો છું. હું ભારે વજનવાળી ચીજને હલકી ચીજથી ખુલ્લી પાડું છું.

૨૦૯૨. એક વાછરડો ગાયને ખુદા જુએ છે, એક ગધેડો તેના શોખીનને (ખુદા) તરીકે જુએ છે પોતાને યોગ્ય લાગતાને અનુસરે છે.

૨૦૯૩. હું (કાંઈ) ગાય નથી. કે વાછરડું મને વહાલ કરે, હું કાંટાનું ઝાડ નથી કે એક ઊંટ મારાપર કપાળ લગાડે.

૨૦૯૪. તે (નાસ્તિક) ધારે છે કે તેણે મને નુકશાન કર્યું છે નહિ તેણે મારા ઉપરથી ધૂળ ઉડાડી નાખી છે.

## એક ગાંડા માણસનું જાલીનૂસને પોતાનું હરામીપણું બતાવવું અને જાલીનૂસ કેવો ડરી ગયો તે વિષે

૨૦૯૫. જાલીનૂસે તેના સાથીઓને કહ્યું, "(તમારામાંનો એક) ભલે મને આવી આવી દવા આપે.

૨૦૯૬. પછી પેલા પુરૂષે તેને કહ્યું, "ઓ (ઘણા) વિજ્ઞાનના માલિક, આ દવા ગાંડપણને (સુધારવા માટેની) વપરાય છે.

૨૦૯૭. તારી બુદ્ધિ માટે તો આ ફરજ હોવી જોઈએ. (આ બાબતમાં) વધુ કાંઈ ન કહો, તેણે જવાબ આપ્યો, "એક ગાંડા માણસે મારાતરફ નજર કરી છે."

૨૦૯૮. મારા ચહેરા તરફ આનંદિત નજરે થોડીવાર માટે જોઈ રહેલો, મારા તરફ ઝીણી નજર કરી અને મારી બાંય પકડી.

૨૦૯૯. જો મારામાં તેનું સરખાપણું ન હોત તો તે કમભાગી માણસે મારા તરફ તેનો ચહેરો કેમ ફેરવ્યો ?

૨૧૦૦. જો તેણે (મારામાં) તેની પોતાની જાત ન જોઈ હોય, તો તે મારી પાસે કેમ આવ્યો ? તેણે પોતાને બીજી જાતવાળા ઉપર પોતાને કેમ ફેંકયો ?

૨૧૦૧. જ્યારે બે માણસો એકબીજાથી સાથે અથડામણમાં આવે છે તો શક વગરની વાત છે કે તે બન્નેમાં કાંઈ સામ્યતા છે.

૨૧૦૨. એક પંખી પોતાની જાતવાળા સિવાય કેમ ઊડશે ? પોતાની સાથે સામ્યતા ન હોય તેવાનો સાથ હોવો એ ઘોર અને કબર છે.

## એક પંખી તેની જાત વગરના સાથે ઊડવું અને પળાવું તે વિષે

૨૧૦૩. અમુક સંતે કહ્યું, "મેં એક કાગડાને બગલાની સાથે દોડતો જોયો.

૨૧૦૪. હું અજાયબીમાં ગરકાવ થયો. અને મેં તે બાબતની તપાસ આદરી, એટલા માટે હું ઉકેલ શોધી શકું કે તેઓમાં કઈ સામ્યતા હતી ?

૨૧૦૫. જ્યારે અચંબા અને અજાયબીમાં હું તેઓને મલ્યો. (પછી) ખરેખર મેં જોયું કે તેઓ બન્ને લુલા હતા.

૨૧૦૬. હકીકતમાં એક બાદશાહી બાજ કે જે ઊંચામાં ઊંચા આસમાનનું છે તે જમીન પરના નીચ ઘુવડની (દોસ્તી કેમ કરે).

૨૧૦૭. તે એક 'ઇલ્લિયીન' નો સૂર્ય છે. જ્યારે બીજો એક ચામાચીડિયું કે જે 'સિજ્જીન, ને લાગુ પડતું છે.

૨૧૦૮. પેલું એક કાંઈપણ ખામી વગરનું સ્વપ્રકાશિત છે જ્યારે આ (બીજું) એક આંધળો માણસ દરેક દરવાજે ભીખ માગે (તેવું છે)

૨૧૦૯. પેલું એક ચંદ્રમા છે કે (જેનાં કિરણો) અવકાશમાં ખીલી ઊઠે છે, જ્યારે આ (બીજું) એક કીડો છે જે નર્કને ચૂસે છે.

૨૧૧૦. પેલા એકનો ચહેરો હ. યુસુફનો છે. હ. ઈસાની ફૂંક જ્યારે આ (બીજો) વરૂ છે અથવા ટકોરી બાંધેલો ગધેડો છે.

૨૧૧૧. પેલો એક અવકાશમાં ઊડયો છે, જ્યારે આ (બીજો) એક કૂતરાની માફક ઘાસના કોઠારમાં છે.

૨૧૧૨. (ન બોલી શકાય તેવા) અર્થની વાણીમાં ગુલાબ વંદાને આમ કહે છે, "ઓ દુર્ગંધ મારતા જીવ,

૨૧૧૩. જો તું ગુલાબના પથારાથી ભાગી જાય છે તો બેશક તે (તારાથી બતાવાયેલો) અણગમો ગુલાબના પથારાની સંપૂર્ણપણાની નિશાની છે.

૨૧૧૪. મારી ઈર્ષા (પદવીની સમજ) લાકડીથી તારા માથા પર વાગે છે તે, ઓ દુષ્ટ મારાથી દૂર રહેવાની તને ચેતવણી આપે છે,

૨૧૧૫. કારણ કે જો તું નીચ પાપી મારી સાથે ભળે, તો એવું વિચારવામાં આવશે કે તું મારી જ ખાણ માંહેનો એક છો.

૨૧૧૬. બુલબુલ માટે બગીચો યોગ્ય જગ્યા છે, વાંદાનું ઘર વિષ્ઠા છે.

૨૧૧૭. જ્યારે ખુદાએ મને ગંદકીમાંથી પવિત્ર રાખ્યો છે, તો પછી (મારા સાથીપણામાં) ઢોંગીની નિમણૂંક યોગ્ય કેમ લાગે?

૨૧૧૮. મારામાં (તેઓની ખાસિયતની નસતી) હ ખુદાએ (તે નસ) કાપી નાખી. તો પછી તે હલકી નસ સાથે મારામાં કેમ આવશે?"

૨૧૧૯. અનંતતામાંથી હ. આદમની એક નિશાની આ હતી, કે ફિરસ્તાઓ તેઓના માથાં તેમની આગળ ઝૂકાવે કારણ કે તે તેઓની પદવી માટે (યોગ્ય) જગ્યા હતી.

૨૧૨૦. બીજી નિશાની પેલો ઈબ્લીસ હતો, કહેતો હતો, "હું રાજા અને (ફિરસ્તાઓનો) સરદાર છું. તેઓની આગળ માથું ઝૂકાવીશ નહિ."

૨૧૨૧. પણ જો ઈબલીસ પણ હ. આદમને સિજદો કરનાર બન્યો હોત, તે (હ. આદમ) આદમ બન્યા જ ન હોત તે કાંઈ બીજું બન્યા હોત.

૨૧૨૨. એકવાર દરેક ફિરસ્તનો સિજદો કરવો, તેની મોટાઈનું (સમતોલપણું) હતું અને પેલા દુશ્મન (ઈબલીસનો) નકાર પણ તેની સાબિતી હતી.

૨૧૨૩. એકવાર ફિરસ્તાઓનો સ્વીકાર તેના માટેની સાક્ષી હતી. અને પેલા પાપી કૂતરા (ઈબલીસનો) અવિશ્વાસ (પણ) તેના માટે સાક્ષી હતી.

## રીંછના માયાળુપણામાં પેલા મગરૂર માણસનો વિશ્વાસ મૂકવા વિશેનો અંત

૨૧૨૪. પેલો માણસ ઊંઘમાં પડયો, અને રીંછ માખીઓને ઉડાડી મૂકતો હતો.

૨૧૨૫. તેણે યુવાનના ચહેરા પરથી માખીઓને કેટલીયવાર ઉડાડી પણ તેઓ તુર્ત જ ફરીવાર ઉતાવળથી આવી પહોંચતી હતી.

૨૧૨૬. રીંછ (આથી) માખીઓથી ગુસ્સે થયો અને ઊઠયો. તેણે ડુંગરની બાજુએથી એક મોટો પથ્થર ઉપાડયો.

૨૧૨૭. તે પથ્થર લઇ આવ્યો, અને સૂતેલાના ચહેરાપર માખીઓ ફરીવાર આરામથી બેસેલી જોઈ.

૨૧૨૮. તેણે તે ઘંટીના પડ (જેવો પથ્થર) ઉપાડયો અને માખીઓ ઉપર માર્યો એટલા માટે કે માખીઓ ભાગી જાય!

૨૧૨૯. પથરે સૂતેલા માણસના ચહેરાનો ભૂકકો કરી નાખ્યો, અને આખી દુનિયામાં આ કહેવતને પ્રસિધ્ધ કરી.

૨૧૩૦. "મૂર્ખનો પ્રેમ તે ખરેખર રીંછનો પ્રેમ છે." તેનું ધિકકારવું એ પ્રેમ છે અને તેનો પ્રેમ એ ધિકકાર છે.

૨૧૩૧. તેનું વચન અચોકકસ, મેલું અને નબળું છે, તેના શબ્દો જોરદાર અને તેનું અમલપણું નબળું.

૨૧૩૨. અગર જો કે તે સોગન ખાય તો પણ માનતા નહિ. માણસ કે જેની વાણી જૂઠી છે તે તેના સોગંદ તોડશે.

૨૧૩૩. એમ કે સોગન વગર (પણ) તેનો શબ્દ જૂઠો હતો. તેના દંભ અને સોગનથી ફસાતો નહિ.

૨૧૩૪. તેનો નફસે અમ્મારા તેનો સત્તાધીશ છે, અને તેની સમજણ બંદીવાન છે. જો કે એમ ધારી લો કે તેણે લાખ કુરાનને (હાજર રાખીને) કસમ ખાધા છે.

૨૧૩૫. (છતાં) જયારે કસમ (લેવા) છતાં તે પોતાની સંધિ તોડશે, જો તે એક કસમ ખાસે તો પણ તે તોડી નાખશે.

૨૧૩૬. વજનદાર કસમ થકી તું બંધાએલો છતાં નફસેઅમ્મારા તેના કારણે વધુ ગુસ્સે બન્યો છે.

૨૧૩૭. જ્યારે પકડાયેલા હાકેમને બેડી પહેરાવે છે તો તે તેને તોડી નાખશે. બહાર કૂદી આવશે.

૨૧૩૮. સોગંદને તેના ચહેરા પર નાખી તેના (કેદીના) માથા પર ગુસ્સામાં (તેજ બેડી) તેને જકડશે.

૨૧૩૯. તેના (આજ્ઞાંકીતપણામાં) તારા હાથ સાફ કર, "તારું વચન પૂર્ણ કર." તેને એમ નહિ કહે, "તમારા કસમ પ્રમાણે વર્તો."

૨૧૪૦. પોતે કોને (ખરેખર) વચન આપ્યું છે તે જે કોઈ જાણે છે તે પોતાનું શરીર દોરા જેવું (પાતળું) બનાવશે અને પોતે તેનાથી લપેટાઈ જશે.

### હ. નબી મહમ્મદ (સ. અ. સ.) નું બીમાર અસહાબને બીમાર માણસને મળવા જવાના ફાયદા સમજાવવા

૨૧૪૧. (હ. નબી મહમ્મદ ર. સ. અ.)નો એક ખાસ અસહાબ બીમાર પડયો, અને તેની બીમારીમાં તે દોરા જેવો (પાતળો) બન્યો.

૨૧૪૨. હ. મુસ્તફા (ર. સ. અ.) તેમને મળવા ગયા કારણ કે તેઓનો સ્વભાવ માયાળુ અને ઉદાર હતો.

૨૧૪૩. બીમારની તમારી મુલાકાતમાં ફાયદો છે. તે ફાયદો ફરીવાર તમારી પાસે પાછો ફરે છે.

૨૧૪૪. પહેલો ફાયદો એ છે તે બીમાર માણસ કદાચ પ્રકાશિત અને ભવ્ય (રૂહાની) રાજા બન્યો હોય.

૨૧૪૫. અને જો તે પ્રકાશિત ન હોય, તો તે (સૂફીના) રસ્તાવાળાનો દોસ્ત હોય, અને જો તે રાજા નથી તો મિજબાનનો ઘોડેસ્વાર હશે.

૨૧૪૬. દોસ્તીના દાવાએ તને વળગેલો તેને ઉપર ટપકે તો જો; તે ગમે તે હોય, કદાચ તે ઘોડે સ્વાર હોય કે ચાલનાર હોય.

૨૧૪૭. અને જો તે (તમારો) દુશ્મન હશે છતાં આ માયાળુપણા અંગે દોસ્ત બન્યા હોય છે.

૨૧૪૮. અને જો તે દોસ્ત ન પણ બને તેથી દુશ્મનાઈ ઓછી થઈ હોય છે, કારણ કે માયાળુપણું દુશ્મનીનો લેપ બને છે.

૨૧૪૯. આ સિવાય પણ બીજા ઘણા ફાયદા છે. પણ ઓ ભલા મિત્ર, થાક લાગવાની બીક લાગે છે.

૨૧૫૦. (આ બાબતમાં) મુદ્દાની વાત આ છે, આખી (સૂફી) કોમનો દોસ્ત બન. મૂર્તિ બનાવનારની માફક પત્થરમાંથી એક દોસ્ત કોતર.

૨૧૫૧. કારણ કે વણજારનું ટોળું અને મંડળ રસ્તામાના લૂંટારાઓના ભાલાં અને પીઠ તોડી નાખશે.

૨૧૫૨. ઓ દિલ વગરના ઈન્શાન, તને દિલની બે આંખો નથી કે જેથી તું બળતણ અને ઉદના લાકડાંને પારખી શકતો નથી.

૨૧૫૩. ( તને ખુદાનો દોસ્ત શોધવામાં નિરાશા સાંપડશે) પણ એ ખજાનો દુનિયામાં હસ્તી ધરાવે છે, દિલગીર ન થા. નાશ પામેલી જગ્યામાં ખજાનો નથી એવું ન જો.

૨૧૫૪. દરેક દરવીશ પાસે આડોઅવળો જઈને પહોંચી , અને જ્યારે તું (દરવીશથી ખરી) નિશાની શોધ ત્યારે તેને (તું) વારંવાર ખંતપૂર્વક મળતો રહે.

૨૧૫૫. જો તને આંતરિક દષ્ટિની આંખ આપવામાં ન આવી હોય તો પણ હંમેશા ધારી લે જે કે (કદાચ ખજાનો દરેકમાંના કોઈ પાસે હોય,)

## કીર્તિવંત ખુદાની હ. મૂસા (અ) પર વહી આવવી કે "બીમારીમાં મારી ખબર કાઢવા કેમ ન આવ્યો ?"

૨૧૫૬. હ. મૂસા (અ.) ને ખુદા તરફથી આ વહી આવી, "ઓ તું કે જેણે તારા દિલમાં ઊગતો ચંદ્રમા જોયો છે.

૨૧૫૭. તું કે જેને 'ખુદાઈ નૂર' મેં પ્રકાશિત કર્યો છે' ! હું ખુદા છું હું બીમાર પડ્યો છું. તું આવતો નથી.

૨૧૫૮. હ. મૂસા (અ.) જવાબ આપ્યો, "ઓ તું કે જેની કીર્તિ (સૌથી) ચડિયાતી છે, તું ખામીરહિત છો, આ શું ગૂઢાર્થ છે ? ઓ માલિક, આની સમજણ પાડ."

૨૧૫૯. ખુદાએ તેને ફરીવાર વહી મોકલી, "મારી બીમારી કયાં છે તે તું વિનંતી કરીને પૂછતો કેમ નથી ?"

૨૧૬૦. તેણે જવાબ આપ્યો, "ઓ માલિક, તારામાં જરા પણ ખામી નથી. (મારી) સમજણ ગુમાઈ ગઇ છે, આ શબ્દોનો (અર્થ) ખુલ્લો કરો."

૨૧૬૧. ખુદાએ કહ્યું, "મારો ચૂંટેલો અને પસંદ કરાએલો ગુલામ બીમાર પડ્યો છે, હું તે છું, સારી રીતે સમજ,

૨૧૬૨. તેની તકલીફ મારી તકલીફ છે, તેની બીમારી મારી બીમારી છે,

૨૧૬૩. જેઓ ખુદાની હજૂરમાં બેસવા ઈચ્છે છે, તેઓ ઔલિયાઓની હજૂરમાં બેસતા થાય!

૨૧૬૪. જો તમે ઔલિયાની હજૂરમાંથી છૂટા પડયા તે, તો તમે દુઃખમાં છો, કારણ કે તમે "કુલ્લ" સિવાયના 'જુઝ' છો.

૨૧૬૫. જેને જેને સેતાન દયાળુથી (ઔલિયાથી) કાપી નાખે છે, તે કોઈની (મદદ) વગરનો બને છે અને તે (સેતાન) તેનું માથું ફાડી ખાય છે.

૨૧૬૬. (ઔલિયાથી) એક પળ માટે પણ દૂર જવું એ સેતાનની છેતરપિંડીનું (પરિણામ છે) સારી રીતે સાંભળ અને અમલ કર !

## માળીએ સૂફી, કાજી અને અલવીને એકબીજાથી કેવી રીતે જુદા કર્યા તે વિષે,

૨૧૬૭. એક માળીએ, જ્યારે પોતાના બાગમાં જોયું ત્યારે બાગમાં ત્રણ માણસો જોયા, (જો કે તેઓ) ચોર (હતા).

૨૧૬૮. એક કાજી અને એક સૂફી, દરેક બે અદમ, લુચ્ચા, અને દગલબાજ ઢોંગી (હતા)

૨૧૬૯. તેણે કહ્યું, "મારી પાસે આ લોકોની વિરુદ્ધ સેંકડો દલીલો છે, પણ તેઓ જોડાએલા છે. અને જોડાએલ સમૂહ મજબૂત હોય છે

૨૧૭૦. હું એકલે હાથે ત્રણેને પહોંચીશ નહિ, તેથી સૌથી પહેલાં તેઓને એક બીજાથી જુદા પાડીશ.

૨૧૭૧. હું (તેઓને) એક બીજાથી છૂટા પાડીશ, અને જ્યારે દરેક એકલો છે, તો પછી હું તેઓનાં મોઢાં ભાંગી નાખીશ.

૨૧૭૨. તેણે એક રમત કરી, અને સૂફીને દૂર મોકલ્યો. કે જેથી તે દોસ્તોનાં (મગજમાં) તેઓની વિરુદ્ધ ઝેર રેડે.

૨૧૭૩. તેણે સૂફીને કહ્યું, ઘરે જા અને આ (તમારા) દોસ્તો માટે ગાલીચો લઈ આવ."

૨૧૭૪. (જેવો) સૂફી રવાના થયો (કે તુર્તજ) તેણે પેલા બે દોસ્તોને ખાનગીમાં કહ્યું, "તમો કાજી છો, અને આ પ્રખ્યાત શેરીફ છે.

૨૧૭૫. તમારા પોતાના કાયદાસરના નિર્ણય મુજબ આપણે આ રોટલો ખાઈએ છીએ. તમારાજ જ્ઞાનની પાંખો થકી આપણે ઊડીએ છીએ.

૨૧૭૬. અને આ બીજો આપણો શાહજાદો અને બાદશાહ છે, સૈયદ છે, તે હ. મુસ્તફાના ઘરેણાનો છે,

૨૧૭૭. આ ખાઉધરો જંગલી સૂફી કોણ છે કે જે તમારા તેવા બાદશાહોથી ભળતો રહે?

૨૧૭૮. જ્યારે તે (પાછો) આવે ત્યારે નસાડી મૂકો, અને મારા ખેતર અને બાગનો અઠવાડિયા સુધી કબજો લ્યો (ઉપભોગ કરો).

૨૧૭૯. મારા બાગનો તો શું. મારી જિંદગી તમારીજ છે ઓ તમે કે જેઓ (હંમેશા) મારી જમણી આંખ જેટલા (વહાલા છો)."

૨૧૮૦. તેણે હકકી સૂચનાઓ કરી અને તેઓને ભૂલાવવામાં, નાખ્યા, અરે, કોઈએ ધીરજથી મિત્ર ગુમાવો નહિ.

૨૧૮૧. જ્યારે તેઓએ સૂફીને નસાડી મૂકયો, અને તે ચાલ્યો ગયો, દુશ્મને તેનો મજબૂત દંડુકા સાથે પીછો પકડયો.

૨૧૮૨. તેણે રાડ પાડીને કહ્યું, "ઓ કૂતરા, મારા હોવા છતાં આમ ઓચિંતા મારા બાગમાં દાખલ થયું તે શું સૂફીઝમ છે?

૨૧૮૩. શું જુનાયદે કે બાયઝીદે આવી વર્તણુંક વર્તવા શીખામણ આપી છે? કયા રૂહાની પેશ્વા અને પીરે તમને આવું ફરમાન કર્યું છે?"

૨૧૮૪. તેણે સૂફીને એકલો જાણી ખૂબ માર્યો, તેણે તેને અધમૂઓ કરી માથું ફોડી નાખ્યું.

૨૧૮૫. સૂફીએ કહ્યું, મારું પૂરું થયું, પણ ઓ સાથીદારો, તમારી પોતાની બરાબર કાળજી રાખજો.

૨૧૮૬. તમે મને પરદેશી જેવો ગણ્યો, બરાબર જોજો, આ હરામખોર કરતાં હું વધુ પરદેશી નથી."

૨૧૮૭. તે (પ્યાલો) જે મેં પીધો તમારે પણ પીવો પડશે, અને આવો દુકાળ એ આ બધી રચનાનું મૂળ છે.

૨૧૮૮. આ દુનિયા પર્વતની (માફક) છે, અને તમારા બધા શબ્દો તમારી પાસે પાછા પડઘાના રૂપમાં આવે છે.

૨૧૮૯. માળીએ સૂફી સાથે પતાવ્યા બાદ તેવો જ ઢોંગ પેલાં આગળ કરેલો તેવો (આ બન્ને) સાથે કર્યો.

૨૧૯૦. કહે છે, "ઓ મારા શેરીફ, મારા ઘરે જાઓ, કારણ કે (સવારના) નાસ્તા માટે મેં થોડા પાંઉ પકાવ્યાં છે.

૨૧૯૧. ઘરના દરવાજે કૈમાઝને કહેજો, પેલા પાંઉ અને (પકાવેલ) હંસ લઈ આવે."

૨૧૯૨. તેને મોકલાવી દીધા પછી તેણે (બીજાને) કહ્યું, "ઓ દુરંદેશી, તમો કાજી છો, તે દેખીતી અને ચોકખી વાત છે.

૨૧૯૩. (પણ) તે (તારો દોસ્ત) એક શેરીફ (હોય)! તે એક મૂર્ખાઈ ભરેલો દાવો કરી રહ્યો છે? કોણે પોતાની માતા સાથે અનીતિ કરી તે કોણ જાણે છે?"

૨૧૯૪. તમે સ્ત્રી અને સ્ત્રીઓના કાર્ય ઉપર તમારા દિલને આધારિત રાખશો? (તેણીના) નબળા મગજ (જાણ્યા છતાં) (તેણીમાં) ભરોસો રાખશો?

૨૧૯૫. તેણે પોતાને હ. અલી અને પયગમ્બર સાથે જોડેલ છે, અને દુનિયામાં ઘણા મૂર્ખાઓ છે કે તે (સાચું માને છે).

૨૧૯૬. જે કોઈ ઝનાથી જન્મયો છે અને તેવી રીતે જન્મેલામાંનો એક હોઇ ખુદાના માણસને અંગે આવું ધારશે.

૨૧૯૭ કોઇ પણ કે જેનું માથું (તેના પોતાના) ચક્કર ચક્કર કરવાથી ફરતું લાગે છે.

૨૧૯૮. પેલી વૃથા વાત કહેનાર માળીનું કહેવું તેની (પોતાનીજ બનાવાની) વાત હતી, (તે) હ. પયગમ્મરોના વંશજો માટે ભગાડી શકાય તેવાથી દૂર હતી.

૨૧૯૯. જો તે ધર્મ ભ્રષ્ટનું સંતાન ન હોત તો તે આવા શબ્દો (હ. પયગમ્બરના) ઘરાણા માટે કેમ બોલ્યો હોત?

૨૨૦૦. તેણે ઢોંગી શબ્દો વાપર્યા, અને પેલા કાજીએ તે સાંભળ્યા, (પછી) પેલો જુલમગાર તેની (શરીફ) પાછળ પડયો.

૨૨૦૧. તેણે કહ્યું, "ઓ ગધેડા, આ બાગમાં તને કોણે આમંત્રણ આપ્યું? શું આવી ચોરી હ. પયગમ્બરે તને વારસામાં આપી છે?

૨૨૦૨. સિંહનું બચ્ચું તેના (સિંહના) જેવું હોય છે તારામાં પયગમ્બર જેવું શું છે? (અને) કહે."

૨૨૦૩. પેલા માણસે (માળીએ) (ચતુરાઈનો) આશરો લીધો હતો તેણે 'ખારજી' પયગમ્બરની આલ સાથે વર્તન કરે તેવું તેણે શેરીફ સાથે કર્યું.

૨૨૦૪. (હું અજાયબ થાઉં છું કે) યઝીદ અને સીમ્રની માફક પયગમ્બર સાહેબની આલ તરફ સેતાનો અને કાફરોને શા માટે ધિક્કાર છે?

૨૨૦૫. શરીફ પેલા જુલમગારના ફટકાથી ઘાયલ થયો, તેણે કાજીને કહ્યું, "હું પાણીની બહાર કૂદી આવ્યો છું.

૨૨૦૬. તું મજબુતપણે ઊભો રહેજે, હવે જ્યારે તું એકલો બાકી રહ્યો અને (અમારા ટેકા) વગરનો બન્યો છે ત્યારે પીપ બનજે, પેટ ઉપર ફટકા સહન કરજે.

૨૨૦૭. જો હું શેરીફ નથી અને (તારા) લાયક અને સાચો દિલી દોસ્ત નથી, (છતાં કોઇ પણ રીતે) હું આ જુલમગાર કરતાં વધુ ખરાબ તો નથી જ."

૨૨૦૮. તેણે (માળીએ) (શેરીફ સાથે) પતાવ્યું, અને આમ કહેતો આગળ વધ્યો, "ઓ કાજી, તું કઈ જાતનો કાજી છો? ઓ તું કે જે બધા મૂર્ખાઓથી અપમાનિત છો?

૨૨૦૯. ઓ ચોર ઠરેલા, (ચોરીના અંગે હાથ કાપેલા જેવા) શું તે તારો કાયદાસરનો અભિપાય છે, કે મારી રજા વગર તું મારા બગીચામાં દાખલ થાય?

૨૨૧૦. આવી સનંદ તેં વસિયતમાં વાંચેલી છે? અથવા 'મુહીનામાં આ સવાલ (આવી રીતે) નક્કી થયો છે?"

૨૨૧૧. તેણે જવાબ આપ્યો, "તમે સાચા છો, (મને) બરાબર માર, તારો હાથ (અત્યારે) ઉપર છે, પોતાના દોસ્તોથી જુદા પડનાર માટે આ યોગ્ય સજા છે."

## હ. પયગમ્બર (હ. સ. અ.) એ પેલા બીમારની મુલાકાત લીધી તેની બાકી રહેલી વાત.

૨૨૧૨. આ બીમારને મળવા જવું એ આ (રૂહાની) પ્રીતના કારણે છે, અને આ પ્રીતિ દિલમાં સો માયાળુપણું ઉત્પન્ન કરે છે,

૨૨૧૩. અજોડ પયગમ્બર સાહેબ પેલા બીમાર માણસને જોવા ગયા, તેમને માલમ પડયું કે અસહાબ છેલ્લા શ્વાસો લઈ રહ્યો છે.

૨૨૧૪. જ્યારે તમે "ઓલિયા"ની હજૂરથી દૂર બન્યા છો, હકીકતમાં તમે ખુદાથી દૂર થયા છો.

૨૨૧૫. તેવી જ રીતે સાથી મુસાફરોથી જુદુ પડવાનું પરિણામ દિલગીરી છે. તો પછી બાદશાહોના ચહેરાની જુદાઈ ઓછી (દિલગીરી) કેમ હોય?

૨૨૧૬. પેલા (બાદશાહો)નો પડછાયો (રક્ષણ) દરેક પળે શોધવાની ઉતાવળ કર. અમે તે પડછાયા કારણે તું સૂર્યથી પણ ચડિયાતો બને.

૨૨૧૭. જો તારે મુસાફરી પર જવું છે તો આ ઈરાદાથી આગળ વધ અને જો ઘરે (રહેવાનું) બને આ ભૂલતો નહિ.

## અમુક શેખનું બાયઝીદને કહેવું, "હું જ કાબા છું. મારી આસપાસ ફેરા ફેર."

૨૨૧૮. કોમનો શેખ બાયઝીદ મોટી યાત્રા 'હજ' અને નાની 'ઉમ્રા' કરવા મક્કા શરીફ તરફ ઉતાવળે જઈ રહ્યો હતો.

૨૨૧૯. દરેક શહેર કે જ્યાં તેઓ જતા ત્યાં સૌથી પહેલાં માનવંત દરવેશની તપાસ કરતા.

૨૨૨૦. તેઓ આજુબાજુ ચક્કર લગાવતા (અને) પૂછતા, (રૂહાની) "અંતર દ્દષ્ટિ, ઉપર આધાર રાખનાર આ શહેરમાં કોણ છે?"

૨૨૨૧. ખુદાએ (કુરાનમાં) કહ્યું છે, તારી મુસાફરીમાં તું જ્યાં જ્યાં પણ જા, તારે સૌથી પહેલાં (પવિત્ર) માણસને શોધવો જોઈએ.

૨૨૨૨. ખજાનાની ઝંખનામાં જા કારણ કે (દુનિયાનો) નફો નુકશાન બીજે નંબરે આવે છે. તેમને ડાળીની માફક સમજ (મૂળ તરીકે નહિ).

૨૨૨૩. જે કોઇ ઘઉંની ઝંખનામાં વાવે છે, ખરેખર તેને ફોતરાં મલે છે (પણ માત્ર) ગૌણ (રીતે).

૨૨૨૪. જો તું ફોતરાં વાવીશ, તો કદી ઘઉં ઊગશે નહિ માણસ શોધ, માણસ શોધ માણસ.

૨૨૨૫. જ્યારે યાત્રા કરવાની ઋતુ છે ત્યારે કાબાની ઝંખનામાં જા. જો તું (તે હેતુ સાથે) ગયો તો મક્કા પણ જોવામાં આવશે.

૨૨૨૬. "મિઅરાજ"માં પ્યારાના દીદારની ઝંખના હતી. અવકાશ અને ફિરસ્તાઓ પણ દેખાડવામાં આવ્યા પણ તે બીજે નંબરે આવે. (પહેલો દીદાર).

## વાર્તા

૨૨૨૭. એક નવાસવા માણસે એક દિવસ નવું ઘર બાંધ્યું. પીરે આવી તેનું ઘર જોયું.

૨૨૨૮. શેખે તેના નવા મુરીદને કહ્યું, તેના સારા વિચારોની તેણે પરીક્ષા કરી.

૨૨૨૯. "અય દોસ્ત, તેં આ બારી શા માટે બનાવી છે?" તેણે જવાબ આપ્યો, "એટલા માટે કે આ રસ્તે તેમાં અજવાળું આવે."

૨૨૩૦. તેણે કહ્યું, "તે (એક માત્ર) શાખા છે. (તારી) ખાસ (ઈચ્છા) આ હોવી જોઈએ કે આ નીક થકી હું નિમાઝ માટે (બોલવાની અઝાન) સાંભળી શકું."

૨૨૩૧. બાયઝીદે (કાબા તરફની) મુસાફરીમાં "જમાનાના ખીઝર"ને શોધવા ખૂબ મથામણ કરી.

૨૨૩૨. નવા ચાંદની માફક વળેલો એક બૂઢો માણસ તેણે જોયો, (પવિત્ર) માણસની વાણી અને શક્તિ તેણે તેનામાં જોઈ.

૨૨૩૩. તેની આંખો દૃષ્ટિ વગરની અને તેનું દિલ સૂર્ય જેવું (પ્રકાશિત) જાણે એક હાથી (પોતાના અસલવતન) હિન્દુસ્તાનનું સ્વપ્ન જોતા હોય!

૨૨૩૪. આંખો બંધ છતાં તે સો ખુશીઓ જુએ છે! જ્યારે તે (પોતાની આંખો) ખોલે છે, તે પેલી (ખુશીઓ) જોતો નથી, આહ, (કેવી) અજાયબી!

૨૨૩૫. ઘણી અજાયબી ઊંઘમાં બતાવવામાં આવે છે, નિંદ્રામાં દિલ બારી બને છે.

૨૨૩૬. તે કે જે જાગૃત છે સારાં સ્વપ્ના જુએ છે, તે (ખુદાનો) જાણકાર છે, તેની (પગની) ધુળથી તમારી આંખો આંજો.

૨૨૩૭. તેઓ (બાયઝીદ) તેની આગળ બેઠા અને તેની સ્થિતિ વિષે પૂછ્યું કે તે દરવિશ છે અને કુટુંબ કબીલાવાળો છે.

૨૨૩૮. તેણે (વૃદ્ધે) કહ્યું, "ઓ બાયઝીદ, તમે કઈ તરફ જઈ રહ્યા છો, આવા અજાણ્યા મુલકમાં આ બધો સામાન લઈ જઈ કઈ તરફ જાઓ છો?"

૨૨૩૯. બાયઝીદે જવાબ આપ્યો, હું પ્હો ફાટતાં કાબા તરફ જવા રવાના થાઉં છું. પેલાએ બૂમ પાડી કહ્યું, "આહ, મુસાફરીમાં તમારી પાસે ખાધા ખોરાકીનો કેવો જથ્થો છે?"

૨૨૪૦. તેણે જવાબ આપ્યો, "મારી પાસે બસો રૂપાના સિક્કા છે." જુઓ (તે) મારા કમરપટાના એક ભાગમાં સાચવીને બાંધ્યા છે.

૨૨૪૧. તેણે કહ્યું, "મારી આસપાસ સાત વખત ફેરા ફર અને (કાબાની) હજમાં ફરવા કરતાં વધુ બહેતર સમજ.

૨૨૪૨. ઓ ઉદારાત્મા, અને પેલા દીરહમો મારી આગળ મૂક અને જાણ કે તેં વધુ મોટી હજ અદા કરી છે અને તારી ઉમેદ પરિપૂર્ણ થઈ છે.

૨૨૪૩. (કે) તેં વધુ નાની હજ (પણ) અદા કરી છે, અને કાયમી જીવન મેળવ્યું છે (કે જેથી) તું પવિત્ર થયો તે અને 'સફા'ની ટોંચે પહોંચ્યો છે.

૨૨૪૪. સત્યનો સત્ય (ખુદાવંદ) કે જેને તારા આત્માએ જોયો છે, (હું કસમ ખાઉં છું કે) તેના મકાન કરતાં વધુ મોટા તરીકે તેણે મને પસંદ કરેલ છે.

૨૨૪૫. અલબત કાબાતુલ્લાહ તેના દીનની ખિજમતનું ઘર છે, મારું રૂપ પણ, જેમાં મને પેદા કરવામાં આવ્યો તેના અંતર દિલનું ઘર છે.

૨૨૪૬. ખુદાએ કાબા બનાવ્યું ત્યારથી તે કદી તેમાં ગયો નથી, અને આ (મારા) ઘરમાં જીવંત (ખુદા) સિવાય બીજું કોઈ ગયું નથી.

૨૨૪૭. જ્યારે તેં મને જોયો છે, તેં ખુદાને જોયો છે, તેં સત્યતાના કાબાને ફેરા ફર્યા છે.

૨૨૪૮. મારી ખિદમત કરવી એ ખુદાના વખાણ અને (તેને) તાબે થવા બરાબર છે, ખબરદાર થજે તું એવો વિચાર નહિ કરતો કે હું ખુદાથી જુદો છું.

૨૨૪૯. તારી આંખો સારી રીતે ખોલ અને મારા તરફ જો કે જેથી તું "ખુદાનું નૂર" માણસમાં જુએ."

મારી આસપાસ-7 વખત ફેરા ફર.
મકાન કરતા- વધુ મોટા તરીકે તેણે મને પસંદ કરેલ છે.

(ખુદાએ) કાબામાં - તે ગયો નથી, ખુદા સિવાય બીજું કોઈ ગયું નથી.
કાબા. મારા ઘરમાં - બનાવ્યું

૨૨૫૦. બાયઝીદે પેલા ગૂઢાર્થ વચનોને ધ્યાનથી સાંભળ્યાં અને સોનાની વાળીની માફક તેના કાનમાં મૂકયાં.

૨૨૫૧. (ઘરડા માણસ) થકી બાયઝીદનો (રૂહાની પ્રકાશ) વધ્યો, અને સ્વીકારાએલો, આખરીમાં પોતાની મંજિલે પહોંચ્યો.

### હ. પયગમ્બર (ર. સ. અ.)ને પેલા બીમાર માણસની બીમારીનું કારણ, ઉદ્ધતાઈ ભરેલી પ્રાર્થના હતી તેની જાણ થવી.

૨૨૫૨. જ્યારે પયગમ્બર સાહેબે બીમારને જોયો. તેઓ પેલા કુટુંબી જેવા દોસ્ત સાથે માયાળુ અને લાગણીપણે વર્ત્યા.

૨૨૫૩. તેણે જ્યારે પયગંબર સાહેબને જોયા તો તે (જાણે) જીવતો બની ગયો, તમોએ એમ કહ્યું હોત, "પેલી પળે તેને પેદા કર્યો."

૨૨૫૪. તેણે કહ્યું, "બીમારીએ આ ઉત્તમ નશીબ ઇનાયત કર્યું છે કે આ બાદશાહ સવારના પહોરમાં મારી તરફ આવ્યા છે

૨૨૫૫. કે જેથી તંદુરસ્તી અને આરામ આ સુલતાન કે જે રસાલા વગરના છે તેના આગમનથી મારામાં ઉત્પન્ન થયાં છે,

૨૨૫૬. દુઃખ, બીમારી અને તાપ ખુશ રહો ! રાતનું જાગરણ અને મૂંઝવણ આર્શીવાદિત હો!

૨૨૫૭. અરે, ખુદાએ મારી ઘરડી ઉંમરમાં આવી બીમારી અને રાહતની દયા અને ઉદારતા બતાવી છે.

૨૨૫૮. તેણે જ મને મારી પીઠમાં દર્દ આપ્યું છે કે જેથી દરેક મધ્યરાત્રે નિંદ્રામાંથી સફાળો બેઠા થવા સિવાય છૂટકો હોતો નથી.

૨૨૫૯. એટલા માટે કે આખી રાત ભેંસની માફક ઝોકાં ન ખાઉં, ખુદાએ તેની રહેમતથી મને મને દુઃખ આપ્યું હતું.

૨૨૬૦. વૃદ્ધાવસ્થાની નબળાઈમાંથી આ ખુદાની રહેમત ઉછળી છે, અને દોઝખનું મને દબાવવું ચૂપ થઈ ગયું છે."

૨૨૬૧. દુઃખ એ ખજાનો છે, કારણ કે તેમાં રહેમતો (છૂપાએલી) છે, જ્યારે તમે છીલટું ઉખેડી નાખો છો ત્યારે સત્વ તાજુ બને છે.

૨૨૬૨. ઓ ભાઈ, અંધારી અને ઠંડી (જગ્યામાં રહેઠાણ કર) દિલગીરી, નબળાઈ અને દુઃખ ધીરજથી સહન કર.

૨૨૬૩. રૂહાની નશાનો પ્યાલો અને જીવનનો ઝરો પેલી ઊંચાઈમાં ઊંચાઈઓ માટે બધા જ નીચાણમાં છે.

૨૨૬૪. પેલી વસંતઋતુ પાનખર ઋતુમાં સમાયેલી છે અને પાનખર ઋતુમાં તેમાંથી ભાગ નહિ.

દુ:ખ - એ ખજાનો છે.

'તકો'નો વિરોધ કરતો રહે ..
"પયગંબરોની ઓળખાણ છે."

૨૨૬૫. દુઃખનો સાથીદાર બન. વિનાશ સાથે શરમ તથા ખુદીના મૃત્યુમાં અમર જિંદગી શોધ.

૨૨૬૬. તારો નફ્સે અમ્મારા કહે તે સાંભળ નહિ. કે આ જગ્યા (ખુદીને મારવાની) ખરાબ છે. અલબત્તાં તેણીના કાર્યો વિરોધાભાસી જેવાં છે.

૨૨૬૭. તેણીનો વિરોધ કરતો રહે, કારણ કે દુનિયામાં આવેલા પયગમ્બરોની આવી ચેતવણી છે.

૨૨૬૮. તે બહુ જરૂરતું બને છે કે જો કાર્યો કરવામાં આવે તે માટે સલાહમસવરો કરવો જોઈએ.

૨૨૬૯. લોકોએ કહ્યું, "કોની પાસેથી અમો સલાહ મેળવીએ ? પયગમ્બરોએ જવાબ આપ્યો, "અકલ કે જે "ઈમામ" છે તેની (સલાહ લ્યો)."

૨૨૭૦. તેણે (સવાલ કરનારે) કહ્યુ (પણ) "જો બચ્ચું અંદર હોય, અથવા સ્રી કે જેને લાંબી સમજણ ન હોય તો.

૨૨૭૧. તેણે (પયગમ્બરે) કહ્યું, "તેણીની સલાહ લ્યો અને જે તેણી સલાહ આપે તેનાથી ઊલટું ચાલો અને તારે રસ્તે ચાલ્યે રાખ.

૨૨૭૨. જાણ કે તારો નફ્સે અમ્મારા સ્રી છે અને સ્રીથી પણ વધુ ખરાબ છે, કારણ કે સ્રીએ ખરાબીનો એક ભાગ છે, પણ તમારો નફ્સે અમ્મારા સંપૂર્ણપણે ખરાબ છે.

૨૨૭૩. જો તું તું નફ્સે અમ્મારાની સલાહ લ્યે તો તેણી જે પણ કહે, તે જંગલીથી ઊલટા ચાલો,

૨૨૭૪. જો તેણી નમાઝ અને રોજા માટે ફરમાન કરે, (ધ્યાન રાખજે), નફ્સે અમ્મારા એક મોટો દગલબાજ છે. તેણી તારા વિરુદ્ધ જન્મ આપવાનું કોઈ કાવતરું રચશે.

૨૨૭૫. તારા આ માલને લગતા કાર્યો માટે જ્યારે તું તારા નફ્સે અમ્મારાની સલાહ લે. તેણી જે પણ (કરવાનું કહે) તેનાથી ઊલટું ચાલવું (એજ) સાચું છે.

૨૨૭૬. જો તું તેણી અને તેણીની બળજબરીને પહોંચી વળ નહિ તો દોસ્ત પાસે જા અને તેની સાથે ભળી જા.

૨૨૭૭. ચિત્ત બીજાના ચિત્તમાંથી શકિત મેળવે છે. શેરડી શેરડી થકી સંપૂર્ણતા મેળવે છે.

૨૨૭૮. નફ્સે અમ્મારાની બદમારીપણામાંથી (ઊઠતી) ઘણી અજાયબ (ચીજો) મેં જોઈ છે. કારણ કે તેણીના જાદુ થકી તેણી વિવેકનું હું માનસિક બળ ઉપાડી જાય છે.

૨૨૭૯. તેણીએ હજારો વખત વચનો તોડયાં છે તેની તેણી તાજી યાદી આપશે.

૨૨૮૦. જો તમારી જિંદગી સો વર્ષો સુધી પણ લંબાવવામાં આવી, તેણી દરેક દિવસે એક નવો ઢોંગ તમારી આગળ રજૂ કરશે.



"અક્કલ" કે જે "ઈમામ" છે.

(100-વર્ષો માં દરેક દિવસે) નફ્સે અમ્મારા - સ્ત્રી છે. - સ્ત્રીથી પણ વધુ ખરાબ છે. નવો ઢોંગ રજુ કરે.) સલાહ લ્યો - સલાહ આપે તેનાથી ઉલ્ટા ચાલો.

૨૨૮૧. તેણી ઠંડા (નકામા) વચનો ઉચ્ચારે છે જાણે કે (દિલમાંથી) ગરમ હોય! (તેણી) જાદુગરણી (છે) તેણી માણસની માણસાઈને બાંધી દે છે.

૨૨૮૨. ઓ હિસ્સામુદ્દીન (કે જે) ખુદાનો પ્રકાશ છે, આપ કારણ કે તારા સિવાય પથરાળ જમીનમાં કોઈપણ છોડ ઊગશે નહિ.

૨૨૮૩. આસમાનમાં નીચે એક પડદો ઉતારવામાં આવ્યો છે કારણ કે તેના શ્રાપ થકી તેઓના દિલ ઉઝરડાથી ચીરાયેલાં છે.

૨૨૮૪. આ ભાવિ માત્ર ખુદાઈ ભાવિ મટાડી શકે, તેના પેલા કરેલાઓની સમજણ ઉપર ફટકો લાગીને સ્તબ્ધ કરાયેલી છે.

૨૨૮૫. કાળો સર્પ કે જે રસ્તા ઉપર પડેલા કીડા (જેવો) હતો તે અજગર બન્યો છે.

૨૨૮૬. પણ હ. મૂસાનો આત્માને જેના પ્રેમમાં કેફ ચડયો હતો તેના પ્રેમ અંગે તારા હાથમાં તે (હ. મૂસાની માફક) દોરડું બને છે.

૨૨૮૭. ખુદાએ તને હુકમ આપેલો છે, એમ કહીને કે લઈલે બીતો નહિ કે જેથી અજગર તારા હાથમાં દોરડું બને.

૨૨૮૮. સાંભળ, ઓ બાદશાહ, સફેદ હાથ બતાવ, કાળી રાત્રીની બહારથી એક નવા પ્રભાતની ઉજાણી કર.

૨૨૮૯. એક દોજખ આગથી સળગી ઊઠી હતી. તેથા પર જાદુયંત્ર ફૂંક. ઓ તું કે જેની ફૂંક સમુદ્રની ફૂંકથી વધુ (અજાયબ) છે.

૨૨૯૦. તેણી (નફસે અમ્મારા) તે દંભી સમુદ્ર છે કે જે (માત્ર) (નાનાં) ફીણ બતાવે છે. તેણી દોજખ છે કે જે દંભ થકી (માત્ર) (થોડી) ગરમી બતાવે છે.

૨૨૯૧. તેણી તારી આંખમાં નાની દેખાય છે, અંતમાં તમે એમ જાણો કે તેણી નબળી છે અને તમારો કોપ તેના પર ઉતરે.

૨૨૯૨. જોકે (નાસ્તિકોનાં) મોટાં ટોળા હોય (છતાં પણ) પયગમ્બરની નજરમાં તે તારા દેખાય છે.

૨૨૯૩. કે જેથી પયગમ્બરે ભયની (બીક) વગર ચડાઈ કરી પણ જો તેણે (તેમને) (સંખ્યામાં) વધારે જોયા હોત તેઓ તે (બાબતમાં) સાવધતાથી વર્તન કરત.

૨૨૯૪. તે ખુદાઈ કૃપા હતી. ઓ મુહમ્મદ, તમે તેને લાયક હતા, નહિતર તમો નિરાશ બન્યા હોત.

૨૨૯૫ ખુદાએ પોતાના સાથીદારોને બહારની અને અંદરની યુદ્ધસ્થિતિ તેને નાની બતાવી.

૨૨૯૬. એટલા માટે કે તેને સહેલાઇથી જીત મેળવવા તેને સહેલું બતાવે, અને તેથી તેઓ મુશ્કેલીના વખતે પોતાનો ચહેરો ફેરવે નહિ.

૨૨૯૭. તેને માટે (ખુદાની), (લડાઈની સામગ્રી) થોડી દેખાડવી એ જીત હતી, જ્યારે ખુદા તેનો મિત્ર હતો અને તેને રસ્તો શીખવ્યો હતો.

કીડા - અજગર

'ખુદાનો હુકમ - અજગર - દોરડું બન્યો.

નાસ્તીકોના ટોળા - પણ પયગંબરની નજરમાં તારા.

૨૨૯૮. (પણ) જેને ફતેહ માટે ખુદાનો ટેકો નથી, અફસોસ તેને જો કે ઝનૂની સિંહ બિલાડી દેખાતી હોય.

૨૨૯૯. અફસોસ, જો દૂરથી તે સોને એક જ જુએ તેથી ફેકટના વિશ્વાસમાં તે લડાઈમાં ઉતર્યો.

૨૩૦૦. તે (ખુદા) પયગમ્બરની તલવારને બરછી દેખાડે છે અને ઝનૂની સ્નેહને બિલાડી દેખાતી બનાવે છે.

૨૩૦૧. અંતમાં પેલો મૂર્ખ બહાદુરીથી લડવામાં પડે છે અને તેથી તે તેઓની આ યુક્તિથી ફસાવે છે.

૨૩૦૨. (અને આની સાથે તે આવી રીતે વર્તે છે) એટલા માટે કે પેલા મૂર્ખાઓ અગ્નિના દ્વારે પોતાને જ પગલે (પોતાની સ્વતંત્ર મરજીથી) આવ્યા હોય છે.

૨૩૦૩. તે તે બતાવે છે કે જે (તમને લાગે કે) એ ખડનું તણખલું છે. એટલા માટે કે તમે અસ્તિત્વમાંથી અદૃશ્ય કરવા જલ્દીથી તેને ફૂંક મારો છો.

૨૩૦૪. ખબરદાર, કારણ કે પેલા તણખલાએ ડુંગરોને મૂળમાંથી ઉખેડ્યા છે, તેના થકી દુનિયા રુએ છે જ્યારે તે (તણખલું) હસવામાં છે.

૨૩૦૫. તે આ નદીના પાણીને (માત્ર) ઘૂંટણ સુધી (ઊંડુ) બતાવે છે (પણ) 'અનક' વા પુત્ર 'આજ' જેવા સો તેમાં ડૂબી મર્યા છે.

૨૩૦૬. તે લોહીના મોજાને એક મણ કસ્તુરી દેખાતું કરે છે તે સમુદ્રના તળિયાને સૂકી જમીન જેમ દેખતી કરે છે.

૨૩૦૭. અંધ ફિરઓનને દરિયો સૂકી જમીન દેખાઈ તેથી તેમાં (તેની મગરૂરી) મનુષત્વ અને જોરમાં તેણે તેમાં ઝંપલાવ્યું.

૨૩૦૮. જ્યારે (તેમાં) તે ઉતરે છે, ત્યારે તે દરિયાને તળિયે (પહોંચે છે) ફીરઓનની આંખ કેમ દેખતી બને?

૨૩૦૯. ખુદાના મિલન થકી આંખને દેખતી બનાવવામાં આવે છે. ખુદા દરેક મૂર્ખનો વિશ્વાસુ કેમ બને?

૨૩૧૦. તે (મૂર્ખ) (ધારે છે કે તે) સાકર જુએ છે, પણ હકીકતમાં મૃત્યુમય ઝેર છે( તે ધારે કે તે) દોરડું જુએ છે હકીકતમાં ભૂતની રાડ છે (નાશમાં ખેંચી જતી).

૨૩૧૧. ઓ ગગન, આ પાછલા જમાનાનાં દુઃખમાં તું બહુ ઝડપથી ફરે છે, મહેરબાની કરી અમોને વખત આપ. (ટૂંકી વિશ્રાંતિ અને રાહત આપ.)

૨૩૧૨. તું અમોને ફૂલાવવાનો ધારદાર જમૈયો છો. તું અમારું લોહી વહેવડાવનાર ઝેરી છરી છો.

૨૩૧૩. ઓ ગગન, ખુદાની દયામાંથી દયા રાખતાં શીખ, સર્પની માફક કીડીઓના દિલ જખ્મી ન કર.

ખુદાનો ટેકો → સિંહ - બિલાડી બની.

૩૧૪. તેનું સત્ય કે જેણે તારા અવકાશનું પૈડું આ (પૃથ્વીની) કાયા ઉપર ફેરવ્યું છે.

૩૧૫. (અમે તને) બીજી સારી કક્ષામાં ફેરવતા (જોઈએ છીએ) અમારા પર દયા દર્શાવો નહિતર અમને તું ઉખેડી નાખીશ.

૩૧૬. (અમે જોઈએ છે) શરૂઆતમાં તે જ તારા સત્યથી અમોને ઉછેરી મોટા કર્યા, તેથી પાણી અને જમીનમાંથી અમે (ઊગીએ): યુવાન થઈએ.

૩૧૭. તે ખુદાના સત્યથી (કહું છું) કે જેણે તને પવિત્ર બનાવ્યો અને તારામાં આટલી બધી ખૂબીઓ જાહેર કરી.

૩૧૮. કોણે તમોને આટલો પ્રકાશિત અને અનંત બનાવ્યો કે જડવાદી લોકોએ તને અનંતતામાંથી (અસ્તિત્વ) ધરાવતો વિચાર્યો હતો.

૩૧૯. (ખુદાનો) આભાર, (કે) અમો તારી શરૂઆત જાણી શકયા છીએ પયગમ્બરોએ આ તારી ગુપ્તતા અમને કહી છે.

૩૨૦. એક માણસ ઘર (કયારે) બનાવેલું છે તે જાણે છે કરોળિયો જે આળસું રીતે આમ તેમ ફરે છે તે (આ) જાણતો હોતો નથી.

૩૨૧. એક વાંસ શી રીતે જાણશે કે આ બગીચો કઈ ખજુરનો છે? કારણ કે તે વસંતમાં જન્મ્યો હતો અને તેનું મરણ (આવતા) શિયાળામાં છે.

૩૨૨. કીડો કે જે દયાજનક રીતે (સૂકા) લાકડામાં જન્મેલો છે, તે (ઝાડ) એક વખત જ્યારે લીલું રસવાળું હતું તે તે કેવી જાણશે?

૩૨૩. અને જો કીડો (આ) જાણે તો તેના ખાસ ગુણમાં તે અકલવંત છે માત્ર દેખાવ પૂરતો રૂપમાં તે કીડો છે.

૩૨૪. બુદ્ધિ ઘણાં ખોટાં રૂપોમાં પોતાને બતાવે છે (પણ) જીવની માફક (અસલ ખાસિયત નથી) તે મૈત્રી છોડાવવામાં છે.

૨૩૨૫. તે ફિરસ્તાથી પણ ઉપર છે, તે કયો પ્રસંગ છે કે જીન સાથે તેની (સરખામણી કરવામાં આવે! (પણ) તારી પાંખો ડાંસની છે, તું નીચી (દિશાઓ) તરફ ઉડી રહ્યો છે.

૨૩૨૬. અલબત્ત તારી બુદ્ધિ ઉપર ઉડી રહી છે, (પરંતુ) તમારા રૂઢિગત તર્કોનું પંખી નીચે ખાય છે.

૨૩૨૭. રૂઢિગત જ્ઞાન એ આપણા આત્માનું ઝેર છે, તે ઉછીની લીધેલી ચીજ છે. પણ આપણે આરામથી (માની લઈએ છીએ) કે તે આપણું છે.

૨૩૨૮. તે આપણને આ (દુનિયાના) ડહાપણમાં અજ્ઞાન બનતા બતાવે છે (નહિતર) આપણે આપણા ગાંડપણને ચોંટી રહેવું જોઈએ.

૨૩૨૯. તારો નફસે અમ્મારા જે કાંઇ ફાયદાકારક દેખાડે તેનાથી હંમેશા ભાગતો રહે ઝેર પી અને જીવનના જળને ઢોળી નાખ.

૨૩૩૦. તારાં વખાણ કરે તેનું ભૂંડું બોલ, મૂડી અને વ્યાજ (બન્ને) ગરીબને ઉછીના આપી દે.

૨૩૩૧. સલામતી છોડી દે ભયજનક સ્થળે રહેવાનું રાખ. કીર્તિ પાછળ છોડી દે અને અપમાનિત અને ખરાબ રીતે નામીચો બની જા.

૨૩૩૨. મેં (અને) બુદ્ધિમાન (મનાવવા) ખૂબ મહેનત કરી છે. હવેથી હું મને ગાંડો બનાવીશ.

## સૈયદ અઝલને દલક્કનો ખુલાસો કરવો, પોતે શા માટે વેશ્યા સાથે શાદી કરી, તે વિશે.

૨૩૩૩. એક રાત્રીએ સૈયદ અજાલે દલક્કને કહ્યું, "તેં ઉતાવળમાં વેશ્યાને પરણી છે.

૨૩૩૪. તારી ફરજ હતી કે આ હકીકત તારે મને જણાવવી હતી, કે જેથી અમોએ તારા માટે પવિત્ર (સ્ત્રી) તારી ઘરવાળી તરીકે (શોધી હોત)

૨૩૩૫. કલક્કે જવાબ આપ્યો, "હું (અત્યાર સુધી) નવ પવિત્ર અને સારા ગુણવાળી સ્ત્રીઓને પરણ્યો છું અને તે (બધી) વેશ્યાઓ બની અને હું સંતાપમાં રોકાઇ ગયો.

૨૩૩૬. મેં અગાઉની ઓળખાણ પિછાણ વગર આ વેશ્યા સાથે શાદી કરી છે તે તે જોવા કે તેણી આખરમાં કેવી નીવડે છે?

૨૩૩૭. વારંવાર મેં (પાકી) સમજ વાપરી છે, હવે હું ગાંડપણને ઉછેરવાનું શોધું છું."

## એક પ્રખ્યાત (દરવેશી) માણસને કે જે ગાંડાનો ઢોંગ કરતો હતો તેને વાતચીતમાં કેમ ખેંચી ગયો તેના વિશે

૨૩૩૮. અમુક માણસ કહેતો હતો, "મને કોઈ બુદ્ધિશાળીની જરૂર છે. (કે જેથી) હું મુશ્કેલી માટે સલાહ લઉં."

૨૩૩૯. એકે તેને કહ્યું, "અમારા શહેરમાં પેલો માણસ જે ગાંડો દેખાય છે તેનાથી વધુ બુધ્ધિમાન કોઇ જ નથી.

૨૩૪૦. જુઓ, ફલાણા (નામનો) એક છે નેતર પર સવાર થએલો, બચ્ચાંઓની સાથે તે (નેતર પર) ઘોડેસ્વારી કરે છે,

૨૩૪૧. તે ચુકાદા આપવામાં હોંશિયાર છે. જાણે કે અગ્નિની ચિનગારી. તે મોભામાં આકાશ જેવો (ભવ્ય) છે અને અવકાશના તારા જેવો છે."

૨૩૪૨. તેની કીર્તિ 'કરોળી"નો (સમજુ) આત્મા બન્યો, તે આ (ઢોંગી) ગાંડપણમાં છૂપાએલો બન્યો.



વખાણ કરે - તેનું ભૂંડું બોલ
મુડી+વ્યાજ - ગરીબને ઉછીના આપી દે

૨૩૪૩. પણ તમારે બધા ગાંડા માણસને (સમજુ) આત્મા ગણવો ન જોઈએ. 'સામરી' જેવો કે જેણે પોતાનું માથું (ગાયને) ઝૂકાવ્યું, તેના જેવો નહિ.

૨૩૪૪. જ્યારે જાહેર રૂહાની પેશ્વાએ તારા પર લાખો અદીઠ વસ્તુઓ અને છૂપા ગૂઢાર્થો તારામાં જાહેર કર્યાં.

૨૩૪૫. અને તમોને (પૂરી) સમજણ અને જ્ઞાન ન હતાં (કે જેથી) તમે ઉદના લાકડું માંથી વિષ્ઠાને પારખી શક્યા નહિ.

૨૩૪૬. તો પછી, ઓ અંધ, જ્યારે રૂહાની પેશ્વાએ ગાંડપણનો પડદો પોતા માટે બનાવ્યો તે તું કેમ પારખી શકીશ?

૨૩૪૭. જો તમારી અંતરિક ચોકકસતાની આંખ ખુલેલી છે, તો દરેક પત્થર નીચે એક (રૂહાની) સરદાર જો.

૨૩૪૮. આંખ કે જે ખુલ્લી છે અને રાહદર્શકની માફક છે, (તો) દરેક દરવીશના ઝબ્બાને હ. મૂસા (અ.) નું આલિંગન છે.

૨૩૪૯. માત્ર રૂહાની પેશ્વા જ છે જે પોતાને રૂહાની પેશ્વા તરીકે જાણીતો બનાવે છે, અને તેની ઈચ્છા થાય તેવાને નશીબવંતા બનાવે છે.

૨૩૫૦. જ્યારે તે પોતે ગાંડા હોવાનો ઢોંગ કરે ત્યારે કોઈપણ તેને પોતાના ડહાપણથી ઓળખી શકે નહિ.

૨૩૫૧. જ્યારે દેખતો ચોર એક આંધળા પાસેથી ચોરી કરે છે ત્યારે તે પેલા પસાર થઈ જતા ચોરની ઓળખ આપી શકશે?

૨૩૫૨. આંધળો માણસ તેને કોણ લુંટી ગયો તે જાણતો નથી, અગર જો કે દુષ્ટમાં દુષ્ટ ચોરે તેને નીચે પછાડયો હોય.

૨૩૫૩. જ્યારે એક કૂતરો આંધળા ગરીબ ભિખારીને કરડે છે ત્યારે તે પેલા ઝનૂની કૂતરાને કેમ ઓળખી શકશે?

## આંધળા ભિખારી પર કૂતરાના હુમલા વિશે

૨૩૫૪. અમુક મહોલ્લામાં એક આંધળા ભિખારી પર એક કૂતરો લડાયક સિંહની માફક હુમલો કરતો હતો.

૨૩૫૫. કૂતરો દરવીશો તરફ ગુસ્સાથી દોડે છે. ચંદ્રમા પોતાની આંખો દરવેશોના પગની રજથી આંજે છે.

૨૩૫૬. આંધળો માણસ કૂતરાની બીકથી લાચાર બન્યો, આંધળા માણસે પેલા કૂતરાને માન આપવું શરૂ કર્યું.

૨૩૫૭. એમ કહીને કે, "ઓ શિકારના શાહજાદા, અને ઓ શિકારી સિંહ, તારો હાથ મારા પરથી ઉઠાવી લે."

આંધળા- ચોરને જોઈ ના શકે.

૨૩૫૮. તંગીના કારણે એ (પ્રખ્યાત તત્વવેતાએ,) ગધેડાની પૂંછડી જેવા (નીચ માણસને) ઉમરાવનો લકબ આપ્યો હતો.

૨૩૫૯. જરૂરિયાત અંગે પેલા (આંધળા માણસે) પણ કહ્યું, "ઓ સિંહ, આવા કંગાળ શિકારને પકડવામાં તને શું ફાયદો થશે?

૨૩૬૦. તારા દોસ્તો જંગલમાં હરણ પકડે છે તું મહોલ્લામાં આંધળા માણસને પકડે લે. આ (બહુ) ખરાબ (કહેવાય).

૨૩૬૧. તારા દોસ્તો શિકારમાં હરણ શોધે છે તું મહોલ્લામાં માત્ર બાર અંગે આંધળો શોધે છે?"

૨૩૬૨. જાણીતો કૂતરો હરણને પોતાનો શિકાર બનાવે છે. જ્યારે આ નાલાયક કૂતરાએ એક આંધળા માણસ પર હલ્લો કર્યો છે.

૨૩૬૩. જ્યારે (આ.) જ્ઞાન શીખ્યો, (તેણે તેને છૂટો કર્યો) તે ભયયુક્ત બન્યો, તે જંગલમાં કાયદેસરનો શિકાર કરે છે.

૨૩૬૪. જ્યારે કૂતરો (આલિમને) જાણનાર બન્યો છે. ચપળતાથી ચાલે છે, જ્યારે કુતરો (આરીફ) ખુદાને જાણનાર બન્યો છે, તે ગુફામાંના માણસો (જેવો) બન્યો છે.

૨૩૬૫. કૂતરો શિકારનો કોણ ધણી છે તેનો જાણકાર બન્યો છે, ઓ ખુદા, તે જાણીતુ "નૂર" શું છે?

૨૩૬૬. જો આંધળો માણસ તે ("નૂર") તે જાણતો નથી તે (તેને) જોવાની આંખ નથી. તેમ નથી. "નહિ" તે અજ્ઞાનતાથી ડૂબેલો છે.

૨૩૬૭. સત્ય છે કે આંધળો માણસ માટી કરતાં વધુ આંધળો નથી અને આ માટી ખુદાની દયાથી (ખુદાના) દુશ્મનોને જોનાર બની છે.

૨૩૬૮. (તેણે) હ. મૂસામાં "નૂર" જોયું. અને હ. મૂસા તરફ માયા બતાવી (પણ) કારૂનને ઓળખ્યો.

૨૩૬૯. દરેક ખોટા ઢોંગના નાશ માટે તે (માટી) એ ધરતીકંપ કર્યો, તે ખુદાનો હુકમ સમજી "ઓ જમીન ગળી જા."

૨૩૭૦. જમીન, પાણી, હવા અને અગ્નિના તણખા આપણાથી જાણીતા નથી પણ ખુદાથી જાણીતા છે.

૨૩૭૧. તેનાથી ઊલટું, આપણે ખુદા સિવાય બીજી ચીજોથી સજાગ છીએ (પણ) ખુદાથી અને આટલા બધા ચેતવણી આપનારાથી બેઈમાન છીએ.

૨૩૭૨. નિઃશંકપણે, તેનાથી બધા બી ગયા છે. તેમના હુમલાથી બધાં પ્રાણી મળી ગયાં છે.

૨૩૭૩. તેઓએ કહ્યું, "આપણે આ જિંદગીથી પ્રતિકૂળ છીએ (ખાસ કરીને) તે કે જે પેદા કરેલા જીવો સાથેની સગાઈમાં જીવે છે અને ખુદા સાથેની સગાઈમાં મરેલા છે."

૨૩૭૪. જ્યારે તે (કોઈ પણ) પેદા કરેલા જીવોથી દૂર રહે છે તો તે અનાથ કારણ છે કે ખુદા સાથેના મેળાપ વખતે દિલ સ્વતંત્ર હોવું જોઈએ.

૨૩૭૫. જ્યારે એ ચોર આંધળા માણસ પાસેથી કોઈ ચીજ વસ્તુ ચોરી લે છે ત્યારે આંધળો આંધળી રીતે રુદન કરે છે.

૨૩૭૬. ત્યાં સુધી કે ચોર તેને કહે છે, તારી પાસેથી ચોરી કરનાર હું જ છું કારણ કે યુક્તિબાજ ચોર છું.

૨૩૭૭. આંધળો તેના ચોરને કેવી રીતે જોશે? જ્યારે કે તેને આંખનું તેજ નથી, પ્રકાશિત (દૃષ્ટિ) નથી,

૨૩૭૮. જ્યારે તે (ચોર) બોલે છે અરે (ચોરીની) કબૂલાત કરે છે, તુ તેજ તેને મજબૂતાઈથી પકડી રાખો, કે તે (ચોરાયેલા) માલની નિશાની પણ કહે,

૨૩૭૯. મોટી લડાઇ (જેહાદે અકબર) ગંદકીને દબાવવામાં સમાએલી છે, એટલા માટે કે તમોએ શું ચોર્યું છે સાથે શું ઉપાડી ગએલ છે તે કહે,

૨૩૮૦. સૌથી પહેલાં તેણે તમારી આંખનો મલમ ચોર્યો છે. જ્યારે તમો તે તેની પાસેથી (પાછો) લેશો તમે (તમારી) દૃષ્ટિ પાછી મેળવશો.

૨૩૮૧. ડહાપણનો સામાન જે (તમારી) દિલમાંથી ગૂમ થયો છે. તે ચોક્કસ દિલના માણસ (રૂહાની પેશ્વા) થી શોધી શકાશે.

૨૩૮૨. દિલનો આંધળો (પોતાની માલીકીની) જીંદગી અને સાંભળવાની અને જોવાની છે તે સમજતાં સેતાનીક ચોરનાં પગલાં કદી જાણી શકતો નથી.

૨૩૮૩. દિલના માણસ (રૂહાની પેશ્વા) માંથી (પેલા જ્ઞાનની) શોધ કર, મૂર્ખાઓ પાસેથી તેને શોધતો નહિ કારણ કે તેની આગળ બીજા બધા મૂર્ખાઓ છે.

૨૩૮૪. સલાહનો શોધનારો તેને (જે ગાંડાનો ઢોંગ કરતો હતો તેને) મલ્યો. કહે છે, "ઓ પિતા કે જે બચ્ચા (જેવો) બન્યો છે (મને) એક ખાનગી વાત કહે."

૨૩૮૫. તેણે જવાબ આપ્યો, "આ દરવાજેથી દૂર હટી જા કારણ કે આ દરવાજો ખુલ્લો નથી. પાછો ફર. આજનો દિવસ ખાનગી હકીકત કહેવાનો દિવસ નથી."

૨૩૮૬. જો 'મકાં' ને લામકાંમાં (કોઈ જાતનો) પ્રવેશ હોત હું લાકડા પર (બેઠો) હોત, રૂહાની પેશ્વાની માફક (હુકમો આપતો હોત).

### એક માણસ કે જે પીને પડયો હતો તેને પોલીસ અમલદારનું જેલમાં લઇ જવાનું તેડું કરવા વિષે.

૨૩૮૭. એક પોલીસ અમલદાર એક જગ્યાએ મધ્ય રાત્રીએ આવ્યો, તેણે ભીંતના તળિયે એક માણસને પડેલો જોયો.

ખુદા સાથેના મેળાપ વખતે
દિલ સ્વતંત્ર હોવું જોઈએ

૨૩૮૮. તેણે બૂમ પાડી, "એય, તું પીધેલો છો, (મને) કહો તમે શું પીધું છે ?" માણસે કહ્યું, "આજે બરણીમાં છે તે પીધું છે,"

૨૩૮૯. તેણે કહ્યું, "મહેરબાની કરી, બરણીમાં શું છે તેની વિગત કહે," તેણે જવાબ આપ્યો, "તે કે જે મેં પીધું છે. અમલદારે કહ્યું, "પણ તેતો (નજરથી) અદૃશ્ય છે."

૨૩૯૦. તેણે (ફરીવાર) પૂછ્યું. "તેં શું પીધું છે ? તેણે ફરી તેજ જવાબ આપ્યો, "જે બરણીમાં છૂપાએલ છે,"

૨૩૯૧. આ સવાલો અને જવાબોનું કૂંડાળું થતું હતું. પોલીસ અમલદાર ગધેડાની માફક કાદવમાં ખૂંચી ગયો હતો

૨૩૯૨. પોલીસ અમલદારે તેને કહ્યું, અહીં આવ અને "અહીં આવ અને "આહ" કહે (પણ) પીધેલા માણસે બોલતી વખતે "હુ હુ" કહ્યું,

૨૩૯૩. તેણે કહ્યું, મેં તને આહ કહેવાનું કહ્યું હતું. (અને) તમે કહો છો. તેણે જવાબ આપ્યો (કારણ કે) હું ખુશીમાં છું. જ્યારે તમે દુઃખમાં વાંકા વળી ગયા છે,

૨૩૯૪. 'આહ' દુઃખ તકલીફ અને અને અન્યાય (થકી) બોલાય છે, શરાબ પીનાર "હુ હુ" આનંદ થકી ઉચ્ચારે છે.

૨૩૯૫. અમલદારે જવાબ આપ્યો, "હું તેના વિષે કાંઈ જાણતો નથી. ઊભો થા ! ઊભો થા ! ગૂઢાર્થ શબ્દો ન ઉચ્ચાર, આ માથાઝીક મૂકી દે.

૨૩૯૬. પેલા માણસે કહ્યું, "ચાલ્યો જા, મારાથી તને શું કામ છે ? અમલદારે કહ્યું, તમે પીધેલા છો, ઊભો થા અને કેદમાં ચાલ.

૨૩૯૭. પીધેલા માણસે કહ્યું, ઓ પોલીસ અમલદાર, મને એકલો રહેવા દે અને ચાલ્યો જા, નાગા માણસમાંથી મૂકેલી વસ્તુઓ લઇ જવી કેવી રીતે શકય છે ?

૨૩૯૮. જો ખરેખર મારામાં ચાલવાની શક્તિ હોત, તો હું મારા ઘરે જ ગયો હોત, અને (તો પછી) આ બાબત ઊભી થાત જ નહિ.

૨૩૯૯. (જો) હું સમજણ અને આત્મ સંયમ ધરાવતો હોત, હું ખુરસી પર બેસી શેખની માફક (સૂચનાઓ આપતો હોત)

## પેલા શોધકનું બીજીવાર પેલા પ્રખ્યાત (સંતને) વાદવિવાદમાં ખેંચી જવું, એટલા માટે તેની દલીલો વધુ સારી રીતે જાણી શકાય.

૨૪૦૦. પેલા શોધનારે કહ્યું, "ઓ તમો કે જે નેતર ઉપર સ્વાર થયા છો, મહેરબાની કરી એક પળ માટે તમારા ઘોડાને આ રસ્તે હાંકો."

૨૪૦૧. તેણે તે તરફ હાંકયો, બૂમ પાડી કહે, "સાંભળ, જેમ બને તેમ જલ્દી બોલી નાખ, કારણ કે મારો ઘોડો ખૂબ જ હઠીલો અને જુસ્સાવાળો છે."



: પીધેલો આદમી : ...
: શું પીધું છે : બરણીમાં છુપાએલું છે
આહ - દુઃખ - ના -
હુ : આનંદના બોલું છું.

૨૪૦૨. ઉતાવળ કર, રખે ને તે તને લાત લગાવે કઇ બાબત પૂછવી છે તે ખુલ્લી રીતે સમજાવ."

૨૪૦૩. તેણે (તલાશ કરનારે) જોયું કે તેના દિલની ખાનગી વાત કહેવાનો પ્રસંગ નથી. તેણે તુર્ત જ એક બહાનું બનાવ્યું અને તે તેને મશ્કરીની વાતમાં ખેંચી ગયો.

૨૪૦૪. તેણે કહ્યું, "આ મહોલ્લાની એક સ્ત્રીને હું પરણવા માગું છું. મારા જેવા માટે કેવી સ્ત્રી લાયક હોઈ શકે?"

૨૪૦૫. "દુનિયામાં ત્રણ જાતની સ્ત્રીઓ છે," તેણે જવાબ આપ્યો, "પેલામાંની બે દિલગીરી છે જ્યારે એક આત્માનો ખજાનો છે."

૨૪૦૬. પહેલી, જ્યારે તમે તેને પરણશો ત્યારે તે સંપૂર્ણ તમારી હશે, બીજી અર્ધી તમારી હશે અને અર્ધી તમારાથી જુદી.

૨૪૦૭. અને ત્રીજી, જાણ કે તે જરા પણ તારી નથી. તેં આ સાંભળી લીધું. (હવે) રવાના થા, હું એક પળમાં રવાના થાઉં છું.

૨૪૦૮. રખેને મારો ઘોડો તને એક લાત ન ફટકારે તેથી તું પડી જા અને પાછો કદી ઊભો ન થા."

૨૪૦૯. પેલો શેખ છોકરાંઓની વચ્ચે હાંકી ગયો (પણ) પેલા યુવાને એકવાર ફરી બૂમ પાડી,

૨૪૧૦. "આવો, વિનંતી કરી પૂછું છું, આની સમજુતી બતાવતા જાઓ, તમે કહ્યું કે, આ સ્ત્રીઓ ત્રણ જાતની છે તો (તેમને) ચૂંટી બતાવો."

૨૪૧૧, તે તેના તરફ હંકારી ગયો અને તેને કહ્યું, તારી પસંદગીની કુંવારી માત્ર તારી જ થઇ રહેશે.

૨૪૧૨. અને તેણી કે જે બચ્ચાં વગરની વિધવા છે તે અર્ધી તારી છે અને તેણી કે જે તારા માટે કંઈજ નથી બચ્ચાં સહિતની પરણેલી સ્ત્રી છે.

૨૪૧૩. જ્યારે તેણીને તેણીના પેલા ધણીથી બચ્ચું છે, તેણીનો પ્યાર અને આખું દિલ ત્યાં જશે.

૨૪૧૪. (હવે) રસ્તો કર, રખેને મારો ઘોડો લાત ઉછાળે અને મારા હઠીલા ઘોડાની ખરી તારા પર પડે.

૨૪૧૫ પેલા શેખે ખુશાલીના એક મોટા અવાજથી બૂમ પાડી, અને પાછી સવારી કરી. તેણે ફરીવાર બચ્ચાંઓને પોતાની પાસે બોલાવ્યાં.

૨૪૧૬. પેલા શોધકે ફરી એકવાર બૂમ પાડી, "નજીક આવો, ઓ સત્તાશાળી બાદશાહ, એક પણ મારો સવાલ બાકી નથી."

૨૪૧૭. તે આ દીશાએ પાછો ફર્યો, તેણે બુમ પાડી, "કહે તે શું છે? જેમ તેમ જલ્દી કહે, કારણ કે પેલી પારના બચ્ચાએ મારા દિલને ઊંચો આનંદ પમાડયો છે."

૨૪૧૮. પેલાએ કહ્યું, "ઓ બાદશાહ, આટલું બધું ડહાપણ અને સમજ (તમે ધરાવો છો છતાં), આ ઢોંગ શા માટે? આમ વર્તવાનું કારણ? અરે, ખૂબ જ વિચિત્ર છે.

૨૪૧૯. સ્પષ્ટીકરણની (તારી શક્તિમાં) અકલેકુલથી તું ટપી જાય છે. તૂં સૂર્ય છે, તું ગાંડપણમાં કેમ છૂપાયો છે?"

૨૪૨૦. તેણે જવાબ આપ્યો, આ તેઓના શહેરમાં આ બદમાસો મને કાજી બનાવવાની દરખારત મૂકે છે.

૨૪૨૧. મેં વાંધો ઉઠાવ્યો, (પણ) તેઓએ મને કહ્યું, "નહિ" તમારા જેવો શીખેલો અને પૂરું કરનાર બીજો કોઈ નથી.

૨૪૨૨. જ્યાં સુધી તમે હયાત છો, ત્યાં સુધી કોઈ તારાથી ઉતરતા દરજ્જાવાળાને કાજીની કચેરીમાં હદીસ મુજબ આદેશ આપવા (બેસાડવો) તે કાયદા વિરુદ્ધ અને દુષ્ટ છે.

૨૪૨૩. કાયદામાં રજા આપવામાં આવી નથી કે અમારા શાહજાદા અને આગેવાન તરીકે તારાથી નીચાને નીમીએ.

૨૪૨૪. આ જરૂરિયાતે મને નિરાશ અને (દેખાવામાં) ગાંડો બનાવ્યો છે, પરંતુ આંતરિક રીતે હું જેવો હતો તેવોજ છું.

૨૪૨૫. મારી ચતુરાઇ (સંતાડેલો) ખજાનો છે. અને હું ખંડિયેર છું (જાહેર રીતે) જો ખજાનો બતાવું તો (પછી) હું (ખરેખર) ગાંડો છું.

૨૪૨૬. (ખરો) ગાંડો તે છે છે કે જે ગાંડો બન્યો નથી. તે કે જેણે રાતના ચોકીદારને જોયો નથી અને ઘરે ગયો નથી.

૨૪૨૭. મારું જ્ઞાન નક્કર છે, આકસ્મિક નથી. અને આ કીમતી (ચીજ) દરેક દુનિયાનો (હેતુ) સાધવાનું સાધન નથી.

૨૪૨૮. હું સાકરની ખાણ છું. હું શેરડીની વાડી છું. તે મારામાંથી ઊગે છે, અને તેજ વખતે હું (તેમાંથી ખાઉં છું.)

૨૪૨૯. જ્ઞાન એ રૂઢિગત છે અને મેળવેલ (ખરું નથી) જ્યારે તે (તેનો માલિક) દિલગીર થાય છે કારણ કે સાંભળનાર સાંભળવાથી પ્રતિકૂળ છે.

પદાર્થની માફક શોખ્યો છે અને
૨૪૩૦. જ્યારે તે (પ્રખ્યાતિ માટે) ગલમાં ભરાવેલા (રૂહાનીયત) પ્રકાશ મેળવવા માટે નહિ, તો તે (મઝહબી) જ્ઞાન શોધનાર) દુન્યવી દુષ્ટ જ્ઞાન મેળવાનાર જેટલો જ ખરાબ છે.

૨૪૩૧. (કારણ કે) તે નીચ અને ઉમરાવની ખાતર જ્ઞાન શોધે છે. નહિ કે તે આ દુનિયામાંથી આઝાદી જીતે.

૨૪૩૨. ઉંદરની માફક તેણે દરેક દિશાએ દર ખોધ્યાં છે. અજવાળું તેને દરવાજાથી (પાછું) ભગાડે છે, (દર) તેને કહે છે, ભાગીજા.

૨૪૩૩. જેવી રીતે તેને ખુલ્લી જગ્યા કે અજવાળામાં જવાનો રસ્તો ન હતો. તે અંધારામાં પણ આવી કોશિશ ચાલુ રાખે છે.

૨૪૩૪. જો ખુદા તેને પાંખો આપે, જ્ઞાનની પાંખો, તો તે ઉંદરપણામાંથી નાસી છૂટે અને પક્ષીઓની માફક ઊડશે.

૨૪૩૫. પણ જો તે પાંખ શોધશે નહિ તો તે ભોંયરામાં 'સિયાક'ની માફક (આકાશમાં) ચક્કર મારવાની આશા વગરનો રહેશે.

૨૪૩૬. તર્કશાસ્ત્રનું જ્ઞાન કે જે આત્મા વગરનું છે, તે ઘરાકોના ચહેરાનો (આતુર) પ્રેમી છે.

૨૪૩૭. જો કે વાદવિવાદ વખતે બળવાન હોય છે (પણ) જ્યારે તેને એક પણ ઘરાક નથી ત્યારે તે મરેલો અને પસાર થયેલો છે.

૨૪૩૮. મારો ખરીદનાર ખુદા છે, તે મને ઉપર ખેંચે છે કારણ કે "ખુદાએ ખરીદેલ છે" (આયત),

૨૪૩૯. મારી કુરબાનીનું ઈનામ તે કીર્તિવંતની સુંદરતા છે. હું કાયદેસરની રોજીની માફક મારી કુરબાનીમાં આનંદ અનુભવું છું.

૨૪૪૦. આ નાદાર ઘરાકોને છોડી દે. એક મૂઠીભર માટી શું ખરીદ કરી શકશે?

૨૪૪૧. માટી ન ખા, માટી ન ખરીદ, માટી શોધ નહિ, કારણકે માટી ખાનાર હમેશાં ફિક્કા ચહેરાનો હોય છે.

૨૪૪૨. (ખુદાઈ પ્રેમમાં) તારું કાળજું ચાવ. કે જેથી તું હમેશાં જુવાન રહે, (અને તેથી) તારો ચહેરો 'અર્ગવાં' ની માફક ખુદાઈ પ્રકાશથી (ગુલાબી) બને.

૨૪૪૩. ઓ માલિક, આ ભેટ અમારા કાર્યના માપથી પર છે. ખરેખર તારી દયા (નું ઈનામ) તારી અકલ્પિત દયા જ છે.

૨૪૪૪. અમારા હાથ (મદદ કરવા) પકડો. અમારા હાથમાંથી (ખુદાને ફરી પૈસા આપી) ખરીદો (તારાને મારા વચ્ચેનો) પડદો ઉચકો. અમારા પડદાને ફાડો નહિ (અમારી શરમ દેખાઈ જશે.)

૨૪૪૫. આ ગંદા (નફસે અમ્મારાથી) અમોને ફરી પૈસા આપી ખરીદો, તેની છરી અમારા હાડકાં સુધી પહોંચી છે.

૨૪૪૬. અમારા જેવા આધારહીનમાંથી આ મજબૂત સાંકળો કોણ ઢીલી કરશે? ઓ તાજ વગરના અને તખ્તનશીની કર્યા વગરના બાદશાહ,

૨૪૪૭. ઓ પ્રેમાળ, તારી દયા આ ભારી મજબૂત તાળું તારા વગર કોણ ઢીલું કરશે?

૨૪૪૮. અમારા માથાં અમારા તરફથી તારા તરફ ફેરવવા દે. અમે અમારા કરતાં પણ તું વધુ નજીક છો.

મારો ખરીદનાર ખુદા - (ખુદાએ ખરીદેલ છે.)
(ઉપર ખેંચે છે)

માટી - ન ખા
- ન શોધ
ન ખરીદ } ખુદા છે તેનામાં - હિસાબ.

૨૪૪૯. આ દુઆ પણ તારી બક્ષિશ અને (અમારા માટે) શીખ છે નહિતર, ગુલાબોનો પડાવ રાખના ખાડામાં ક્યાંથી હોય ?

૨૪૫૦. તારી દયા થકી બચાવ, લોહી અને આંતરડાં વચ્ચે આવી સમજ અને અક્કલ પસાર થવી (તદ્દન) અશક્ય છે.

૨૪૫૧. આ બે ચરબીના ટુકડા (બે આંખના ડોળા) માંથી આ પ્રકાશ વહે છે, તેઓની નજરનાં મોજાં આસમાન સુધી પહોંચે છે.

૨૪૫૨. માંસનો એક ટુકડો જે જીભ છે. તેમાંથી ઝરાની માફક ડહાપણનો ઝરો વહે છે.

૨૪૫૩. પોલાણ તરફ કે જેનું નામ 'કાન' છે જીવના બગીચા સુધી પહોંચે છે કે જેનુ સમજણ ફળ છે.

૨૪૫૪. તેનું મુખ્ય કાર્ય આત્માના બગીચાનો ધોરી રસ્તો બનવાનું છે, દુનિયાના બગીચા અને ફૂલવાડીઓ તેની શાખાઓ છે.

૨૪૫૫. કે તે આનંદનો ઝરો અને મૂળ છે, જલ્દી આ (આયત ૫૯) "(બગીચા) કે જેની નીચે નદીઓ વહે છે."

## હ. પયગઅર સાહેબનો પેલા બીમારને ઠપકો આપવો અને [વાતાનો] અંત.

૨૪૫૬. પયગમ્બર સાહેબે જ્યારે તેઓ દુઃખ ભોગવતા મિત્રને મળવા ગયા ત્યારે પેલા બીમાર માણસને કહ્યું,

૨૪૫૭. કદાચ તેં ખાસ જાતની દુઆ માગી હશે. અને અજ્ઞાનતાથી કાંઈ ઝેરવાળો ખોરાક ખાધો હશે.

૨૪૫૮. તમોએ કરેલી દુઆ યાદ કરો, (તેવખતે) તમો નફસે અમ્મારાના કપટમા લપટાએલા હતા."

૨૪૫૯. તેણે જવાબ દીધો, "મને યાદ નથી. પણ મારા તરફ (તમારી રૂહાની) અસર ફેંકો અને (તે) દુઆ મારી યાદીમાં એક પળમાં આવી જાય."

૨૪૬૦. હ. મુહમ્મદ (ર. સ. અ.) ની પ્રકાશ આપતી હાજરીથી પેલી દુઆ તેની યાદીમાં આવી ગઈ.

૨૪૬૧. હ. પયગમ્બર સાહેબ કે જેઓ પ્રકાશિત થયેલા હોય છે તેઓની દુઆ થકી ભૂલાઇ ગયેલ ફરીવાર તેની યાદીમાં આવી.

૨૪૬૨. દિલ અને દિલ વચ્ચે છે તેમાંથી સત્યઅને અસત્ય જુદું પાડે છે તે પ્રકાશ્યો.

૨૪૬૩. તેણે કહ્યું, "હવે જુઓ. ઓ નબી સાહેબ, હવે મને તે યાદ આવી છે જે દુઆ હું ઉધ્ધતાઈથી મૂર્ખપણે બોલ્યો.

૨૪૬૪. જ્યારે હું પાપી કાર્યો કરવાં જકડાયેલો હતો અને (તેમાં) ડૂબતાં તણખલાઓ પકડતો હતો.

૨૪૬૫. (જ્યારે) તમારા તરફથી પાપીઓને ખૂબજ ભયંકર સજાની ધમકી આવી રહી હતી.

૨૪૬૬. (અને) હું ઉશ્કેરાતો જતો હતો અને (મારા માટે) મદદની આશા નહતી, સાંકળો સખત ભીડાઈગઈ હતી ખુલે નહિ તેવું તાળું (વાસેલું હતું)

૨૪૬૭. ધીરજ માટે જગ્યા ન હતી. ભાગી છૂટવાનો રસ્તો ન હતો, પશ્ચાતાપ કરવાની આશા ન હતી. બળવો કરવાનો મોકો નહતો.

૨૪૬૮. હું હારૂત અને મારૂતની માફક દિલગીરીની આહો ભરતો હતો. અને કહેતો હતો, "ઓ મારા પેદા કરનાર."

૨૪૬૯. કારણ કે હારૂત અને મારૂતે (કયામતના દિવસના) ખોફથી ખુલ્લી રીતે બેબીલોનનો કૂવો પસંદ કર્યો.

૨૪૭૦. તેથી તેઓ પેલી આવતી દુનિયાની સજા (ભોગવવાને બદલે) આ (દુનિયામાં) ભોગવે. તેઓ લુચ્ચા, બુદ્ધિવાન અને જાદુગર જેવા હતા.

૨૪૭૧. તેઓએ સારું કર્યું અને તેઓને લાયક હતું. ધુમાડાનું દુઃખ અગ્નિના દુઃખ કરતાં ઓછું ભારે છે,

૨૪૭૨. (ભવિષ્યની) દુનિયાનું દુઃખ વર્ણન કરી શકાય તેવું નથી. તેની સરખામણીમાં આ દુનિયાનું દુઃખ હલકું છે.

૨૪૭૩. અરે, ખરો સુખી તે છે કે જે (ખુદી) ઉપર પવિત્ર લડાઈ જાહેર કરે. અને કાયા ઉપર અંકુશ મૂકે (તેના વિરુદ્ધ) ન્યાયથી વર્તે.

૨૪૭૪. અને એટલા થકી કે તે પેલી દુનિયાના દુઃખથી છુટકારો થાએ. ખુદાની ખિદમત કરવાનું દુઃખ પોતા ઉપર લ્યે.

૨૪૭૫. હું કહેતો હતો, "ઓ માલિક, મારા પર આ દુનિયાની સજા જલ્દીથી મોકલ.

૨૪૭૬. તેથી હું પેલી પારની દુનિયામાં (તેમાંથી) છૂટ મેળવું. લગભગ આવી જાતની દુઆ તેના દ્વાર પર ઠોકતો હતો.

૨૪૭૭. ત્યારથી આવી (દર્દમય) બીમારી મારામાં દેખાઈ છે. દુઃખ થકી મારો આત્મા આરામથી વંચિત બન્યો છે.

૨૪૭૮. હું ખુદાની યાદી કે દુઆ કરવા માટે અશક્ત બન્યો છું. મેં (બધા) ભલા અને બૂરાથી મને બેભાન બનાવ્યો છે.

૨૪૭૯. જો મેં તમારો ચહેરો અત્યારે ન જોયો હોત, ઓ તમો કે જેઓની સુવાસ નશીબવંતી અને આશીર્વાદિત છે,

૨૪૮૦. હું (આ જિંદગીના) બંધનમાંથી તદ્દન પસાર થઈ ગયો હોત, તમોએ દયાળુપણે આ હમદર્દી મારા પર વરસાવી છે."

૨૪૮૧. પયગમ્બર સાહેબે કહ્યું, "એઈ, આ દુઆ ફરીવાર માગતો નહિ. જમીન અને મૂળિયાંમાંથી પોતાને ખોદી નાખતા નહિ.

૨૪૮૨. એ કંગાળ કીડી, આવા ભવ્ય પર્વત જેવું (વજન) સહન કરવાને તમારામાં કઈ શક્તિ છે?"

૨૪૮૩. તેણે જવાબ આપ્યો, "એ બાદશાહ હું પશ્ચાતાપ કરી કહું છું કે કોઈ પણ સંજોગોમાં હું હવે દુષ્ટાપૂર્વક (આવી) બડાઈ નહિ કરું."

૨૪૮૪. આ દુનિયા (ઈસરાઈલીઓ જેવા) માટે લાયક છે જ્યારે તું તો મૂસા છે અને આપણે (આપણા) પાપને યોગ્ય દુઃખમાં પડયા છીએ.

૨૪૮૫. આપણે વર્ષોથી મુસાફરી કરીએ છીએ. અને અંતમાં હજી (મુસાફરીના) પહેલા તબક્કામાં બંદીવાન છીએ.

૨૪૮૬. જો હ. મૂસાનું દિલ આપણાથી રાજી થયું, તો રણમાંથી આગળ સરહદ સુધીનો રસ્તો તેના થકી (આપણને) મલ્યો હોત.

૨૪૮૭. અને જો તેણે આપણા તરફ કંટાળો બતાવ્યો તો પછી કયા ઉપાયે આસમાનમાંથી ખોરાકના થાળો ઉતરશે?

૨૪૮૮. ઝરાઓ ખડકોમાંથી કેમ ઉછળશે? અને જંગલોમાં આપણી જિંદગીઓ માટેની સહીસલામતી કેમ હોત?

૨૪૮૯. નહિ, ખરેખર થાળાઓને બદલે આગ આવી હોત. આ શરીરમાં અગ્નિની જ્વાળાઓ ઊઠી હોત,

૨૪૯૦. જેમ કે હ. મૂસા આપણા અંગે બેવિચારવાળા બન્યા છે, તેઓ કોઈ વાર આપણા દુશ્મન અને કોઈવાર આપણા દોસ્ત બન્યા છે.

૨૪૯૧. તેનો ગુસ્સો આપણા સામાનને આગ લગાડે છે, તેની દયા તકલીફોની ઢાલ બને છે.

૨૪૯૨. તો પછી તે ગુસ્સો ફરીવાર રહેમ કેમ બને? એ દયાળુ, આ કાંઈ તારી દયા આગળ અદ્ભુત નથી.

૨૪૯૩. કોઈ પણ હાજરના વખાણ કરવા એ મૂંઝવણનું (કારણ) છે. આના અંગે ઈરાદા પૂર્વક આના જેવું હ. મૂસાનું નામ વાપરું છું.

૨૪૯૪. નહિતર હ. મૂસાને તે કેમ વ્યાજબી દેખાયું હોત કે હું તારી આગળ બીજા કોઈનું સંબોધન કરું?

૨૪૯૫. અમારા કરાર લાખો વખત તૂટ્યા છે. તારો કરાર પર્વતની માફક સ્થિર અને મજબૂત ઊભો છે.

૨૪૯૬. અમારો કરાર એ તણખલું છે અને દરેક પવનને (આવેશને) આધીન છે. તારો કરાર પહાડ છે અરે, સો પહાડો કરતાં પણ વધુ (સ્થિર છે.)

૨૪૯૭. તે શક્તિ (કે જે તારી જ છે) તેની સત્યાતાથી ઓ બધા ફેરફારના રાજા અમારી અસ્થિરતા પર દયા કર.

૨૪૯૮. અમોએ અમો (ખરેખર કેવા છીએ તે) અને અમારી શરમ જોઈ છે, ઓ બાદશાહ, વધારે ચકાસણીમાં અમોને ન મૂક.

૨૪૯૯. તેથી તે (અમોને જવા દઈને) તેં અમારી બીજી શરમોને સંતાડી છે, ઓ કીર્તિવંત, કે જેની મદદ માટે અમો કાલાવાલા કરીએ છીએ.

૨૫૦૦. તું ખૂબસૂરતી અરે સંપૂર્ણતામાં અનંત છો, અમો જૂઠાણાં અને ભૂલોમાં અનંત છીએ.

૨૫૦૧. ઓ દયાળુ, અનંત જૂઠાણા અને મૂઠીભર હલકા દુષ્ટો (અમારા જેવા) પર તારી અનંતતા ઉતાર.

૨૫૦૨. અરે, આવ, અમારા કપડાં માંહેનો (હવે) માત્ર એક દોરો બાકી રહ્યો છે! અમો શહેર હતા. અને (હવે) એક દીવાલ માત્ર બાકી છે.

૨૫૦૩. ઓ બાદશાહ, અવશેષને (બચાવ), અવશેષને (બચાવ) કે જેથી સેતાનનો આત્મા સર્વાંશે ખુશી ન થાય.

૨૫૦૪. અમારી ખાતર નહિ, (પણ) તારી દયા કે જેના થકી તેઓ કે જેઓ રસ્તો ભૂલ્યા તેમને શોધી કાઢે છે તેની ખાતર,

૨૫૦૫. જેમ તેં તારી શક્તિ બતાવી છે (તેવી રીતે અત્યારે) પણ તારી દયા બતાવ. ઓ તું કે જેણે માંસ અને ચરબીમાં દયાની ભાવના ઉત્પન્ન કરી છે.

૨૫૦૬. ઓ માલિક, જો આ પ્રાર્થના તારો કોપ વધારે તો મહેરબાની કરી અમોને પ્રાર્થના કરતાં શીખવ.

૨૫૦૭. તેવી જ રીતે (જ્યારે) હ. આદમ બહેસ્તમાંથી નીચે પડયા, તેં તેને તારી તરફ પાછા ફરવાની પરવાનગી આપી, કે જેથી તેઓ કદરૂપા સેતાન પાસેથી છટકે.

૨૫૦૮. તે સેતાન કોણ છે જે હ. આદમથી ચડે અને આવા મેદાનમાં રમત જીતી જાય?

૨૫૦૯. સત્ય રીતે જોતાં, તે બધું હ. આદમના લાભમાં ફેરવાઇ ગયું, પેલો દુષ્ટ અદેખાઓનો શ્રાપ બન્યો.

૨૫૧૦. તેણે (સેતાને) એક રમત જોઈ, (પછી) તેણે બસો રમત ન જોઈ (કે જે તેણે ગુમાવી) તેટલા માટે તેણે તેના પોતાના ઘરના ટેકા કાપી નાખ્યા.

૨૫૧૧. તેણે રાત્રીએ બીજાઓનાં ધાન્યના ખેતરને આગ લગાડી (દરમ્યાન) પવન અગ્નિને તેના પોતાના ખેતર તરફ લઇ જતો હતો.

૨૫૧૨. (ખુદાઇ) શ્રાપ સેતાન માટે અંધાપો હતો, તેથી તેણે તે (તેના) પ્રપંચને (તેના) દુશ્મનો માટેની ઇજા સમજ્યો.

૨૫૧૩ (ખુદાઈ) શ્રાપ તે છે કે તે (તેને) ભૂલ ભરેલું જોતો બનાવશે અને તેને અદેખો, તુંડમિજાજી અને ગંદો બનાવશે.

૨૫૧૪. અંતમાં તે કોણે ખરાબ કર્યું તે તે જાણતો નથી તે (ખરાબી) આખરે તેની પાસે પાછી ફરશે અને ઇજા કરશે.

૨૫૧૫. તે આ મુખ્ય હલચલ ઊલટી રીતે જુએ છે (જ્યારે) અને તેનું પરિણામ હારમાં અને નાસીપાસમાં છે.

૨૫૧૬. (શ્રાપ તેને આંધળો કરે છે) કારણકે જો તે પોતાને નહિવત સમજે, (જો) તે જખમ (રૂહાનિયત અંધાપાનો) બૂરા થવાનો અને કાળમય સમજે.

૨૫૧૭. તેવા તરફ દૃષ્ટિ કરતાની સાથે જ દર્દ જાગી ઉઠશે અને દુ:ખ (ખુદીના) પડદાની બહાર તેને લાવશે.

૨૫૧૮. જ્યાં સુધી માતાઓ બચ્ચાનાં જન્મના દુ:ખો માથે નહિ ઉપાડે, તો બચ્ચાના જન્મ માટે કોઈ રસ્તો નથી.

૨૫૧૯. આ (ખુદાએ આપેલ) વિશ્વાસ દિલની અંદર છે અને દિલને બેજીવ છે, આ સલાહો દાયણની માફક છે.

૨૫૨૦. 'દાયણ કદાચ કહે કે સ્રીને દર્દ નથી (પણ) દર્દ હોવું જરૂરી છે, દર્દ બચ્ચાનો રસ્તો (કરે છે).

૨૫૨૧. તે કે જે દર્દ વગરનો છે તે લૂંટારો છે, કારણકે દર્દ વગરનું લેવું તે એવું કહેનાર છે "હું ખુદા છું."

૨૫૨૨. તે સમયે "હું" કહેવું તે (બોલનાર માટે) શ્રાપ છે, યોગ્ય સમયે "હું" કહેવું એ (ખુદાની) દયા છે.

૨૫૨૩. મનસૂર (અલહલાજ)નો "હું" ચોક્કસ રહેમત બની, ફીરઓનનો "હું" શ્રાપ બન્યો (આની) નોંધ લે.

૨૫૨૪. પરિણામે દરેક સમયના પંખીનો શિરચ્છેદ કરવો તે આપણા ઉપર અવલંબે છે, તેને ચેતવણી આપવા ખાતર (કૂકડો કસમયે બોલતો કપાઈ જાય છે).

૨૫૨૫. શિરચ્છેદ શું છે? (રૂહાનિયત) પવિત્ર લડાઈમાં નફસે અમ્મારાને કાપી નાખવો. અને ખુદીને છોડવી.

૨૫૨૬. જેમ તમો મૃત્યુના મુખમાંથી બચવા વીંછીનો કાંટો કાઢી નાખો છો.



શિરચ્છેદ → રૂહાનીયત (પવિત્ર લડાઈમાં નફસે અમ્મારાને કાપી નાખવો. ખુદીને છોડવી

૨૫૨૭. (અથવા) સર્પનો ઝેરી દાંતમાંથી ઝેર ખેંચી કાઢો એટલા માટે સર્પ પથ્થરના મારથી (મૃત્યુના) દુઃખમાંથી છટકી શકે.

૨૫૨૮. પીરનાં પડછાયા (રક્ષણ) વગર બીજો કોઈ આ નફસે અમ્મારાને મારી શકશે નહિ. તે નફસે અમ્માના મારાનું પહેરણ મજબૂત રીતે પકડ.

૨૫૨૯. જ્યારે તે તે મજબૂતાઇથી પકડ્યું, તે તેની (ખુદાની) મદદથી થયું છે! જે પણ શક્તિ તારામાં આવે તે (તને) પોતા તરફ ખેંચવાની (અસર) અંગે છે.

૨૫૩૦. જાણ કે (કુરાનમાંનું વચન) સત્ય છે, " જ્યારે તે ફેંકી ત્યારે તે ફેંકી ન હતી" તું જે પણ કોઈ વાવે છે તે આત્માના આત્મામાંથી છે.

૨૫૩૧. તે જ એક એકલો છે કે જે હાથ પકડે છે (મદદ કરે છે) તેજ બોજાનો ઉઠાવનાર છે, ઉમેદ રાખ, પળેપળનો દમ તેના થકી છે!

૨૫૩૨. તું તેના વગર લાંબો વખત રહેલ તે (મોટું) નુકશાન નથી. તમે વાંચ્યું છે કે તે (પાપીઓને) પકડવામાં મજબૂત છે.

૨૫૩૩. તેની દયાની પકડ પણ મજબૂત છે, મજબૂત પકડ જે એક પણ માટે પણ તેની હાજરી તારાથી દૂર નથી.

૨૫૩૪. જો તમારી ઇચ્છા આ મિલન અને દોસ્તીનું વિવરણ ચાહતી હોય તો ચિંતન પૂર્વક (કુરાનની આ સુરા) 'વદુહા' વાંચ.

૨૫૩૫. અને જો તમે કહો ખરાબી પણ તેનામાંથી જ છે (તે ખરું છે) પણ તેની દયામાં ખરાબી કેમ હોઈ.

૨૫૩૬. તેની આ ખરાબી આપવી તે પણ તેનું સંપૂર્ણપણું છે એ માનવંતા, હું તેને માટે તને એક દૃષ્ટાંત કથા કહીશ.

૨૫૩૭. એક ચિત્રકાર બે જાતના ચિત્ર બનાવે છે, સુંદર, ચિત્રો અને ખૂબસૂરતી વગરનાં ચિત્રો.

૨૫૩૮. તેણે હ. યુસુફ અને સુંદર રૂપવાન ફિરસ્તાઓ ચીતર્યા, 'ઇફ્રીન' અને બદસૂરત સેતાનોને ચીતર્યા.

૨૫૩૯. બન્ને જાતના ચિત્રો તેની કલાની (સાબિતીઓ) છે પેલાં (બદસૂરત) તેના બદસૂરત પણુની (સાબિત) નવી તેઓ તેની કૃપાની (સાબિતી) છે.

૨૫૪૦. તે કદરૂપાને ખૂબ જ કદરૂપુ બનાવે છે, તેમાં તે બનશે :તેટલું બધું (કદરૂપાપણું) મૂકે છે.

૨૫૪૧. એટલા માટે કે તેની કળાનું સંપૂર્ણપણું દેખાડી શકાય, (અને) તેના કાબૂને નાકબૂલ કસાર શરમમાં મૂકાઈ.

૨૫૪૨. અને ને કદરૂપું ન બનાવી શકે તો તેની (કલામાં) ખામી છે, તેવી જ રીતે તે (ખુદા) નાસ્તિક અને ઈમાનદાર બન્નેનો પેદા કરનાર છે.

૨૫૪૩. તો પછી આ દલીલને ધ્યાનમાં લેતાં (બન્ને) નાસ્તિકના અને આસ્તિકના (તેની) સાક્ષી પૂરે છે. બન્ને તેના માલિકીપણા આગળ સિજદો કહે છે.

૨૫૪૪. પણ જાણ કે ઈમાનદાર રાજીખુશીથી સિજદો કરે છે કારણ કે તે (ખુદાની) ખુશી મેળવવાની શોધ કરે છે.

૨૫૪૫. નાસ્તિક પણ ખુદાને જ સિજદો કરે છે પણ રાજીખુશીથી નહિ. પણ તેની ઉમેદ બીજી ચીજો તરફ દોરવાએલી હોય છે.

૨૫૪૬. (તેતો ખરૂંજ છે કે) તે બાદશાહી કિલ્લો સારી હાલતમાં રાખે છે, પણ તે પોતે માલિક હોવાનો દાવો કરે છે.

૨૫૪૭. તે માલિકપણાનો દાવો કરીને બળવાખોર બન્યો છે (પણ) ખરેખર અંતમાં કિલ્લો બાદશાહના (હાથમાંજ) આવે છે.

૨૫૪૮. ઈમાનદાર બાદશાહની ખાતર કિલ્લો સારી હાલતમાં સાચવી રાખે છે, નહિ કે તે જગ્યા પરના આધિપત્ય માટે.

૨૫૪૯. પેલો કદરૂપો (નાસ્તિક) કહે છે, "ઓ બાદશાહ, (તેં) કે જેણે કદરૂપા પેદા કર્યાનું ખૂબસૂરત તેમજ હલકા બદસૂરત (પેદા કરવા શક્તિમાન છે)

૨૫૫૦. ખૂબસૂરત (ઈમાનદાર) કહે છે, "ઓ ખૂબસૂરત અને નાજુક્તાના બાદશાહ, તેં મને ખામીરહિત બનાવ્યો છે.

### હ. પયગબર (ર. સ. અ.)નું બીમારને મનાઈ હુકમ કરવો અને દુઆ માગતાં શીખવાડવા વિષે.

૨૫૫૧. હ. પયગમ્બર સાહેબે બીમાર માણસને કહ્યું, "આમ કહે, ઓતું કે જે સખતને સહેલું બનાવે છે,

૨૫૫૨. અત્યારના અમારા રહેઠાણ પર પણ ભલાઈ કર, અને ભવિષ્યના રહેઠાણ પર પણ ભલાઈ કરજે.

૨૫૫૩. અમારા માટે બગીચાની માફક રસ્તો અનુકૂળ કરજે, અમારી આખરી મંજિલ ઓ કીર્તિવંત તુંજ છો."

૨૫૫૪. કયામતમાં ઈન્સાફ માટે ભેગા થતી વખતે ઈમાનદારો કહેશે, "ઓ ફિરસ્તા, શું આ (સત્ય) નથી કે દોઝખ માટે પણ સામાન્ય રસ્તો છે?

૨૫૫૫. (અનેકે) ઈમાનદાર અને નાસ્તિક (એકસરખી) રીતે તેના પરથી પસાર થશે? (અમો પસાર થયા તે) રસ્તાપર ધુમાડો કે અગ્નિ તો અમે જોયાં નહિ?

૨૫૫૬. અરે, અહીં બહેસ્ત છે અને સલામતીની કચેરી છે, તો પછી પસાર થવાની હલકી જગ્યાં કયાં હતી?"

ઈમાન-દાર - સિજદો - રાજીખુશીથી - ખુદાની ખુશી મેળવવા
કુફ્ર. નાસ્તિક - સિજદો - નાખુશીથી - બીજી ચીજો તરફ

૨૫૫૭. પછી ફિરસ્તો કહેશે, "લીલોછમ બગીચો કે જે તમોએ ચોક્કસ જગ્યાએથી પસાર થતો જોયો.

૨૫૫૮. તે દોજખ, શિક્ષા કરવાની ભયંકર જગ્યા હતી, (પણ) તમારા માટે તે બગીચો, ઝાડ અને આનંદનું સ્થળ બની.

૨૫૫૯. તેવીજ રીતે દોઝખી ખાસિયતના આ રૂહ, (આ) આકરો ઢોંગી પ્રલોભનમાં (ખેંચવાનું) શોધે છે.

૨૫૬૦. તમે (વારંવાર) કોશિશ કરી છે અને તે સંપૂર્ણ પવિત્ર બનેલ છે અને તમોએ ખુદાની ખાતર તે અગ્નિ ઠાર્યો છે.

૨૫૬૧. (તેવીજ રીતે જેમ) વિષયવાસનાનો અગ્નિ જેના ભડકા બળતા હતા દયાની લીલોતરી અને દોરવણીના "નૂર"માં ફેરવાઈ ગયું.

૨૫૬૨. (તેવીજ રીતે જેમ) એકદમ ગુસ્સાનો અગ્નિ સહનશીલતામાં ફેરવાઈ ગયો, તારા અજ્ઞાનતાનું અંધારું જ્ઞાનમાં ફેરવાઈ ગયું.

૨૫૬૩. (તેવીજ રીતે જેમ) તારામાંનો કંજૂસાઈનો અગ્નિ નિઃસ્વાર્થપણામાં ફેરવાઈ ગયો, અને દુશ્મન (કે જે) કાંટા જેવો હતો તે ગુલાબોમાં ફેરવાઈ ગયો.

૨૫૬૪. તેવીજ રીતે અગાઉથી તમોએ આ બધી અગ્નિ તમારી પોતાની અગ્નિઓ ખુદાની ખાતર બૂઝાવી.

૨૫૬૫. અને ગરમ આત્માને બગીચો બનાવ્યો અને તેની અંદર માલિક પ્રત્યેની વફાદારીમાં બી વાવ્યાં.

૨૫૬૬. (જ્યારે) તેની અંદર બંદગી કરતા બુલબુલો નદી કિનારે બગીચામાં ખુદાની કીર્તિ ગાતાં હતાં.

૨૫૬૭. (તેવીજ રીતે જેમ) તે ખુદાના કહેવાનો જવાબ વાળ્યો છે, અને તારા આત્મામાં સળગતા દોઝખમાં પાણી લાવ્યો છે

૨૫૬૮. તારી ભલી ઇચ્છા થકી આપણી દોઝખ લીલીછમ, ગુલાબી, ભવ્ય અને સંપત્તિવાન બની છે.

૨૫૬૯. ઓ પુત્ર, આપણાં ભલાં કર્તવ્યોનો બદલો શું છે? માયાળુપણું, સારા આમાલ અને કીમતી વળતર.

૨૫૭૦. તું એમ કહેતો નહિ, 'આપણે (ખુદાને) અર્પણ થયા છીએ, આપણે અગર જિંદગીમાં લાગુ પડવા દોડી રહ્યા છીએ.

૨૫૭૧. આપણે, અગર સમજદાર કે ગાંડા બનીએ, આપણે તે પ્યાલો અને પ્યાલો લાવનારથી નશાબાજ બન્યા છીએ.

૨૫૭૨. આપણે (આધીનતામાં) તેવા મનાઈ હુકમ 'અને આદેશ આગળ આપણાં માથાં ઝૂકાવીએ આપણે આપણી મધુર જિંદગીઓ (રાજીખુશીથી).

૨૫૭૩. જ્યાં સુધી મિત્રનો વિચાર આપણા અંતઃકરણમાં છે, આપણાં (બધાં) કાર્યો તેની ખિદમતનાં છે, અને આપણી જિંદગીઓ તાબે થાઓ.

૨૫૭૪. જ્યાં જ્યાં દુઃખની મીણબત્તી બાળવામાં આવી છે, લાખો પ્રેમાળ આત્માઓ દાઝ્યા છે.

૨૫૭૫. પેલા પ્રેમીઓ ઘરની અંદર છે (એક ખુદાની નજદીક છે) તેઓ દોસ્તના ચહેરાની મીણબત્તીના ચહેરાની મીણબત્તીના પતંગિયા (જેવા) છે.

૨૬૭૬. ઓ દિલ, જ્યાં તેઓ તારા તરફ પ્રકાશિત છે ત્યાંના અને દુઃખના વખતમાં તારી ઢાલ જેવા છે.

૨૫૭૭. અને તેઓના આત્મા તને જગ્યા આપે (અને) તે પ્યાલાની માફક દારૂ પી તને ભરી દયે.

૨૫૭૮. તારો જીવ તે એવા આત્માની અંદર લાડની એક પ્રકાશિત પૂનમનો ચાંદ, તારું ઘર આકાશમાં બનાવ.

૨૫૭૯. બુધના ગ્રહની માફક તેઓ દિલની કિતાબ ખોલશે, કે તેઓ તારી અંદર ગૂઢાર્થો ખુલ્લી કરે.

૨૫૮૦. તારા સંબંધીઓની સાથે રહે, તું અવકાશમાં કેમ ભમે છે? જો તું ચંદ્રમાનો ટુકડો છો તો ચંદ્રમાને ચોંટી રહે.

૨૫૮૧. તેના "કુલ્લ"માંથી "જૂજ"નું દૂર રહેવાનું (કારણ) શું છે? આ બધા ભેગા થએલાનું ભિન્નભિન્ન થવાનું શું કારણ છે?

૨૫૮૨. એક જાત પેટા વિભાગમાં કેવી રીતે વહેંચાય છે તે જો. અદૃશ્ય ચીજો દૃષ્ટિમાં કેમ પ્રસારિત થાય છે તે જો.

૨૫૮૩. જ્યાં સુધી તું અંધાપો ખરીદવાનો ઢોંગ સ્ત્રીઓની માફક કરીશ ત્યાં સુધી, ઓ ડહાપણ વગરનાં, (તું અપૂર્ણ રહીશ,) જૂઠાણા અને ફોસલામણાંથી તારો મદદગાર કોણ હશે?

૨૫૮૪. તું લપસણા અને મીઠા, અને મસ્કા મારવાના શબ્દો તારા પેટમાં સોયાની માફક મૂકે છે.

૨૫૮૫. તારા માટે રૂહાનીરાજાના અપમાનજનક અને ફટકાઓ, જુઠાઓના વખાણ કરતાં વધુ ઉત્તમ છે.

૨૫૮૬. (રૂહાની) રાજાના તમાચા ગળી જા, તોફાની ટોળાનું મધ ગળતો નહિ. અંતમાં પેલા પ્રખ્યાત માણસના નશીબ થકી તું પણ પ્રખ્યાત બનીશ.

૨૫૮૭ કારણ કે તેઓમાંથી પરમ સુખ અને માનનીય ઝભ્ભા આપે છે રૂહના રક્ષણ નીચે કાયા આત્મા બને છે.



પ્રેમીઓ ઘરની અંદર છે. (એક ખુદાની નજદીક છે.)
દોસ્તના ચહેરાની
મીણબત્તીના ચહેરાના
મીણબત્તીના પતંગીયા જેવા છે

(1)
કુલ્લમાંથી જુઝનું જુદુ થવું.
ચંદ્રમાનો ટુકડો છો તો ચોંટી રહે.

૨૫૮૮. જ્યારે જ્યારે તું જુએ કે કોઇ નગ્ન અને કંગાળ છે ત્યારે જાણુ કે તે (રૂહાની) માલિકથી નાસી છૂટયો છે.

૨૫૮૯. એટલા માટે કે તે તેના દિલમાં આવો બનવાની ઈચ્છા કરે તે અંધ, દુષ્ટ અને કિંમત વગરનું દિલ.

૨૫૯૦. જો તેના માલિકની ઇચ્છા મુજબનો જો તે બન્યો હોત તો તે પોતાને દયા અને પ્રકાશિત બનાવી શકયો હોત.

૨૫૯૧. જે કોઈ આ દુનિયામાં પોતાના માલિક પાસેથી નાસી છૂટે છે તે પરમસુખથી નાસી છૂટે છે, ખાત્રીપૂર્વક આ સમજ.

૨૫૯૨. તું શરીર માટેની રોજી પેદા કરવાનો વેપાર શીખ્યો છે, (હવે) તારો હાથ ધાર્મિક (રૂહાનિયત) વેપાર માટે ઉપાડ.

૨૫૯૩. આ દુનિયામાં તુ કપડાવાળો અને પૈસાદાર બન્યો છો. જ્યારે તું અહીંથી આગળ જઇશ ત્યારે તું શું કરીશ ?

૨૫૯૪. એવો વેપાર શીખ કે હવે પછી ખુદાની માફી તારી આવક તરીકે આવતી થાય.

૨૫૯૫. પેલી પારની દુનિયા વેપાર વણજથી ભરપૂર શહેર છે. એમ નહિ વિચાર કે અહીંજ કમાઇ કરવી પૂરતી છે.

૨૫૯૬. મહાન ખુદાએ ફરમાવ્યું છે કે પેલી દુનિયાની કમાણીમાં હિસાબમાં (આ) દુનિયાની કમાણી માત્ર બચ્ચાંના રમત જેવી છે.

૨૫૯૭. જેવી રીતે તે બાળક બાળકથી ટેવાય છે, તેવી રીતે દોસ્તની શકલ પેદા કર જેથી નિકટતા પ્રાપ્ત થાય.

૨૫૯૮. (અથવા જેમ) બચ્ચું રમત રમવાની દુકાન કરે (પણ) તે રમત સિવાય બીજા કશા ઉપયોગની નથી.

૨૫૯૯. રાત્રી પડે છે, અને તે (બાળક જે દુકાનદાર તરીકે વર્તી) ઘરે ભૂખ્યો આવે છે. (બીજા) બચ્ચાંઓ ઘરે ચાલ્યા ગયા છે, અને તે એકલો બાકી રહી ગયો છે.

૨૬૦૦. આ દુનિયા રમવાની જગ્યા છે, અને મૃત્યુ એ રાત્રી છે. તું થાકેલો ખાલી કોથળીએ પાછો ફરે છે.

૨૬૦૧. મઝહબની કમાણી પ્રેમ અને અંતરનો આનંદ છે. ઓ તું કે જે હઠીલો છો, ખુદાનું "નૂર" મેળવવા લાયકાત કેળવ.

૨૬૦૨. આ નફસે અમ્મારા તને જે ફના થનાર છે તે મેળવવાની ઇચ્છા કરાવે છે, જે દુષ્ટ છે તેની તું કયાં સુધી કમાણી કરીશ ? તેને જવા દે, બસ !

૨૬૦૩. જો દુષ્ટ નફસે અમ્મારા કાંઈ ઉમદા પેદા કરવા ઈચ્છા કરાવે તો (સમજ કે) તેની પાછળ કાંઇ લુચ્ચાઈ કે દગલબાજી છે.

માલિક = પરમસુખ
મૃત્યુ = રાત્રી છે.

## ઇબલીસનું માવીયાને જગાડવું. કહે છે, ઊઠ, નમાઝનો વખત થયો છે.

૨૬૦૪. હદીસમાં કહેવાયું છે કે માવીઓ મહેલના એક ખુણામાં સૂતો હતો.

૨૬૦૫. મહેલનો દરવાજો અંદરથી બંધ હતો. કારણ કે તે લોકોની મુલાકાતોથી થાકેલો હતો.

૨૬૦૬. ઓચિંતા એક માણસે તેને જગાડયો, (પણ) જ્યારે તેણે પોતાની આંખો ખોલી માણસ અદ્દશ્ય છે.

૨૬૦૭. તેણે (પોતાના મનમાં) કહ્યું, "કોઈ પણ મહેલમાં દાખલ થતું નથી તે કોણ છે કે જેણે આવી દુષ્ટતા અને બહાદુરી બતાવી ?"

૨૬૦૮. પછી તે ગોળ ફર્યો અને (પોતાની દૃષ્ટિથી) સંતાએલાનું પગેરું શોધી તપાસ કરી.

૨૬૦૯. દરવાજાની પાછળ તેણે પ્રારબ્ધ વગરનો માણસ જોયો, ને જે પોતાનો ચહેરો દરવાજા અને પડદામાં સંતાડતો હતો.

૨૬૧૦. તેણે બૂમ પાડી, "એઈ તું કોણ છે ? તારું નામ શું ? તેણે ખુલ્લી રીતે કહ્યું, મારું નામ શ્રાપિત 'ઈબલીસ' છે."

૨૬૧૧. તેણે પૂછયુ, "તેં મને જગાડવાથી તકલીફ શા માટે લીધી ? સત્ય કહે, (ખરી હકીકતથી) ઊલટું કે અસત્ય મને કહેતો નહિ."

## ઈબલીસે માવીયાને ઢોંગ અને બનાવટથી પાડવાની કોશીશ કરવી અને માવીયાના જવાબ વિષે.

૨૬૧૨. તેણે કહ્યું, "નમાઝનો વખત પૂરો થવા આવ્યો છે, તમારે મસ્જિદે જલ્દી દોડીને જવું જોઈ એ.

૨૬૧૩. હ. મુસ્તફા (ર. સ. અ.) ફરમાવ્યું છે કે વિચાર રૂપી મોતીમાં વિંધ પાડવામાં, (તેમજ) વખત પસાર થઇ જવા પહેલાં ઈબાદત કરવામાં ઉતાવળ કર."

૨૬૧૪. તેણે કહ્યું, "નહિ મારી ભલાઈના રસ્તામાં દોરવાનો તારો ઇરાદો હોઈ ન શકે.

૨૬૧૫. (જો) એક ચોર મારા રહેઠાણમાં છૂપી રીતે આવે અને મને કહે, હું ચોકી કરું છું.

૧૬૧૬. શું હું તે ચોરની વાત માનું ? ચોર ભલાઈના કાર્યોનો બદલો અને લાભ જાણી શકે ?"

## ઈબલીસનો ફરીવાર માવીયાને જવાબ દેવો.

૨૬૧૭. તેણે કહ્યું, "શરૂઆતમાં હું એક ફીરસ્તો હતો. (ખુદાના) આજ્ઞાંકીતપણાના રસ્તા પર ચક્કર લગવતો હતો.

ઇબલીસ : શરૂઆતમાં ફિરસ્તો - ખુદાના હુકમને માનતો

૨૬૧૮. હું તેઓ કે જેઓ ઈબાદતના રસ્તા પર ચાલતા હતા તેઓનો વિશ્વાસુ હતો. જેઓ ખુદાઈ તખ્તથી રહેનારા હતા તેઓની સાથે મારો સંબંધ હતો.

૨૬૧૯. એક (માણસનો) શરૂઆતનો ધંધો તેના મગજમાંથી કેમ વિસરાય? એકનો પ્રથમ પ્રેમ તેના દિલમાંથી કેમ ચાલ્યો જાય?

૨૬૨૦. જો મુસાફરીમાં તમે આનાતોલીયા કે ખુતાન જુઓ (છતાં) તમારા દેશનો પ્રેમ તમારા દિલમાંથી કેમ ચાલ્યો જાય?

૨૬૨૧. આ શરાબથી નશામાં પડેલાઓ પેલાઓમાંનો હું પણ એક હતો. હું તેના દરબારનો એક હતો. હું તેના દરબારનો એક પ્રેમી હતો.

૨૬૨૨. તેઓ તેના પ્રેમ અંગે મારી દૂંટી કાપી (જન્મ વખતે કપાય તે) તેઓએ તેનો પ્રેમ મારા દિલમાં રોપ્યો.

૨૬૨૩. મેં ભલા કિસ્મતના સારા દિવસો જોયા છે, (મેં મારી) વસંત ઋતુ વખતે (ખુદાઈ) રહેમતનું પાણી પીધું છે.

૨૬૨૪. શું મને વાવ્યો તે તેની દવાનો હાથ ન હતો? શું તેજ ન હતો કે જેણે મને નહિવતપણામાંથી ઊંચો કર્યો?

૨૬૨૫. અરે, મેં તેનામાંથી ઘણી વખત કૃપા મેળવી છે અને તેના મંજૂર કરેલા ગુલાબના બગીચામાં ચાલ્યો છું.

૨૬૨૬. તે દયાનો હાથ મારા માથા પર મૂકશે, તે મારામાંથી દયાનો ઝરો ખુલ્લો કરશે.

૨૬૨૭. મારા બચપણમાં મારા માટે દૂધ કોણે શોધ્યું? મારું ઘોડિયું કોણે હલાવ્યું? "તેણેજ"?

૨૬૨૮. મેં તેના દૂધ સિવાય બીજા કોનું દૂધ પીધું? અને તેના સિવાય બીજા કોણે શરૂઆતમાં ઉછેર્યો?

૨૬૨૯. (તેઓના) જીવમાં દૂધમાંથી જે સ્વભાવ દાખલ થયો તે લોકમાંથી કેવી રીતે હટાવી શકાય?

૨૬૩૦. દયાના દરિયાએ જો કે મને એક ઠપકો આપ્યો છે, (છતાં) દયાના દરવાજા કેમ બંધ થાય?

૨૬૩૧. તેના સિક્કાનો મૂળભૂત સિદ્ધાંત દેવું, દયા અને તરફદારી કરવી છે. કોપ એ માત્ર મિશ્ર ધાતુ (ચડાવવા) હાથ દેવા બરાબર છે.

૨૬૩૨. તેણે જગત માયાળુપણા માટે જ બનાવ્યું છે, તેના સૂર્યે (તેના કિરણોમાં) રજ કણોને લાડ લગાવ્યા.

૨૬૩૩. જો (તેનાથી) જુદાઈ તેનો કોપમાં મોટી છે તો તેનું કારણ એ છે કે તેના મિલનનું મહત્વ જાણતો થાય.

પ્રથમ પ્રેમ - દિલમાંથી કેમ વિસરાય (?)
પ્રેમ અંગે મારી દૂંટી કાપી.?
નહિવતપણામાંથી ઉંચો કર્યો?

૨૬૩૪. તેથી તે તેની જુદાઇ અંગે આત્માને સજા કરે (અને તેથી) આત્મા મિલનના દિવસોની કિંમત સમજે.

૨૬૩૫. હ. પયગમ્બર સાહેબે જાહેર કર્યું છે કે ખુદાએ ફરમાવ્યું. "પેદા કરવામાં મારો ઈરાદો ભલાઈનો છે."

૨૬૩૬. મેં (સારા બનાવેલા જીવો) મારામાંથી ફાયદો મેળવે તેવા (શુભ) ઈરાદાથી પેદા કર્યાં. અને તેથી તેઓ તેઓના હાથ મારા મધથી ચોળે.

૨૬૩૭. એટલા માટે નહિ કે અંતમાં હું (તેઓથી) ફાયદો મેળવું, અને એક જે નગ્ન ચે તેનો કોટ ફાડી નાખું.

૨૬૬૮. થોડી મુદ્દત દરમ્યાન જ્યારે મને તેની હજૂરમાંથી હાંકી કાઢવામાં આવ્યો, મારી આંખો તેના ખૂબસૂરત ચહેરા પરજ તકાએલી હતી.

૨૬૩૯. (અને મારા વિચારો હંમેશાં હતા) આવા ચહેરા પાસેથી આવો કોપ! અરે ખૂબજ વિચિત્ર (જ્યારે) બીજા દરેક (તેના કોપના) બીજા જ કારણમાં મશગૂલ હતા.

૨૬૪૦. હું કારણ (કોપ) તરફ જોતો નથી. જે સાંસારિક છે. જેવી રીતે સાંસારિક (માત્ર) કાંઈક સાંસારિક જ ઉત્પન્ન કરે છે.

૨૬૪૧. હું (તેની અનંતતાની) પ્રમાણભૂત મનાય તેવી દયા નજર સમક્ષ રાખું છું. જે કાંઈ સાંસારિક છે હું તેની ભેફાડ કરું છું.

૨૬૪૨. હ. આદમને સિજદો કરવાની ના પાડવી તે હસદના લીધે હતું, (છતાં) તે ઈર્ષા (ખુદાના) પ્રેમમાંથી જાગે છે, (નહિ કે તેના હુકમનો અનાદર કરવામાંથી).

૨૬૪૩. તે ચોક્કસ છે કે દરેક ઈર્ષાઓ પ્રેમમાંથી જાગે છે (એવી બીક લાગે છે કે) રખેને કાંઈ બીજો પ્યારાનો સાથી બને.

૨૬૪૪. ઈર્ષાનું મનન એ પ્રેમનું જરૂરી પરિણામ છે, છીંક ખાતાં જેમ તુર્તજ કહેવામાં આવે, "ઘણું જીવો"

૨૨૪૫ આ પાટિયાની રમત સિવાય બીજી રમત નહતી. અને તેણે કહ્યું 'રમ' હું વધારે શું કરી શકું?

૨૬૪૬. હું ત્યાં રમવાની રમતમાં એક વધુ રમત રમ્યો અને મેં મને દુઃખમાં ફેંક્યો.

૨૬૪૭. અરે દુઃખમાં પણ હું તેના આનંદનો સ્વાદ લેતો હતો. અને તેની જોડી બનાવાયો હતો, તેની જોડી બન્યો, તેની જોડી બન્યો.

૨૬૪૮. ઓ ભલા અમીર, (આ દુનિયાની) છએ દિશામાં કાંઈપણ "શશદરા" (છ દરવાજાની જગ્યા)થી પોતાને છોડાવી શકે?

૨૬૪૯. છ ભાગના આખામાંથી છઠો ભાગ કેવી રીતે વાસી શકે? ખાસ કરીને જ્યારે વગર શરતનો સેટ જૂઠો હોય!



(ઇખલાસ) પ્રેમમાંથી
બીજો પ્યારાનો સાથી બને → ઇર્ષા
૨૬૪૩

૨૬૫૦. જે કોઈપણ આ છમાં છે તે અગ્નિમાં છે. (માત્ર) તે કે જે આ છનો પેદા કરનાર છે તેજ તેને મુક્ત કરશે.

૨૬૫૧. ખરેખર તો, તેનામાં (ખુદામાં) તમારા) આસ્તિકતા હોય કે નાસ્તિકતા હોય તે માલિકનું બીબું (હથિયાર) છે અને તેને જ આધારિત છે.

## ફરીવાર સાત્રીયાનો ઈબ્લીસ સાથે તેના દગલબાજપણાનો વાદવિવાદ કરવો.

૨૬૫૨. અમીરે તેને કહ્યું, "આ ચીજો સાચી છે, પણ આ ચીજોમાં તારો હિસ્સો અધૂરો છે.

૨૬૫૩. તેં મારા જેવા લાખોને લૂંટ્યા છે, તે બાકોરું પાડ્યું છે અને ખજાનાના ઘરમાં દાખલ થયો છે,

૨૬૫૪. તું સગડી અને અગ્નિ છો, તું બાળે છે, (તો) કોઈ મદદ કરી શકતું નથી એવો કોણ છે જેનાં કપડાં તારે હાથે ફાટી ટુકડા ન થયાં હોય.

૨૬૫૫. તેથીજ તે તારી કુદરતી ખાસિયત બાળવાનું કારણ બનવાનો છે. ઓ અગ્નિ, તારે કાંઈક બાળવું જ જોઈએ. (તે સિવાય) બીજી કાંઈ મદદ જ નથી,

૨૬૫૬. આ (તારા પર) ખુદાનો શ્રાપ છે. તે (ચીજોને) બાળનાર બનાવે છે. અને બધા ચોરોનો સરદાર બનાવે છે,

૨૬૫૭. તું ખુદા સાથે બોલ્યો છો. અને તેની (વાણી) ચહેરાથી ચહેરો મેળવી સાંભળી છે, ઓ (ખુદાઈ) દુશ્મન તારી ઉચ્ચાઈ સામે હું તે કોણ માત્ર ?

૨૬૫૮. તારા જ્ઞાનનો ભંડાર (પારધીની) સિસોટીના અવાજ જેવો છે, તે પંખીનો અવાજ છે, પણ તે પંખીને સપડાવનારી છે.

૨૬૫૯. તે (સિસોટીએ) લાખો પંખીઓને લૂંટ્યાં છે પંખી જે બહેરું છે તે (સુખી છે) (કલ્પના કરતું નથી) કે કોઈ દોસ્ત આવ્યો છે.

૨૬૬૦. જ્યારે તે હવામાં સિસોટીનો અવાજ સાંભળે છે ત્યારે તે હવાથાંથી (નીચે) આવે છે અને ત્યાં તેને કેદી બનાવાય છે.

૨૬૬૧. તારાજ કપટના પ્રતાપે નુહના લોકો આક્રંદ કરી રહ્યા છે, તેઓએ તેઓનાં દિલ બાળ્યાં છે અને જીવના ટુકડા (થયા)

૨૬૬૨. તમે 'આદ'ને આ દુનિયામાં પવન (નાશ) આપ્યો તમેજ તેને દુઃખ અને દિલગીરીમાં ગરકાવ કર્યા.

૨૬૬૩. લુતની કોમ પરનો પથ્થરમારો તારાથી જ હતો. તારા થકી જ તેઓ કાળા વરસાદના પાણીમાં ડૂબ્યા.

૨૬૬૪. તારા થકી જ નમરૂદનું મગજ ભાંગવામાં આવ્યું. ઓ તું કે જેણે લાખો ફિતૂર ઊભાં કર્યાં છે.

૨૬૬૫. તારા થકીજ ફીરઓન નગ્ન અને સંતની સમજ આંધળી બની, (કે જેથી) તેણે કાંઈ સમજ પડી નહિ.

૨૬૬૬. તારા થકી જ બુ લહબ એક કિંમત વગરનો બન્યો, તારા થકીજ 'બુ અલ હકમ' 'બુ જહલ' બન્યો.

૨૬૬૭. ઓ તું કે જે આ 'ચેસ બોર્ડ' પર તારી ચતુરાઈની યાદીમાં તેં લાખો ચાલાકોને હરાવ્યા છે.

૨૬૬૮. ઓ તું કે જેના મુશ્કેલ ફટકાઓથી અમારાં દિલ બળી ઊઠ્યાં છે અને તારું પોતાનું દિલ (વધુ) કાળું થયું છે.

૨૬૬૯. તું લુચ્ચાઈનો સાગર છો. (અને બધા) જીવો એક ટીપા (સિવાય કાંઈ નથી) તું એક પહાડ જેવો છો અને અમો માત્ર રજકણો (સિવાય કાંઈ નથી)

૨૬૭૦. ઓ દુશ્મન, તારી લુચ્ચાઈમાંથી કોણ છટકી શકશે? અમો, (ખુદાના) રક્ષણ સિવાયના પ્રલયમાં ડૂબી ગયા છીએ.

૨૬૭૧. તારાથી કેટલાએ ખુશનશીબ ગ્રહવાળા બળ્યા છે. તારાથી ઘણાં લશ્કરો અને મિજબાનો વેરવિખેર બન્યા છે."

## ઈબલીસનો ફરીવાર આવીયાને જવાબ દેવો.

૨૬૭૨. ઈબલીસે તેને કહ્યું, "આ ગાંઠનો ઉકેલ લાવો. હું ખોટા સિકકા અને સાચા સિકકાના કસોટી કરવાનો પથ્થર છું.

૨૬૭૩. ખુદાએ મને સિંહ અને કૂતરાની કસોટી કરનાર બનાવ્યો છે, ખુદાએ મને અસલ સિકકો અને નકલીનો કસોટીરૂપ બનાવ્યો છે.

૨૬૭૪. મેં ખોટા સિકકાનો ચહેરો કાળો ક્યારે બનાવ્યો છે? હું પૈસા બદલનાર છું. મેં (માત્ર) તેની કિંમત કરી છે.

૨૬૭૫. ભલા સાથે તેના ભોમિયા તરીકે વર્તું છું. અને સૂકાએલી ડાળીઓ તોડી પાડું છું.

ઈબલીસ = પથ્થર → ખોટા સિક્કા અને સાચા સિક્કા } નો કસોટી કરવાનો પથ્થર છું
સિંહ અને કૂતરાને કસોટી કરનાર બનાવ્યાં

૨૬૭૬. હું (જુદીજુદી) જાતનું ઘાસ (લોકો સમક્ષ નાખું છું) શા કારણે ? એટલા માટે કે તે તે દેખાઇ આવે કે કઈ જાતનું જાનવર છે.

૨૬૭૭. જ્યારે એક વરૂ સાબરથી નાનું છે (બચ્ચું) જણે છે ત્યારે તે સાબર છે કે વરુનું (બચ્ચું છે) તેમાં શક રહે છે.

૨૬૭૮. તમારું ઘાસ અને હાડકાં તેની આગળ ફેંકો (અને જુઓ) કે કઈ દિશાએ તે જલ્દીથી દોડી જાય છે.

૨૬૭૯. જો તે હાડકાં તરફ આવે છે તો તે કુતરા જેવું છે અને જો તે ઘાસ ખાય છે તો તે સાબરની જાતનું છે.

૨૬૮૦. કોપ અને દયા એ બન્ને એક બીજા સાથે બંધાએલા છે, આ બન્નેમાંથી ભલાઈ અને બુરાઈની દુનિયા જન્મી છે.

૨૬૮૧. ઘાસ અને હાડકાંની દરખાસ્ત કરો, માંસનો ખોરાક અને રૂહના ખોરાકની ઓફર કરો.

૨૬૮૨. જો તે માંસના ખોરાક શોધે છે તો તે કિંમત વગરનો છે, અને જો તે રૂહાની ખોરાકની ઇચ્છા કરે તો તે (રૂહાની) નાયક છે.

૨૬૮૩. જો તે કાયાની સેવા કરે તો તે એક ગધેડો છે, અને જો તે રૂહાની દરિયામાં જાય તો તે મોતી શોધશે.

૨૬૮૪. જો કે આ ભલાઈ અને બૂરાઈ બન્ને જુદી જુદી (ચીજ) છે, છતાં આ બન્ને એક જ કામમાં (ગૂંથાએલા છે.)

૨૬૮૫. પયગમ્બરોએ ભક્તિની દરખારત કરી, (ખુદાના) દુશ્મનોએ વિષયવાસનાઓની દરખાસ્ત કરી.

૨૬૮૬. હું ભલાને બૂરો કેમ બનાવી શકુ? હું કોઈ ખુદા નથી હું (માત્ર) ઉત્તેજન આપનાર છું. હું કાંઈ તેઓનો પેદા કરનાર નથી.

૨૬૮૭. હું સુંદરને ગંદુ કેમ બનાવી શકું ? હું કાંઈ માલિક નથી. હું માત્ર સુંદર અને ગંદાની આરસી છું.

૨૬૮૮. હિન્દુ આરસીને ચીડમાં બાળે છે, એમ કહીને કે આ (અરીસો) માણસને કાળા ચહેરાના દેખાવનું કારણ છે.

૨૬૮૯. તેણે (ખુદાએ) મને જણાવનાર અને સત્ય કહેનાર બનાવ્યો છે, કે જેથી હું કહું કે કદરૂપું અને સુંદર કયાં છે.

૨૬૯૦. હું સાક્ષી છું. સાક્ષી માંટે (યોગ્ય જગ્યા) જેલ કેમ હોય ? હું જેલમાં (જવાને) લાયક નથી. (મારી નિર્દોષતાનો) ખુદા સાક્ષી છે.

૨૬૯૧. જ્યાં જ્યાં હું ફળોવાળો નાનો છોડ જોઉં છું તો આયાની માફક ખંતપૂર્વક ઉછેરું છું.

- માંસનો ખોરાક : હાડકાં - માંસનો કુતરો બચ્ચું.
- રૂહાની ખોરાક ઘાસ - સાબરનું બચ્ચું

૨૬૯૨. જ્યાં જ્યાં હું કડવું અને સૂકું ઝાડ જોઉં છું હું તેને કાપી નાખું છું એટલા માટે કે અંબર વિષ્ટાથી જુદી થાય.

૨૬૯૩. સૂકું ( ઝાડ ) માળીને કહે છે, "ઓ યુવાન, મારી ( કાંઈ પણ ) ભૂલ વગર મારું માથું શા માટે કાપે છે ?"

૨૬૯૪. માળી કહે છે, "ચૂપ રહે, ઓ બદખાસિયતવાળા, તારા સૂકાઈ જવાનું પાપ શું પૂરતું નથી ?"

૨૬૯૫. સૂકું ( ઝાડ ) કહે છે, "હું સીધું છું. હું કાંઈ વાંકું નથી જે ભૂલ વગરનું છે તેના પર શા માટે જુલમ કરે છે."

૨૬૯૬. માળી કહે છે, "(જો માત્ર) તું વાંકુ જ હોતતો તારા પર આશીર્વાદ ઉતરત તું લીલું હરિયાળું હોત,

૨૬૯૭. તે જીવનનું જળ ( તારી અંદર ) ખેંચ્યું હોત, તો તું જીવનના જળમાં ( ખૂબજ) વધી ગયું હોત.

૨૬૯૮. તારું બી અને તારું મૂળ ખરાબ હતો. અને તું સારા ઝાડ સાથે સંધાયો નહતો

૨૬૯૯. જો ખારી ડાળી મીઠી સાથે સંધાય છે તો તે મીઠાશ તેની ખાસિયત ઉપર અસર નિપજાવશે.

## માવીયાનું ઇબલીસ સાથે સખ્તાઈથી વર્તવું

૨૭૦૦. અમીરે કહ્યું, "ઓ લુંટારા, વાદવિવાદ ન કર. મારામાં (ઘુસવાનો) તારા માટે રસ્તો નથી. ( તેથી ) રસ્તો ન શોધ.

૨૭૦૧. તું લૂંટારો છે. અને હું અજાણ્યો અને વેપારી છું, તું જે પણ પોશાક લાવે તે હું કેમ ખરીદ કરું ?

૨૭૦૨. મારી મિલ્કત પાછળ ત્રાટક નહિ. જેવો કે તું નાસ્તિક છે, તું કોઈની માલમિલ્કત ખરીદ કરે તેવો નથી.

૨૭૦૩. એક લૂંટારો બીજા કોઈ માણસ પાસેથી ખરીદનાર નથી. અને જો તે ખરીદનાર જેવો દેખાય, તે ( માત્ર તેનો ) ઢોંગ અને યુક્તિ છે.

૨૭૦૪. હું અજાયબ થાઉં છું કે આ અદેખાના તુંબડીમાં શું છે ? ઓ ખુદા, આ દુશ્મનથી અમોને મદદ કર.

૨૭૦૫. જો તે એક વધુ જાદુમંત્ર મારી પર વાપરે તો આ લૂંટારો મારા ઈમાનનું મેન્ટાલ ચોરી લેશે.

## માત્રીયાની મહાન ખુદાની હઝુરમાં ઇબલીસની ફરીયાદ કરવી અને તેની મદદ માગવી

૨૭૦૬. ઓ ખુદા, આ તેની વાત ધુમાડા જેવી છે, મારો હાથ પકડ (અને મને મદદ કર.) નહિતર મારા કપડાં કાળાં થશે.

૨૭૦૭. હું ઈબલીસ સાથે વાતચીતમાં પહોંચી શકું તેમ નથી. કારણ કે તે અમીર અને નીચે દરેકને (એક સરખી રીતે) પ્રલોભનમાં દોરી જાય છે.

૨૭૦૮. હ. આદમ કે જેઓ "તેણે તેને નામો શીખવ્યાં." નો માલિક છે, વીજળી જેવો ઉપર પડતા આ કૂતરા આગળ શક્તિ વગરના છે.

૨૭૦૯. તેણે તેઓને બહેસ્તમાંથી પૃથ્વીની સપાટી ઉપર ફેંકયા, તેઓ (હ. આદમ) "સિમાક"માંથી તેની જાળમાં મચ્છીની માફક સપડાયા.

૨૭૧૦. વિલાપ કરી આક્રંદ કરતા હતા, "ખરેખર. અમે ખોટું કર્યું છે." તેની (સેતાનની) લુચ્ચાઈ અને બદમાસીનો પાર નથી.

૨૭૧૧. તેના દરેક કહેણમાં 'નુકશાન' છે તેના દિલમાં લાખો જાદુ મંત્રો છુપાએલા છે.

૨૭૧૨. તે એક પળમાં માણસાઈને બાંધી લ્યે છે તે સ્ત્રી અને પુરુષમાં નકામી આશા પ્રગટાવે છે.

૨૭૧૩. ઓ ઈબલીસ, તું કે જે લોકોનો નાશ કરે છે. અને તેમને પ્રલોભનમાં (નાશ કરવા) નાખે છે, તેં મને કયા કારણે જાગૃત કર્યો ? સત્ય કહે.

## એક વાર ઈબલીસે ઠગાઈ જાહેર કરી.

૨૭૧૪. તેણે કહ્યું, "કોઈ પણ માણસ જે ખરાબ વિચારે છે તે સત્યથી વેગળી સો નિરાશાઓ પણ સંભારે છે.

૨૭૧૫. દરેક મન જે કલ્પનાઓ વિચારે છે, તેને જ્યારે સાબિતીઓ બતાવાય છે ત્યારે તેની કલ્પના વધે છે.

૨૭૧૬. જ્યારે (પાયાદાર અને સાચા) શબ્દો તેમાં ઉતરે છે તેઓ બીમારી બને છે, પવિત્ર લડવૈયાની તલવાર ચોર માટે હથિયાર બને છે.

૨૭૧૭. એટલા માટે તેનો જવાબ (માત્ર) ચૂપકીદી અને આરામ છે, મૂર્ખ સાથે વાત કરવી તે ગાંડપણ છે.

૨૭૧૮. અરે ભલા માણસ, તેં મારી ફરીયાદ ખુદાને શા માટે કરી ? જંગલી નફસે અમ્મારા ના દુષ્ટપણાની ફરિયાદ કર.

૨૭૧૯. તમે હલવો (મીઠાઈ) ખાઓ છો, (પછી) તમારામાં ગુમડાં ફાટે છે, તાવ તમને પકડે છે, તમારી તંદુરસ્તી જોખમાય છે.

૨૭૨૦. તમે ઇબલીસને શ્રાપ આપો છો, (જો કે તે) વાંક વગરનો છે, તમારામાંની તે ઠગાઈ તમે કેમ જોતા નથી ?

૨૭૨૧. તે ઇબલીસની ભૂલ નથી. એ માર્ગ ભૂલેલા તે તારી પોતાનીજ ભૂલ છે, કે ઘેટાની ચરબીવાળી પૂંછડી તરફ લોંકડીની માફક દોડો છો.

૨૭૨૨. જ્યારે તમે લીલા ખેતરમાં ચરબી વાળી પુંછડી જુઓ છો ત્યારે (સમજો કે) તે જીવ છે, તમે આનાથી અજ્ઞાન કેમ છો ?

૨૭૨૩. તમે અજ્ઞાન છો કારણકે ચરબીની પૂંછડી ની ઇચ્છા એ જ્ઞાનથી દૂર કર્યા છે, અને તારી (રૂહાની) આંખ અને સમજને આંધળી બનાવી છે.

૨૭૨૪. તમારો (જાહેરી) ચીજોનો પ્રેમ તમને આંધળા અને બહેરા બનાવે છે, તમારો કાળો નફસે અમ્મારા ગુનેહગાર છે, (બીજાઓ સામે) ઝઘડો ન કરો.

૨૭૨૫. મારાપર તહોમત ન મૂકો, ઉપરનું નીચે ન જુઓ, હું બૂરાઈ, કંજુસાઈ અને દુશ્મનાઈ વિરુધ્ધ છું.

૨૭૨૬. મેં એક પાપ કર્યું; અને હજી સુધી હું (તેનો) પશ્ચાતાપ કરું છુ, હું મારી રાત્રીને દિવસમાં ફરવાની રાહ જોઉં છું"

૨૭૨૭. હું માણુસ જાતમાં શકમંદ માણુસ, બન્યો છું દરેક સ્ત્રી અને પુરુષ તેમાનાં ગુન્હાહિત કર્તવ્યો મારા પર ઢોળે છે.

૨૭૨૮. એક મદદડીત વરુ જો કે તે ભૂખ્યો છે. છતાં તે સારી હાલતમાં હોવાનો વહેમ કરે છે.

૨૭૨૯. જ્યારે તેની નબળાઈ થકી તેના રસ્તે જઈ શકતો નથી ત્યારે લોકો કહે છે, "તે ભારે ખોરાક ખાવાથી અજીર્ણ થી પીડાય છે."

## માવીયાનું એક વધુ વાર ઇબલીસને સખત દબાવવું.

૨૭૩૦. તેણે કહ્યું, સત્ય સિવાય બીજું કોઇ તને બચાવશે નહિ સત્ય બોલવા માટે ઈન્સાફ તને બોલાવી રહ્યો છે.

૨૭૩૧. સત્ય કહે કે જેથી તને મારા પંજામાંથી છૂટકારો મળે. (તારી) લુચ્ચાઈ મારા થકી તને શાંતિમાં રહેવા દેશે નહિ.

૨૭૩૨. તેણે (ઈબલીસે) કહ્યું, "સત્ય અને જૂઠનો (તફાવત) તમે કેમ જાણુશો ? એ નકામી કલ્પનાઓ કરનાર, (મારાવિષે) નકામા વિચારો (તમારામાં ભર્યા છે)."

૨૭૩૩. તેણે જવાબ આપ્યો, "પયગમ્બર સાહેબે બતાવ્યું' છે ખોટા સિક્કા અને સાચા (પારખવા) તેમણે પત્થર મૂક્યો છે.

૨૭૩૪. તેણે કહ્યું છે, (માણસના) દિલની અશાંતિ, એ જૂઠનું (કારણ) છે. તેમણે કહ્યું છે, સત્ય એ આનંદી સ્વાસ્થયનું કારણ છે.

૨૭૩૫. અશાંત દિલ જૂઠા શબ્દોથી શતિ પામતુ નથી પાણી અને તેલ પ્રકાશ ફેલાવતી નથી.

૨૭૩૬. માત્ર સત્ય. વાણીમાં દિલની શાંતિ છે સત્યો દિલોમાં (આનંદની) જાળ પાથરે છે.

૨૭૩૭. હલકી વાણી ઉચ્ચારનાર અને માંદુ દિલ તે છે કે જે આ અને પેલાનો સ્વાદ જાણતું નથી.

૨૭૩૮, જ્યારે દિલ સંપૂર્ણ દુઃખ અને દર્દ ભરેલું બને છે ત્યારે તે સત્ય અને જૂઠની સોડમ ઓળખી જશે.

૨૭૩૯. જ્યારે આદમની ઈચ્છા ઘઉં માટે વધી ગઈ, તેણે હ. આદમના તંદુરસ્ત દિલને લૂંટયું.

૨૭૪૦. પછી તેણે તારા જૂઠાણાં અને લલચાવનારાં ને કાન આપ્યો (સાંભળ્યા) તેને મૂર્ખ બનાવાયો અને મોત ઉપજાવનાર ઝેર પીધું.

૨૭૪૧. તે પળે તેણે ઘઉંમાનો વીંછી જાણ્યો નહિ તે કે જે વૃથા ઈચ્છાઓથી નશામાં છે, તેનો વિવેક નાશ પામે છે.

૨૭૪૨. લોકો કંજૂસાઈ અને ઈચ્છાથી નશાબાજ બન્યા છે, આથી તેઓ તારી છે, તરામણુ સ્વીકારતા હોય છે.

૨૭૪૩. જે કોઈએ પોતાની વૃથા ઈચ્છાઓમાંથી મુક્તિ મેળવી છે તેઓએ (પોતાની) (રૂહાની) આંખ અપ્રગટથી સબંધિત રાખી છે.

### " કાજીની પદવી ધરાવવામાં કેટલો ત્રાસ છે ?
### તે કાજીનો તેના મદદનીશને જવાબ આપવો

૨૭૪૪. તેઓ એ (તેને) કાજી તરીકે અધિકાર આપ્યો, (દરમ્યાનમાં) તે રોયો, તેના નાયબે કહ્યું, "ઓ કાજી સાહેબ, તને શા માટે રડો છો ?"

૨૭૪૫. આ વિલાપ કે રોવાનો વખત નથી. આ વખત ખુશી થવાનો અને અભિનંદન સ્વીકારવાનો છે.

૨૭૪૬. તેણે કહ્યું, " આહ, અંતર દ્દષ્ટિ સિવાય એક માણસ ઈન્સાફ કેમ જાહેર કરે? બે જાણનારા વચ્ચે એક અજ્ઞાન (નક્કી કરે).

૨૭૪૭. પેલા બન્ને હરીફો પોતાના દાવામાં વાકેફ ગાર છે, એક ગરીબ (બિચારો) કાજી પેલા બન્નેની આંટીઘૂંટી શું જાણે?

દિલની અશાંતિ → એ જૂઠ નું કારણ છે.
સત્ય :. આનંદી - સ્વાસ્થય નું કારણ. - અશાંતિ. જૂઠા શબ્દો

૨૭૪૮. તે અજ્ઞાન છે અને તેઓની ખરી હાલતથી અજ્ઞાત છે તે તેઓની જિંદગી અને માલ મિલ્કતને લગતો (ન્યાય) કેવી રીતે આપશે."

૨૭૪૯. તેણે (નાયબે) કહ્યું, દાવેદારો (પોતાના દાવાની સત્યતા) જાણે છે. અને છતાં પણ ખોટો ખ્યાલો રાખે છે, તમે (હકીકતોથી) અજ્ઞાન છો પછી, અમો આખી કાયાના સ્વપ્રકાશિત છો.

૨૭૫૦. કારણ કે તમોને (તમારી સમજ સાથે) વચમાં પડતાં ખોટા ખ્યાલ નથી અને તે સ્વતંત્રતા આંખોનો પ્રકાશ છે.

૨૭૫૧. જ્યારે પેલા બન્ને કે જેઓ જાણે છે તેઓ પોતાના સ્વાર્થમાં આંધળા બન્યા છે. ખોટા ખ્યાલે તેઓનું જ્ઞાન કબરમાં મૂકેલું હોય છે."

૨૭૫૨. ખોટા ખ્યાલો રહિત હોવું એ અજ્ઞાનતાને ડહાપણમાં ફેરવે છે. ખોટાખ્યાલ જ્ઞાનને અકોણું અને જુલ્મી બનાવે છે.

૨૭૫૩. જ્યાં સુધી કે તમે લાંચ સ્વીકારતા નથી, ત્યાં સુધી તમો જુઓ છો, જ્યારે તમે ઢોંગથી વર્તો, ત્યારે તમો આંધળા અને ગુલામ બન્યા છો.

૨૭૫૪. મેં મારી ખાસિયત વૃથા ઈચ્છાઓથી ફેરવી લીધી છે, મેં સ્વાદિષ્ટ ખોરાક ખાધો નથી.

૨૭૫૫. મારું દિલ જે સ્વાદ અનુભવે છે, તે ચોકખું બન્યું છે, તે જૂઠાણામાંથી સત્ય પારખી શકે છે.

## માવીયાનું ઈબ્લીસને કબુલ કરવા દબાણ કરવા વિષે.

૨૭૫૬. "તેં મને શા માટે જગાડયો? ઓ જાદુગર, તું જાગૃતતાનો દુશ્મન છે.

૨૭૫૭. તું ખસખસના બીયાં જેવો છો, તું દરેકને સૂવાડી દ્યે છે. તું શરાબ જેવો છે. તું સમજણ અને જ્ઞાન ઉપાડી જનાર છો.

૨૭૫૮. મેં તારું શરીર જડી દીધું છે. ચાલ હવે સાચું બોલ સત્ય શું છે તે હું જાણું છું. બહાનું શોધતો નહિ.

૨૭૫૯. હું દરેક પાસેથી તે કેવી ખાસિયતો વલણનો માલિક છે તેવીજ આશા રાખું છું.

૨૭૬૦. હું સુરકામાંથી ખાંડ જોવા માગતો નથી. હું સૈનિક પાસેથી દયાની આશા રાખું નહિ.

૨૭૬૧. (મૂર્તિપૂજકો) નાસ્તિકો કે જેઓ મૂર્તિમાંથી તે ખુદા બને કે ખુદાની નિશાની બને, (તેમ શોધે છે) તેમ હું શોધતો નથી.

૨૭૬૨. હું વિષ્ટામાંથી અંબરની વાસ શોધતો નથી. હું પાણીની અંદર સૂકી ઈંટો શોધતો નથી.



લાંચ નહિ → ત્યાં સુધી તમો જુઓ છો. જ્યારે ઢોંગથી વર્તો છો → ત્યારે તમે આંધળા અને ગુલામ બન્યા છો

૨૭૬૩. જેમાં સારપ ન હોય તેવા સેતાન પાસેથી હું (કોઈ કારણ) જોતો નથી કે તે ભલા (ઈરાદાથી) મને જગાડે."

## સેતાનનું માવિયાને સંતાડેલું ખરું કારણ કહેવું.

૨૭૬૪. ઈબલીસ ઢોંગી અને યુક્તિના ઘણા શબ્દો બોલ્યો, (પણ) અમીરે તે સાંભળ્યા નહિ. ખામોશી અને ધૈર્ય બતાવ્યું.

૨૭૬૫. (આખરે) ખૂબજ કડવાશથી તેણે (ઇબલીસે) કહ્યું, "ઓ ફલાણા, જાણે કે મેં (એક) ખાસ ઈરાદાથી તને જગાડયો છે.

૨૭૬૬. કે તમે ઊંચા દરજ્જાના પયગમ્બર સાહેબની પાછળ નમાઝ પડવામાં જમાત સાથે સામેલ થઈ શકો.

૨૭૬૭. જો નમાઝ વખત પસાર થઈ જાય, તો આ દુનિયા તમારા માટે અંધકારરૂપ અને પ્રકાશના કિરણ વગરની બને.

૨૭૬૮. (અને પછી) નિરાશા અને દિલગીરીમાં મસકમાંથી (પાણી વહે) તેમ મારી બન્ને આંખોમાં આંસુ વહ્યાં હોત.

૨૭૬૯. (કારણ કે) દરેક જણને બંદગીના કોઈપણ કાર્યમાં આનંદ મળતો હોય છે, પરિણામે થોડીપળ માટે (પણ) તે ગુમાવવું સહન કરી શકતો નથી.

૨૭૭૦. આ નિરાશા અને દુઃખ સો નમાઝો જેટલો (ફાયદો કર્યો હોત,) નમ્રતાથી ગિરીયાઝારીના ચળકાટ આગળ સરખામણીમાં રોજની નમાઝ શું છે? (કાંઈ વિસાતમાં નથી).

## એક ઈમાનદારના ખરા દિલનો પશ્ચાતાપ કે જે સમૂહ બંદગી ચૂકી ગયો હતો.

૨૭૭૧. અમુક માણસ મસ્જિદની અંદર જતો હતો (ત્યારે) લોકો મસ્જિદમાંથી બહાર આવતા હતા.

૨૭૭૨. તેણે (તેઓમાંના એકને) પૂછવું શરૂ કર્યું, કહે છે, "શું દુઃખ થયું છે કે જમાત (આટલી) જલ્દી મસ્જિદમાંથી બહાર આવે છે?"

૨૭૭૩. પેલા માણસે તેને કહ્યું, "જમાત સાથે પયગમ્બર સાહેબે નમાઝ પૂરી કરી મજલીસ પૂરી થઈ,

૨૭૭૪. ઓ મૂર્ખ માણસ જ્યારે પયગમ્બર સાહેબે આશીર્વાદ આપી દીધા છે, ત્યારે તું અંદર કેમ જઈ રહ્યો છે?"

૨૭૭૫. તે બૂમ પાડી ઊઠયો, "આહ, અને તે આહમાંથી (જાણે કે) ધુમાડો નીકળ્યો, તેનો નિસાસો તેના દિલમાંના લોહીની વાસ બહાર લાવતો હતો.

૨૭૭૬. ભેગા થયેલામાંના એકે તેને કહ્યું, “ આ નિસાસો મને આપ અને મારી નમાઝ (નો સ્વાબ) તારો છે.”

૨૭૭૭. તેણે જવાબ આપ્યો, “ હું નિસાસા (નો સ્વાબ) તને આપું છું, અને નમાઝ સ્વીકારું છું,” તેણે નિસાસો સ્વીકારી સો શુકરાના કર્યા.

૨૭૭૮. રાત્રે જ્યારે (તે) સૂતો (હતો) એક દિવ્યસંદેશે તેને કહ્યું ‘તેં જીવંત અને મુક્તિનું જળ ખરીદ્યું છે.

૨૭૭૯. આ પસંદગીના માનમાં અને આ યોગ્યતા અંગે બધા લોકોની નમાઝ સ્વીકારવામાં આવી છે.”

## ઈબ્લીસનું માવિયા પાસે પોતાના ઢોંગનું કબુલ કરવું

૨૭૮૦. પછી અઝસયલે તેને કહ્યું, “ઓ ઉમદા અમીર, મારે મારી ઠગાઈ (તમારા) આગળ ખુલ્લી કરવી જોઈએ.

૨૭૮૧. જો તમો નમાઝ ચૂકી ગયા હોત, તો પછી ભગ્ન દિલે તમોએ વિલાપ અને નિસાસા નાખ્યા હોત.

૨૭૮૨. અને તે દિલગીરી અને રુદન અને તે ગિરીયાઝારી નમાઝના (ફાયદા) બસો ગણો વધ્યો હોત.

૨૭૮૩. મેં તમોને જગાડયા એવી બીકમાં કે રખે ને આવો નિસાસો કદાચ (જરૂરી વિવેકનો) પડદો ચીરે.

૨૭૮૪. એટલા માટે કે આવો તમારો નિસાસો નીકળે નહિ, એટલા માટે કે તેમ કરવાનો તમોને મોકો મલે નહિ.

૨૭૮૫. હું અદેખો છું, અદેખાઈ થકી હું આમ વર્ત્યો છું. હું દુશ્મન છું, મારું (ખરું) કાર્ય ઠગાઈ અને ગંદાઈ છે.”

૨૭૮૬. તેણે કહ્યું, “ હવે તું સાચું બોલ્યો છે, તું ભિન્ન ભિન્ન (પ્રકારનો) છો, આ (ઠગાઈ) તારામાં (ખાસિયત થકી) આવે છે, આને તે પાળી છે.

૨૭૮૭. તું કરોળિયો છે, તારો શિકાર માખીઓ છે. ઓ કૂતરા, હું માખી નથી (તેથી) ફિકર ન કર.

૨૭૮૮. હું સફેદ બાજ છું, બાદશાહ મારો શિકાર કરે છે કરોળિયો મારા પર પોતાનું જાળું કેમ ગૂંથે?

૨૭૮૯. ચાલ્યો જા, તારાથી જેટલી બને તેટલી માખીઓ પકડવી ચાલુ રાખ, માખીઓને (દૂધ પર બેસવા) આમંત્રણ આપતો રહે!

સફેદ બાજ ← બાદશાહ મારો શિકારી છે.

૨૭૯૦. અને જો તું (તેમને) મધ ઉપર બોલાવીશ, તો તે પણ ચોક્કસ (ખોટા) દૂધ માટે જૂઠાણું હશે.

૨૭૯૧. તેં મને જગાડ્યો, (પણ) તે (જાગૃતિમાં) (ખરેખર) ઓકાં હતાં. તેં મને વહાણ બતાવ્યું. (પણ) તે (હકીકતમાં) વમળ હતું.

૨૭૯૨. તેં મને ભલાઈ માટે બોલાવ્યો હતો એટલા માટે કે તું મને વધારે ભલાઈથી હાંકી કાઢે છે."

## ચોરનું છટકી જવું કારણ કે ઘરધણીની તેને પકડી પાડવાની તૈયારી વખતે બીજા કોઈની ચોરને છટકી જવા આવેલ બુમ વિષે.

૨૭૯૩. આ (ઈબલીસની વર્તણૂંક) એના જેવી છે, (કે જે નીચેની વાર્તામાં કહેવામાં આવેલ છે) એક માણસે ઘરમાં ચોર જોયો અને તેની પાછળ દોડયો.

૨૭૯૪. તે બે ત્રણ ખેતર સુધી તેની પાછળ દોડયો, ત્યાં સુધી કે થાકેલાએ તેને મીઠાઈમાં (મીઠા શબ્દોમાં) ફસાવ્યો.

૨૭૯૫. તે તેની પાછળ દોડીને તેની તદ્દન નજીક આવ્યો કે તે તેના પર કૂદીને તેને પકડે તે પળે.

૨૭૯૬. બીજા ચોરે તેના તરફ બૂમ પાડી કહ્યું, "અહીં આવ કે જેથી તમે દુઃખની નિશાનીઓ જુઓ.

૨૭૯૭. ઉતાવળ કર અને જલ્દી પાછો ફર. ઓ કાર્ય કરવા તત્પર થયેલા, કે જેથી તું જુએ કે ત્યાં કેવી દયાજનક હાલતની ચીજો છે!"

૨૭૯૮. તેણે (ઘરધણીએ પોતાના મનમાં) કહ્યું, ત્યાં પણ કદાચ ચોર હોય જો તું જલ્દી પાછો નહિ ફરું આ (બદકિસ્મત)મારા પર પડશે.

૨૭૯૯. તે કદાચ પોતાનો હાથ મારી ઘરવાળી અને બચ્ચા ઉપર અજમાવે (અને તે વખતે) આ ચોર (કે તેને હું પકડી પાડું છું) તેને પકડીને બાંધવામાં શું ફાયદો?

૨૮૦૦. આ મુસલમાન મને ભલાઈ માટે બોલાવે છે હું જલ્દીથી પાછો નહિ ફરું તો મારા ઉપર ઘાત આવી પડશે.

૨૮૦૧. પેલી ભલી વલણવાળા (દોસ્તની) ભાવના ઉપર આશા (ભરોસો) રાખી તેણે ચોરને છોડી દીધો અને (બીજી દિશાએ) ફર્યો.

૨૮૦૨. તેણે કહ્યું, "ઓ ભલા દોસ્ત, શું બાબત છે? કોનો હાથ (મારફૂટ) છે કે (જે તે અંગે) તેં આવી રાડ અને હાયવરાળ કરી?"

૨૮૦૩. (પેલાએ) કહ્યું, "અહીં જો, ચોરનાં પડેલા પગલાંની નિશાની જો. બદમાશ ચોર આ રસ્તે ભાગી ગયો છે.

૨૮૦૪. તે દુષ્ટ ચોરનાં પગલાંની નિશાનીઓ જુઓ. આ પગલાં અને રસ્તા મારફતે તેની પાછળ પડો."

૨૮૦૫. તેણે જવાબ આપ્યો, "ઓ મૂર્ખ તું મને શું કહી રહ્યો છે? શા માટે, હું તેને પકડવાની તૈયારીમાં જ હતો.

૨૮૦૬. (પણ) તમારી બૂમથી મેં તેને જવા દીધો, મેં તને ગધેડાને (સારા) માણસ તરીકે માન્યો.

૨૮૦૭. અરે ભલા માણસ, આ કેવો મૂર્ખાઈ ભરેલો લવારો અને કમઅકકલ છે? મેં સત્યને શોધ્યું હતું, આ સૂચન (મને શું કામની)?

૨૮૦૮. તેણે જવાબ આપ્યો "હું સૂચન ખરી (વસ્તુ) માટે આપું છું. આ સૂચન છે, હું હકીકતથી વાકેફ કરું છું."

૨૮૦૯. તેણે (ઘરધણીએ) કહ્યું, "તું એક બદમાસ છે અથવા તો તું એક મૂર્ખ છે, તું (પણ) ચોર છે. આ બાબતતો સંબંધી છે.

૨૮૧૦. હું મારા દુશ્મનને ઘસડવાની (તૈયારીમાં) હતો (જ્યારે) તેં તેને જવા દીધો, (મને) કહીને કે અહીં તેનાં પગલાં છે!

૨૮૧૧. તેં (બહારના) સંબંધી કહ્યું, (પણ) હું (બધા) સંબંધો વટાવી ગયો હતો. (ખુદાં) સાથે મિલાવમાં નિશાનીઓ અને પુરાવાઓ (ની જરૂર) ક્યાં છે?"

૨૮૧૨. માણસ કે જેને (સત્વથી) દૂર રાખવામાં આવેલ છે તે ગુણો થકી દૈવી કાર્યો નિહાળે છે, તે કે જેણે સત્વ ગુમાવ્યું છે તે ગુણો તરફ વશ થયો છે.

૨૮૧૩. તેવીજ રીતે, જેઓ (ખુદામાં) મળી ગયા છે તેઓ સત્વમાં તલ્લીન થયા છે, ઓ પુત્ર, તેઓ તેના ગુણ તરફ નજર કરશે?

૨૮૧૪. જ્યારે તમારું ધડ નદીના તળિયે છે ત્યારે તમારી આંખ પાણીના રંગ ઉપર કેમ પડશે?

૨૮૧૫. અને જો તમે તળિયાથી પાણીના રંગ તરફ પણ, ફરશો, તો પછી તમે (બદલામાં) લાકડાનું જાડું, કપડું અને જાડા વાળ મેળવશો.

૨૮૧૬. નીચની દવા પસંદ કરાએલામાં પાપ છે, નીચની સંબંધિત હાલત એ પસંદ કરાએલામાંનો પડદો છે.

૨૮૧૭. જો બાદશાહ એક વજીરને પોલીસ ઈન્સ્પેકટર બનાવે, તો બાદશાહ તેનો દુશ્મન છે, તે તેનો દોસ્ત નથી.

૨૮૧૮ વળી પેલા વજીરે કાંઈ ગુન્હો કર્યો હોવો જોઈએ, કારણ વગર ખરાબ હાલતમાં બદલી જરૂરી નહોય.

૨૮૧૯. શરૂઆતથી જ જે પોલીસ ઈન્સપેકટર હોય, તેના માટે તે (જગ્યા) કિસ્મત દસ્ત છે એને શરૂઆતથી આજીવિકાનું સાધન છે.



સત્યને શોધ્યું-તો-સૂચન શું કામનું.
ખુદામાં ગળવું, સત્યમાં તલ્લીન થવું. તો ગુણ તરફ નજર કરે.
બાદશાહ-વજીરને પોલીસ બનાવે તો-
બાદશાહ દોસ્ત કે દુશ્મન છે?

૨૮૨૦. પણ તે કે જે પહેલાં બાદશાહનો વઝીર હતો, તેને પોલીસ ઈન્સપેકટર બનાવવાનું કારણ તેનું ખરાબ આચરણ છે.

૨૮૨૧. જ્યારે બાદશાહે તમોને ઉંબરામાંથી પોતાની હજૂરમાં બોલાવ્યો, અને ફરીવાર તેણે તમોને ઉંબરાએ હાંકી કાઢ્યા.

૨૮૨૨. તો ચોકકસ જાણ કે તમોએ કાંઈ ગુનાહ કર્યો છે. અને (તમારી) મૂર્ખાઈએ જ તેમ કરવાની ફરજ પાડી છે.

૨૮૨૩. કહેવામાં આવે છે, "આ મારો ભાગ અને હિસાબ હતો, (પણ) તો પછી શા માટે ગઈ કાલે તમારા હાથમાં પેલું ઉત્તમ નશીબ હતું ?

૨૮૨૪. મૂર્ખાઈપણામાં તમોએ તમારા હિસ્સાને કાપી નાખ્યો, ઉત્તમ ઇન્સાન પોતાનો હિસ્સો વધારતો હોય છે.

## વિરોધી મસ્જિદ બાંધનારા નાસ્તિકો વિષે

૨૮૨૫. તે યોગ્ય છે કે તમે બીજો આડોડાઇને લગતો દાખલો સાંભળશો (જે) કુરાન સંબંધિતમાંનો છે.

૨૮૨૬. નાસ્તિકો હ. પયગમ્બર સાથે દરેક રીતની ગંદી રમત રમ્યા.

૨૮૨૭. કહે છે, ચાલો આપણે દીને ઈસ્લામની ભવ્યતાની એક મસ્જિદ બાંધીએ અને તે (હકીકતમાં) ધર્મભ્રષ્ટતા હતી.

૨૮૨૮. આવી ગંદી રમત તેઓ રમતા હતા. તેઓએ તેની મસ્જિદ સીવાયની મસ્જદ બાંધી.

૨૮૨૯. તેઓએ તળિયું, છત અને બારીબારણાં (સારાં) બનાવ્યાં. પણ તેઓની ઈચ્છા (મુસલમાન) કોમમાં ભાગલા પાડવાની હતી.

૨૮૩૦. તેઓ હ. પયગમ્બર પાસે (દિલની ગંદકી છતાં) કાલાવાલા કરતા આવ્યા. તેઓ ઊંટની માફક તેઓને ઘૂંટણીએ પડયા.

૨૮૩૧. કહે છે, "ઓ ખુદાના સંદેશવાહક, તમો દયા કરી પેલી મસ્જિદ સુધી આવવાની તકલીફ લેશો !

૨૮૩૨. આખરમાં તે તમારા પવિત્ર પગલાથી આશીર્વાદિત બને, આપના દિવસો કયામત સુધી આનંદ લાવો !

૨૮૩૩. તે વરસાદ અને તાપના દિવસોએ, તકલીફ અને ગરીબાઈના દિવસોએ (રાહત આપનાર છે.)

૨૮૩૪. જેથી (ગરીબ અજાણ્યો ત્યાં દાન અને રહેઠાણ પામે અને આ સેવાનું ઘર હંમેશ માટે બની રહે !

૨૮૩૫. તેથી લોકોના ઈમાનમાં વૃદ્ધિ થાય અને ટકી રહે. કારણકે દોસ્તની (મદદ મલે છે) ત્યારે આરામદાયક કફોડી દશા બને છે.

૨૮૩૬. થોડી વાર માટે (પગલાં કરી) તે જગ્યાને માનથી નવાજો. અમોને ઇમાનદાર જાહેર કરો અને અમોને સારા હિસાબમાં લેઓ.

૨૮૩૭. મસ્જિદ અને તેના સ્થાપકો તરફ પસંદગી બતાવો. તમો ચંદ્રમા છો અમો રાત્રી છીએ એક પળ માટે અમારી વિનંતી પ્રમાણે વર્તો.

૨૮૩૮. એટલા માટે કે તમારી કૃપા થકી રાત્રી દિવસમાં ફેરવાઈ જાય. એ તમો કે જેઓને ખૂબસૂરતી રાત્રીને પ્રકાશ આપતો સૂર્ય છે."

૨૮૩૯. અફસોસ ! જો તેઓના આ શબ્દો ખરા દિલમાંથી હોત, કે જેથી તે ટોળાની ઈચ્છા જરૂર ફળીભૂત થાત !

૨૮૪૦. એ દોસ્તો, વિવેક કે જે (ઇમાન) વગરના દિલવાળાની જીભમાંથી અને આત્મા જાણે રાખના ઢગલામાંથી ઊગેલા છોડ જેવો હોઈ તેમાંથી આવે છે. તો

૨૮૪૧. તેના તરફ દૂરથી નજર કરી અને પસાર થઇ જા એ પુત્ર, તેઓ ખાવાના કે સૂંઘવાના લાયક નથી.

૨૮૪૨. બેઈમાનના વિવેક તરફ ખરેખર (કદી) જતો નહિ. કારણકે તે ખંડિયેર થએલ પુલ છે. (મારી ચેતવણીને) બરાબર ધ્યાન આપ.

૨૮૪૩. જો એક મૂર્ખ તેના પર પગ મૂકશે, પુલ તૂટી જશે, અને તેના પગના ટુકડે ટુકડા થઈ જશે.

૨૮૪૪. જ્યાં લશ્કરની નાશભાગ થાય તો તેનું કારણ એ છે કે બેત્રણ બાયલા-નબળી વ્યક્તિઓ છે.

૨૮૪૫. તે (બાયલો) લડાઈની સફમાં હથિયારો સહિત મર્દની માફક આવે છે, તેઓ (સૈનિકો) તેનામાં વિશ્વાસ મૂકે છે, કહે છે, અહીં ગુફાઓનો દોસ્ત છે.

૨૮૪૬. જ્યારે તે જખમો જુએ છે ત્યારે (બીકમાં) પોતાનો ચહેરો ફેરવે છે. તેનું ભાગી છૂટવું તમારી કમર તોડી નાખે છે. (નિરાશ થાઓ છો.)

૨૮૪૭. આ (વાત) લાંબી અને પહોળી છે. અને જે (કહેવાનો) ઈરાદો છે તે સંતાઈ જાય છે.

## નાસ્તિકોનું હ. પયગમ્બરને પટાવવું એટલા માટે કે તેઓ તેમને વિરોધી મસ્જિદમાં લઇ જાય

૨૮૪૮. તેઓએ આ જાદુભરેલા શબ્દો ખુદાના સંદેશવાહકને કહ્યા, તેઓ જૂઠ અને લુચ્ચાઈના ઘોડાને ખૂબજ જોરથી દોડાવતા હતા.

૨૮૪૯. માયાળુ અને દયાળુ દિલના પયગમ્બર સાહેબ (જવાબમાં) માત્ર હસ્યા, બીજું કંઈ ન કહેતા માત્ર "હા" (બોલ્યા)

૨૮૫૦. તેણે પેલી મંડળીનો પોતાનો આભાર દર્શાવ્યો. અને તેણે પોતાની (આપવાની) કબૂલાતે એલચીઓને રાજી કર્યા.

૨૮૫૧. તેઓની ઠગાઈ તેમને, દરેકે દરેક મુદ્દો, દૂધમાં વાળાની માફક સ્પષ્ટ (દેખાતો) હતો.

૨૮૫૨. પેલા વિવેકીએ વાળ ન જોયાનો ઢોંગ કર્યો, પેલા સભ્ય માણસે દૂધને "ખૂબજ સરસ કર્યું".

૨૮૫૩. ઢોંગ અને લુચ્ચાઈના લાખો વાળ તેણે (જોયા.) અને તે સમયે તેણે બધા પ્રત્યે તેણે આંખ મીચી.

૨૮૫૪. પેલા દયાનો સાગર સત્ય બોલ્યો. (જ્યારે તેણે કહ્યું) હું તારા પોતાના કરતાં વધુ મયાળુ છે.

૨૮૫૫. હું અગ્નિના કે જે ખૂબજ નાખુશ ભડકા અને તાપ ધરાવે છે તેના કિનારે બેઠો છું.

૨૮૫૬. તું પતંગિયાની માફક ઉતાવળે તેની તરફ દોડી રહ્યો છે, (જ્યારે) મારા બન્ને હાથ તને પાછો વાળવામાં રોકાઈ ગયા છે.

૨૮૫૭. જ્યારે હ. પયગમ્બર સાહેબે ત્યાં જવાનું સ્વીકાર્યું ખુદાઈ અદેખાઈ પોકારી ઊઠી, "તેઓનું પ્રલોભન સાંભળ નહિ.

૨૮૫૮. કારણકે આ દુષ્ટ લોકો ઘણી દગલબાજી અને લુચ્ચાઈ રમી ગયા છે. તેઓ જે તારી આગળ મૂક્યું તે તદ્દન ઊલટું જ છે.

૨૮૫૯. તેઓનો માત્ર ઈરાદો (તારા પર) કાળી શરમ લાવવાનો છે (સાચા) દીન માટે ક્રિશ્ચિયન અને જ્યુ લોકોએ ક્યારે ભલાઈ શોધી છે,

૨૮૬૦. તેઓ (નાસ્તિકોએ) દોજખના પુલ ઉપર મસ્જિદ બાંધી છે તેઓ ખુદા સાથે પેલી રમત રમ્યા છે.

૨૮૬૧. તેઓની આ રમત ખુદાના સંદેશવાહકના અસહાબોમાં ભાગલા પાડવાની છે. કોઈપણ નકામો મૂર્ખ ખુદાની દયા કેમ કરી સમજશે.

૨૮૬૨. (તેઓએ મસ્જિદ બાંધી છે) એટલા માટે કે કે તેઓ એક જ્યુને અહીં સીરીયામાંથી લાવે કે જેના ઉપદેશે જ્યુ લોકોને દીવાના બનાવ્યા છે.

૨૮૬૩. હ. પયગમ્બર સાહેબે (પેલા નાસ્તિકોને કહ્યું) "હા" (હું તમારી ઈચ્છા પ્રમાણે કરીશ) પણ (હમણાંજ) એક "લડાઈમાં જવા રવાના થઈ રહ્યા છીએ.

૨૮૬૪. જેવો હું આ સાહસભરી મુસાફરીમાંથી પાછો ફરીશ ને તુર્તજ હું પેલી મસ્જિદ તરફ રવાના થઈશ."

જવાબ માં → હસ્યા, - હાં બોલ્યા

૨૮૬૫. આમ કરીને તે વખતે તેઓએ તેમને ટાળ્યા. અને લડાઇનાં મેદાન તરફ રવાના થવા ઉતાવળ કરી. પેલા રમત રમનારા સાથે તેઓ (નબી સાહેબ) પણ રમત રમ્યા.

૨૮૬૬. જ્યારે તેઓ લડાઈમાંથી પાછા ફર્યા, તેઓ ફરીવાર આવ્યા અને છેલ્લું આપેલું વચન પાળવા (અરજ કરી)

૨૮૬૭. ખુદાએ તેઓને કહ્યું, "ઓ પયગમ્બર તેઓની લુચ્ચાઈ જાહેર કરો, અને જો (પરિણામે) લડાઈ કરવી પડે, કરો, ભલે થાય."

૨૮૬૮. તેણે (હ. પયગમ્બરે) કહ્યું, ઓ જૂઠાલોકો ચૂપ રહો, શાંત થાઓ, રખેને હું તમારા ગુપ્ત વિચારો જાહેર કરું.

૨૮૬૯. જ્યારે તેઓએ તેઓના અંતરના થોડા વિચારો જાહેર કર્યા તેઓનું કાર્ય બગડી ગયું.

૨૮૭૦. ત્યારબાદ એલચીઓએ તેમનાથી પીઠ ફેરવી.

બૂમ પાડતા ગયા "હાશ લિલ્લાહ" "હાશ લિલ્લાહ"

૨૮૭૧. દરેક નાસ્તિક દગલબાજીના રસ્તે પોતાના હાથમાં કુરાન રાખી પયગમ્બર સાહેબ (પાસે આવ્યા)

૨૮૭૨. કસમ ખાવાની ખાતર, કારણ કે કસમ એક ચાલ છે, (આ તેઓએ કર્યું) કારણ કે કસમ (લેવા) એ દુષ્ટનો રિવાજ પડયો છે.

૨૮૭૩. જ્યારે કે દુષ્ટ માણસ ધાર્મિક (બાબતોમાં) વિશ્વાસ રાખી શકતો નહોય તે કોઈ પણ વખતે (તેના) કસમ તોડી નખશે.

૨૮૭૪. સાચાને સોગંદ લેવાની જરૂર નથી, કારણ કે તેઓને બે ચોકખી આંખો છે.

૨૮૭૫. કરારો અને સોગંદો તોડવા એ મૂર્ખાઈનું (પરિણામ) છે. વચનો પાળવાં અને (પોતાના શબ્દ)નું વિશ્વાસપણું (જાળવવું) એ તે કે જે ખુદાથી બીએ છે તેનું અમલમાં મૂકયું છે.

૨૮૭૬. હ. પયમ્બર સાહેબે કહ્યું, "હું તમારા સોગંદ સાચા માનું કે ખુદાના સોગંદ ?"

૨૮૭૭. ફરીવાર પેલા લોકો તેઓના હાથમાં કુરાન અને હોઠોમાં રોજા અંગે લગાડેલ સીલ, ફરીવાર બીજા સોગંદ લીધા.

૨૮૭૮. કહે છે, "આ પવિત્ર અને સાચા શબ્દોની સચ્ચાઈના (કસમ ખાઈને કહીએ છીએ) કે મસ્જિદનું મકાન માત્ર ખુદાના ખાતર જ છે

૨૮૭૯. તે જગ્યામાં ઢોંગની કોઈ યુક્તિ નથી. તે જગ્યાએ માત્ર ખુદાની બંદગી, ઈમાનદારી અને ખુદાને યાદ કરવા ભેગા થવા માટે જ છે."



કસમ ખાવા એ દુષ્ટનો રિવાજ છે.
સાચાને બે ચોકખી આંખો છે.

૨૮૮૦. હ. પયગમ્બર સાહેબે જવાબ આપ્યો, "ખુદાનો અવાજ મારા કાનમાં પડ્યાની માફક આવે છે.

૨૮૮૧. ખુદાએ તમારા કાન પર સીલ લગાડેલ છે, કે જેથી તેઓ ખુદાના શબ્દો સાંભળવા ઉતાવળ કરતા નથી.

૨૮૮૨. અરે, ખુદાનો અવાજ મને સ્પષ્ટ રીતે આવે છે ગંદા દારૂમાંથી ચોકખા (બનાવેલાની) માફક (અવાજ) સાફ થયેલ (આવે છે).

૨૮૮૩. હ. મૂસાની માફક કે (જેને) ઝાડીની દિશામાંથી ખુદાનો (આમ) કહેતો અવાજ સંભળાયો, "ઓ તું કે જે આશીર્વાદિત ખુશનશીબ (છો).

૨૮૮૪. ઝાડમાંથી તે શબ્દો સાંભળતો હતો. "જુઓ હું ખુદા છું" અને આ શબ્દો સાથે "ખુદાનું નૂર" દેખાયું.

૨૮૮૫. તેવી રીતે જેમ તેઓ (નાસ્તિકો) દિવ્યસંદેશના "નૂર"થી મુશ્કેલીમાં પડયા. તેઓએ ફરીવાર નવા કસમો ઉચ્ચારવા શરૂ કર્યા.

૨૮૮૬. જ્યારે કે ખુદાએ કસમને ઢાલ કહી છે, ત્યારે કજીયો કરનાર ઢાલ પોતાના હાથમાંથી નીચે કેમ મૂકે?

૨૮૮૭. ફરીવાર હ, પયગમ્બરે સીધી રીતે જૂઠ સમજાવતાં, તેઓને ખુલ્લા શબ્દોમાં કહ્યું, "તમો જૂઠું બોલ્યા છો."

**અસહાબમાંનો એકે (ખુદા તેના પર રાજી રહે) (પોતાના મનમાં) સંમત ન થવાનું વિચાર્યું, શા માટે હ. પયગમ્બર (પેલા નાસ્તિકોના વિચાર પર પડદો નથી નાખતા) તે વિચારવું.**

૨૮૮૮. (તેઓની વિનંતીનો નામોશી ભરેલી રીતે અસ્વીકાર થયો) તેથી હ. પયગમ્બરના સાથીઓમાંનો એક પોતાના દિલમાં ના ઉમેદ થયો.

૨૮૮૯. વિચારતો હતો કે સફેદવાળવાળા અને માનવંત આના જેવા વૃદ્ધ માણસોને, આ પયગંબર શરમમાં મૂકે છે.

૨૮૯૦. ઉદારતા કયાં છે? (પાપોનું) ઢાંકવું કયાં છે? બીજાની લાગણીને માન આપવું કયાં છે? નબીઓ લાખો ભૂલો ઉપર પડદો નાખતા હોય છે.

૨૮૯૧. તુર્ત જ ફરીવાર પોતાના દિલમાં ખુદાની માફી માંગી. રખેને પયગમ્બરનો વિરોધ કરવામાં તે નામોશી ભરેલો બને.

૨૮૯૨. નાસ્તિકોના દોસ્ત બનવાનું હલકટપણું સાચા ઇમાનદારોને તેમની માફક દુષ્ટ અને બળવાખોર બનાવે છે.

૨૮૯૩. ફરીવાર બે બંદગીના રૂપે આક્રંદ કરતો હતો, "ઓ તું કે જે આંતરિક મનો દશાનો જાણકાર છો, અવિશ્વાસમાં વળગેલો છોડતો નહિ.

૨૮૯૪. મારું દિલ મારી નજરની માફક મારા કબજામાં નથી. નહિતર આ વખતે ગુસ્સામાં મારા દિલને આગ લગાડી દઉં.

૨૮૯૫. (જ્યારે તે) આ વિચારમા (હતો) ઝોકાએ તેને પકડયો (સ્વપ્નમાં) તેઓની મસ્જિદ તેને વિષ્ઠાથી ભરેલી લાગી.

૨૮૯૬. એક ગંદી જગ્યા, તેના પથ્થરો ગંદકીથી (ભરેલા) પથ્થરોમાંથી કાળો ધુમાડો બહાર નીકળતો હતો.

૨૮૯૭. ધુમાડો તેના ગળામાં ગયો અને તેનાથી તેને વેદના થઈ, જલદ ધુમાડાથી મુંજતાં તે નિંદ્રામાંથી જાગૃત થયો.

૨૮૯૮. તેવુંજ તેણે મસ્તક નમાવ્યું. અને રોયો, એમ કરીને "ઓ ખુદા, આ ચીજો તેઓના અવિશ્વાસની નિશાની છે.

૨૮૯૯. ઓ ખુદા, (તેઓ તરફ) સહનશીલતા બતાવવાને બદલે ગુસ્સો કરવો વધુ ઉત્તમ છે, કે જે મને મારા ઇમાનથી વિખૂટો પાડે છે."

૨૯૦૦. જો તમો તેઓ કે જેઓ પાપને પગલે ચાલે છે તેની ઝીણવટથી તપાસ કરશો (તો તમો જાશો) કે તે ડુંગળીની માફક ડગલે ડગલે દુર્ગંધ મારે છે.

૨૯૦૧. તેઓના દરેકે દરેક પ્રયત્ન એક બીજા કરતાં વધુ શક્તિવિહીન છે, (જ્યારે) વિશ્વાસની વાતમાં (દરેક પ્રયત્ન) એકબીજા કરતાં વધુ સારો છે.

૨૯૦૨. પેલાં ટોળા (નાસ્તિકો) એ કાબાના લોકોની મસ્જિદનો નાશ કરવા, બની શકયું તેટલું બધું કર્યું.

૨૯૦૩. એબીસીનીયામાં (રહેતા) હાથીઓના માલિકોએ એક કાબા બનાવ્યું (પણ) ખુદાએ તેને સળગાવી મૂક્યું.

૨૯૦૪. (અને પછી) તેઓ (એબીસીનીયનોએ) વેરમાં કાબા ઉપર હલ્લો કર્યો, (કુરાનમાં ખુદાના શબ્દો) વાંચ તેઓને કેવા બનાવ્યા.

૨૯૦૫ દીનના ડ::: દિલવાળાઓ પાસે લુચ્ચાઈ દગલબાજી અને દગા સિવાય બીજાં સાધન ન હતાં.

૨૯૦૬. દરેક અસહાબે (નિંદ્રામાં) પેલી મસ્જિદનો ચોખ્ખો ચિતાર જોયો, કે જેથી તેનો ગુપ્ત (હેતુ) તેમને માટે ખાસ જ્ઞાન બન્યું.

૨૯૦૭. જો તે સ્વપ્નાઓ એક પછી એક કહેતો જાઉં તો (અસહાબોની) પવિત્રતા તેમને ચોક્કસ શકમાં નાખે.

૨૯૦૮. પણ તેઓનો ગૂઢાર્થ ખુલ્લો કરતાં બીઉં છું. તેઓ ખુદાના ચાહકો સામે ધિક્કાર દર્શાવનારા છે અને ધિક્કાર તેમને માટે યોગ્ય જ છે.

૨૯૦૯. તેઓએ ( ધાર્મિક ) કાનૂન ( સીધો ખુદામાંથી ) મેળવ્યો હતો બીજાની ધારણાને લાગતા વળગતા વગર, તેઓએ તે સિક્કો કસોટી કર્યા વગર જ લીધો હતો.

૨૯૧૦. કુરાનનું ડહાપણ સાચા ઇમાનદારના ગુમાવેલા ઊંટ જેવું છે, દરેકને તે ખોવાએલા વિષે અમુક ચોક્કસ જ્ઞાન છે.

## એક માણસ કે જે ખોવાઇ ગએલો ઊંટ શોધતો હતો અને તેની વિષે તપાસ કરતો હતો તે વિષે

૨૯૧૧. (જો) તમે એક ઊંટ ગુમાવ્યો છે અને ખંતપૂર્વક તેને શોધ્યો, જ્યારે તે તમને મલે ત્યારે તમે કેમ ન જાણો કે તે તમારૂં જ છે.

૨૯૧૨. આડા ફાટવું શું છે? તમે ઊંટડી ગુમાવી છે. (તેણી) તમારા ટોળામાંથી પડદામાં (એકાંતમાં) નાસી છૂટી છે.

૨૯૧૩. વણજારના લોકોએ પોતાનો સામાન ચડાવવો શરૂ કરી દીધો છે (પણ) તમારો ઊંટ વચમાંથી (વણજારમાંથી) ગુમાવાયો છે.

૨૯૧૪. તમે સૂકાઈ ગએલા હોઠથી આમતેમ દોડી રહ્યા છો. (હવે) વણજાર દૂર પહોંચી ગઈ છે, અને રાત્રી નજીક છે.

૨૯૧૫. તમારો સામાન જમીન ઉપર અવ્યવસ્થિત રસ્તા પર પડયો છે. (જ્યારે) તમે ઊંટની શોધમાં દોડદોડી કરી રહ્યા છો.

૨૯૧૬. રાડ પાડો છો, ઓ મુસલમાનો, સવારમાં તબેલામાંથી નાસી છૂટેલા ઊંટને કોણે જોયો છે?

૨૯૧૭. જે કોઈ પણ મારા ઊંટનું દિશાસુચન આપશે તો હું ઈનામમાં આટલા બધા દીરહમ આપીશ.

૨૯૧૮. તમે દરેકને દિશાસૂચનોની વિનંતીઓ કરી રહ્યા છો, દરેક બદમાશ આના થકી તમારા તરફ મશ્કરી કરતો હશે.

૨૯૧૯. કહેશે, આ દિશાએ જતા ઊંટ અમે જોયો છે. ભૂરા રંગનુ ઊંટ પેલી પારની ચરાણ તરફ (જતું જોયું છે)

૨૯૨૦. (તેઓમાંનો) એક કહે છેઃ તેના કાન ફાટેલા હતા, અને બીજો કહેશેઃ તેના પાગડાં રેશમનાં હતાં.

૨૯૨૧. એક કહે છેઃ ઊંટને એક જ આંખ હતી. અને બીજો કહે છે કે તેને ભાઠાં હતાં અને વાળ ન હતા.

૨૯૨૨. ઈનામ મેળવવાની ખાતર દરેક બદમાશ આડું અવળું (બોલતાં) સો દિશા-સૂચનો આગળ કરે છે.

## વિસંવાદી મતમતાંતરમાં ગૂંચવાવું અને તેમાંથી છટકવાના (રસ્તા) શોધવા વિષે

૨૯૨૩. (આ) જોકે (ખુદાઇ) જ્ઞાનની હકીકત જેવી છે, દરેક જણ ન જોયેલી ચીજનું વર્ણન (જુદીજુદી રીતે) વર્ણવે છે.

૨૯૨૪. તત્વવેતા (એક વાતનું) બીજી રીતે ખુલાસો આપે છે. ભણેલો ખુદાઇ જ્ઞાન જાણનાર તેના ખુલાસો રદ કરે છે.

૨૯૨૫. અને કોઈ બીજો તેઓ બન્નેની મશ્કરી કરે છે જ્યાર બીજો કોઈ નાસ્તિકપણાથી પોતાને મૃત્યુ આરે બાંધે છે.

૨૯૨૬. (તેઓમાંનો) દરેક રસ્તાની આ એંધાણીઓ આપે છે. એટલા માટે કે એમ ધારી લેવામાં આવે કે તેઓ પેલા શહેરના લાગતા વળગતા છે.

૨૯૨૭. જાણ કે આ સત્ય બને, (કે) આ બધા (જુદા જુદા લોકો) સાચા નથી. (ફરીવાર) આ ટોળું તદ્દન રીતે માર્ગ ભૂલેલું નથી.

૨૯૨૮. કારણ કે સત્યતા સિવાય જૂઠ બતાવી શકાઈ નહિ. મૂર્ખે સોનાના સિક્કાની આશામાં બનાવટી સિક્કો ખરીદ્યો.

૨૯૨૯. જો દુનિયામાં સાચો સિક્કો ન હોય તો ખોટો સિક્કો બહાર પાડવો કેવી રીતે શક્ય છે?

૨૯૩૦. જો સત્ય ન હોય તો જૂઠ કેમ બની શકે? પેલું અસત્ય સત્યમાંથી ઝગઝગાટ મેળવે છે.

૨૯૩૧. તેઓ સાચું હોવાની આશામાં ખોટું ખરીદે છે (જો) સાકરના ટુકડામાં ઝેર જાય, તો પછી તેઓ (માત્ર) ઝેર ખાય છે.

૨૯૩૨. જો ખાવા માટેના ઉત્તમ ઘઉં ન હોય, તો જે જવ વેચે છે, તેની પાસેથી શું મળશે? તે ઘઉં છે તેવો ઢોંગ તે કરશે.

૨૯૩૩. તો પછી આ બધું કહેવું જૂઠું છે એમ ન કહે તો, જૂઠ (ઢોંગીઓ) સત્યની આશા (આપતી) દિલરૂપી જમીન પરનો ફાંસો છે.

૨૯૩૪. તો પછી એમ ન કહે તો કે આ તરંગ અને ભૂલ છે, સત્યતા વગર આ દુનિયામાં કલ્પના હસ્તી ધરાવે નહિ.

૨૯૩૫. સત્ય એ શક્તિની રાત્રી છે, રાત્રીના આત્મા દરેક અંધારાની ચકાસણી કરે છે.

૨૯૩૬. એ યુવાન, બધી રાત્રીઓ શક્તિની રાત્રી નથી. અને પેલી રાત્રીની બધી રાત્રીઓથી નકામી (પણ) નથી.

૨૯૩૭. ફકીરોના ઝભ્ભા પહેરેલાઓમાં એકાદ (સાચો) દરવેશ પણ હોય છે, ચકાસણી કરી જો, અને તે સાચું છે તે સ્વીકાર.

૨૯૩૮. પવિત્ર અને ભેદ સમજનાર ઈમાનદાર ક્યાં છે? કે જેથી માણસો વચ્ચેના ઢોંગીઓને તે ઓળખી શકે?



જ્ઞાનની હકીકત → ન જોયેલી ચીજનું વર્ણન જુદા જુદી રીતે વર્ણવે છે.

૨૯૩૯. જો દુનિયામાં ખામી ભરેલી ચીજો ન હોય તો, બધા મૂર્ખાઓ ( કુનેહબાજ ) વેપારીઓ હોત.

૨૯૪૦. તો પછી માલની ( કિંમત ) જાણવી બહુ સહેલી થઇ પડત, જ્યારે કે ખામી ન હોય તો પછી લાયકાતવાળું અને વગર લાયકાતમાં શું ફેર ?

૨૯૪૧. અને જો દરેક ચીજ ખામીવાળી છે તો પછી જ્ઞાનથી કાંઈ ફાયદો નહિ, જ્યારે કે દરેક ચીજ અહીં ( સામાન્ય ) લાકડું છે, તો ઉદનું લાકડું ( માલમ ) નહિ પડે.

૨૯૪૨. તે જે કહે છે, "બધુંજ સાચું છે" તે તેના ( હિસાબે ) ભૂલ છે. અને જેકહે છે, "બધુંજ ખોટું છે" તે ગેરરસ્તે ગયેલ છે.

૨૯૪૩. તેઓ કે જેઓએ પયગમ્બરો સાથે સોદા કર્યા નફો મેળવ્યો, અને તેઓ કે જે જેઓએ રંગ અને સુગંધ સાથે વેપાર કર્યો તેઓ આંધળા અને વાદળી રંગવાળા ( નિરાશ છે.)

૨૯૪૪. સર્પ આંખમાં માલ તરીકે દેખાય છે અન્ને આંખો સારી રીતે ઘસતો રહે.

૨૯૪૫. આ ( દુન્યવી ) વેપારે સુખ ન સમજ, ફીરઓન અને થામુદની વેદના ધ્યાનમાં લે.

## દરેક ચીજની ચકાસણી કરવા વિષે, કે જેથી તેમાં સમાએલ ભલાઈ અને બુરાઈ દ્દષ્ટિમાં આવે

૨૯૪૬. ખુદાએ કહ્યું, "આકાશ કે જે ભવ્ય અને ખૂબસૂરત છે " પછી ફરીવાર તારું તાકવું ફેરવ ( તેના તરફ )."

૨૯૪૭. આ "નૂર" ના છત્ર અંગે. એકજ નજરથી સંતોષી ન બન. ( ઘણી વખતો નિહાળ. જો ત્યાં કોઇ ફાટ છે ?

૨૯૪૮. જ્યારે કે તેણે ભૂલો શોધનાર માણસ માફક તને "ભલા છત્ર" તરફ વારંવાર જોવાનું કહ્યું છે.

૨૯૪૯. પછી તમે જાણુ થશે કે અંધારી જમીન જોવામાં અને ભેદ સમજવાળાં ( અને ) કબૂલ કરવામાં કેટલી જરૂરિયાત છે !

૨૯૫૦. એટલા માટે કે આપણે કચરામાંથી સાચાને; ખેંચી કાઢીએ, આપણાં મગજોને કેટલો સંતાપ સહન કરવો ?

૨૯૫૧. શિયાળા અને ઉનાળાની ચકાસણી ઉનાળાની ગરમી, જાણે કે આત્માની ( જિંદગીની ) વસંત.

૨૯૫૨. પવનો અને વાદળાંઓ અને વીજળીઓ. ( આ બધીનો અંત છે ) જે ( આવા ) બનાવો દ્દષ્ટિમાં વિશિષ્ટતા આણો.

૨૯૫૩. ( અંતમાં ) ધૂળવાળી જમીન તેના પેટાળમાં રાખેલું બહાર કાઢે છે, માણેક અથવા પથરો !

અંતમાં - ધૂળવાળી જમીન ના
પેટાળમાં - માણેક or પથ્થરો

૨૯૫૪. જે પણ આ અંધારી દુનિયાએ ખુદાના ખજાનામાંથી દયાના દરિયામાંથી ચોર્યું છે.

૨૯૫૫. ખુદાઈ રક્ષા (દૈવી) હાકેમ, કહે છે, "સત્ય કહે, જે પણ તું લઈ ગયેલ છે તે વાળેવાળ જાહેર કર."

૨૯૫૬. ચોર કે જે દુનિયા, કહે છે, કાંઈ નહિ. કાંઇજ નહિ. (પછી) હાકેમ તેને રિબાવે છે.

૨૯૫૭. ક્યારેક હાકેમ તેની સાથે સાકર જેવી (મીઠાશથી) માયાળુપણે બોલે છે ક્યારેક તે તેને (હવામાં) લટકાવે છે અને બને તેટલું ખરાબ કરે છે

૨૯૫૮. એટલા માટે કે દબાણ અને હવા વચ્ચે પેલી છૂપાએલી ચીજો બીક અને આશાની અગ્નિ. થકી ગ્ષ્ટિમા લાવવામાં આવે.

૨૯૫૯. વસંત એ સાર્વશક્તિમાન હાકેમનું માયાળુપણું છે. અને ઉનાળો એ ખુદાની ધમકી અને સજા છે.

૨૯૬૦. અને શિયાળો એ રૂપકની માફક હાંસી છે. એટલે તું અંતમાં, ઓ છૂપા ચોર, તને ઉઘાડો પાડવામાં આવે.

૨૯૬૧. પછી (ફરીવાર), તે કે જે (રૂહાની) લડાઇ લડે છે તે એકવાર દિલ પહોળું થએલું (આનંદિત થએલું) મેળવે છે, અને બીજી વાર (દિલમાં) અશાંતિ, દુઃખ અને દર્દ

૨૯૬૨. કારણ કે આ પાણી અને માટી કે જે આપણી કાયાનાં (પદાર્થો) છે, તે નાસુકર જનારા અને (આપણા) આત્માના પ્રકાશનો ચોર છે.

૨૯૬૩. ઓ સિંહ સમા દિલવાળા, ખુદા આપણી કાયા ઉપર ગરમી, શરદી દુઃખ અને દર્દ મૂકે છે.

૨૯૬૪. બીક અને ભૂખ અને દોલત અને કાયાનો બગાડો એ બધુંજ આત્માનો સિક્કો દૃષ્ટિમાં લાવવા ખાતર (કરે છે)

૨૯૬૫. આ ધમકીઓ અને વચનો કે જેની મેળવણી કરી છે તે તે ભલાઇ અને બૂરાઇ આગળ આપે તેટલા માટે છે.

૨૯૬૬. તેવીજ રીતે સત્ય અને જૂઠ ભેળસેળ થયાં છે. અને સાચા અને ખોટા સિક્કા મુસાફરીના કોથળામાં મૂકવામાં આવ્યા છે.

તેટલા મોટા તે ઓને પસંદગીના ટચ સ્ટોન ની જરૂર છે, તેવો કે જે ખરી

૨૯૬૭. હકીકત (બતાવવાનો) અનુભવ લઈ મૂક્યો છે.

તેથી તે આ દંભીઓ માટે ધોરણ બને તેથી તે આ દૈવી કાર્યો માટેનું ધોરણ બને.

૨૯૬૮. ઓ મૂસાની મા, તેને દૂધ આપ, અને પછી પાણીમાં ફગાવીદે. અને આ

૨૯૬૯. ચકાસણીથી બીતી નહિ.

૨૯૭૦. જેણે જેણે "અલસ્ત"ના દિવસે દૂધ પીધું (આ દુનિયામાં) દૂધ ઓળખી કાઢે છે. હ. મૂસા (અ)ની માફક.

આત્માનો સિક્કો - દૃષ્ટિમાં લાવવા.
સિંહ સમા દિલવાળા - ગરમી. ખુદા. શરદી ગરમી
દુઃખ. બીક. ભૂખ, દોલત
કાયાનો બગાડ.

૨૯૭૧. ઓ મૂસાની મા, જો તું તારા બચ્ચા માટે મમતાની સમજ શક્તિ ઇચ્છતી હોય તો (તેને) હમણાં ધવરાવ.

૨૯૭૨. કે જેથી તે માતાના દૂધનો સ્વાદ જાણી શકે અને તેનું માથું હલકી દાયાના (દૂધમાં) નીચું ન નમે.

## (ગુમાવેલા) ઊંટને શોધનારની નીતિ સમજાવતી વાર્તાનું વિવરણ

૨૯૭૩. આ વિશ્વાસુ (દોસ્ત) તમોએ ઊંટ ગુમાવ્યાં છે, અને દરેક જણ પેલા ઊંટને ઉકેલ તમને આપે છે.

૨૯૭૪. ઊંટ કયાં છે તે તમે જાણતા નથી. પણ તમે જાણો છો કે આ ઉકેલો ખોટા છે.

૨૯૭૫. અને તે કે જેણે ઊંટ ગુમાવ્યો નથી, તે પણ ઊંટ શોધવાના વિવાદમાં છે, તેની માફક કે જેણે ખરેખર તેને ગુમાવ્યો છે.

૨૯૭૬. કહે છે, "હા, મેં પણ ઊંટ ગુમાવ્યો છે, જે પણ કોઇ તેને શોધી આપે તેને માટે હુ" ઈનામ લાવ્યો છું."

૨૯૭૭. (તે આમ કહે છે) કે જેથી તે તમારી સાથે ઊંટમાં ભાગ પડાવે તે આ યુક્તિ રમે છે કારણ ઊંટનો લોભ છે.

૨૯૭૮. જો તમે કોઈ ને કહેશો, "પેલો ઉકેલ ખોટો હતો," તે (ઢોંગમાં જરૂર) તમને બનાવટમાં તેમજ કહેશે.

૨૯૭૯. તે ખોટા ઉકેલમાંથી સાચો ઉકેલ જાણતો નથી પણ તમારા શબ્દો પેલા બનાવટ કરનાર માટે 'હાથ લાકડી માફક' છે.

૨૯૮૦. જ્યારે તેઓ સાચી હકીક્ત ઉકેલ શોધાઈ તેવી કહે છે, પછી "તેમાં કાંઈ શકજ નથી" તેમ તમારામાં ચોકસાઈ આપે છે.

૨૯૮૧. પેલો (ઉકેલ) તમારા બીમાર આત્માની દવા બને છે, તે તમારા ચહેરાનો રંગ અને તંદુરસ્તી અને શક્તિ અર્પે છે.

૨૯૮૨. તમારી આંખ પ્રકાશિત, તમારો પગદોડતો બને છે, તમારી કાયા આત્મા માટે આવશ્યક અને તમારો જીવ આત્મા સાથે એક બને છે.

૨૯૮૩. પછી તમે કહેશો, ઓ વિશ્વાસુ (દોસ્ત) તમે સાચું બોલ્યા છો, આ ઉકેલ ચોકખી મુક્તિ છે.

૨૯૮૪. તેમાં (દેખીતી) નિશાનીઓ છે, ખાત્રીપૂર્વકની માહિતી અને સાબિતીઓ છે, આ ખતપત્રક છે અને મુક્તિની વાણી છે.

૨૯૮૫. જ્યારે તેણે આ ઉકેલ આપ્યો છે, તમે કહેશો, " મારી આગળ થા, આ મિજબાની કરવાનો વખત છે, તમે આગેવાન થાઓ!

૨૯૮૬. ઓ સત્યભાસ, હું તમારે પગલે ચાલીસ તે મારા ઊંટની વાસ સુંઘી છે, (તે) ક્યાં છે તે મને બતાવ.

૨૯૮૭. (પણ) પેલો માણસ કે જે ઊંટનો માલિક નથી અને તે કે જે આ ઊંટની શોધમાં સંતોષ ખાતર પડ્યો છે. તે

૨૯૮૮. તેની ચોકકસતા આ ખરા ઉકેલથી કાંઇ વધતી નથી, માત્ર સત્ય રીતે ઊંટ શોધનારનું પ્રતિબિંબ.

૨૯૮૯. તેની આતુરતા અને ઉત્સાહથી તે (બનાવટી) એવી સુવાસ મેળવશે કે પોતે પાડેલી બૂમો માત્ર પરપોટા ન હતા.

૨૯૯૦. તે (બનાવટી નો) આ ઊંટ ઉપર કાયદેસર હક નહતો, પણ તેણે પોતે પણ ઊંટ ગુમાવ્યો હતો હા (તેણે ગુમાવ્યો હતો).

૨૯૯૧. બીજાના ઊંટની ઈચ્છા તેના માટે પડદો બની છે, (તેથી) તેણે પોતાએ શું ગુમાવ્યું છે તે તે ભૂલી ગયો છે.

૨૯૯૨. જ્યાં જ્યાં તે (માલિક) દોડે છે, ત્યા ત્યાં આ (બનાવટી) દોડે છે, કંજૂસાઇ થકી તે માલિક ના દુઃખનો ભાગીદાર બન્યો છે.

૨૯૯૩. જ્યારે એક જૂઠાબોલો સાચાની સાથે (મુસાફરીએ) નીકળી પડે છે. ઓચિંતા તેનું જૂઠ સત્યતામાં ફેરવાઈ જાય છે.

૨૯૯૪. રણમાં કે જ્યાં પેલા ઊંટે ઉતાવળ કરી હતી, પેલો બીજો (બનાવટી) એ પણ પોતાનો ઊંટ માલમ પડયો.

૨૯૯૫. જેવો તેણે તેને જોયો, પોતાનો ઊંટ યાદ આવ્યો, અને દોસ્ત અને જાતભાઈ તરફનો લોભ છોડી દીધો.

૨૯૯૬. પેલો નકલ કરનાર સાચો શોધક બન્યો જ્યારે તેણુ પોતાનો ઊંટ ત્યાં ચરતો જોયો.

૨૯૯૭. (માત્ર) તેજ પળે તે પોતાના ઊંટનો શોધક બન્યો, જ્યાં સુધી તેણે તેને વગડામાં ન જોયો ત્યાં સુધી તે સત્ય રીતે શોધતો ન હતો.

૨૯૯૮. ત્યારબાદ તેણે એકલું જવું શરૂ કર્યું તેણે પોતાની આંખો ઉઘાડી (અને) પોતે પોતાના ઊંટ તરફ ગયો.

૨૯૯૯. પેલા વિશ્વાસુએ કહ્યું, " તમે મને છોડી દીધો છે (જોકે) અત્યારસુધી મારા તરફ લક્ષ આપતા હતા.

૩૦૦૦. તેણે જવાબ આપ્યો, " અત્યારસુધી હું આળસુ હાંસી કરનાર હતો અને કંજૂસાઈ પણા અંગે હું તારી ખુશામત કરતો હતો.



જુઠાબોલો- સાચાની સાથે મુસાફરી - કરતો જુઠ - સત્યતામાં ફેરવાય જાય

૩૦૦૧. (પણ) હવે દૈહિક રીતે હું તપાસમાં તારાથી છૂટો બન્યો છું, પણ (આત્મિક) રીતે હું તારી સાથે સહાનુભુતી ધરાવું છું.

૩૦૦૨. હું તારામાંથી ઊંટની વિગત ચોરતોહતો (પણ જ્યારે) મારા આત્માએ પોતાનોજ ઊંટ જોયો, તેની આંખ (જોવામાં) ભરાઇ ગઈ

૩૦૦૩. જ્યાં સુધી કે તે મળ્યો ત્યાં સુધી હું તેને શોધતો નહિ હતો, હવે જસત દબાઈ ગયું છે, સોનું તેના પર સરસાઈ ભોગવે છે.

૩૦૦૪. મારા ગુન્હાહિત કર્તવ્યો સંદતર પવિત્ર કાર્યો બન્યાં છે, (ખુદાનો) આભાર માનો હાંસી ગુમ થઈ છે, ઉત્સાહે દેખાવ દીધો છે (ખુદાનો) આભાર.

૩૦૦૫. જ્યારે કે મારા હલકાં કાર્યો મને ખુદાને મળવામાં કારણભુત થયાં છે, તો પછી મારા ખરાબ હર્તવ્યો ઉપર દોષ ઢોળતા નહિ.

૩૦૦૬. તને તારા વિશ્વાસેજ શોધનાર બનાવ્યો હતો, મારા અંગે, સખત પરિશ્રમ અને શોધે વિશ્વાસુ ભાવનાનો (રસ્તો) ખુલ્લો કર્યો.

૩૦૦૭. તારા વિશ્વાસુપણાએ તને શોધ તરફ દોર્યો, મારી શોધ ઈમાનની ભાવના તરફ દોરી ગઇ.

૩૦૦૮. હું જમીનમાં સદકિસ્મતનાં બીજ વાવતો હતો, (જોકે) જો કે મેં એવી કલ્પના કરેલી કે તે વળતર કે પગાર વગરની મહેનત છે.

૩૦૦૯, તે વળતર વગરની મહેનત નહતી તે અદ્ભૂત કમાણી હતી, (કારણ કે) દરેક દાણા જે મેં વાવ્યા, સો ઊગ્યા.

૩૦૧૦. ચોર એક ચોકકસ ઘરમાં (ચોરી કરવા) ઘુસ્યો, જ્યારે તે દાખલ થયો, તેણે જોયું કે તે ઘર તેનું પોતાનુંજ હતું.

૩૦૧૧. આ ઠંડા ગરમ થા. કે જેથી ગરમી આવે, જાડાં (વસ્ત્રો) ઊતારી નાખ કે જેથી આરામ આવે.

૩૦૧૨. પેલો (મારા વિવરણનો વિષય ) એ ઊંટો તે એકજ ઊંટ છે, મોટાનો ભાવ સંતાએલ છે, (પરંતુ) તેનો અર્થ પૂરેપૂરો સંપૂર્ણ છે.

૩૦૧૩. ભાવ તેના અર્થ સમજવામાં હંમેશાં નિષ્ફળ જાય છે જેમ કે હ. પયગંબર સાહેબે કહ્યું છે કે (જે કોઈ ખુદાને ઓળખે છે) તેવી જીભ અચકાય છે.

૩૦૧૪ વાણી ગણત્રીમાં જાણો કે ભાવિ છે, તે આકાશ અને સૂર્ય વિષે કેટલું જાણે છે?

૩૦૧૫ ખાસ કરીને પેલા આકાશ (આગળ) ઘાસના તણખલાથી (વધુ નથી) (પેલું આકાશ) કુ જેનો સૂર્ય આગળ પેલો સૂર્ય રજકણથી (વધુ નથી)

## વિરોધી મસ્જિદ જેવી ખામી દરેક આત્મામાં છે તે બતાવવા વિષે

ચોર- ઘરમાં- ચોરી માટે - ઘર પોતાનુંજ.

૩૦૧૬. જ્યારે એમ દેખાયું કે તે મસ્જિદ ન હતી. (પણ) યહૂદી લોકોએ મૂકેલો ફાંસો અને કાવતરું હતું.

૩૦૧૭. હ. પયગંબર સાહેબે હુકમ આપ્યો, (અને કહ્યું) તે જગ્યા કચરો અને રાખ નાંખવાનો ઉકરડો બનાવવા જમીન દોસ્ત કરો.

૩૦૧૮. મસ્જિદની માફક મસ્જિદનો સ્થાપક ખોટો હતો, જો તમે છટકાં ઉપર દહાડા વેરશો તો તે ઉદારતા નથી.

૩૦૧૯. ગોસ કે જે ગલમાં મચ્છી પકડે છે, આવા કોળિયો ઉદારતા કે બક્ષિસ નથી.

૩૦૨૦. કુબાના લોકોની મસ્જિદ કે જે કાવતરા માટે હતી, તેને તેના લાયકની બરોબર કરે તેમ હ. પયગંબર સાહેબે સ્વીકાર્યું નહિ.

૩૦૨૧. (તેવી જ રીતે) નિર્જીવ ચીજોની બાબતમાં આવું જૂઠું પસાર થઈ શકે નહિ. તેની બરોબરી ન હોવા અંગે ન્યાયના માલિકે (હ. નબી સાહેબે) તેને આગ લગાવી.

૩૦૨૨. તેટલા માટે (માનવ) સત્યની બાબતમાં કે જે બધી પાયાવાર ચીજોનો પાયો છે, જાણે કે ત્યાં પણ ભેદભાવ અને વર્ગો છે.

૩૦૨૩. (એક માણસના) જીવન (બીજા માણસની) જિંદગી જેવું હોતું નથી, તેના મૃત્યુ જેવું બીજાનું મૃત્યુ હોતું નથી.

૩૦૨૪. (પેલાની) કબર જેવી (બીજાની) કબરને કદી ન જોતો (તો પછી) પેલી બીજી દુનિયાના ભેદ ભાવો હું કેવી રીતે વર્ણવું ?

૩૦૨૫ ઓ કાર્ય કરનાર, તારું કાર્ય 'ટચસ્ટોન' તરફ લઈ જા, રખેને તું વિરોધી મસ્જિદ બાંધે.

૩૦૨૬. વારંવાર તેં વિરોધી મસ્જિદ બાંધનારાઓની મશ્કરી કરી છે, (પણ) જો તું (કાળજીપૂર્વક) ગણત્રી કર. તો તું પોતે તેમાંનો એક છે.

## એક હિન્દીની તેના દોસ્ત સાથેની તકરાર અને તેજ (ગુન્હાનો) કરનાર છે તેનાથી અજાણ હોવા વિષેની વાર્તા

૩૦૨૭. ચાર હિન્દીઓ મસ્જિદમાં ગયા. ઈબાદતમાં તેઓએ પોતાના માથાં સિજદામાં ઝૂકાવ્યાં.

૩૦૨૮. દરેકે નિયત કરી 'તકબીર' ગુજારી. અને નમ્રતા અને ખરાદિલેથી નમાઝ પઢવી શરૂ કરી.

૩૦૨૯. (જ્યારે) મુઅઝ્ઝિન આવ્યો. તેઓમાંનો એક બોલી ઊઠયો, "ઓ મુઅઝ્ઝિન તે નિમાઝ માટે 'બાંગ' આપી છે, વખત (બરાબર) છે ?"

ગોસ- ગલમાં મચ્છી પકડનારો.
ઉદારતા ...
એક માણસનું જીવન - બીજા માણસની જિંદગી જેવું નહિ
મૃત્યુ - બીજાના મૃત્યુ જેવું નહિ.

1/2 - જડ જુરાજ 1/2 અદ્રશ્ય રાજ્ય.



૩૦૩૦. બીજા હિન્દીએ દર્દમય રીતે કહ્યું, "એઇ, તું બોલ્યો છે, અને (તેથી) તારી નમાઝ 'બાતિલ' છે."

૩૦૩૧. ત્રીજાએ બીજાને કહ્યું, "ઓ કાકા, શા માટે તમે તેની નિંદા કરી ? તારા પોતાને કહે (તારું સંભાળ)"

૩૦૩૨. ચોથાએ કહ્યું, "બધા વખાણ ખુદાના છે કે હું પેલા ત્રણની માફક (ભૂલના) ખાડામાં પડયો નથી."

૩૦૩૩. આથી બધા ચારેયની નમાઝ "તબાહ" થઈ અને ભૂલો શોધનાર વધુ અવળા ગયા. (પહેલી ભૂલ કરનારથી વધુ)

૩૦૩૪ અરે તેજ સુખી આત્મા છે કે જેણે પોતાની ભૂલ જોઈ છે, અને જો કોઈ તેની ભૂલ (શોધીને) કહે, રાજીખુશીથી તે (ભૂલ) પોતા ઉપર લઈ લ્યે.

૩૦૩૫. કારણ કે તેનું અર્ધું (દરેક માણસ) જૂઠના રાજનું ધરાવે છે અને બીજું તેનું અર્ધું અદશ્ય રાજ્યનુ. ધરાવે છે.

૩૦૩૬. જ્યારે કે તમારા માથા પર દસ (10) ઉઝરડા છે તમારે ખુદને પાટાપીડીં માટે જવું જોઈએ

૩૦૩૭. (જેનામાં ખામી છે) તેણે પોતાના ઉઝરડાથી ભૂલ શોધવી તે તેને માટે (સાચી) દવા છે, જયારે તે (દિલનો) ભાંગેલો બન્યો છે, તો (સત્ય) એ છે કે તે વખતે (માંગે "દયા કરો")

૩૦૩૮. જો તમારામાં તેજ ખામી ન હોય તો (પણ) સલામત ન સમજતા કદાચ તમારામાં ત્યારબાદ તે ટેવ જામેલી બને.

૩૦૩૯. તમે ખુદાનું વચન સાંભળ્યું નહિ હોય, "ડરતા નહિ." તો પછી તમે તમોને સલામત અને સુખી કેમ જોઈ લીધા ?

૩૦૪૦. વર્ષો સુધી ઈબલીસ સારી પ્રખ્યાતિમાં જીવ્યો (ત્યારબાદ) તે નામોશી પામ્યો. (તેના નામનો અર્થ) ધ્યાનમાં રાખજે.

૩૦૪૧. તેની કીર્તિ (અવકાશી) દુનિયામાં પ્રખ્યાત પામી હતી. તેનું નામ નામોશીમાં પાછું ફર્યું, અરે તેના માટે અફસોસ.

૩૦૪૨. જ્યાં સુધી સલામત ન હો ત્યાં સુધી કીર્તિ શોધતા નહિ તમારા બીકના ચહેરાને ધુઓ, અને પછી તમારો ચહેરો બતાવો.

૩૦૪૩. મારા ભલા માણસ, જ્યા સુધી તારી દાઢી ઊગે ત્યાં સુધી જેની ચામડી સુંવાળી છે તેની મશ્કરી ન કરતો.

૩૦૪૪. આ ધ્યાન રાખ, કે તેના (સેતાનનો) આત્માની ચકાસણી કરવામાં આવી, તેવી તે તેમાં પડયો (વિનાશમાં ડૂબ્યો) અને (તેનું પડવું) તમારા માટે ચેતવણીરૂપ બન્યું.

10 - ઉઝરડા પોતે પોતાની પાટાપીંડી કરવી

નમાઝ. (1) બાંગ ચૂકાની છે. (2) તું બોલ્યો (3) નિંદા કરી (4) ખુદા ના વખાણ - 1લો ભૂલ કરનાર થી વધુ. 4નો નમાઝ. ભૂલ શોધનાર અવળા ગયા.

ઇબલીશ 1/2 પ્રખ્યાતિમાં પછી 1/2 નામોશી.

૩૦૪૫ તમો પડયા નહિ. તેથી તમો તેના માટેના ચેતવણીરૂપ બન્યા. તેણે ઝેર પીધું તેની સાકર તમે ખાઓ.

## બીજાને મુંઝાવવા માટે ગુઝ લોકો એકને મારી નાખવા કેવા તૈયાર થયા તે વિશે.

૩૦૪૬. પેલા લોહીના તરસ્યા ગુઝ તુર્કો આવ્યા અને લુંટના માટે એક ગામડામાં દાખલ થયા,

૩૦૪૭. તેઓએ પેલા ગામડાના બે પ્રખ્યાત માણસોને શોધ્યા, અને તે બેમાંથી એકને મારવાની ઉતાવળ કરી.

૩૦૪૮. તેઓએ તેને કુરબાન કરવા (મારી નાખવા) તેના હાથ બાંધ્યા, તેણે કહ્યું, "ઓ (સલતનતના) શાહજાદાઓ અને ઊંચા અધિકારીઓ,

૩૦૪૯. શા કારણે તમો મને કતલ કરી રહ્યા છો? શા માટે મારા ખૂનના તરસ્યા તમો થયા છે તે મહેરબાની કરી (કહો).

૩૦૫૦. મને મારી નાખવામાં શું ડહાપણ છે? કયું કારણ છે? જ્યારે કે હું આટલો બધો ગરીબ અને શરીરે નગ્ન છું?"

૩૦૫૧. (ગુઝમાંના) એકે જવાબ આપ્યો, "તારા આ દોસ્તોમાં ભય ફેલાવવા માટે, કે જેથી તે ભય પામે અને (તેનું) સોનું રજૂ કરે."

૩૦૫૨. તેણે (પેલા માણસે) કહ્યું, શા માટે, તે મારા કરતાં વધુ ગરીબ છે, તેણે ઈરાદા-પૂર્વક તેમ કહ્યું છે બીજાએ જવાબ આપ્યો, "તેની પાસે સોનું છે"

૩૦૫૩. તે (માણસે) કહ્યું, "જ્યારે કે તે (બાબત) મત ઉપર આધારિત છે, અમો બંને એકજ છીએ અમે બંને એકજ હાલત અને શકમાં છીએ.

૩૦૫૪. ઓ શાહજાદાઓ, પહેલાં તેને મારી નાખો, એટલા માટે કે હું ડરી જાઉં અને સોનું કાઢવાનો રસ્તો ચોક્ખો કરું."

૩૦૫૫. તો પછી ખુદાનું માયાળુપણું જો તેવી રીતે આપણે (આ દુનિયામાં) પાછલા જમાનામાં આવ્યા છીએ.

૩૦૫૬. છેલ્લો યુગ આગલા યુગોથી નજર સમક્ષ છે. નબી સાહેબની હદીસમાં (કહેવામાં આવ્યું) (આપણો) (વખતમાં) છેલ્લા છીએ (ઉત્તમતામાં) સૌથી આગળ.

૩૦૫૭. એટલા માટે હ. નુહના લોકોના નાશ અને કુદના લોકો આપણા આત્મા માટે દયાની જાહેરાત કરતા દૃષ્ટિમાં આપે.

૩૦૫૮. તેણે (ખુદાએ) તેમનો સંહાર કર્યો, કે જેથી આપણે તેનાથી બીક રાખીએ અને તેણે તેનાથી ઊલટું કર્યું હોત, તારા માટે અફસોસ.



પાછલા જમાનામાં આવ્યા છીએ
પાછ દુનિયામાં પાછલા જમાનામાં
(છેલ્લા- (ઉત્તમતામાં)
સૌથી આગળ

## પયગમ્બરો અને રૂહાની રાહબરોની દુઆઆશિષથી અભાગીયા ખુદીવાળા અને અનુપકારી લોકોની હાલત સુધરવા વિષે.

૩૦૫૯. તેઓમાંના જેઓ (ખુદાઈ રહેમતને સમજાવનારા) પાપ અને ભૂલો અને પત્થર જેવા દિલના અને કાળા આત્મા માટે બોલ્યા છે.

૩૦૬૦. અને તેઓના હુકમો મજબૂતીથી પકડતા, અને તેની આવતી કાલની ફિકર વગરના બનતાં.

૩૦૬૧. અને સ્ત્રીઓની માફક આ નફસે અમ્મારાના આવેશ અને આ હલકી દુનિયાના પ્રેમમાં ગુલામ બનતાં.

૩૦૬૨. અને વિશ્વાસુ સલાહકારોના તીખાં કહેણમાંથી નાસી જતા અને સાચાના ચહેરાઓની મુખ ફેરવતાં.

૩૦૬૩. અને રૂહ અને રૂહાની ટોળાથી અલગ રહેવું (અને) (રૂહાની) સજાઓ તરફ દગલબાજી અને લોંકડી જેવી વર્તણુંક.

૩૦૬૪. (અને) સંપૂર્ણ સંતોષી (રૂહાની પેશ્વાને) (કંજૂસ) ભિખારી વિચારવા અને અદેખાઈમાં તેમના તરફ ગુપ્ત રીતે દુશ્મની.

૩૦૬૫. જો તે (વર્ણવેલ મુજબનો રૂહાની પેશ્વા) કોઈ ચીજ સ્વીકારે તમે કહેશો, તે એક ભિખારી છે, અને જો એમ ન કરે, તો કહેશો તે જૂઠા દગલબાજી અને ઢોંગ અંગે છે.

૩૦૬૬. જો તે (સમાજમાં) હળે મળે તો તમે કહો છો કે તે લોભી છે, અને જો તેમ ન કરે તો તમે કહેશો કે તે વધુ પડતો અહંકારી છે.

૩૦૬૭. અથવા તમે દંભી રીતે પોતાને માફ કરશો એમ કહીને: હું મારી ઘરવાળી અને બચ્ચાને પાળવા થકી પાછળ રહી ગયો છું.

૩૦૬૮. મને માથું ખંજવાળવાની કે ધર્મમાં આગળ વધવા માટેની ફુરસદ નથી

૩૦૬૯. ઓ ફલાણા ભાઈ, તારી આત્મિક શક્તિમાં મને યાદ કરજે કે જેથી અંતમાં હું પણ એક દરવેશમાંનો એક બનું.

૩૦૭૦. આ શબ્દો તે ખરી ભાવનાથી બોલતો પણ નથી.(તે આની માફક જેમ) ઊંઘણસી માફક આળસુ વાતો કરી ફરીવાર ઊંઘવા જાય.

૩૦૭૧. (તે કહે છે.) હું મારા કુટુંબની આજીવિકામાં મદદ કરી શકતો નથી. કાયદેસરની આજીવિકા માટે મારા દરેક અવયવોને સખ્તાઇ કરું છું.

૩૦૭૨. કેવું કાયદાસરતું, ઓ તું કે જે ગુમાએલામાંનો એક બન્યો છે, હું કાયદાસરતું કાંઈ જોતો નથી પણ તારું લોહી (વહેવડાવું)

રૂહ અને રૂહાની ટોળાથી અલગ રહેવું
રૂહાની સજાઓ તરફ દગલબાજી - વર્તણુક

૩૦૭૩. તે ખુદા વગર ચલાવી શકે, પણ ખોરાક વગર નહિ. તે ધર્મ વગર ચલાવી શકે, પણ મૂર્તિઓ વગર નહિ.

૩૦૭૪. ઓ તું કે જે આ હલકી દુનિયા વગર તને ચલાવી શકતો નથી તો તું તારા પોતાને કેવી રીતે ચલાવીશ? તે કે જે જેણે પૃથ્વીને ચાદરની માફકપાથરી?

૩૦૭૫. ઓ તું કે તારા ખુદાને આનંદ અને આશા એશ વગર ચલાવી શકતો નથી તો તું દયાળુ ખુદા વગર ખુદને કેમ ચલાવીશ?

૩૦૭૬. ઓ તું કે જે ચોકખી કે ગંદી ચીજ વગર ચલાવી શકતો નથી તે આ બધું બતાવનાર વગર કેમ ચલાવી શકીશ?

૩૦૭૭. (ખુદાના) દોસ્ત જેવો એક ક્યાં છે? તે ગુફામાંથી બહાર આવ્યો, અને કહ્યું, "આ મારો માલિક છે" ધ્યાન. (આ બધાંનો) બતાવનાર ક્યાં છે?

૩૦૭૮. (એકાદ એમ કહેશે,) હું બન્ને દુનિયા તરફ નજર કરીશ નહિ ત્યાં સુધી કે આ બન્ને ભોગી થનાર જગ્યાઓ કોને આભારી છે?

૩૦૭૯. જો હું ખુદાના ગુણ દૃષ્ટિમાં રાખ્યા વગર રોટલો ખાઉં તો તે મ.રા ગળામાં ચોંટી જશે.

૩૦૮૦. એક કોળિયો તેની દૃષ્ટિ વગર તેના ગુલાબો અને ગુલાબના બગિચાની દૃષ્ટિ હજમ કેમ થશે?

૩૦૮૧. ખુદાની આશા સિવાય તે કે જે એક બળદ અને ગધેડો જ માત્ર એક પળ માટે આ તળાવમાંથી પીએ.

૩૦૮૨. (માત્ર તેજ) કે જે ઢોરની માફક હતો, નહિ. વધુ ગુમાએલો? તે ગંદો લુચ્ચાઈથી ભરેલો છે.

૩૦૮૩. તેની લુચ્ચાઈ (નાશ પામવામાં) માથા ભર પડી. અને તે માથામેર પડયો. અને જરા વધુ આગળ ગયો તેનો દિવસ આથમી ગયો.

૩૦૮૪. તેનું મગજ મંદ બુદ્ધિનું બન્યું તેના મનનું મીંડુ, બન્યું તેની જિંદગી પૂરી થઈ અને અસર 'અલીફ' ની માફક તેની પાસે કાંઈ જ નથી.

૩૦૮૫ (જો તે એમ) કહે, "હું તેના વિષે વિચાર કરું છું" તે પણ માત્ર નફસે અમ્મારાની ઠગાઈનો એક ભાગ છે.

૩૦૮૬. અને તેના (આમ) કહેવામાં, "તે (ખુદા) માફી આપનાર અને દયાળુ છે" તે પણ બદમાશ નફસે અમ્મારાનો ઢોંગ છે.

૩૦૮૭. ઓ તું કે જે ઉત્કંઠાથી મરી ગયો છે કારણ કે તારા હાથો રોટલા વગરના ખાલી છે, જ્યારે તે માફી આપનાર અને દયાળુ છે, તો પછી આ બધી બીક શું છે?

હું તેના વિષે વિચાર કરું છું તો તે નફસે અમ્મારાની ઠગાઈનો ભાગ.

## એક બુઢા માણસની ડૉક્ટરો પાસે પોતાના દર્દોની ફરિયાદ કરવી અને ડૉક્ટરે આપેલા જવાબ વિશે.

૩૦૮૮. એક વૃદ્ધ માણસે ડૉક્ટરને કહ્યું, હું મારા મગજ, થકી દુઃખ ભોગવું છું.

૩૦૮૯. ડૉકટરે જવાબ આપ્યો કે, મગજની નબળાઈ ઉમરને અંગે છે. બુઢા માણસે કહ્યું, "મારી આંખોમાં અંધારાં આવે છે.

૩૦૯૦. ડૉકટરે જવાબ આપ્યો કે ઓ વૃદ્ધ શેખ, તે ઉમરને અંગેજ છે. તેણે કહ્યું: મારી પીઠમાં સખત પીડા થાય છે.

૩૦૯૧. ડૉકટરે જવાબ આપ્યો, ઓ નબળા શેખ. તે પણ ઉંમર અંગે છે. તેણે કહ્યું હું જે પણ ખાઉંછુ તે પચતું નથી.

૩૦૯૨. ડૉકટરે જવાબ આપ્યો કે જઠરની, નબળાઇ પણ ઉમરનું (પરિણામ) છે. તેણે કહ્યું કે હું જ્યારે શ્વાસ લઉં છું ત્યારે શ્વાસ લેવામાં તકલીફ છે.

૩૦૯૩. તેણે કહ્યું, "હા એ દમ છે, જ્યારે વૃદ્ધાવસ્થા આવે છે, બસો દર્દો આવી પહોંચે છે.

૩૦૯૪. તેણે બૂમ પાડીને કહ્યું, "ઓ મૂર્ખ, તું આ એક જ (મુદ્દામાં) ચોંટી ગયો છે, દવામાં તું માત્ર આ એક જ ચીજ શીખ્યો છે,

૩૦૯૫. ઓ તૂટેલા ભેજાવાળા, તારી બુદ્ધિએ આ જ્ઞાન આપ્યું નથી કે ખુદાએ દરેક દર્દની રાહત નક્કી કરેલ છે?

૩૦૯૬. તું, ઓ ગધેડા, શક્તિની નબળાઈ થકી જમીન ઉપર સ્થિર પગલાં રાખવામાં તું (પડી ગયો છે)"

૩૦૯૭. પછી ડૉકટરે તેને કહ્યું, "ઓ વૃદ્ધ, આ ગુસ્સો અને પિત્તાશય પણ વૃદ્ધાવસ્થાને અંગે જ છે.

૩૦૯૮. જ્યારે તમારા (શરીરનાં) બધા અવયવો અને તેના કાર્યો નબળા પડયા છે. ત્યારે તમારી ધીરજ અને પોતાના પરનો કાબૂ (પણ) નબળાં થયાં છે."

૩૦૯૯. તે (બૂઢો માણસ) બે શબ્દો પણ સહન કરી શકતો નથી. તે તુર્ત જ રાડ પાડી ઊઠશે. તે એક ટીપું પણ હજમ નહિ કરે, તુર્ત જ ઊલટી કરશે,

૩૧૦૦. સિવાઈ ચોક્કસ પ્રાચીન પીર કે જે ખુદા સાથે નશામાં છે અને જેના અંતરમાં "ભલાઇ ભરેલી જિંદગી (ઉતરી છે)"

૩૧૦૧. દેખીતી રીતે તે વૃદ્ધ છે પરંતુ અંતરમાં તે યુવાન છે ખરેખર તો તે કઈ હસ્તી છે? તે વલી અને નબી છે.

૩૧૦૨. જો તેઓ ભલા અને બૂરાને (એક સરખા) દેખાતા નથી તો આ કઈ અદેખાઈ છે કે કિંમત વગરના તેઓ સામે આચરે છે?

ડાંકટર- વૃદ્ધ માણસ- મગજ થી- દુઃખ ભોગવું છું,
ઉંમર

૩૧૦૩. અને જો તેઓ અમુક જ્ઞાન થકી, તેમને ઓળખતા નથી તો પછી આ ધિક્કાર, કાવતરાં રચવાં અને દુશ્મનાઇ શા માટે ?

૩૧૦૪. અને ( ફરીવાર ) જો તેઓ કયામતમાં અને મૃત્યુમાંથી ઊઠવું જાણે છે, તો તેઓ તીક્ષ્ણ તલવાર સામે પોતાને શા માટે અથડાવે છે.

૩૧૦૫. તે ( નબી અથવા રૂહાની પેશ્વા ) તમારા તરફ હસે છે. ( પણ ) ( તે દેખાય છે ) તેવો તેમને જો નહિ, તેના અંતરિક દિલમાં સો કયામતો છૂપાએલ છે.

૩૧૦૬. બહેસ્ત અને દોઝખ સંપૂર્ણ તેનો જ ભાગ છે, તું તેના વિષે જે વિચારે તેના કરતાં તે પર છે.

૩૧૦૭. તું જે પણ ( તેના વિષે ) ધારીશ પસાર થઈ જશે. જે વિચારમાં ન આવી શકે તેવો તે ( મહાન ) ખુદા છે.

૩૧૦૮. તો પછી આ ઘરને દરવાજે અનુમાન કરી ( શા માટે વર્તન કરે છે )? જ્યારે તેઓ જાણે છે કે ઘરમાં કોણ છે ?

૩૧૦૯. મૂર્ખાઓ મસ્જિદને માન આપે છે અને દિલ ( કે જેમાં ખુદા વસે છે ) તેનો નાશ કરવાની કોશિશ કરે છે.

૩૧૧૦. તે ( મસ્જિદ ) નોંધવા યોગ્ય છે, આ ( દિલ ) ખરી ( વસ્તુ ) છે, ઓ ગધેડાઓ, ( રૂહાની ) રાહનુમાઓનાં દિલ સિવાય ( ખરી ) મસ્જિદ બીજી કોઈ નથી.

૩૧૧૧. ઓલિયાઓનું અંતર મન એજ મસ્જિદ છે કે જે બધાને સિજદા કરવાની ( જગ્યા ) છે. ખુદા ત્યાં છે.

૩૧૧૨. જ્યાં સુધી કે ખુદાઈ મર્દનું દિલ દુભવ્યું નથી ત્યાં સુધી ખુદાએ કોઈ પ્રજાને શરમમાં મૂકી નથી.

૩૧૧૩. તેઓ પયગમ્બરો ઉપર લડાઈ કરવા જતા હતા તેઓએ (માત્ર) શરીર જોયું તેઓ એમ ધારી બેઠા કે તે (પણ) એક માણસ છે.

૩૧૧૪. તારામાં પેલા અસલના લોકોના સ્વભાવનો સાર છે, (તેઓ) તું કેમ બીતો નથી કે રખેને તું પણ (તેઓના જેવો) બને ?

૩૧૧૫. જો આ બધી નિશાનીઓ તારામાં છે, અને તું પણ તેઓમાંનો (એક) છો તો પછી તે કેવી રીતે બચવાનો ?

## જુહી અને બાળક જે પોતાના બાપના જનાનાં પાસે આક્રંદ કરતો હતો, તેની વાત.

૩૧૧૬. એક છોકરો ખૂબજ આક્રંદ કરતો હતો અને તેના બાપના જનાનાની પાસે તેના માથામાં મારતો હતો.



તેના ભાગ — બહેસ્ત અને દોઝખ (સંપૂર્ણ)
મસ્જિદને માન - ખુદાને નાશતા,
ખુદાનાદિલ - સિવાય બીજી મસ્જિદ કોઈ નથી.

૩૧૧૭. કહેતો કે બાપ! થોડી માટીની અંદર સખત રીતે પૂરી દેવા શા માટે તેઓ તમોને લઈ જાય છે?

૩૧૧૮. તેઓ તમોને સાંકડા અને શાંત ઘરમાં લઈ જાય છે તેમાં ચાદર નથી તેમાં સાદડી નથી.

૩૧૧૯. રાત્રીના બત્તી નથી અને દિવસે ખાવાનું નથી. ત્યાં ખોરાકની વાસ કે નિશાની નથી.

૩૧૨૦. સારો સમારેલો દરવાજો નથી. છાપરાનો રસ્તો નથી તમારી સંભાળ લેનાર કોઇ પાડોસી નથી.

૩૧૨૧. તમારું શરીર લોકોના ચુંબન કરવાની જગ્યા હતી. તેવું શરીર અંધિયાર અને અંધકારમય જગ્યાએ કેમ જશે?

૨૧૨૨. દયા વગરનું ઘર, સાંકડો ઓરડો, જ્યાં તમારો ચહેરો કે તમારો રંગ બાકી રહેશે નહિ."

૩૧૨૩. આ રીતે તે ઘરના ગુણો અને સંખ્યા ગણાવતો હતો. જ્યારે તેની બન્ને આંખોમાંથી લોહીના આંસુ વહેતાં હતાં.

૩૧૨૪. જુહીએ તેના બાપાને કહ્યું, "ઓ માનવંતા, (સાહેબ) ખુદાના કસમ, તેઓ આ (મૈયતને) આપણા ઘરે લઇ જતા લાગે છે."

૩૧૨૫. બાપે જુહીને કહ્યું, "મૂર્ખ ન થા. તેણે કહ્યું, "ઓ બાપ! (ઓળખવાની) નિશાનીઓ સાંભળો.

૩૧૨૬. તેણે જે નિશાનીઓ એક પછી વર્ણવી, આપણા ઘરમાં અચોક્કસતા કે શક વગર બધીજ (નિશાની) છે.

૩૧૨૭. (તેમાં) નથી સાદડી નથી બત્તી કે ખાવાનું તેના દરવાજા સારી રીતે સમારેલા નથી. તેની દીવાલો કે છાપરું (પણ નથી.)

૩૧૨૮. આવી ડહાપણની રીતે ખિનઆજ્ઞાધારક ન તેનામાં સો નિશાનીઓ હોય છે, પણ તેઓ તેમને કેવી રીતે જોશે?

૩૨૨૯. ઘર, નામની રીતે દિલ કે જે (ખુદાઈ) બાદશાહ સૂર્યના કિરણોથી પ્રકાશત હીન રહે છે.

૩૧૩૦. યહૂદીઓના આત્માની માફક સાંકડા અને અંધારા, હેતાળ બાદશાહના (રૂહાની) સ્વાદ વગરનું કંગાળ.

૩૧૩૧. તેના દિલમાં સૂર્યના પ્રકાશિત કિરણો ચમક્યાં નથી, નથી (તેના દિલના) દરવાજા ખુલ્યા કે પવિત્રતા (તેમાં દાખલ થઈ).

૩૧૩૨. આવા દિલ કરતાં તો કબર તારા માટે વધુ ઉત્તમ છે, હમણાં ઊઠ, તારા દિલની કબરમાંથી જાગૃત થા.

૩૧૩૩. તું હયાત છો અને હયાતથી જન્મ્યો છે, એ આનંદી અને મોહક, આ સાંકડી કબરથી તું ગૂંગળાયો નથી?

૩૧૩૪. તું જમાનાનો યુસુફ છે, અને આસમાનનો સૂર્ય છો.

૩૧૩૫. તારો યુનુસ મચ્છીના પેટમાં પકાવ્યો છે, કારણકે તેનો છૂટકારો "ખુદાની કીર્તિ" સિવાયના રસ્તે નથી.

૩૧૩૬. જો તેણે (ખુદાની) કીર્તિને યાદ કરી ન હોત તો મચ્છીનું પેટ તેનું રહેઠાણ અને કેદ હોત ત્યાં સુધી કે "તેઓને જગાવામાં આવશે."

૩૧૩૭. ખુદાની મહાનતા થકી તે મચ્છીના પેટમાંથી છૂટકારો પામ્યો. "મહાનતા" શું છે? 'અલસ્ત'ના દિવસની નિશાની.

૩૧૩૮. જો તું ખુદાની મહાનતા (યાદ) કરવું તારા આત્માથી ભૂલી ગયો, પેલી મચ્છીઓએ (ખુદાની) મહાનતાની યાદી કરી તે સાંભળ.

૩૧૩૯. જેણે જેણે ખુદાને જોયો છે તે ખુદાનો છે, જેણે જેણે પેલી મચ્છીને જોઈ છે તે તેની મચ્છી છે.

૩૧૪૦. આ દુનિયા એક દરિયો છે, અને કાયા તે મચ્છી છે, અને આત્મા તે યુનુસ છે જે સવારના પ્રકાશથી અટકાયેલો છે.

૩૧૪૧. જો તે (ખુદાની) કીર્તિ ગાતો બને તો તેને મચ્છીમાંથી છૂટકારો મલે, નહિતર તે તેમાં તેનો ખોરાક બને અને અદૃશ્ય થાય.

૩૧૪૨. રૂહાની મચ્છીઓ આ સમુદ્રમાં (દુનિયામાં) ભરપૂર છે (પણ) તું તેમને જોતો નથી. (જો કે) તેઓ તારી આજુબાજુ ઊડતી હોય છે.

૩૧૪૩. પેલી મચ્છીઓ તારી તરફ ફેંકાય છે, તારી આંખો ખોલ, કે જેથી તું ચોકખી રીતે તેઓને જોઈ શકે.

૩૧૪૪. જો તેં મચ્છીઓને ચોકખી રીતે જોઈ નથી, છતાં પણ તારા કાને તેઓની કીર્તિ સાંભળી છે.

૩૧૪૫. તારા આત્માની કીર્તિ એ ધીરજ ધરવી તે છે, ધીરજ ધર, કારણ કે તેજ ખરી કીર્તિ છે.

૩૧૪૬. (ધીરજ) જેવી બીજી કોઈ મોટી કીર્તિ નથી, ધીરજ રાખ, (દર્દમાંથી) છૂટવાનો રસ્તો ધીરજ છે.

૩૧૪૭. ધીરજ એ 'સરાત' ના પુલ જેવી છે, સામી બાજુએ બહેસ્ત, દરેક સુંદર (વિદ્યાર્થી) સાથે એક કદરૂપો શિક્ષક હોય છે.

૩૧૪૮. જ્યાં સુધી કે તું મહેતાજી પાસેથી ભાગી ગયો નથી ત્યાંસુધી (છોકરાથી) મુલાકાત નહિ થાય. કારણ કે મહેતાજીથી સુંદર છોકરો જુદો નહિ પડે.

હૈયાત છો- હૈયાતથી જન્મ્યા છો.
કાયા- માછલી. ખુદાને જોયો તો ખુદાનો

૩૧૪૯. ધીરજની બક્ષિશ વિષે તું શું ભણીશ ? ઓ તું બરડ દિલવાળા, ખાસ કરીને "ચીગીલ" ની ખૂબસૂરતી માટેની ધીરજ.

૩૧૫૦. પુરુષમાં લડાઈની કીર્તિ અને (ઈસ્લામ માટે) ચડાઈમાં ઉત્સાહ હોય છે, નામર્દને તો ઈંદ્રિયનાજ વિચારો હોય છે.

૩૧૫૧. તેને વાસના સિવાય નતો ધર્મનો કે ઝિક્રનો ઉત્સાહ હોય છે. તેના વિચારો તેને છેક ઊંડાણમાં લઈ જાય છે.

૩૧૫૨. અગર જોકે તે ઉચે આસમાન સુધી ચડે તેનાથી તું બીતો નહિ, કારણકે તે હલકાઈના પ્રેમમાં છે (ભલે તે) ભણ્યો પણ છે.

૩૧૫૩. તે તેનો ઘોડો નીચાણમાં કૂદાવે છે અલબત્ત તે જોરથી ઘંટ વગાડે છે.

૩૧૫૪. ભિખારીઓના વાવટાથી બીવાનું શું છે ? કારણ કે પેલી ધજાઓ માત્ર રોટલાના ટુકડાઓની ખાતર જ છે.

## એક આવેશમય મોટા માણસથી યુવાનનું ડરવું અને પેલા માણસનું તેને ન ડરવાનું કહેવું કે પોતે મર્દ નથી તે વિષે.

૩૧૫૫. એક યુવાનથી એક બાળકે અયોગ્ય વર્તન મેળવ્યું છે, જે પુરુષાર્થના વિચારોથી ફિક્કો પડયો છે.

૩૧૫૬. ઓ મારા પ્રેમી, તું હોંશિયાર રહેજે

૩૧૫૭. જો કે હું શકિત વગરનો છું છતાં મારા દિલમાં હું પોતાને ઉત્તમ સમજુ છું.

૩૧૫૮. જાહેરમાં આવા (ભવ્ય) પુરુષ અને હકીકતમાં આવા (જેમ) શ્રાપિત ઇબ્લીસના અંદર આદમ,

૩૧૫૯. ઓ, તમે કે જેઓ આદનાં લોકો માફક મોટા છો. પવનથી ડાળી ભટકાય તેવી રીતે નગારાને એકત્ર કરો છો.

૩૧૬૦. પવનથી ભરેલા ચામડાના કોથળા અંગે એક લોંકડી પોતાનો શિકાર છોડી આપે છે.

૩૧૬૧. (પણ) જ્યારે પીપની ખરી જાડાઈ નથી તે તે જાણે છે ત્યારે તેણે કહ્યું, "આ ખાલી કોથળી કરતાં ડુક્કર વધુ સારું છે."

૩૧૬૨. લોંકડીઓ પીપના અવાજથી બીએ છે (પણ) ડાહ્યા માણસો એમ કહીને વગાડતો હોય છે કે "બોલો નહિ."

## એક તીરંદાજ કે જે જંગલમાંથી પસાર થનાર ઘોડેસ્વારથી બી ગયો તેની વાત

૩૧૬૩. એક ઘોડેસ્વાર હથિયારબંધ અને (દેખાવમાં) ખૂબ જ ભયંકર ઊંચી જાતના ઘોડા ઉપર જંગલમાંથી સવારી કરતો હતો.

૩૧૬૪. એક નિપુણ નિશાનબાજે તેને જેયો, અને પછી તેનાથી બીકના માર્યા પોતાનું બાણ તાણ્યું.

૩૧૬૫ એક તીર છોડવા માટે, ઘોડેસ્વાર તેને બૂમ પાડી કહે, "મારું શરીર ભલે મોટું હોઈપણ હું નબળો માણસ છું.

૩૧૬૬. ધ્યાન દે, ધ્યાન રાખ, મારા મોટા કદને ન જો કારણ કે લડાઈના વખતે હું એક ઘરડી સ્ત્રી કરતાં પણ નપાવટ છું."

૩૧૬૭. તેણે કહ્યું, "જો તું બરાબર બોલ્યો હોય તો પસાર થઈ જા, નહિતર મારી બીકને અંગે મેં તને વીંધી નાખ્યો હોત!"

૩૧૬૮. એવા ઘણા છે જેઓ લડાઈના અમલમાં મર્દાનગી વગર મરાયા છે (જ્યારે કે તેઓએ) આવી તલવાર તેઓના હાથોમાં પકડી.

૩૧૬૯. જો તમો રૂસ્તમના હથિયારો પહેર્યાં તો તમારો જીવ જશે. જ્યારે કે તમે તેના માટે (લાયક) નથી.

૩૧૭૦. ઓ પુત્ર, તલવારનો ઘા કરીને તારા આત્માની ઢાલ બનાવ, જે કોઈ માથા વગરનો (બેખુદ) છે, આ બાદશાહમાંથી માથું બચાવે છે.

૩૧૭૧. પેલાં તમારાં (ખુદીમાં) હથિયારો યુક્તિઓ રચે છે તેઓ તારામાંથી કૂદી છે અને તેજ વખતે તારા આત્માને જખ્મી કરેલ છે.

૩૧૭૨. જ્યારે કે તમોએ આ યુક્તિઓ રચતાં કાંઈ નફો મેળવેલ નથી. યોજનાઓ મૂકી દે, કે જેથી તને સદ્કિસ્મતની પ્રાપ્તિ થાય!

૩૧૭૩. જ્યારે કે તમે કળાની (નિશાળમાંથી) કાંઈ ફળ એક પળ માટે પણ માણ્યું નથી તો કળાને છેલ્લી સલામ કર, અને હંમેશાં દયાળુ દાતાર શોધતો રહે.

૩૧૭૪. જ્યારે આ વિદ્યાઓ આશીર્વાદ આપતી નથી તો પછી તને પોતાને બોથડ બનાવ. અને પાછળ બદકિસ્મત મૂકી જા.

૩૧૭૫ ફિરસ્તાઓની માફક કહે, "ઓ ખુદા, અમોને જ્ઞાન નથી. સિવાય કે જે તેં અમોને શીખવ્યું છે."

## રણનો અરબ અને ગુણીમાં રેતી ભરવા પર ફિલસુફના ઠપકા પરની વાત.

૩૧૭૬. રણના એક અરબે ઊંટ ઉપર બે મોટા કોથળા લાદેલા, (જેમાંનો) એક દાણાથી ભરેલો (હતો)



લડાઈ ના અમલ માં મર્દાનગી વગર મર્યા.

૩૧૭૭. તે બન્ને કોથળાના મથાળે બેઠો હતો, એક વાચાળ તત્વવેતાએ તેને સવાલ કર્યો.

૩૧૭૮. તેણે તેના અસલ વતન માટે પૂછ્યું, અને વાતોમાં વળગાડયો, અને તેની તપાસની વાતચીતમાં ઘણી સારી ચીજો કહી,

૩૧૭૯. ત્યારબાદ તેણે તેને કહ્યું, "પેલા બન્ને કોથળા શેના ભરેલા છે ? સત્ય હકીકત કહો."

૩૧૮૦. તેણે જવાબ આપ્યો, "મારા એક કોથળામાં ઘઉં છે, અને બીજામાં રેતી છે, (જે) માણસોનો ખોરાક નથી."

૩૧૮૧. તેણે પૂછ્યું, "તમે આ રેતી શા માટે લાદી છે ?" તેણે જવાબ આપ્યો, "એટલા માટે કે બીજો કોથળો એકલો ન રહે."

૩૧૮૨. તેણે કહ્યું, "ડહાપણની ખાતર અર્ધા ઘઉંની ટોપલી બીજામાં રેડી દે.

૩૧૮૩. જેથી કોથળાઓ (વજનમાં) હલકા થશે અને ઊંટ (ઉપરનો ભાર) પણ, તે (અરબ) બૂમ પાડી કહે, શાબાશ ! ઓ હોંશિયાર અને ઉમદા દરવેશ !"

૩૧૮૪. આવો સારો વિચાર અને આવી સારી હૈયાઉકલત ! અને (છતાં) તમે આવા નગ્ન, થાકેલા, પગેથી (મુસાફરી કરો છો)

૩૧૮૫. પેલા ભલા માણસને આ તત્વવેતા પર દયા આવી અને તેને ઊંટ ઉપર બેસાડવાનો નિશ્ચય કર્યો.

૩૧૮૬. તેણે તેને ફરીવાર પૂછ્યું, "ઓ સુંદર વાણીના સંત, તારા પોતાના સંજોગો વિષે થોડી માહિતી આપ.

૩૧૮૭. આવું જ્ઞાન અને સમજશક્તિ કે જે તું ધરાવે છે (તો પછી) તું વજીર છે કે રાજા ! સત્ય કહે."

૩૧૮૮. તેણે જવાબ આપ્યો, "હું આ બન્ને માંહેનો એક પણ નથી હું સામાન્ય લોક માંહેનો છું. મારા દેખાવ અને કપડાં તરફ જુઓ."

૩૧૮૯. તેણે પૂછ્યું, "તમારી પાસે કેટલા ઊંટ છે ! કેટલા બળદો છે !" તેણે જવાબ આપ્યો, "મારી પાસે આ કે પેલા કંઈજ નથી. મને ઊંડો ન ઊતારો."

૩૧૯૦. તેણે કહ્યું, કોઈ પણ હિસાબે, (કહો) તમારી દુકાનમાં કયો માલ છે ? તેણે જવાબ આપ્યો, "મારી પાસે દુકાન કયાં છે. ? (અરે) મારી પાસે રહેવાનું પણ કયાં છે ?"

૩૧૯૧. તેણે કહ્યું, "તો પછી હું પૈસા વિષે પૂછીશ (તારી પાસે) કેટલાં પૈસાં છે ? કારણકે તમે એકાકી ફરનાર છો કે જેની સલાહ વખણાય છે !"

૩૧૯૨. તમારી પાસે એક છે કે જે દુનિયાના જસતને સોનામાં ફેરવે છે. તમારી સમજણ અને જ્ઞાન મોતીઓના ઘર છે.

સમજણ અને જ્ઞાન → મોતીઓના ઘર છે.

૩૧૯૩. તેણે જવાબ આપ્યો, "ખુદાના કસમ, ઓ અરબના રાજા, મારી તમામ મિલ્કતમાં રાત્રીનો ખોરાક ( ખરીદવાની ) શકિત ( પણ ) નથી.

૩૧૯૪. હું ખુલ્લાપગે અને નગ્ન શરીરે દોડું છું જ્યાં અને કોઈ એક રોટલો આપે છે ત્યાં હું જાઉં છું.

૩૧૯૫. આ ડહાપણ અને વિદ્યા અને ઉત્તમ ( મગજ ) થી કલ્પના અને માથાના દુખાવા સિવાય બીજુ કાંઈ મળતું નથી.

૩૧૯૬. પછી પેલા અરબે તેને કહ્યું, "મારી બાજુએથી દૂર હટ, કે જેથી તારું કમનશીબ મારા ઉપર ન રેડાય.

૩૧૯૭. તારું કમનશીબ ડહાપણ મારાથી દૂર લઈજા. આ જમાનામા ( બધા ) લોકો માટે તારી વાણી ( પણ ) કમનશીબ છે.

૩૧૯૮. કાંતો તું પેલી દિશાએ જા, અને હું આ દિશાએ દોડું, અથવા જો તારો રસ્તો આગળ હોઈ તો હું પાછળ જઈશ.

૩૧૯૯. એક કોથળો ઘઉં અને બીજો રેતીનો આ નકામી યુકિતઓ કરતાં મારા માટે વધુ સારી છે.

૩૨૦૦. મારી મૂર્ખાઈ એ ઘણીજ આશીર્વાદિત મૂર્ખાઈ છે કારણ કે મારું દિલ (રૂહાની દયાથી) સુંદરતમ્ સજાવટ કરેલું છે, અને મારો આત્મા ધાર્મિકવૃત્તિનો છે.

૩૨૦૧. જો તારી ઈચ્છા છે કે કંગાલિયત ( તારામાંથી ) અદૃષ્ય થાય, તે ડહાપણ માટે સખત કોશિશ કર કે ( તે ) તારામાંથી નાબૂદ થાય

૩૨૦૨. ડહાપણ કે જે ( ઈન્સાની ) ખાસિયત કે જે કીર્તિવંત અલ્લાહના 'નૂર' દયાથી વહેતું અટકે છે.

૩૨૦૩. આ દુનિયાનું ડહાપણ ધારણા અને શકનો વધારો કરેછે, મઝહબનું ડહાપણ આકાશમાં ઉપર લઈ જાય છે.

૩૨૦૪. આ પાછલા જમાનાના બુદ્ધિયુક્ત ઢગો એ પોતાને જૂના ( લોકો )થી ( પોતાને ) ઉપર ચડાવ્યા છે ( વધુ ડાહ્યા સમજે છે. )

૩૨૦૫. લુચ્ચાઈ લાયક શીખવાવાળાઓએ તેઓનાં દિલ બાળ્યા છે. ( વાપર્યા છે ) અને યુક્તિઓ અને ઢોંગ શીખ્યા છે.

૩૨૦૬. તેઓએ ધીરજ અને બધું ભાવ કુરબાની અને ઉદારતા ( ગુણો ) કે જે ( આત્મિક ) નફાનું સત્ય છે તે પવનમાં ફગાવી દીધું છે.

૩૨૦૭. ( ખરો ) વિચાર તો એ છે કે ( રૂહાની ) રસ્તો ખુલ્લો કરે છે, ( ખરો ) રસ્તો છે કે જેના ઉપર ( રૂહાની ) રાજા આગળ વધે છે.

ડહાપણ → તારામાંથી નાબૂદ થાય.
ડહાપણ → ઈન્સાની ખાસિયત. 'નૂર' થકી અટકે.
ડહાપણ :- ધારણાઓ ને શકનો વધારો. કરે.
ડહાપણ = મઝહબનું. આકાશમાં ઉપર લઈ જાય છે

૩૨૦૮. (ખરો) બાદશાહ તે જ કે જે પોતામાં બાદશાહ છે, અને ખજાનો કે લશ્કર અંગે બાદશાહ બનેલો નથી.

૩૨૦૯. કે જેથી તેનું રાજાપણું અનંતકાળ ટકી રહે છે, જેવી રીતે ઈસ્લામ દીનની કીર્તિ માફક (ટકી રહેનાર છે)

## ઈબ્રાહીમ બીન અદહમનો દરિયા કિનારાનો મોજીજો.

૩૨૧૦. અદહમના પુત્ર ઈબ્રાહીમ વિષે આમ કહેવાયું છે કે લાંબી મજલ કર્યા બાદ દરિયાના કિનારે (આરામ) કરવા બેઠા.

૩૨૧૧. (જ્યારે) તેઓ પોતાના સૂફીના ઝબ્બાને ટાંકા લઈ રહ્યા હતા. એક અમીર તેજ કિનારા પર ચાલતાં ઓચિંતો તે જગ્યાપર આવ્યો,

૩૨૧૨. પેલો અમીર શેખના નોકરો માંનો એક હતો. તે શેખને ઓળખી ગયો અને નમન કર્યું.

૩૨૧૩. તે શેખને અને તેના દરવેશી ઝબ્બાને (જોઈને) નવાઈ પામ્યો હતો કારણ કે તેની સ્થિતિ અને બહારનો દેખાવ બદલાઈ ગયો હતો.

૩૨૧૪. (અજાયબી છે) કે તેણે આવી મોટી બાદશાહત છોડી દીધી, અને પેલી તદ્દન (રૂહાનીયત) ગરીબી પસંદ કરી,

૩૨૧૫. (અને શા માટે) તેણે સાત મુલ્કોની બાદશાહી જતી કરી અને દરવેશી ઝબ્બાને ભિખારીની માફક સાંધ મારે છે.

૩૨૧૬. શેખ તેના વિચારથી માહિતગાર બન્યો, રૂહાની પેશ્વા સિંહની માફક છે અને (લોકનાં) દિલ તેનું શિકાર કરવાનું ઠેકાણું છે.

૩૨૧૭. તે (તેઓના દિલમાં આશા અને બીકની માફક દાખલ થાય છે, દુનિયાની ગુપ્ત હકીકતો તેનાથી અજાણ્યુ નથી.

૩૨૧૮. ઓ ફળ વગરનાઓ, દિલવાળા માણસોના બાદશાહની હજૂરમાં તમારા દિલ પર ચોકી કરો.

૩૨૧૯. (દુન્યવી) શરીરના માણસોની સમક્ષ દેખીતી રીતે માન (બતાવવામાં આવે છે) કારણ કે ખુદા તેઓનાથી ગૂઢ હકીકતો પર પડદો રાખે છે.

૩૨૨૦. દિલના માણસોની (રૂહાની પેશ્વાની) સમક્ષ અંતરથી માન (રાખવામાં આવે છે) કારણ કે તેઓના દિલને છૂપા વિચારો દૃષ્ટિમાં છે.

૩૨૨૧. તું યુક્તિબાજ છો, (દુનિયાની) પદવી માટે તેઓ કે જેઓ (રૂહાની રીતે) આંધળા છે તેમને માન આંપવા આવે અને પરસાળમાં બેસે છે,

૩૨૨૨. (પણ) આંતર દૃષ્ટિવાળા સમક્ષ અપમાનિત રીતે વર્તે છે જેથી તું વાસનાની અગ્નિનું બળતણ બન્યો છે.

બાદશાહ તેજ કે પોતામાં બાદશાહ છે.
મોટી બાદશાહી છોડી-(રૂહાનીયત) ગરીબી પસંદ કરી'
રૂહાની પેશ્વા - સિંહ ની માફક-
લોકોના દિલ- તેનું શિકાર કરવાનું ઠેકાણું છે.

૩૨૨૩. જો તને (રૂહાની) દૃષ્ટિ અને (ખુદાઈ) દોરવણીનો પ્રકાશ નથી તો (તેવા) આંધળા પણાની ખાતર તારો ચહેરો સાફ કરવો ચાલુ રાખ.
૩૨૨૪. (રૂહાની) દૃષ્ટિવાળા સમક્ષ તારો ચહેરો ગંદકીની ખરડાએલો? તેઓ સમક્ષ ગર્વિષ્ઠ બને છે! નથી સમજતો કે (તારી અંદર) કેવી ગંદી હાલત છે!
૩૨૨૫. શેખ (ઇબ્રાહીમે) પોતાની સોયા જલ્દી દરિયામાં ફેંકી, અને ઘેરા અવાજે સોયાને બોલાવી.
૩૨૨૬. લાખો ખુદાઈ મચ્છીઓ, દરેક મચ્છીઓના મોંમાં સોનાની સોય.
૩૨૨૭. ખુદાઇ દરિયામાંથી પોતાના માથા ઉંચક્યાં, કહે છે, "ઓ શેખ, ખુદાની સોયો લ્યો."
૩૨૨૮. તેણે પોતાનો ચહેરો નેના (અમીર) તરફ ફેરવ્યો, અને તેને કહ્યું, "ઓ અમીર, દિલની (રૂહાની) બાદશાહી કે (દુનિયાની) ગંદી બાદશાહી બન્નેમાં કઈ વધુ ઉત્તમ છે?
૩૨૨૯. આ (મોઅજીઝો) એ જાહેરી નિશાની છે, આ (તો) કંઈજ નથી. અંતરની (દરગાહમાં) ઉતર ત્યાં સુધી વાટ જો (અને) પછી જો (ત્યાં શું છે?)
૩૨૩૦. તેઓએ બગીચામાંથી માત્ર એક ડાળીજ (માત્ર) શહેરમાં લાવ્યા છે. તેઓ (આખો) બગીચો અને ફળવાડી અહીં કેમ ઉપાડી લાવે?
૩૨૩૧. ખાસ કરીને (આ) બગીચાને જોતાં આ સ્વર્ગ માત્ર એક પાંદડું છે, તે માત્ર છીલટું છે, અને આ બીજી (દુનિયા) સત્વ છે.
૩૨૩૨. જો તમે પેલા બગીચા તરફ ઝડપી પગલાં ભરતા નથી, વધારે સુવાસ શોધતા નથી અને.
૩૨૩૩. એટલા માટે કે તે સુવાસ તારા આત્માને (નજીક) ખેંચે. એટલા માટે કે તે સુવાસ તારી આંખોનો પ્રકાશ બને.
૩૨૩૪. હ. પયગમ્બર સાહેબે કહ્યું છે કે હ. યાકુબના પુત્ર હ. યુસેફે તે સુવાસની ખાતર "મારું પહેરણ મારા પિતાના ચહેરા પર મૂકો."
૩૨૩૫. આ સુવાસની ખાતર હ. મુહમ્મદ (સ. અ.) તેમના ઉપદેશમાં ચાલુ કહેતા "શજિંદી બંદગી મારી આંખોની ખુશી છે."
૩૨૩૬. પાંચ (રૂહાની) સમજણો એક બીજા સાથે સંકળાએલ છે કારણ કે આ બધી પાંચેય એક જ મૂળમાંથી ઊગેલી છે.
૩૨૩૭. એકનું જોર બાકીની બધીનું જોર બને છે, દરેક બાકીનીની પ્યાલો ઊઠાવનાર બને છે.
૩૨૩૮. આંખથી જોવા થકી લાગણીમાં જોર આવે છે, વાણી આંખમાં તીવ્ર બુદ્ધિ વધારે છે.
૩૨૩૯. તીવ્ર બુદ્ધિની (નજર) દરેક સમજણ જગાડવાનું (સાધન) બને છે (તેથી રૂહાની) સમજ બધી સમજોને જાણીતી થાય છે.



૬ રૂહાની સમજણો એકબીજા સાથે સંકળાએલ છે. ૬ એક એકજ મૂળમાંથી ઊગેલી છે.

## "આરિફ" "નૂર"થી અદશ્ય દુનિયાને જોવા માટે પ્રકાશિત થયો, તેની શરૂઆતની સમજ

૩૨૪૦. જ્યારે એક પ્રગતિમાં વાત પાછી પડે ત્યારે બાકીની બધીય સમજણો બદલાઈ જાય છે.

૩૨૪૧. જ્યારે સમજને સમજવાની ઈચ્છા ન હોવા છતાં જે અદૃષ્ય દુનિયાની છે, તે બધી સમજણો સમજાઈ જાય છે.

૩૨૪૨. જ્યારે ઘેટાના ટોળાંથી એકે જરા ઉપર કૂદકો માર્યો, ત્યાર પછી તેઓ બધાં જ પોતાની ખરીઓથી એક બીજા પર કૂદી પડશે.

૩૨૪૩. તારી સમજણોને ચરાણમાં રોકી કાઢ, તેઓને ત્યાં ચરવા જાય, (જેમ) તે કે જે લીલોતરી આગળ લાવ્યો."

૩૨૪૪. કે જેથી તેઓ ત્યાં 'સુબુબ' અને જંગલના ગુલાબ ચરે, કે જેથી તેઓ પોતાનો રસ્તો હકીકતના તાજા ચરાણમાં ચરે.

૩૨૪૫. (કે) સારી દરેક સમજણ (બીજાની) સમજણોનો માર્ગદર્શક બનશે, અને બધી સમજોને બહેસ્ત તરફ દોરવશે.

૩૨૪૬. (અને પછી પેલી) સમજને તેની ગુપ્ત હકીકતો વગર જીભે અને અલંકારિક રીતે કહેશે.

૩૨૪૭. કારણ કે આ વ્યાજબી અર્થ (ભેદ ભાવોને) કબૂલ કરશે આ અટકળનું કાર્ય (નકામી) કલ્પનાઓનું મૂળ છે.

૩૨૪૮. (પણ આ બાબતમાં) પેલું સત્ય કે જે તાત્કાલિક અને આંતરદર્શી છે, તેના માટે ખુલાસા કરવાનો સવાલજ નથી.

૩૨૪૯. જ્યારે (બધી) સમજણો તારી સમજને તાબે થઈ જાય, અવકાશી કાર્યપ્રદેશ તારા (તાબે થવાનો) ઈન્કાર કરી ન શકે.

૩૨૫૦. જ્યારે સત્યની માલિકી માટે ઝઘડા ઊભો થાય તો સત્ય તેનીજ માલિકીનું છે કે જેની પાસે તેનું ઉપરનું છીલટું છે.

૩૨૫૧. જ્યારે ઘાસના ભારા વિષે કજીઓ થઇ જાય તો ધ્યાન દેજે કે અનાજનો કોણ માલિક છે,

૩૨૫૨. (તો પછી) અવકાશી ગોળો એ સત્ય છે, અને આત્માનું "નૂર" ઉપરનું પડ છે. આ (અવકાશ) દશ્યમાન છે, પેલો (આત્મા) છૂપો છે. (પણ) આ કારણ ઉપર ઠેસ ખાતો.

૩૨૫૩. શરીર દેખાય છે, (જરૂરી) આત્મા છૂપો છે કાયા જાણે કે બાંય છે આત્મા જાણે કે હાથ !

સારી- સમજણ - બીજાની સમજણોનો માર્ગદર્શક. - બધી સમજોને બહેસ્ત તરફ -
સમજ પછી - જીભે સમજ - ગુપ્ત હકીકત

* કાયા = બાંય (ખભો?) / ઘાસવિષે તો ધ્યાન દેજે કે
* આત્મા = હાથ / કજીઆ થાય અનાજનો કોણ માલિક છે,

૩૨૫૪. ફરીવાર બુદ્ધિ (જરૂરી) આત્મા કરતાં વધુ છૂપી છે. (તમારું) મન આત્મા કરતાં વધુ જલ્દી ઝડપ કરે છે.

૩૨૫૫. (જો) એક પળે તમે જુઓ કે (જે હાલે ચાલે છે) તે જીવતો છે, (પણ) આ તમે જાણતા નથી કે તે બુદ્ધિથી ભરપૂર છે.

૩૨૫૬. જ્યાં સુધી કે કાયદેસરની હીલચાલ દેખાય છે, અને તે અજ્ઞાનતા અંગે જસતની ગતિને સોનામાં ફેરવે છે.

૩૨૫૭. માનુષી કાર્યોમાં કબૂલાતવાળાં બનતાં તમે તેની પાછળથી બુદ્ધિ સમાએલી છે તે જોઈ શકશો.

૩૨૫૮. રૂહ કે જે દિવ્ય સંદેશા (મેળવે છે) બુદ્ધિ કરતાં વધુ છૂપાએલ છે, કારણ કે તે અદૃશ્યનો છે, તે પેલી બાજુનો છે.

૩૨૫૯. હ. મહમ્મદ (હ. સ. અ.)ની બુદ્ધિ કોઈથી છૂપી ન હતી, (પણ) તેનો (પયગમ્બરી) આત્માનો દિવ્ય સંદેશ દરેક આત્માએ જોયો નહિ.

૩૨૬૦. પયગમ્બરી આત્માને પણ સમજણને (અનુકૂળ) કાર્યો હોય છે. (પણ) બુદ્ધિ તેમને જોતી નથી. કારણ કે તે (આત્મા) ઊંચે ચડેલા હોય છે.

૩૨૬૧. કોઈવાર તે (રૂહાની પ્રકાશ પામેલાનાં કૃત્યો) ગાંડપણ જેવા ગણે છે, ક્યારેક તે બેહોશ બને છે તે તેના (આ, કે) પેલા બનવા પર આધારિત છે.

૩૨૬૨. (દાખલા તરીકે) હ. ખિઝરના કાયદેસરનાં કામોથી હ. મૂસાની બુદ્ધિ મુશ્કેલીમાં મૂકાઇ ગઈ હતી.

૩૨૬૩. તેમના કૃત્યો હ. મુસાને વ્યાજબી ન દેખાયાં. જ્યારે કે તે (હ. મૂસા) (હ. ખિઝરની) હાલતમાં ન હતા.

૩૨૬૪. ઓ અદ્ભુત (વાંચનાર) તેવી જ રીતે હ. મૂસાની બુદ્ધિ ગૂઢાર્થો અંગે બંધાઈ ગઇ ત્યારે તે કે જે (માત્ર) ઉંદર જેવા છે તેની બુદ્ધિનું શું ?

૩૨૬૫. રૂઢિગત જ્ઞાન એ (માત્ર) (પોતાની જાહેરાત) માટે છે જ્યારે તેને ખરીદનાર મલે છે. તે તે ખુશીથી ચળકાટ કરે છે.

૩૨૬૬. ખરા જ્ઞાનનો ખરીદનાર માત્ર ખુદા જ છે તેની બજાર હમેશાં ભવ્ય છે

૩૨૬૭. તે (ખરા જ્ઞાનનો માલિક) તેના વેપારમાં આનંદિત બની તેના હોઠો બંધ કર્યા છે. ખરીદનારા અંત વગરના છે કારણ કે "ખુદાએ ખરીદ કર્યું છે."

૩૨૬૮. ફિરસ્તાઓએ હ. આદમનું શીખવવું ખરીદ કર્યું, સેતાનો અને જીન તે સ્વીકારવા નશીબવંતા ન હતા.

૩૨૬૯. હ. આદમે, "તેઓના નામ શીખવ્યાં." તેમને શિક્ષણ આપ્યું, વાળે વાળ, ખુદાઈ ગૂઢાર્થો સમજાવ્યાં.

૯- ખિઝર - કામાં
૯. મૂસા ની બુદ્ધિ મુશ્કેલી માં મૂકાય ગઈ. વ્યાજબી ન દેખાયા કારણ કે ખિઝર ની હાલત માં, ૪ ૯૭.

૩૨૭૦. આવા ટૂંકી દૃષ્ટિવાળા માણસ ફેરફાર થાય તેવામાં પડયા, દઢતા વગરના.

૩૨૭૧. મેં "ઉંદર" કહીને બોલાવ્યો, કારણ કે તેની જગ્યા (કાયાની) જમીનમાં છે. ઉંદરોને રહેવાની જગ્યા જમીન છે.

૩૨૭૨. તે ઘણા રસ્તા જાણે છે, પણ (માત્ર) જમીનની અંદરના તેણે જમીનને દરેક જગ્યાએથી ખોદી નાખી છે.

૩૨૭૩. ઉંદર–આત્મા માત્ર કોતરી ખાનાર જ છે એક ઉંદરને તેની જરૂરિયાત પ્રમાણેનું મગજ આપવામાં આવેલ છે.

૩૨૭૪. કારણ કે સર્વશક્તિમાન ખુદા કોઈને કંઈ તેની જરૂરિયાત વગરનું આપતો નથી.

૩૨૭૫. જો પૃથ્વી પરના રહેનારાને જમીનની જરૂરત ન હોત, તો ખુદાએ આ પૃથ્વી બનાવી જ ન હોત.

૩૨૭૬. અને જો આ કંપતી દુનિયાને પર્વતોની જરૂર ન હોત તો તેણે તે (પર્વતો) જેવા છે તેવા ઉત્પન્ન કર્યા જ નહોત.

૩૨૭૭. અને જો અવકાશી ગોળાઓની જરૂરત ન હોત તો તેણે સાતેય આસમાનો અસ્તિત્વ ન ધરાવવામાંથી ઉત્પન્ન કર્યાં નહોત.

૩૨૭૮. સૂર્ય, ચંદ્રમા અને તારાઓ, જરૂરિયાત વગરના શા માટે દૃષ્ટિમાં આવ્યા હોત!

૩૨૭૯. જરૂરિયાત, પછી જે ચીજો હસ્તી ધરાવે છે તે બધીનો ફાંસો છે માણસ તેના હિસ્સામાં હથીયાર માત્ર છે.

૩૨૮૦. તેટલા માટે જલ્દીથી તારી જરૂરિયાત વધાર, ઓ જરૂરિયાતવાળા એટલા માટે કે દયાનો સાગર માયાળુપણે ઊભરાઇ આવે,

૩૨૮૧. આ ભિખારી ઓ (જાહેર) રસ્તા પર (છે) અને દરેક સાહન કરનાર પોતાની જરૂરિયાત લોકોને બતાવતો હોય છે.

૩૨૮૨. અંધાપો, લકવો અને બીમારી અને દર્દ પેલા માણસોની દયા તેની જરૂરિયાત (જોઇ) વધવા પામે.

૩૨૮૩. કદી કોઈ એમ કહે છે, "ઓ લોકો મને રોટલો આપો કારણ કે મારી પાસે શ્રીમંતાઈ, કોઠારો અને ખોરાક પડેલો છે?

૩૨૮૪. ખુદાએ છછુંદરમાં આંખો મૂકી નથી કારણ કે ખોરાક મેળવવામાં તેને તેની જરૂર નથી.

૩૨૮૫. આંખો અને દૃષ્ટિ વગર જીવી શકાય છે અંધારી દુનિયામાં આંખોથી તે સ્વતંત્ર છે.

૩૨૮૬. તે માત્ર ચોરી કરવા આવવા સિવાય જમીનમાંથી બહાર આવતી નરી આખરમાં તે પેદા કરનાર ચોરી કરવામાંથી સાફ રાખે.

ઉંદર → રહેવાની જગ્યા જમીન છે
(જરૂરિયાત પ્રમાણેનું મગજ) દરેક જગ્યાએથી ખોદી નાખે છે.
પૃથ્વી ઉપર રહેનારા માટે જમીન.
છછુંદરને - આંખ નથી. - ખોરાક મેળવવામાં જરૂર નથી

૩૨૮૭. તેના ( પવિત્ર થયા ) બાદ તે પાંખો મેળવશે અને પંખી બનશે, ઊંચે ઊડતું અને ખુદાની કીર્તિ ગાતું

૩૨૮૮. દરેક પળે ગુલાબ બગીચામાં ખુદાનો આભાર માને છે. તે બુલબુલની માફક સો (મીઠા) અવાજ પેદા કરશે.

૩૨૮૯. ઓ તું કે જેણે ખરાબ હાલત માંથી મુક્તિ આપી છે. ઓ તું કે જે દોઝખને બહેસ્ત બનાવે છે.

૩૨૯૦. તું ચરબીના ટુકડામાં 'રોશની' મૂકે છે, ઓ પૂરેપૂરા, તું હાડકાંને સાંભળવાની શક્તિ આપે છે.

૩૨૯૧. પેલી કલ્પનાઓ (વિચાર અને સાંભળવું) ને કાયાથી શું સબંધ છે? ચીજોનો ગુણોને તેના નામો સાથે શું સબંધ છે ?

૩૨૯૨. શબ્દ એક માળાની માફક છે અને તેનો અર્થ એ પંખી છે. શરીર એ નદીનો પટ છે, આત્મા વહેતું પાણી.

૩૨૯૩. તે વહે છે, અને તમે કહેશો કે તે સ્થિર છે તે દોડે છે, અને તમે કહેશો કે શાંત છે.

૩૨૯૪. જો તમે પાણીની હલચલ ધૂળના ઢેફાં થકી જોશો નહિ (છતાં તે વહે છે) લાકડી અને તણખલા તેને નવાં કયાં છે ?

૩૨૯૫. તમારી લાકડીઓ અને તણખલાઓ વિચારોના રૂપ (માફક) છે. આ નવાંરૂપો નવાં નવાં બહાર આવે છે.

૩૨૯૬. વિચારના ઝરાના પાણીની સપાટી જેમ તે આગળ જાય છે, તે લાકડી કે તણખલાઓથી ખાલી નથી (કેટલાંક) ખુશી કરે તેવાં અને (કેટલાંક) અદ્દશ્ય.

૩૨૯૭. આ વહેતા પાણીની સપાટી પરના સત્વો અદ્દશ્ય બગીચાના ફળોમાંથી પથરાય છે

૩૨૯૮. તે સત્વોની છાલ શોધો (પાણીમાં નહિ.) પણ બગીચામાં કારણ કે પાણીના નદીના પટમાં બગીચામાંથી આપે છે.

૩૨૯૯. જો તમો જીવનના જળને વહેતું ન જુઓ તો પછી આ ઝરામાં વહેતા વરુઓને જુઓ.

૩૩૦૦. જ્યાંરે પાણી તેની સંપૂર્ણ શક્તિએ પસાર થવું શરૂ કરે છે, સત્વો, જે વિચારો છે, વધુ ઝડપથી પસાર થાય છે.

૩૩૦૧. જ્યારે આ ઝરો વહેણમાં એકદમ ઝડપી બન્યો છે ત્યારે 'આરિફો'નાં મગજોમાં ઢીલ કરવાની દરકારે વહેતી નથી.

૩૩૦૨. જ્યારે કે તે વધારે પડતી ભરેલી અને ઝડપી છે ત્યારે તેમાં પાણી સિવાય બીજી કોઈ ચીજ માટે જગ્યા નહિ હોય.



શરીર → નદીનો પટ } પવિત્ર થયા બાદ- પાંખો મેળવશે,
આત્મા → વહેતું પાણી } પંખી બનશે-
શબ્દ → એક માળો ઊંચે ઊડતું - ખુદાની કીર્તિ ગાતું.
અર્થ - એ પંખી છે.

## એક અજાણ્યાનું રૂહાની પેશ્વાને જૂઠું બોલવું, અને શેખના મુરીદનો તેને જવાબ દેવો, તે વિષે

૩૩૦૩. અમુક માણસે એક શેખ વિરુદ્ધ તહોમતો મૂક્યાં, કહે, "દુષ્ટ છે, એ સાચા રસ્તા પર નથી.

૩૩૦૪. તે શરાબ પીનાર છે, અને એક ઢોંગી અને દુરાચારી છે, તે પોતાના મુરીદ ને મદદ કેમ કરી શકે?

૩૩૦૫. (મુરીદોમાંના) એકે કહ્યું, સભ્યતા સાચવ આવા મોટા માટે આવું ખરાબ ધારવું એ નાની વાત નથી.

૩૩૦૬. તેનાથી દૂર છે અને તેના (દરવેશી) ગુણોથી દૂર થયો તો તેના ચોકખો આત્મા આ (પાપના) પ્રલયથી કાળો બનશે.

૩૩૦૭. આવી નિંદા ખુદાઈ લોકો પર મૂકો નહિ. આ (માત્ર) તારી કલ્પના જ છે, પાનું ફેરવી નાખો.

૩૩૦૮. આ (જે તમો કહો છો) તે સત્ય નથી. અને (છતાં) જો તે બને, ઓ જમીનના પંખી, રાતા સમુદ્ર ને મડદાથી શું નુકશાન છે?

૩૩૦૯. તે (શેખ) (કાયદાસર ભરેલા) બે જગ કે નાની ટાંકીથી કમ નથી કારણ કે તેથી એક ટીપું પણ તેની નાલાયકી બતાવી શકે.

૩૩૧૦. અગ્નિ હ. ઈબ્રાહીમ ને નુકશાનકારક નથી (પણ) જે પણ કોઈ નમરૂદ છે તે સંભાળ રાખે.

૩૩૧૧. નફસે અમ્મારા છે તે નમરૂદ છે, અને બુધ્ધિ અને આત્મા એ ખુદાઇ દોસ્ત (ઈબ્રાહીમ) છે આત્મા તેની સમજણના થી સબંધી તે છે. અને નફસે અમ્મારા પ્રમાણે થી.

૩૩૧૨. આ ચેતવણીઓ તે મુસાફરના રસ્તા માટે છે કે જે દરેક પળે જગતમાં ભૂલો પડે છે.

૩૩૧૩. તેઓ કે જેઓ (ખુદાથી મળી ગયા છે) તો તેમને માટે આંખ અને બત્તી (ઇમાનની) સિવાય બીજાની જરૂર નથી, તેઓ ને આ રસ્તાની ચેતવણીઓ સાથે કાંઈ સંબંધ નથી.

૩૩૧૪ જો તે માણસ (ખુદામાં) મળેલાએ થોડી ચેતવણીઓ ઉચ્ચારી છે. તો તેણે તેટલા માટે ઉચ્ચારી છે કે જીભાજોડી કરનાર કદાચ સમજે.

૩૩૧૫. નવા જન્મેલા બચ્ચા માટે બાપ લવારી જેવા અવાજો કાઢે છે, જો કે તેની બુધ્ધિ (આખી) દુનિયાની મોજણી કરી શકે છે.

૩૩૧૬. શિક્ષકના જ્ઞાનની મહત્તા ઓછી થતી નથી જો તે (અક્ષર) 'અલીફ' કાંઇ નથી.

અગ્નિ :- હ. ઈબ્રાહીમ નુકશાનકારક નહિ
આત્મિક (નફસે અમ્મારા) નમરૂદ છે તેની સંભાળ રાખવા રહી.
બુદ્ધિ અને આત્મા = ખુદાઈ દોસ્ત (ઈબ્રાહીમ) છે.
આત્મા :- સમજણના સંબંધી છે

૩૩૧૭. શીખવવાની ખાતર ઈજ્જતથી સંબંધિત (બચ્ચા) માટે એકે તેની પોતાની ભાષા (રિવાજ પ્રમાણે બોલવાની) થી બહાર જવું જોઈએ.

૩૩૧૮. તમે તેની ભાષામાં આપવું જોઈએ (સ્વીકારવું જોઈએ) એટલા માટે કે તે તમારી પાસેથી જ્ઞાન અને વિજ્ઞાન શીખે.

૩૩૧૯. બધા લોકો તો પછી (રૂહાની શિક્ષકના) બચ્ચાં છે, આ (સત્ય હકીકત) મુરશિદ માટે જરૂરી છે, જ્યારે કે તેઓને હુકમો આપે છે.

૩૩૨૦. નાસ્તિકતાને ચોકકસ હદ અને મર્યાદા છે. (આ ચોકસ) જાણ કે રૂહાની પેશ્વાને અને રૂહાની પેશ્વાના 'નૂર' ને મર્યાદા નથી.

૩૩૨૧. અમર્યાદિતને મર્યાદિત કંઈજ નથી "ખુદાના ચહેરા" સિવાય સર્વ નાશવંત છે

૩૩૨૨. જ્યાં (રૂહાની પેશ્વા) છે તે જગ્યાએ નાસ્તિકના અને વિશ્વાસ હસ્તીજ ધરાવતો નથી. કારણકે તે ઉપલું પડ છે. અને આ બન્ને રંગ અને સત્વ છે.

૩૩૨૩. આ દોડી જનારી ચીજો પેલા ચહેરા ઉપરનો પડદો બન્યો છે. જેમ બત્તી વાસણની નીચે છૂપાવેલી હોય.

૩૩૨૪. તો પછી આ શારીરિક માથું પેલા રૂહાની માથાને પડદા (માફક) છે પેલા મસ્તક આગળ આ મસ્તક નાસ્તિક (માફક) છે.

૩૩૨૫. નાસ્તિક કોણ છે ? જે રૂહાની પેશ્વા ઉપરનું ઈમાન ભૂલી ગયેલ છે. મરેલો કોણ છે ? રૂહાની પેશ્વાની (રૂહાની) જિંદગીથી અજ્ઞાન.

૩૩૨૬. (રૂહાની) જિંદગી ચકાસણી વખતના જ્ઞાન સિવાય બીજું કાંઈ જ નથી. જેટલું વધુ જ્ઞાન તેટલી તેની રૂહાની જીવન ઉત્તમ.

૩૩૨૭. આપણા આત્મા જાનવરોના જીવો કરતાં વધુ છે. શા કારણે ? એટલા ખાતર કે તેને વધુ જ્ઞાન છે.

૩૩૨૮. તેવી જ રીતે ફિરસ્તાઓના રૂહો આપણા કરતાં વધુ (ઉત્તમ) છે કારણું કે તે સામાન્ય સમજથી વધુ આગળ ગયા છે.

૩૩૨૯. અને આ રૂહાની ગૂઢાર્થો મેળવનાર ફિરસ્તાઓથી આગળ છે. (આ વિષયમાં) નશાબાજ બનતાં અટકી જા.

૩૩૩૦. આ કારણ અંગે હ. આદમ તેઓની સિજદાની વસ્તુ છે, તેઓની (રૂહાનિયત) જિંદગી તેઓના જીવો કરતાં વધુ ઉત્તમ છે.

૩૩૩૧. નહિતર, (શા માટે તેને સિજદો કરવાનો હુકમ થયો ?) હલકી ચીજોને પોતાથી વધુ ઉત્તમને સિજદો કરવાનું બને જ નહિ.

૩૩૩૨. તો પછી પેદા કરનારનો ન્યાય અને માયાળુપણું, ગુલાબને કાંટાને સિજદો કરવાનું કેમ કબૂલ કરે ?

ખુદાના ચહેરા સિવાય => સર્વ નાશવંત છે

મર્યાદિત અને અમર્યાદિત કંઈજ નથી → રૂહાની પેશ્વા અને રૂ. પેશ્વાના નૂરને મર્યાદા નહિ.

નાસ્તિકતાને હદ અને મર્યાદા છે.

જાનવર → ના જીવો કરતાં આપણા આત્મા ઉત્તમ. વધુ જ્ઞાન

હ. આદમ → ઉત્તમ. ← ઈન્સાન

ફિરસ્તા ... સામાન્ય સમજ વધુ આગળ.

૩૩૩૩. જ્યારે કે આત્મા વધુ ઉત્તમ બન્યો છે, અને મર્યાદાથી પર ગયો છે, ત્યારે બધી ચીજોના રૂહો તેના તાબેદાર બને છે.

૩૩૩૪. પંખીઓ અને મચ્છીઓ અને જીન્નાત અને માણસો કારણ કે તેનાથી ઉત્તમ થયો છે, અને (સરખામણીમાં) તેઓ નીચા દરજ્જે છે.

૩૩૩૫. મચ્છી (રૂહાની પેશ્વાના) મેન્ટલ માટે સોયો બનાવે છે, (તેઓ) સોયની પાછળ દોરો (જાય તેમ કદમ મિલાવે છે).

## દરિયાકાંઠે હ. ઈબ્રાહીમ બીન અદહમની બાકી રહેલી વાર્તા

૩૩૩૬. જ્યારે પેલા અમીરે શેખના હુકમના અસરથી આવતી મચ્છી જોઈ, તે તંદ્રામાં પડયો.

૩૩૩૭. તેણે કહ્યું, "અરે મચ્છી પીરને જાણે છે, આ પવિત્ર દરબારથી ભાગી છૂટેલા માણસને ધિક્કાર છે!

૩૩૩૮. મચ્છીને પીરનું જ્ઞાન છે, અને આપણે (તેનાથી) દૂર છીએ. આપણે આ ખુશનશીબી મેળવવામાં શ્રાપિત છીએ અને તેઓ (તેનો આનંદ મેળવવામાં) આશીર્વાદતિ છે.

૩૩૩૯. તેણે નીચા નમીને સિજદો કર્યો, એકલવાયો રોતો જુદો પડયો, (ખુદાના મિલાપ માટે) ખુલેલા પ્રેમના દરવાજા માટે તે ગાંડો બન્યો.

૩૩૪૦. તો પછી, વગર ધોયેલા ચહેરાવાળા, તમે તે કોણ માત્ર? તું કોની સામે લડવા અને અદેખાઈમાં ઉતર્યો છો?

૩૩૪૧. તું સિંહની પૂંછડી સાથે રમી રહ્યો છો. તમે ફિરસ્તાઓ વિરુદ્ધ હલ્લો કરી રહ્યા છો!

૩૩૪૨. શા માટે તમે પવિત્ર ભલાનું જૂઠું બોલી રહ્યા છો? ખબરદાર રહે (રૂહાની પેશ્વાનું) નમ્રપણું કીર્તિ કેમ કેમ જોતો નથી?

૩૩૪૩. દુષ્ટ શું છે? તંગ, હલકું ત્રાંબુ રૂહાની પેશ્વા શું છે? અનંત અર્ક.

૩૩૪૪. જો ત્રાંબુ અર્કથી (ફેરવાઈ જવામાં) અશક્ત હતું. (છતાં) અર્ક ત્રાંબુ અંગે કદી થતું નથી.

૩૩૪૫. દુષ્ટ શું છે? એક બળવાખોર જે અગ્નિ જેવું કામ કરે છે, રૂહાની પેશ્વા કોણ છે? ખુદ અનંતતાનો સમુદ્ર.

૩૩૪૬. અગ્નિ પાણીથી હંમેશાં દહેશત પામતું હોય છે, પાણી ભડકો બનવાની બીક ક્યારે સેવશે?

૩૩૪૭. તમે ચંદ્રમાના ચહેરા પર ભૂલો અવલોકી રહ્યા છો, તમો બહેસ્તમાં કાંટા ચૂંટી રહ્યા છો.

(રૂહાની પેશ્વા=(અનંતતાનો સમુદ્ર ખુદ.)

૩૩૪૮, (ઓ) કાંટા ચૂંટનારા, જો તમે બહેસ્તમાં જશો ત્યાં તમને મારા સિવાય બીજા કાંટા મળશે નહિ.

૩૩૪૯. તમે સૂર્યને ઢેફાથી ઢાંકો છો. તમે પૂનમના પૂરા ચંદ્રમામાં ખામી શોધો છો.

૩૩૫૦. સૂર્ય કે જે આખી દુનિયામાં પ્રકાશે છે તે એક ચામાચીડિયા થકી કેમ સંતાડાશે ?

૩૩૫૧. પીરની નાકબૂલાત થકી પાપો પાપમય બનાવવામાં આવે છે. પીરની અદેખાઈ અંગે ગૂઢાર્થોને ગૂઢાર્થો બનાવાય છે.

૩૩૫૨. જો તમો (કોઈ કારણે રૂહાની પેશ્વાથી) દૂર છો, કોઈપણ ભોગે તેમને માન આપીને જોડાઇ જાવ, (તેઓ તરફ) પૂજ્યભાવ બતાવવામાં કાર્યસાધક અને તત્પર રહે.

૩૩૫૩. (એવી આશામાં) કે પેલી દિશામાંથી (રહેમતનો) મંદ વાયુ તારા તરફ આવતો બને, શા માટે તારા અદેખાઈપણા અંગે દયાનું પાણી અટકાવો છો ?

૩૩૫૪. ભલે તમે દૂર, અલગ છો, પેલા છેટાપણાથી તમારી પૂંછડી હલાવો, (દિલ જોડો) જ્યાં પણ તમે હો ત્યાં તમારા ચહેરા ફેરવો."

૩૩૫૫. જ્યારે એક ગધેડો ઝડપી પગલાં (ભરતાં) કાદવમાં પડે છે ને ઊભા થવાની ખાતર ચાલુ હલચલ કરે છે.

૩૩૫૬. તે તે જગ્યાએ રહેવા જગ્યા સુંવાળી બનાવતો નથી. તે જાણે છે કે તે જગ્યા તેના રહેવા માટેની નથી.

૩૩૫૭. તારી સમજ ગધેડાની સમજ કરતાં ઓછી છે, કારણ કે તમારું દિલ આ ગારાના ઢેફાં થકી સંકોચાયું નથી.

૩૩૫૮. તમે (રહેવાના હકની માફક) કાદવમાં દાખલો બેસાડો છો. જ્યારે કે તમે તેમાંથી તમારા દિલને ખેંચવા રાજી નથી.

૩૩૫૯. (તમે કહો છો) આ મારા માટે લઈ જવા લાયક છે, હું દબાણમાં છું. ખુદાની પોતાના માયાળુપણા અંગે આધારહીનને સજા કરશે નહિ.

૩૩૬૦. ખરેખર તો તેણે અત્યાર પહેલાં તમારો પીછો પકડયો જ છે, (પણ) ખુદી-પણામાં આંધળા હીનાની માફક આ પીછો તમે જોઈ શકતા નથી.

૩૩૬૧. તેઓ (શિકારી) કહે છે, 'હીના' આ જગ્યાએ નથી. બહારની બાજુએ જુઓ કારણ કે તે ગુફામાં નથી.

૩૩૬૨. તેઓ આમ કહે છે, (તેજ વખતે) "તેને બેડી પહેરાવી દ્યો," (જ્યારે) તે કહે છે (હું કયાં છું) તે તેઓ જાણતા નથી.

૩૩૬૩. જો આ દુશ્મન મને જાણી ગયો હોત તો પછી તેણે કેમ તપાસ કરી, આ હીના ક્યાં છે ?

## એક માણસનું વ્યકિતગત સંભાષણ કે મહાન ખુદા તેના પાપની સજા ન કરે અને હ. સુયાબનો તેને જવાબ દેવો.

૩૩૬૪. સુયાબના વખતમાં અમુક માણસ આમ કહેતો હતો. " ખુદાએ મારામાં ઘણી ભૂલો જોઈ છે. "

૩૩૬૫. કેટલાં બધાં પાપો અને અપરાધ ગુન્હા કરતાં મને તેણે જોયો છે, અને (છતાં) ખુદા તેના માયાળુપણા અંગે મને સજા કરતો નથી.

૩૩૬૬. તેના જવાબમાં ખુદાએ શુઆબના કાનમાં ચોકખી રીતે ગૂઢાર્થ રીતે ખુદાએ કહ્યું.

૩૩૬૭. કહે છે (તેને કહો), તેં કહ્યું છે, મેં કેટલાં પાપો આચર્યાં અને (છતાં) ખુદાએ તેના માયાળુપણા અંગે મારા ગુનાહોની સજા કરી નથી.

૩૩૬૮. ઓ મૂર્ખ, તું તેનાથી ઊલટું અને ઊંધું જ કહે છે, ઓ તું કે જે રસ્તો ત્યજીને જંગલનો રસ્તો અખત્યાર કર્યો છે.

૩૩૬૯. કેટલી બધી વાર, કેટલી બધી વાર મેં તારો પીછો પકડયો છે અને તું તેવી અજાણ છો ! તું પગથી માથા સુધી સાંકળમાં બંધાએલો પડયો છે.

૩૩૭૦. ઓ કાળા ઘડા, તારી ધૂળ ઉપરની ધૂળે તારા દિલના ચહેરાને બગાડયો છે.

૩૩૭૧. માટી મૂકનારે તારા દિલનો કબજો લીધો છે કે જેથી (રૂહાની) ગૂઢાર્થો સમજવા આંધળુ બન્યું છે.

૩૩૭૨. જો પેલો ધુમાડો નવા ઘડાને લાગે તો ભલે તે જવ જેટલો હોય તો પણ તને તે દૃષ્ટિમાન થાય.

૩૩૭૩. કારણ કે દરેક ચીજ તેના વિરોધી થકી જાહેર થાય છે, સફેદ પદાર્થ પર કાળો ખ્યાતિ પામે છે.

૩૩૭૪. (પણ) જ્યારે ઘડો કાળો પડેલો છે, તો પછી તેના પર ધુમાડાની અસર કોણ ઓળખી શકશે?

૩૩૭૫. લુહાર કે જે નીગ્રો છે. (તો પછી) ધુમાડો તેના ચહેરાનાં રંગ જેવો જ છે.

૩૩૭૬. ગ્રીક કે જે લુહારનું કામ કરે છે, તેનો ચહેરો ધુમાડા અંગે કાળા ડાઘવાળો બને છે.

૩૩૭૭. તેટલા ખાતર તે તુર્ત જ પાપની અસર ઓળખી જશે, તેથી તે તુર્ત જ પશ્ચાતાપ કરી કહેશે " ઓ ખુદા. "

૩૩૭૮. (પણ) જ્યારે તે (પાપને) વળગી રહેશે. અને હલકું વર્તન કર્યા કરશે. અને અંતરની આંખમાં ધૂળ નાખશે.

૩૩૭૯. તો પછી તે વધુવાર પશ્ચાતાપ નહિ કરે, (પછી) પાપ તેના દિલમાં એવું મીઠું લાગશે કે (આખરમાં) તે 'ઈમાન' વગરનો બની જશે.

૩૩૮૦. પેલો પશ્ચાતાપ અને (આક્રંદ) "ઓ માલિક." તેનામાંથી જતાં રહેશે, તેના દિલની આરસી ઉપર પાંચ પડ ધૂળના જામી જશે.

૩૩૮૧. ધૂળના પડ તેની (લોઢાની) આરસીને ખાવું શરૂ કરશે, ધૂળે તેનો ચળકાટ ઘટાડવો શરૂ કર્યો છે.

૩૩૮૨. જ્યારે તમે સફેદ કાગળ ઉપર લખો ત્યારે તે લખાણ પેલી જ નજરે વાંચી શકાશે.

૩૩૮૩. જ્યારે લખાએલા ઉપર જ્યારે તમે એકાદ કટકામાં લખશો, તો તે સમજાશે નહિ, તેનું વાંચવું ભૂલ ભરેલું હશે.

૩૩૮૪. કારણ કે તે (બીજી) કાળાશ જે શરૂઆતમાં લખાઈ ગયેલું છે તેના પર પડયું. (તેથી) બંને લખાણ કઢંગા અને અર્થ વગરનાં છે.

૩૩૮૫. અને જો તમે તેના મથાળા પર ત્રીજીવાર લખશો. તો પછી તમે નાસ્તિકના આત્મા જેવો તેને કાળો બનાવશો.

૩૩૮૬. તો પછી તેને માટે કઈ મદદ કરી શકાઇ ? માત્ર (ખુદાં) મદદગાર પાસે પનાહ લેવાય નિરાશા એ જસત છે, અને તેનો અર્ક (ખુદાની) ભલી ઇચ્છા જ છે.

૩૩૮૭. તમારી નિરાશાઓ તેની આગળ મૂકો. કે જેથી તમે અસાધ્ય દર્દમાંથી રાહત પામો.

૩૩૮૮. જ્યારે શુયાબે આ ઊંડા વચનો કહ્યાં, તે રૂહના શ્વાસ થકી તેના દિલમાં ગુલાબો ખીલી ઊઠયા.

૩૩૮૯. તેના આત્માએ આકાશમાંથી દિવ્યસંદેશો સાંભળ્યો, તેણે કહ્યું, "જો તેમણે મને સજા કરી છે તો તેની નિશાની કયાં છે ?"

૩૩૯૦. તેણે (શુયાબે) બૂમ પાડી, "ઓ માલિક તે મને નકારે છે, તે પેલી સજાની નિશાનીઓ શોધે છે."

૩૩૯૧. તેણે (ખુદાએ) કહ્યું, "હું (પાપનો) ઢાંકપિછોડો કરનાર છું. હું તેની ગુપ્ત વાતે કહીશ નહિ. માત્ર એક જ તેના પ્રયત્ન ખાતર એંધાણી (હું આપીશ.)

૩૩૯૨. મારી સજાની એક નિશાની આ છે, (તેના જમા ખાતામાં) રોજાના પવિત્ર કાર્યો અને બંદગી છે.

૩૩૯૩. અને રોજીંદી પ્રાર્થનાઓ અને સખાવત છે પણ રૂહાની બક્ષિશનું એક અણુ પણ નથી.

૩૩૯૪. તે ભકિતનાં મહાન કામ અને કાર્યો બજાવે છે પણ રૂહાની લિજ્જતનું એક ટીપું પણ નથી.

નિરાશા = એ જસત છે.
અર્ક - ખુદાની = ભલી ઇચ્છા.

૩૩૯૫ તેના ભક્તિનાં કાર્યો (રૂપ) માં સારાં છે, પણ આત્મા સારો નથી. અખરોટ ઘણા છે. પણ તેમાં સત્વ નથી.

૩૩૯૬. રૂહાની બક્ષિસની જરૂર છે એટલા માટે કે ભક્તિનાં કાર્યો ફળ આપતાં થાય, છોતરાંની જરૂરત છે કે જેથી ગર્ભ ઝાડ ઉત્પન્ન કરે.

૩૩૯૭. છીલટા વગરનું કરમદું કેવી રીતે નાનો છોડ બને? આત્મા વગરનું રૂપ એ કલ્પના સિવાય કાંઈ નથી.

## અજાણ્યાનું રૂહાની પેશ્વાનું જૂઠું બોલવાની બાકી રહેલી વાત

૩૩૯૮. એક બદમાસ ગુંડો શેખ વિષે મૂર્ખાઇ ભરેલી વાતો કરતો હતો. ત્રાંસો (અદેખો) હંમેશાં ઊંધુ જ સમજતો હોય છે.

૩૩૯૯. (તેણે કહ્યું) " મે તેને (બદમાસોની) મંડળીમાં જોયો હતો, તે એક નગ્ન અને દયાને પાત્ર નથી

૩૪૦૦. અને જો તમે તેને કબૂલ નકરો, ઊભો થા, (અને જા.) આજે રાત્રે તારા મુરશીદની હલકાઈ ચોખી રીતે જોજે.

૩૪૦૧. રાત્રે તે તેને બારીએ લઈ ગયો, અને કહ્યું, " આંનંદ અને વ્યભિચારી ઇન્શાન જો.

૩૪૦૨. દિવસના આવો ઢોંગ જો અને રાત્રીના દુરાચારીપણું. દિવસના હ. મુસ્તફાની માફક (અને) રાત્રીના બુલહબની (માફક)

૩૪૦૩. દિવસના તેનું નામ અબ્દુલ્લાહ (ખુદાનો સેવક) બન્યું છે. રાત્રીના ખુદા તેનાથી બચાવે, અને જો, શરાબનો પ્યાલો તેના હાથમાં

૩૪૦૪. તે (મુરીદે) શેખના હાથમાં ભરેલો પ્યાલો જોયો. તેણે કહ્યું " ઓ મુરશિદ, તમારામાં પણ ગુમડું છે!

૩૪૦૫. તું નથી બોલતો પણ શરાબનો પ્યાલો બોલે છે, તારી ખરાબી અસુર જેવી છે.

૩૪૦૬. તેણે (શેખે કહ્યું. " તેઓએ મારો પ્યાલો એવો છલોછલ ભર્યો છે કે અફસોસ કરવાનું એક બી પણ સમાઇ શકે તેમ નથી.

૩૪૦૭. આવ જો અહીં એક રજકણ માટે પણ જગ્યા છે? છેતરામણા માણસે આ બાબત ખોટી રીતે સમજાવી છે,

૩૪૦૮. આ સ્પષ્ટ પ્યાલો નથી મુરશિદ કે જે અદૃશ્ય જુએ છે તેનાથી આ (આરોપો) દૂર છે

૩૪૦૯. ઓ મૂર્ખા, શરાબનો પ્યાલોએ શેખનો જીવ છે, તેની અંદર સેતાન પેસી શકેજ નહિ

૩૪૧૦. તે (રૂહાની પેશ્વા) સંપૂર્ણ છે અને ખુદાઈ નૂરથી ઝળકે છે, તેણે શારીરિક પ્યાલાને ભાંગી નાખ્યો છે. સંપૂર્ણ નૂર છે.

૩૪૧૧. જો ગંદકી ઉપર સૂર્યના પ્રકાશ પડે તો પણ તે તેજ પ્રકાશ છે, તેને કાંઈ ભ્રષ્ટતા સહન કરવી પડતી નથી.

૩૪૧૨. શેખે કહ્યું, "ખરેખર આ પ્યાલો નથી કે નથી શરાબ ઓ બેઈમાન," નીચે આવ અને જો.

૩૪૧૩. તે આવ્યો અને જોયું કે તે સરસ મધ હતું પેલો કંગાળ (ખુદાનો) દુશ્મન (શરમથી) આંધળો બન્યો.

૩૪૧૪. ત્યારે તે મુરશિદે પોતાના મુરીદને કહ્યું, ઓ ઉમદા માણસ જા મારા માટે શરાબ શોધી કાઢ.

૩૪૧૫. કારણ કે મને દર્દ થાય છે, જરૂરિયાત અંગે લાચાર બન્યો છું. દર્દના અંગે મારૂં જઠર સાવ ખાલી છે.

૩૪૧૬. સખ્ત જરૂરિયાત પ્રસંગે મુરદાળ માંસ (હલાલ છે.) આ (હુકમનો) ભંગ કરનારના માથા ઉપર ધૂળની માફક મારો શ્રાપ પડશે."

૩૪૧૭. મુરીદ શરાબ રાખવાના ભોંયરામાં ગયો. શેખના માટે દરેક બરણીમાં તપાસ કરતો ગયો.

૩૪૧૮. દરેક ભોંયરામાં ગયો છતાં કયાંઈ શરાબ નજરે ન આવ્યો, શરાબની બધી બરણી ઓ મધથી ભરાએલી હતી.

૩૪૧૯. તેણે કહ્યું, "ઓ શરાબીઓ આ કઈ જાતની હાલત છે કે કોઈ પણ બરણીમાં મને શરાબ જડતો નથી.

૩૪૨૦. દરેક શરાબી શેખ પાસે પોતાના હાથ પોતાના માથા પર મારતા આવ્યા.

૩૪૨૧. (તેઓએ કહ્યું,) "તમો અવકાશમાંથી આવ્યા છો. ઓ ખૂબજ માનવંત શેખ. તમારા માનવંત પગલાંથી બધા શરાબો મધમાં ફેરવાઈ ગયા છે

૩૪૨૨. તમે શરાબને ગંદકીમાંથી ફેરવી નાખ્યું છે અમારા આત્માઓને પણ ખરાબીમાંથી બદલી નાખો."

૩૪૨૩. જો (આખી) દુનિયા છેડા સુધી લોહીથી ભરાઈ જાય. તો પણ ખુદાઈ દાસ હલાલ સિવાય કંઈજ નહિ પીએ.

## હ. આયશાનું હ. નબી મહમ્મદ મુસ્તફા (ર.સ.અ.) ને કહેવું, "તમો મુસલ્લા વગર ગમે ત્યાં નમાઝ પડો છો," તે વિષે

૩૪૨૪. એક દિવસ હ. આયશાએ હ. પયગમ્બરને કહ્યું, "આ જાહેરી અને બાતૂની ખુદાના પયગમ્બર.

૩૪૨૫. તમો નમાઝ જ્યાં પણ તમોને માફક આવે ત્યાં ગુજારો છો એવી (જગ્યાએ) કે જ્યાં ગંદા અને હલકા લોકો ઘરમાં આમતેમ દોડતા હોય છે.

૩૪૨૬. ચુવોનો બચ્ચાઓ અને અશકતો ગંદા પગે આવજાવ કરતા હોય છે,



સખત જરૂરિયાત પ્રસંગે - મુરદાર ગોસ
હલાલ છે.

૩૪૨૭. હ પયગમ્બરે જવાબ આપ્યો, "જાણ કે ખુદા ( રૂહાની રીતે ) મોટા માટે અપવિત્ર ચીજને પવિત્ર બનાવે છે.

૩૪૨૮. તે કારણ અંગે ખુદાની રહેમત નમાઝ પડવાથી મારી આસપાસ તે જગ્યા પવિત્ર બનાવે છે.

૩૪૨૯. ખબરદાર થા, હોંશિયાર રહેજે, (રૂહાની) રાજાઓની અદેખાઈ માં થી દૂર રહેજે નહિતર તું દુનિયામાં સેતાન બની જઈશ.

૩૪૩૦. કારણ કે જો તે ઝેર પીએ છે, તો તે મધમાં ફેરવાઇ જાય છે, (પણ) જો તમે મધ ખાશો, (તે તમારા માટે) ઝેર છે.

૩૪૩૧. કારણ કે તે પોતે બદલાઈ ગયા છે, તેના કાર્યો બદલાઇ ગયાં છે, તે ખુદાની દયા બની ગયેલ છે, અને તેની અંદરનો દરેક અગ્નિ રોશની બની ગયેલ છે.

૩૪૩૨. "અબાબીલ" ને (તેમનામાં) ખુદાઈ શક્તિ છે નહિતર એક પંખી હાથી ને કેમ મારી શકે?

૩૪૩૩. એક નાના પંખીના ટોળાએ આખા લશ્કરને ભાંગી નાખ્યું, કે જેથી તું જાણે કે શક્તિ ખુદામાંથી જ છે.

૩૪૩૪. જો તારામાં આવો આવેગ આવે તો જા, અને હાથીના કબજો ધરાવનારાને લગતી સુરા વાંચ.

૩૪૩૫. અરે જો તું (રૂહાની પેશ્વા) સાથે લડવું છે અને દુશ્મની કરવી છે તો પછી જો તારું માથું સલામત રહેતો મને નાસ્તિક સમજજે.

## ઉંદરનું ઊંટના નાકની દોરી ખેંચવી અને મગરૂર બનવા વિશે

૩૪૩૬. એક નાના ઉંદરે પોતાના આગલા પગોમાં ઊંટને દોરવાંના દોરડાને પકડયું અને સ્પર્ધામાં (તેની સાથે) રવાના થયો.

૩૪૩૭. તૈયારીના કારણે ઊંટ તેની સાથે ચાલી નીકળ્યો, ઉંદર પોતાને બહાદુર ધારીને ઠગાતો હતો.

૩૪૩૮. તેના વિચારના કિરણો ઊંટને અથડાયાં, તે (ઊંટે મનમાં) કહ્યું, હુ તને બતાવીશ, (હમણાં તો) આનંદ કર

૩૪૩૯. (બધું સારું થયું) ત્યાં સુધી કે (ઉંદર) એક મોટી નદીના કિનારે આવ્યો, કે તેમાં કોઇ સિંહ કે વરૂ (પણ) અશક્ત બનત.

૩૪૪૦. ઉંદર ત્યાં અટક્યો અને સૂકો બન્યો, ઊંટે કહ્યું, "ઓ મારા સાથી, ટેકરી અને મેદાનમાં,

• રૂહાની રીતે મોટા માટે અપવિત્ર ચીજ પણ પવિત્ર બનાવે છે

૩૪૪૧. આમ તું કેમ થોભી ગયો? તમો શા માટે નિરાશ થયા છો? માણસની માફક આગળવધો, નદીમાં કૂદી પડો.

૩૪૪૨. તમો મને દોરવનાર અને આગેવાન બન્યા છોઃ અધરસ્તે ઊભા ન રહો અને લકવા થયેલા ન બનો.

૩૪૪૩. તે (ઉંદર) કહ્યું, "આ મોટી અને ઊંડી નદી છે, ઓ દોસ્ત, મને ડૂબી જવાનો ભય છે."

૩૪૪૪. ઊંટે કહ્યું, "મને પાણીની ઊંડાઈ માપવા દે, અને તેણે તુર્તજ પોતાનો પગ તેમાં મૂક્યો.

૩૪૪૫. તેણે કહ્યું, "પાણીતો માત્ર ઘૂંટણ સુધી છે, ઓ આંધળા ઉંદર, શા માટે તું નિરાશ થયો છે અને તેં તારું મગજ ગુમાવ્યું છે?"

૩૪૪૬. તે (ઉંદરે) જવાબ આપ્યો, "તે તને કીડી (જેવું) લાગે છે પણ મારા માટે અજગર છે, કારણ કે એક ઘૂંટણ અને બીજાના (ઘૂંટણ) વચ્ચે તફાવત છે.

૩૪૪૭. ઓ અત્યુત્તમ, જો કે તે માત્ર તારી ઘૂંટણ સુધી છે તો પણ મારા માથાના મુગટથી સોગણો ઊંચો છે."

૩૪૪૮. તે (ઊંટે) કહ્યું, "બીજી વાર આવા અહંકાર થી ન વર્તતો, રખેને આ તણખા તારા શરીર અને રૂહને કચરી નાખે."

૩૪૪૯. તારા જેવા ઉંદર સાથે હરીફાઈ કર, ઉંદરને ઊંટની સાથે કાંઈ કહેવાનું નથી (સંબંધ નથી).

૩૪૫૦. તેણે (ઉંદરે) કહ્યું, "હું પશ્ચાતાપ કરું છું ખુદાની ખાતર આ ભયંકર પાણીની પેલીપાર લઈજા."

૩૪૫૧. ઉંટને દયા આવી, તેણે કહ્યું, "સાંભળ, કુદકો માર અને મારી પીઠ પર બેસીજા.

૩૪૫૨. આ રસ્તો મારા માટે ખાત્રીપૂર્વક સહીસલામત છે હું આવી લાખો (નદી ઓથી) પસાર થાઉં છુ."

૩૪૫૩. જો તું પયગમ્બર નથી તો (પયગમ્બરો એ બતાવેલા) રસ્તા પર ચાલ, કે જેથી એક દિવસે (ખુદાના) ખાડા માંથી (રૂહાનિયત) જગ્યા અને શકિતમાં આવો.

૩૪૫૪. જો તું બાદશાહ નથી તો ખંડિયો બને જ્યાંસુધીતું વહાણવટી નથી ત્યાંસુધી તારી મેળે (વહાણુ) ચલાવ નહિ.

૩૪૫૫. જ્યાંસુધી (રૂહાની રીતે) સંપૂર્ણ નથી (તારા) એકલાપણે દુકાન ચલાવ નહિ. હાથમાં વળી શકે તેવો બન, એટલા માટે કે તમો છીડી દીધેલા બનો.

૩૪૫૬. (ખુદાઈ હુકમ ને) કાન દે "ચૂપ રહો" મૂગો બન જ્યારે કે તું ખુદાની જીભ નવી બન્યો, કાન બન.

૩૪૫૭. અને જો તમે બોલો, સમજાવવા અરજ કરવાની રીતે બોલો, (રૂહાની) શાહેનશાહો પાસે હલકા ભિખારીની રીતે બોલો.

૩૪૫૮. (દુનિયાની) વાસનામાં અહંકાર અને ધિક્કાર શરૂ થાય છે. અને તારી વાસનાનું મૂળ એ ટેવમાથી શરૂ થાય છે.

૩૪૫૯. જ્યારે ખરાબ સ્વભાવ ટેવ થકી સ્વીકારીએ તો બને છે ત્યારે તમે અમારાથી વિરુદ્ધના ઉપર ગુસ્સો કરો છો.

૩૪૬૦. ત્યારબાદ તમે મારીખાનારા બનો છો અને જે કોઈ તમારી માફક માટી ખાવાથી દૂર હોય તે તમારો દુશ્મન બને છે.

૩૪૬૧. જ્યારે કે મૂર્તિપૂજકો મૂર્તિથી ટેવાએલા છે અને મૂર્તિઓને રોકનારાના તેઓ દુશ્મન બને છે.

૩૪૬૨. જ્યારે કે ઈબ્લીસ આગેવાન બનવા ટેવાએલો હતો, તેણે હ. આદમ તરફ અવિશ્વાસે જોયું.

૩૪૬૩. એમ કહીને કે, મારાથી વધુ સત્તાવાન આગેવાન બીજો છે? કે જેથી તે મારી માફક પૂજાય?

૩૪૬૪. આગેવાની ઝેર છે. તે આત્મા સિવાય કે જે શરૂઆતથી (તેનામાં) ઝેરની ખામી છે.

૩૪૬૫. જો પર્વત સર્પથી ભરેલો છે તો પણ ફિકર નહિ કારણ કે તે ઝેરની વિરોધક ખાણ છે,

૩૪૬૬. જ્યારે આગેવાની તારા મગજનાં દિલ દોસ્ત બને, ત્યારે જે કોઈ તારો વિરોધ કરે તે તારો અસલી હરીફ બને છે.

૩૪૬૭. જે કોઈપણ તારા સ્વભાવથી ઊલટું કરે છે ત્યારે તારામાં તેની વિરુદ્ધ વિકારની અગણિત લાગણી જન્મે છે.

૩૪૬૮. (તમે કહેશો) તે સારા સ્વભાવમાંથી મને ચીરી રહ્યો છે, તે પોતાનો અનુયાયી અને વિદ્યાર્થી બનાવવા માગે છે.

૩૪૬૯. જ્યાં સુધી કે ખરાબ સ્વભાવનાં મૂળ બહુ ઊંડા ન હોય ત્યાં સુધી (ગુસ્સાનો) અગ્નિ વિરોધ થતાં ખૂબ જ સળગી કેમ ઊઠે?

૩૪૭૦. તે કદાચ દેખાયની ભલમનસાઇ વિરોધી તરફ બતાવે. તે કદાચ દિલમાં પોતાને જગા બનાવે.

૩૪૭૧. (પણ ખરેખર તે તેને ધિક્કારે છે) કારણ કે ખરાબ સ્વભાવ ખૂબ જ હળી ગયો છે, (દુનિયાથી) વાસનાની કીડી ટેવ થકી સર્પ જેવી બની છે.

૩૪૭૨. શરૂઆતથી જ વાસનાને સર્પને મારી નાખ, નહિતર જો જે તારો સર્પ અજગર બને છે.

આગેવાની => ઝેર છે. (આત્મા સિવાય).
વાસના ના સર્પને મારી નાખ. નહિતર સર્પ અજગર બને છે
૬૨૩ પાનાના અજગરને કીડી [illegible]

૩૪૭૩. પણ દરેક જણ તેના પોતાના અજગરને કીડી જુએ છે, તો પછી તેના થકી કે જે દિલનો માલિક છે તેની પાસેથી તારા પોતાનું સંશોધન કર,

૩૪૭૪. જ્યાં સુધી કે જસત સોનું બને છે, તે પોતે જસત છે તે જાણતું હોતું નથી. જ્યાં સુધી કે દિલ બાદશાહ બને છે, ત્યાં સુધી તે એક નાદાર છે તે જાણતું નથી હોતું.

૩૪૭૫. કીપરની માફક અર્કની તહેનાતમાં રહે એ દિલ, જે મફત દિલને પકડી રાખે છે, તેનું દબાણ સહન કર.

૩૪૭૬. જે મફતમાં દિલ પકડી રાખે છે તે કોણ છે? સારી રીતે જાણ કે જે દિવસ અને રાતની માફક દુનિયાથી સંકોચાઈ છે.

૩૪૭૭. ખુદાઈ, બન્દાથી ભૂલ શોધતો નહિ, બાદશાહને ચોર હોવાની શંકા ન કરતો.

## દરવીશનો મોજીજો કે જેના પર ચોરીનું તહોમત વહાણમાં મૂકવામાં આવ્યું હતું.

૩૪૭૮. એક દરવેશ વહાણમાં હતો તેણે દરવેશી ગુણોના મામલાંથી તકિયો બનાવ્યો હતો.

૩૪૭૯. એક સોનાની કોથળી ખોવાઈ હતી. (તે વખતે) તે સૂતો હતો, તેઓએ (વહાણમાં-ના બધાંની) તપાસ કરી, અને તેને પણ જાહેરમાં લાવ્યા.

૩૪૮૦. કહે, "ચાલો, આ સૂતા ભિક્ષુકને તપાસીએ (તેથી) પૈસાના માલિકે દિલગીરી સહિત તેને ઊઠાડયો."

૩૪૮૧. તેણે કહ્યું, "આ વહાણમાં એક કીંમતી કોથળી ગૂમ થઈ છે. અમોએ તમામને તપાસ્યા છે, તમે પણ (તપાસમાંથી) છટકી શકો નહિ.

૩૪૮૨. તમારો દરવેશ તે ઝબ્બો ઉતારી નાખો. તમારા ઉપરથી લોકોનો વહેમ ચોકખો થાય તે માટે કપડાં ઉતારો."

૩૪૮૩. તે બૂમ પાડી કહે, "ઓ માલિક, આ જંગલી દુષ્ટોએ તારા ગુલામની વિરુદ્ધ તહોમત મૂક્યું છે, તારું હુકમનામું બજાવ."

૩૪૮૪. પેલા (વહેમ) થકી જ્યાં દરવેશનું દિલ દુઃખ પામ્યું, કે તુર્તજ દરેક દિશાએ તેઓએ પોતાના માથાં ઉંચક્યાં.

૩૪૮૫. ઊંડા સમુદ્રમાંથી લાખો મચ્છીઓ, અને દરેકના મોંઢામાં સાચા મોતી (હતાં)

૩૪૮૬. પૂરા સમુદ્રમાંથી અગણિત મચ્છીઓ દરેકના મોંમાં મોતી. અને કેવાં ભવ્ય મોતી!

૩૪૮૭. દરેક મોતી રાજની આવક (જેટલાં કીમતી) તેઓએ (તેને) કહ્યું, "આ ખુદા તરફથી છે (ખુદા સિવાય) બીજા સાથે તેઓનો સંબંધ નથી."



ખુદા સિવાય – સબંધ નહિ

૩૪૮૮. તેણે વહાણમાં મોતીનો જથ્થો ઠલવ્યો, અને (ઊંચે) કૂદ્યો, તેણે હવામાં પોતાની બેઠક કરી અને (ત્યાં) બેઠો.

૩૪૮૯. બાદશાહો પોતાના તખ્ત પર બેસે તેમ આરામથી (બેસી) તે સૌથી ઊંચે બિંદુએ, અને વહાણ તેની આગળ.

૩૪૯૦. તેણે કહ્યું, જાઓ, "તમારા વહાણને સંભાળો, હું ખુદાને (સંભાળું) કે જેથી ભિખારડો ચોર તમારી સાથે રહે નહિ.

૩૪૯૧. ચાલો આ જુદાઈથી કોણ નુકશાની ખમશે તે જોઈએ, ખુદાઈ (મિલનના) અંગે હું ખુશીમાં છું. અને તેના પેદા કરેલા જીવોથી એકાંતિક.

૩૪૯૨. તે મને ચોરીનો ગુનેગાર નથી સમજતો તે જણાવનારને હવાલે મને કરશે નહિ."

૩૪૯૩. વહાણના લોકો બૂમ પાડી ઊઠયાં, "ઓ ઉમદા નાયક, તમોને આવો ઊંચો દરજ્જો ક્યાંથી મળ્યો ?"

૩૪૯૪. તેણે જવાબ દીધો, (જેમ તમોએ કર્યું તેમ) દરવીશો "ઉપર તહોમતો નાખવાં અને અપંગ ચીજો માટે ખુદાનો ગુન્હો કરવો."

૩૪૯૫. ખુદાએ મનાઈ કરી! નહિ, (તે) રૂહાની) બાદશાહો તરફ માન આપવા અંગે જ હતું. જેવી રીતે હું દરવેશો તરફ ખરાબ વિચારો ધરાવતો નથી.

૩૪૯૬. પેલા માનવંતા દરવેશો, (પવિત્ર રૂહાની) મધુર શ્વાસાવાળા, કે જેઓના શોભાયમાન અંગે "અબાસા" ઉતારવામાં આવી.

૩૪૯૭. તે દરવેશીપણું (દુનિયાની) તકલીફોથી ભાગવા ખાતર હોતું નથી. "નહિ." (તે) ખુદા સિવાય બીજું કાંટા હસ્તીમાં નથી તે માટે છે.

૩૪૯૮. હું તેઓ ઉપર કેમ વહેમ લાવું કે જેઓને ખુદાએ સાતેય આસમાનોનો ખજાનો આપેલો છે.

૩૪૯૯. નફસે અમારા શકમંદ છે, નહિ કે પ્રકાશિત સમજ, સમજણો શંકાશીલ છે, નહિ કે પ્રકાશિત "કુર"

૩૫૦૦. નફસે અમારા વિતંડાવાદી છે. તેને ચાલુ માર્યા કર, તેને મારવામાં મજા છે, નહિ કે તેની સાથે વાદવિવાદ કરવો.

૩૫૦૧. તે મોજીજો જુએ છે, અને એકાદ પળ માટે તે ચળકે છે (પણ) ત્યારબાદ તે કહે છેકે તે તો માત્ર કલ્પના હતી.

૩૫૦૨. કારણકે જો તે અદ્‌ભુત દૃષ્ટિ સાચી હતી તો પતેછી તે આંખમાં રાત અને દિવસ ચાલું રહેવી જોઈએ.

૩૫૦૩. તે પવિત્રોની આંખમાં ચાલુ હોય છે પણ તે જાનાવરો (વાસનામય ઈન્સાનો)ની આંખનો શિકાર કરતી નથી.

નફસે અમારા = શંકમંદ, શંકાશીલ

૩૫૦૪. કારણકે મોજીઝ શરમાય છે અને આ શારીરિક સમજણોને ધિક્કારે છે. મોરને એક સાંકડા ખાડામાં કેવી રીતે (રખાય) ?

૩૫૦૫. મને વાતોડિયા તરીકે બોલાવતા નહિ હું સોમાં (માત્ર) એક જ કહું છું. અને તે (એક પણ) વાળની માફક.

## કેટલાક સૂફીઓનું અમુક સૂફીને ગાળો દેવી એમ કહીને કે ફકાની સાહબરની હજૂરમાં વધુ પડતાં બોલ્યો છે

૩૫૦૬. કેટલાક સૂફીઓએ અમુક દરવેશને ગાળો આપી અને મઠના શેખ પાસે આવ્યા.

૩૫૦૭. અને શેખને કહ્યું, "ઓ માર્ગદર્શક, આ સૂફીમાંથી અમારા આત્માઓ માટે ઇન્સાફ માગો."

૩૫૦૮. તેણે કહ્યું, "શા માટે, ઓ સૂફીઓ, શી ફરિયાદ છે ?" તેણે જવાબ આપ્યો, "આ સૂફીને પીડા કરતી ત્રણ ટેવો છે.

૩૫૦૯. વાણીમાં તે ઘંટની માફક વાતોડિયો છે ખાવામાં તે વીસ માણસોથી વધુ ખાય છે.

૩૫૧૦. અને જો તે સૂએ છે, તો તે ગુફાના માણસો જેવો છે," આમ સૂફી લોકોએ શેખ પાસે પેલા (શેખ) વિરુદ્ધ લડાઇ જાહેર કરી.

૩૫૧૧. શેખે પોતાનો ચહેરો દરવોશો તરફ ફેરવ્યો અને કહ્યું, "જે પણ દાવો હસ્તી ધરાવે તેમાં વચલો રસ્તો લ્યો."

૩૫૧૨. (કહેવામાં આવ્યું છે કે) (હદીસમાં) કે ઉત્તમ વસ્તુઓ મધ્યમાર્ગી છે. (ચાર) વલણોં સમતોલપણા અંગે ફાયદાકારક છે.

૩૫૧૩. જો આકસ્મિક એક વલણ વધારે પડતી બને, મનુષ્ય શરીરમાં બિમારી દેખાય છે.

૩૫૧૪. તારા સાથીદારો કોઈ પણ રીતે વધુ પડતા ન બનો કારણ કે અંતમાં તેનું પરિણામ વિખૂટા થવાનું આવશે.

૩૫૧૫. હ. મૂસાની વાણી માપસરની હતી. પણ તેમ છતાં તેના ભલા દોસ્ત (બાબતમાં) તે શબ્દો વધુ પડતા હતા.

૩૫૧૬. તે વધારે પડતું તેનું હ. ખિઝરની વિરુદ્ધાઈમાં પરિણમ્યું અને તેણે (હ. ખિઝરે) કહ્યું, "જાઓ, તું વધુ પડતી વાતો કરનારાઓમાંનો એક છો. આ આપણી જુદાઈ છે."

૩૫૧૭. ઓ (તમો તેની માફકના) મૂસાઓ, તું વધુ પડતો વાતોડિયો છે. દૂર રહો, અથવા નહિતર માથાથી મૂંગા અને આંધળા બનો.

શેખ. દરવેશ સુફીઓની ફરીયાદ.

(1) - વાણી - ઘંટની માફક વાતોડીયા
(2) ખાવામાં - 20 માણસોથી વધુ
(3) - સૂવે તો → ગુફાના માણસો જેવો
વચલો રસ્તો લ્યો

૩૫૧૮. અને જો તમે જાઓ નહિ. અને આમ છતાં તમો બાજુમાં બેઠા રહેશો, તમો બાજુમાં બેઠા રહેશો, તમો હકીકતમાં મારાથી જુદા થયા છો.

૩૫૧૯. જ્યારે ઓચિંતા રોજીંદી પ્રાર્થનામાં અપવિત્રતાનું કાર્ય કરો છો, તે (પ્રાર્થના કહે છે) "જાઓ, જલ્દીથી જઈ પવિત્ર થઈ આપો."

૩૫૨૦. અને જો તમે જાઓ નહિ, તમો નકામી હલચલ કરો છો, ખરેખર તમારી પ્રાર્થના ગુમાવાઇ છે. બેસી જાઓ, એ ઊંધી રીતે દોરવાએલા.

૩૫૨૧. તમારા સહકાર્યકરો પાસે જાઓ, કે જેઓ તમારી હકીકત સાથે મળેલા છે અને તેના માટે ઇંતેજાર છે.

૩૫૨૨. તે કે જે ચોકી કરે છે તે ઝોકાં ખાનારથી વધુ સારો છે. (રૂહાની) મચ્છીને ચોકી કરનારની જરૂરત હોતી નથી.

૩૫૨૩. તેઓ કે જેઓ કપડાં પહેરે તેઓ ધોબી તરફ નજર રાખતા હોય છે. (પણ) નગ્નનો આત્મા શણગાર (દૈવી) પ્રકાશ છે.

૩૫૨૪. કાંતો નગ્ન પાસેથી એક બાજુ પાછો ફર અથવા તેઓની માફક શારીરિક વસ્ત્રોથી પર થઇ જા.

૩૫૨૫. અથવા જો તમે સંપૂર્ણ રીતે નગ્ન ન બની શકો, તમારા વસ્ત્રો ઓછાં બનાવો કે જેથી તમે મધ્યમ માર્ગ અપનાવ્યો ગણાય.

## દરવેશની શેખ પાસે પોતા માટે માફી માગવી

૩૫૨૬. પછી દરવેશે મુકદમો કયાં ઊભો છે તે શેખને કહ્યું. અને તે બંધન બજાવવા વિનંતી કરી.

૩૫૨૭. તેણે શેખના સવાલોના જવાબ હ. ખિઝરની માફક સારા અને સાચા આપ્યા.

૩૫૨૮. માલિકને પૂરી રીતે જાણનાર હ. ખિઝર કે જેઓએ હ. મૂસાના સવાલોના જવાબ આપ્યા હતા તેમ આપ્યા.

૩૫૨૯. (કે જેથી) તેની મુશ્કેલીઓનો નિકાલ થયો, અને તેણે (હ. ખિઝરે) તેને (હ. મૂસાને) વગર બોલ્યે (સમજાય) તેવી દરેક સવાલની કૂંચી આપી.

૩૫૩૦. પેલા દરવેશને (પણ) હ. ખિઝરનો (રૂહાની) વારસો હતો. તેણે શેખના જવાબો આપવા કમર કસી.

૩૫૩૧. તેણે કહ્યું, "જોકે મધ્યમ માર્ગ એ ડહાપણનો (રસ્તો) તે, છતાં મધ્યમમાર્ગે પણ લાગતો વળગતો છે.

૩૫૩૨. ઊંટને લાગેવળગે છે, તેમ પાણીનો ઝરો નાનો છે. પણ એક ઉંદરને તે સમુદ્ર જેવો છે.

(બાજુમાં બેઠા - હકીકતમાં મારાથી જુદા થયા છો)

મધ્યમ → મર્યાદિત ને લાગુ પડે છે.
મર્યાદિતને - શરૂઆત અને અંત હોય છે.

માર્ગને - મર્યાદા નથી
શરૂઆત - અંત ?

૩૫૩૩. જો કોઇને ચાર રોટલા ખાઈ જવાની ભૂખ હોય અને તે બે કે ત્રણ ખાય તો તે મધ્યમ માર્ગ છે.

૩૫૩૪. પણ જો તે બધા ચારેય ખાય, તો તે મધ્યમમાર્ગથી દૂર છે. બતકની માફક કંજૂસાઇમાં બંધાએલો છે.

૩૫૩૫. જો કોઈને દસ રોટલાની ભૂખ છે અને છ ખાય છે તો જાણુ કે તે મધ્યમ માર્ગ છે.

૩૫૩૬. જ્યારે મને પચાસ રોટલાની ભૂખ છે. તમને ( માત્ર ) છ જ' ત્યારે આપણે સરખા નથી.

૩૫૩૭. તમે દસ રકાત (નમાઝથી) થાકી જશો હું પાંચસો (રકાતે) નબળો નહિ પડું.

૩૫૩૮. એક માણુસ ખુલ્લા પગે ( આખે રસ્તે )કાબાતુલ્લાહ જાય છે અને એક તેના સાથી મસ્જિદ જેટલે દૂર ( જવામાં ત્રાસી જાય છે )

૩૫૩૯. એક પોતાની આખી જિંદગી બંદગીમાં અર્પણ કરે છે અને એક રોટલો આપવામાં દુ:ખ અનુભવે છે.

૩૫૪૦. આ મધ્યમ મર્યાદિતને લાગુ પડે છે, કારણુ કે પેલા ( મર્યાદીતને શરૂઆત અને અંત છે.

૩૫૪૧. શરૂઆત અને અંત જરૂરી છે એટલા માટે કે હજાવો અથવા મધ્યમમાર્ગ બન્નેની વચ્ચેનો અટકળોની અંદર વિચારાય.

૩૫૪૨. તેવી રીતે જેમ અનંતને આ બે મર્યાદા ઓ નથી. તેને મધ્યમમાર્ગ કેવી રીતે લાગુ પાડી શકાય ?

૩૫૪૩. શરૂઆત અને અંત કોઈને પણુ બનાવાયો નથી તેણે (ખુદાએ) કહ્યું, જો સમુદ્ર તેને માટે શાહી બને.

૩૫૪૪. જો સાતેય સમુદ્રો સંપૂર્ણ રીતે શાહી બની જાય, ( છતાં પણુ ) તેના અંતની કોઈ આશા નથી.

૩૫૪૫. જો બગીચાઓ અને જંગલો એક સાથેની કલમ બની જાય, છતાં કદીપણુ આ શબ્દો ( પૂરા થવામાં ) ઘટ આવે નહિ.

૩૫૪૬. પેલી બધી શાહી અને (પેલી બધી ) કલમો પસાર થશે અને આ સંખ્યા વગરનો શબ્દ કાયમ રહેનાર છે.

૩૫૪૭. વખતોવખ્ત મારી હાલત ઊંઘ લાવે છે ઊંઘો દોરવાએલો માણુસ એમ ધારે કે તે ઊંઘ છે.

૩૫૪૮. જાણુ કે મારી આંખો સૂતેલી છે, ( પણુ ) મારું દિલ જાગૃત છે કાર્ય ન કરતું રૂપ ( હકીકતમાં ) કાર્યમાં હોય છે.



મારી આંખો સૂતેલી- દિલ- જાગૃત.

૩૫૪૯. હ. પયગમ્બર સાહેબે કહ્યું છે, "મારી આંખો ઊંઘે છે, મારું દિલ જીવના પેદા કરનાર માલિકથી ઊંઘતું નથી."

૩૫૫૦. તમારી આંખો જાગૃત છે, અને તમારું દિલ ઝોકામાં ડૂબી ગયું છે, તમારી આંખો ઊંઘમાં છે (પણ) મારું દિલ (ખુદાઈ દયા) ખોલતા દરવાજામાં છે.

૩૫૫૧. મારા દિલને (શારીરિક સિવાયની) પાંચ ઇંદ્રિયો છે. બન્ને દુનિયા મારા દિલની સમજણની વ્યાસપીઠ છે.

૩૫૫૨. તમારી અચોકસતામાં મારી ગણત્રી ન કરો. તમને તે રાત છે તે જ રાત્રી મારા માટે ઊગતું પ્રભાત છે.

૩૫૫૩. તમોને તે જેલ લાગે છે તે જ જેલ મને બગીચા જેવી લાગે છે. મારા માટે કાર્ય કરવાની ઉત્તમ હાલત મારી સ્વતંત્રતા છે

૩૫૫૪. તમારા પગ કાદવમાં છે, મારા માટે કાદવ ગુલાબ બન્યો છે. તમે વિલાપ કરો છો હું ઉજવણી કરું છું અને નગારાં (વગાડું છું.)

૩૫૫૫. (જ્યારે હું પૃથ્વી ઉપર કોઈ જગ્યા એ તમારી સાથે રહેતો હોઉં છું ત્યારે શનિ ની માફક વાતમા અવકાશમાં ના રસ્તે ફરું છું.

૩૫૫૬. તારી બાજુમાં બેઠો છે તે હું નથી. તે મારો પડછાયો છે, મારો દરજ્જો મારા વિચારો પહોંચે તે કરતાં વધુ મોટો છે.

૩૫૫૭. કારણકે હું તમામ વિચારોથી પસાર થઈ ગયો છું. અને વિચારોના (પ્રદેશની) બહારનો ઝડપી મુસાફર બન્યો છું.

૩૫૫૮. હું વિચારોનો રાજા છું. (તેનાથી) દબાએલો નથી. કારણકે મકાન બાંધનાર મકાનનો રાજકર્તા છે.

૩૫૫૯. તમામ ખલ્કત વિચારોને તાબે છે, તે કારણથી તેઓ દિલમાં મૂંઝાએલા અને દિલગીરીમાં ગરકાવ હોય છે.

૩૫૬૦. હું ઈરાદાપૂર્વક મારા વિચારોને તાબે થાઉં છું. (પણ) જ્યારે હું ઇચ્છીશ ત્યારે તેઓ વચ્ચેથી બહાર કૂદી પડીશ.

૩૫૬૧. હું સૌથી ઊંચા મધ્યબિંદુનું પક્ષી છું. વિચાર એ ડાંસ છે. ડાંસને મારા પર સત્તા કેમ હોઈ શકે?

૩૫૬૨. ઈરાદાપૂર્વક ઊંચા મધ્યબિંદુથી નીચે આવું છું. કે જેથી નીચા દરજ્જાવાળા મારા દરજ્જે પહોંચે.

૩૫૬૩ જ્યારે આ નીચી દુનિયાના કાર્યોને કંટાળો મને ઉત્પન્ન થાય છે હું પક્ષીઓ કે કે જેઓ તેઓનાં પીંછા પ્રસારે તેમ હું ઊંચે ઊડું છું.

દુનિયા - વિચારોને તાબે તે
દિલમાં મુંઝાએલા, દિલગીરીમાં ગરકાવ છે
હું - વિચારોથી પસાર - વિચારોના પ્રદેશની બહાર
નો મુસાફર.

૩૫૬૪. મારી પાંખો મારા પોતાના સત્વમાંથી ઊગી છે, હું મારી બન્ને પાંખો સરેશથી ચોંટાડતો નથી.

૩૫૬૫. "જઅફરે તૈયાર"ની પાંખો કાયમી છે, "જાફરે ત્તૈયાર"ની પાંખો ઉછીની લીધેલી છે. (ખોટી કામચલાઉ)

૩૫૬૬. જેમણે (તે) અનુભવ લીધો નથી તેની દૃષ્ટિમાં આ (માત્ર) ઢોંગ છે, (રૂહાની) ક્ષિતિજના રહેવાસીઓની દૃષ્ટિમાં તે હકીકત છે.

૩૫૬૭. કાગડાની આંખોમાં આ પતરાજી અને ઢોંગ છે માગીને ખાલી ઘડો કે ભરેલો ઘડો સરખોજ છે.

૩૫૬૮. જ્યારે તારી અંદર ખાધેલો ખોરાક મોતીઓમાં (બદલાય) જ્યારે અટકતો નહિ. જેટલું બને તેટલું ખાવા માંડ.

૩૫૬૯. એક દિવસ એક શૈખે (આ) વિચારો નકારવાની ખાતર એક બેશનમાં ઊલટી કરી, એક બેશન મોતીઓથી ભરાઈ ગયું.

૩૫૭૦. (ભૂંડું બોલનાર) ઇન્સાનની ટુંકી સમજણના હિસાબે અદશ્યદર્શક કામિલ મુરશિદે બુદ્ધિગમ્ય જવાહીરોથી (તેઓને) સમજણ વિહીન બનાવ્યા.

૩૫૭૧. જ્યારે પવિત્ર (કાયદાસરનો ખોરાક) તારા જઠરમાં ગંદકીમાં ફેરવાઈ જાય ત્યારે તારી પેટીને તાળું મારીદે અને ચાવીને સંતાડી દે.

૩૫૭૨. (પણ) જેનામાં ખાધેલો ખોરાક (રૂહાની) કીર્તિનું 'નૂર' બને છે તો તેને જે પણ ખાવુ, હોય તે ખાવા દે, તે તેને માટે હલાલ છે.

## કેટલીક પ્રતિજ્ઞાઓની સત્યતાઓની કુદરતી ખાસિયતના દાખલાથી (અપાતી) સમજાવવા વિષે.

૩૫૭૩. જો તમો મારા આત્માના પરિચિત દોસ્ત છો, તો (આ) મારા શબ્દો કીંમતી છે અને ખાલી પ્રતિજ્ઞા નથી.

૩૫૭૪. જો અધીં રાત્રીએ હું કહું, હું તમારી નજદીક છું. નજીક આવો તો રાત્રીથી બીતા નહિ કારણકે હું તમારો સગો છું.

૩૫૭૫. આ બે પ્રતિમાઓ તારા માટે હકીકત છે કારણકે તમે તમારા પોતાના સગા–વહાલાનો અવાજ પારખી શકો છો.

૩૫૭૬. નજીકના અને સગપણ (માત્ર) બન્ને પ્રતિજ્ઞાઓ છે. પણ (તેઓ) બન્ને સારી સમજણ માટે હકીકત છે.

૩૫૭૭. અવાજની સમીપતા (નિકટતા) (સાંભળનારને) સાબિતી આપે છે કે આ શબ્દો દોસ્તમાંથી આવે છે.

૩૫૭૮. વધુમાં આ તેના સગાનો અવાજ સાંભળતાં (તેની) ખુશી પેલા વહાલા સગાની સચ્ચાઈની સાબિતી આપે છે.

૩૫૭૯. ફરી અપ્રેરિત મૂર્ખ જે અજ્ઞાનતામાં છે તે સગાના અવાજમાં અને અજાણ્યાનો અવાજ પારખી શકતો નથી.

૩૫૮૦. તેને તેના (બોલનારના) શબ્દો જ માત્ર પ્રતિજ્ઞા છે, તેની અજ્ઞાનતા તેના અવિશ્વાસનું સાધન બન્યું છે.

૩૫૮૧. (પણ) લાંબી દષ્ટિવાળાને કે જેની અંદર (રૂહાની) પ્રકાશ છે, તેના અવાજની કુદરતી ખાસિયત એજ હકીકત હતી.

૩૫૮૨. અથવા તો (દાખલા તરીકે) કોઈકે જેની માતૃભાષા અરબી છે તો તે અરબીમાં બોલે છે "હું અરબી ભાષા જાણું છું."

૩૫૮૩. તેની અરબી બોલીમાં જ હકીકતની (ખાત્રી) છે, જો કે (તેનું કહેવું કે) હું અરબી જાણું છું એ (માત્ર) પ્રતિજ્ઞા છે.

૩૫૮૪. અથવા તો એક લેખક કાગળના કટકાપર લખશે, 'હું લેખક છું. અને વાંચનાર છું, અને હું ઘણો જ પ્રસિદ્ધિ પામેલો માણસ છું.

૩૫૮૫. જો કે આ લખેલું (સ્ટેટમેન્ટ) તો (માત્ર) પ્રતિજ્ઞા છે છતાં લખેલું તેના ખરાપણાનો પુરાવો છે.

૩૫૮૬. અથવા તો સૂફી એમ કહે, ,' ગઈ રાતે મારા ખભા પર મુસલ્લો રાખીને તમોએ કોઈને ઊંઘમાં જોયો.

૩૫૮૭. તે હું (પોતે) હતો. અને મેં જ્યારે તને ઝોકાં ખાતા હતા, અદૃશ્ય દર્શનના વર્ણનમાં ત્યારે સ્વપ્નમાં શું કહ્યું હતું:?

૩૫૮૮. (તેને) ધ્યાન દઈને સાંભળ, તેને વાળીની માફક કાનમાં રાખ. (મારા) પેલા શબ્દો તારા દિલને દોરવણી આપનાર બનાવ.

૨૫૮૯. જ્યારે તમે સ્વપ્નને ફરી ભેગું કરશો ત્યારે આ (તેના) શબ્દો એક નવા મોજીઝા અથવા જુના સોના (જેવા સત્ય લાગશે)

૩૫૯૦. જો કે આ (તેના હિસાબે) (માત્ર) પ્રતિજ્ઞા દેખાય છે, છતાં સ્વપ્ન જોનારનો આત્મા કહે છે, "હા (તે ખરું છે)"

૩૫૯૧. તેટલા માટે ડહાપણ ઈનામદાર મિત્રનું ખોવાએલું ઊંટ છે, તે તેને ચોક્કસપણે જાણે છે (પછી) તેણે તેને ગમે તેની પાસેથી સાંભળ્યું હોય.

૩૫૯૨. અને જ્યારે પોતે તેને તદ્દન નજીક મળેલું (જુએ છે) તો તેમા શક કેમ હોય? તે પોતાને ભૂલાવામાં કેમ નાખે?

૩૫૯૩. જ્યારે તમે એક તરસ્યા માણુસને કહો છો, ઉતાવળ કર, ગ્લાસમાં પાણી છે, જલ્દી પાણી લઈ લે.

૩૫૯૪. કોઈ પણ સંજોગોમા પેલો તરસ્યો માણુસ એમ કહેશે, આ (માત્ર) વચન છે, ઓ ઢોંગી, મારી પાસેથી ચાલ્યો જા. તને દૂર દૂર લઈ જા.

૩૫૯૫. અથવા કાંઈ સાબિતી રજૂ કર, અને સાબિત કર કે તે પાણીની જાતનું છે "પાણી કે જે ઝરામાંથી દોડે છે" તેનો સમાવેશ છે.

૩૫૯૬. અથવા (ધારો કે) એક મા પોતાના ધાવણા બચ્ચાને ધાવવા માટે બૂમ પાડે છે, "આવો, હું મા છું, સાંભળ મારા બચ્ચા.'

૩૫૯૭. શું તે બાળક એમ કહેશે, ઓ મા, (તેની) સાબિતી બતાવ, કે જેથી હું તારૂં દૂધ મેળવી આનંદ પામું.

૩૫૯૮. જ્યારે કોઇ પણ કોમના દિલમાં ખુદામાંથી સ્વાદ (રૂહાની સમજ) છે, પયગમ્બરનો ચહેરો અને અવાજ, એજ સ્પષ્ટ મોજીજો જેવો છે.

૩૫૯૯. જ્યારે પયગમ્બર એક અવાજ ઉચ્ચારે છે કોમનો આત્મા અંતરથી સિજદામાં પડે છે.

૩૬૦૦. કારણ કે આત્માના કાને દુનિયામાં કાંઈ પણ પાસેથી તેના જેવો અવાજ કદી સાંભળ્યો ન હતો.

૩૬૦૧. પેલા અજાણ્યા (આત્માએ) ઊંચી સમજ થકી અજાણ્યો (અજાયબી) અવાજ ખુદાની જીભથી સાંભળ્યો છે, "ખરેખર હું નજીક છું."

## હ. યાહયાનું ગર્ભમાંથી હ. ઈસાને માનમા સિજદો કરવા વિષે.

૩૬૦૨. યાહયાના માતા પોતાને (તેનાથી) (જન્મના) છૂટકારા પહેલાં હ. મરીયમને ખાનગીમાં કહ્યું,

૩૬૦૩. "હું ચોકસાઇપૂર્વક (તેને) જોઉ છું. તારી અંદર બાદશાહ છે, કે જે દૃઢ કારણુવાળો અને (ખુદાઈ) જ્ઞાનથી પ્રકાશિત થએલો નબી છે.

૩૬૦૪. જ્યારે જ્યારે તને મલવાનો મોકો મલે છે, મારો બોજો (ગર્ભમાં રહેલ બાળક) તુ તેજ સિજદામાં માથું ઝૂકાવે છે.

૩૬૦૫. આ ગર્ભ પેલા ગર્ભને માન આપવા સિજદો કરે છે તેના સિજદા કરવાથી મારા શરીરમાં દર્દ થાય છે."

૩૬૦૬. હ. મરીયમે કહ્યું, "મને પણ મારામાં આ બાળકના પેટમાંથી સિજદા કરવાનું માલમ પડે છે.

## આ વાર્તા પરથી ઊભી થતી ગૂંચવણ ઉપર.

૩૬૦૭. મૂર્ખ કહે છે, આ વાત રદ્દ કરો, કારણ કે તે જૂઠી અને ભૂલ ભરેલી છે.

૩૬૦૮. મરીયમ તેમના ગર્ભવાસ દરમ્યાન કોઇને મલ્યાં ન હતાં તેણી શહેર સિવાય બીજે ક્યાંય પાછા ફર્યાં ન હતાં.

૩૬૦૯. જ્યાં સુધી તે મધુર સ્વરવાળી સ્ત્રીએ શહેરની બહાર જન્મ આપ્યો, ત્યાં સુધી તેણી ખરેખર તેમાં આવી ન હતી.

૩૬૧૦. જ્યારેતેણીએ તેને જન્મ આપ્યો, ત્યારે તેણી તેને પોતાના ખોળામાં લઈ તેઓના કુટુંબ કબીલાઓને સોંપ્યા હતા.

૩૬૧૧. હ. યાહયાની મા આ શબ્દો ઉચ્ચારવા કયારે તેણીને મલી કે શું બન્યું હતું ?

## મુશ્કેલીનો જવાબ.

૩૬૧૨. (વાંધો ઉઠાવનારને) જાણવા દો કે તે કે જે (ખુદામાંથી) વિચારો મેળવે છે. દુનિયામાં જે ગેરહાજર છે તે (તેને માટે) હાજર છે.

૩૬૧૩. હ. મરીયમને યાહયાની મા હાજર દેખાય, જો કે તેણી (શારીરિક) નજરે (દૂર હોય).

૩૬૧૪. એક માણસ પોતાની આંખો બંધ હોવા છતાં (દોસ્તને જુએ છે) જ્યારે એક જણે (રૂહાની વિચારો દાખલ થવાની) મોટાઈ મેળવી છે.

૩૬૧૫. અગર જો કે તેણીએ તેને જાહેરી કે બાતૂની રીતે ન પણ જોઈ હોય તો પણ આ વાર્તાનો હકીકત અર્થ તારવ ઓ, નબળા મનના.

૩૬૧૬. તેની માફક નહિ કે જેણે (કોઈ) પરીકથાઓ સાંભળી હતી. અને 'શ' ની માફક 'શેપ' ને લાગ્યો હતો.

૩૬૧૭. તેથી તે એમ કહેશે, કલીલા કે જેને કોઈ ભાષા નથી તે દિમ્ના પાસેથી શબ્દો સાંભળશે કે જેને ભાવ બતાવવાની શક્તિ નથી.

૩૬૧૮. અને (છતાં) જો તેઓએ એક બીજાના ઉચ્ચારણો જાણ્યાં, છતાં માણસે (તેઓની વાત) કેમ સમજશે ? (જ્યારે) (તે) કાંઈ સ્પષ્ટતા વગરનું (હતું.)

૩૬૧૯. 'દિમ્ના' સિંહ અને બળદ વચ્ચે સંદેશવાહક કેમ બન્યો ? અને તે બન્ને ઉપર પોતાની ભૂરકી છાંટી ?

૩૬૨૦. ઉમદા બળદ સિંહનો વજીર કેમ બન્યો ? ચંદ્રમાના પડછાયાથી હાથી કેમ ગભરાયો ?

૩૬૨૧. આ કલીલા અને દિમ્ના તદ્દન કલ્પિત છે નહિતર બગલાને કાગડા સાથે કેમ તકરાર છે !

૩૬૨૨. ઓ ભાઇ, વાર્તા માપવાની માફક છે. અસલ અર્થ (માપવામાં) દાણા જેવો છે.

૩૬૨૩. સમજુ માણુસ અર્થનો દાણો લેશે. તે માપ ઉપર ધ્યાન આપશે નહિ જો કે તેને હટાવવામાં આવ્યું હોય (છતાં)

૩૬૨૪. ગુલાબ અને બુલબુલ વચ્ચે શું પસાર થાય છે, તે સાંભળ, જો કે બાબતમાં ખુલ્લી વાણી નથી.

## આંતરિક હાલતની જીભથી બોલવું અને તેને સમજવા વિષે

૩૬૨૫. વંદો અને મીણબત્તી વચ્ચે શું પસાર થાય છે તે પણ સાંભળ ઓ મૂર્તિ, અર્થ શોધી કાઢ.

૩૬૨૬. અલબત ત્યાં વાણી નથી ત્યાં અંતરઆત્માની વાણી છે, આવ ઉપર ઊંચે ઊડ, ઘુવડના બચ્ચાની માફક નીચે ન ઊડ.

૩૬૨૭. તે (ચેસ) રમનારે કહ્યું, "આ જંગલી કાગડાનું ઘર છે," તેના માત્ર અક્ષરો ઉપર ધ્યાન આપનારે) કહ્યું, "તેના હાથમાં ઘર કેવી રીતે આવ્યું ?"

૩૬૨૮. શું તેણે તે ખરીદ કર્યું અથવા વારસામાં મળ્યું ? તેજ સુખ છે કે (ખરા) અર્થ તરફ ફર્યો.

૩૬૨૯. એક ગણિતશાસ્ત્રીએ કહ્યું, " ઝયદે અમ્રને ફટકાર્યો છે." (મૂર્ખે) કહ્યું, " કંઈપણ ગુના વગર તેને શા માટે શિક્ષા કરી ?

૩૬૩૦. અમ્રનો શું વાક હતો કે તે જંગલી ઝયદે તેને માર્યો ? (જોકે તે) નિર્દોષ (હતો) (છતાં) તે ગુલામ (હોય તેમ માર્યો)"

૩૬૩૧. તે (ગણિતશાસ્ત્રીએ) જવાબ આપ્યો, "આ જાતના શબ્દો માત્ર શબ્દના અર્થનોજ સમાવેશ કરે છે. આ માપ નકારી કાઢવા થોડા ઘઉં લ્યો.

૩૬૩૨. અમ્ર અને જયદ એ નામની વિભક્તિ બતાવતી યુક્તિ છે, જો તે (ઝયદે અમ્રને માર્યો તે નિવેદન ખોટું છે તો નામની વિભક્તિ તરફ જો.

૩૬૩૩. તેણે કહ્યું, "નહિ હું તે વિષે જાણતો નથી કોઈપણ જાતના ગુન્હા વગર ઝયદે અમ્રને શા માટે માર્યો ?"

૩૬૩૪. તે (ગણિતશાસ્ત્રીએ) નિરાશામાં મજાક કરવી શરૂ કરી, અને કહ્યું, " અમ્ર બિને જરૂરી "વાવ" (અક્ષર) ચોર્યો હતો.

૩૬૩૫. ઝયદને એકની ખબર પડી અને તેના ચોરનારો માર્યો, જ્યારે તે (અમ્ર) તેની હદ વટાવી ગયો તો પછી શિક્ષા તેને સાચો ઠરાવશે.

## કિંમત વગરના ટોળામાં કિંમત વગરની વાત સ્વીકારાઈ જાય છે તે વિષે.

૩૬૩૬. તેણે ( મૂખાંએ ) કહ્યું, "બરાબર છે આ ( તદ્દન ) સત્ય છે, હું તેમ ( ખરા ) આત્માથી તે સ્વીકારું છું. અવળા મગજવાળાને અવળુ (પણ) સવળું લાગે છે.

૩૬૩૭. જો તમે એક બાડા માણસને કહેશો, ચંદ્ર એક છે, તે તમને કહેશે. આ બે (ચંદ્રમા) છે (ચંદ્રમાનું) એક હોવા વિષે મને મોટો શક છે-

૩૬૩૮. અને જો કોઈ તેની તરફ હસશે ? અને કહે છે, "ત્યાં બે છે" તે તેને સત્ય માનશે. ખરાબ ખાસિયતનો માણુસ આ (યશ કરીને) લાયક નથી.

૩૬૩૯. જૂઠાણું જૂઠાણુંજ ભેગાં કરે છે (આ મુદ્દા પર) અજવાળુ પાડતી (આયક) "દુષ્ટ સ્રીઓ દુષ્ટ પુરુષો માટે"

૩૬૪૦. તેઓ કે જેઓનાં દિલો (રૂહાની સત્યો) પહોળાં છે (ઉઘડયાં છે) તેઓમાં (રૂહાની શકિત અને સ્વતંતતા) છે. તેઓ કે જેઓની (રૂહાની) આંખો આંધળી છે તેઓ પથરાળ જમીનમાં ઠેસો ખાવાના છે.

## ઝાડ કે ફળ ખાતા મૃત્યુ ન આવે તેની શોધખોળ વિષે

૩૬૪૧. એક વિદ્વાન માણુસે (એકવાર) વાર્તા કહેવા ખાતર કહ્યું, 'હિન્દમાં એક ચોક્કસ ઝાડ છે'

૩૬૪૨. જે કોઈ તેનું ફળ લઈને ખાય છે, તે બૂઢો થતો નથી કે મરતો પણ નથી."

૩૬૪૩. એક રાજાએ સાચા માણુસ પાસેથી આ વાત સાંભળી તે પેલા ઝાડ અને તેના ફળનો પ્રેમી બન્યો.

૩૬૪૪. કલાના મંત્રીમંડળમાંથી તેણે એક હોંશિયાર એલચીને તેની શોધ કરવા હિંદ મોકલ્યો.

૩૬૪૫. તેનો એલચી (પેલા ઝાડની) શોધમાં (ઘણા) વર્ષો હિંદમાં ભટકયો.

૩૬૪૬. તે આ હેતુ માટે એક શહેરથી બીજા શહેરે ભટકયો, કોઈપણ ટાપુ કે પહાડ કે મેદાન (જોયા વગર) બાકી રાખ્યું નહિ.

૩૬૪૭. દરેક જણુ કે જેને તે પૂછતો તે મશ્કરી કર્યા વગર રહેતા નહિ, કહેતા, કેદી બનેલા ગાંડા સિવાય આની પાછળ કોણ તપાસ કરે?

૩૬૪૮. ઘણા તેની મજાક કરી ધબ્બો લગાવતા. ઘણાઓ કહેતા, "ઓ નશીબદાર આદમી."

૩૬૪૯. તારા જેવા સમજદાર અને હોંશિયાર માણુસ (પરિણામથી) નાસી પાસ થાય? તે નકામુ કેમ જાય?

૩૬૫૦. આવું માન ભરેલું બોલવું પણ તેને અને બીજો :તમાચો હતો. દેખીતા તમાચા કરતાં તે વધુ જોરદાર તમાચો હતો.

૩૬૫૧. તેઓ તેને મશ્કરીમાં ચડાવતા કહે, "ઓ ભલા માણુસ, ફલાણી ફલાણી જગ્યાએ એક બહુ જ ફેલાવો પામેલું ઝાડ છે."

ચોકકસ ઝાડ - ફળ - ન ખુટતાં (?)
ન મરતાં (?)
નાં
ફિકરમાં બંધા હતાં.

૩૬૫૨. ફલાણી ફલાણી જગ્યાએ એક લીલું ઝાડ છે. બહુ જ ઊંચુ અને પહોળું અને તેની દરેક ડાળી મોટી છે.

૩૬૫૩. બાદશાહનાં એલચી કે જેણે આ શોધમાં પોતાની કમર કસી હતી, દરેક જણ પાસેથી જુદો જુદો રિપોર્ટ સાંભળતો હતો.

૩૬૫૪. તેથી તેણે વર્ષો સુધી આમ મુસાફરી કરી. (જ્યારે) બાદશાહ તેને પૈસા મોકલતો રહ્યો.

૩૬૫૫. આખરે પરદેશમાં તે ખૂબ થાક ભોગવેતો આખરે તેણે વધુ વાર શોધવાનું માંડી વાળ્યું.

૩૬૫૬. તેને જોઈતી ચીજની કાંઇ નિશાની કે રસ્તો મળતો ન હતો. તેને જે જોઈતું તેનો સમાચાર સિવાય, બીજું કાંઇ દેખાતું ન હતું

૩૬૫૭. તેની આશાની દોરી કપાઈ ગઇ હતી અને ચીજ જે તેણે શોધી હતી તે આખરે અદશ્ય બની હતી.

૩૬૫૮. તેણે બાદશાહ પાસે પાછું ફરવાનું નક્કી કર્યું રસ્તો બદલાવી આંસુ સારતો પાછો ફર્યો.

## શેખ પેલા રૂપના બંધનમાં બંધાએલો હતો. તેણે તેને "ઝાડનો" પો અર્થ સમજાવ્યો તે વિષે.

૩૬૫૯. એક ડાહ્યો શેખ હતો. ઉમદા ચાંદ જેવો, આરામ કરવાની જગાએ પેલો એલચી નિરાશામાં પડયો હતે.

૩૬૬૦. તે (એલચીએ) કહ્યું, આશા ન હોવા છતાં હું તેની પાસે જઈશ અને (ફરીવાર) તેણે બતાવેલા રસ્તા પર પગલાં માંડીશ.

૩૬૬૧. એટલા માટે કે તેની દુઆ (આશીર્વાદો) મને સાથ આપે, જ્યારે કે મને મારા દિલની ઈચ્છા પૂરી કરવાની કોઈ આશા નથી.

૩૬૬૨. આંખમાં આંસુસહિત તે પેલા શેખ પાસે ગયો, તે વાદળાની માફક આંસુ સારતો હતો.

૩૬૬૩. તે બૂમ પાડી કહે, "ઓ શેખ, અત્યારે મારા પર દયા અને આશીર્વાદ આપવાનો વખત છે હું નિરાશામાં છું, અત્યારે મારા તરફ માયા બતાવવાનો વખત છે."

૩૬૬૪. તેણે શેખે કહ્યું, "તારી નિરાશાનું કારણ ખુલ્લી રીતે કહે, તારી શું ઉમેદ હતી? તારી દષ્ટિમાં શું હતું?"

૩૬૬૫. તેણે જવાબ આપ્યો, "શહેનશાહે અમુક ચોક્કસ ડાળીઓવાળું ઝાડ શોધવા પસંદ કર્યો હતો."



શું ( ઉમ્મેદ = દષ્ટિ. ) હતી

૩૬૬૬. કારણકે એક ઝાડ છે, જે આખી દુનિયાના તખ્તા ઉપર અદ્‌ભુત છે. તે ફળના તત્વો જીવનનું જળ છે.

૩૬૬૭. મેં તે વર્ષો સુધી શોધ્યું છે, અને (તેની) કંઈ નિશાની જોઈ નથી સિવાય કે આ ખુશી થતા માણસોની મશ્કરી અને મજાક.

૩૬૬૮. શેખ હસ્યો અને તેને કહ્યું, "ઓ ભોળિયા, આ સંતમાં જ્ઞાનનું ઝાડ છે.

૩૬૬૯. બહુજ ઊંચુ, અને બહુજ ભવ્ય અને બહુ દૂર સુધી ફેલાએલું, તે (ખુદાઈ) દરિયામાંથી પસાર થતું જીવનનું જળ છે.

૩૬૭૦. તું માત્ર રૂપ ઉપર ભટક્યો છે, તુ. ભૂલો પડયો છે, તું તે શોધી શકીશ નહિ, કારણ કે તે, વાસ્તવિકતા ને છોડી દીધી છે.

૩૬૭૧. કોઈવાર તેનું નામ 'ઝાડ' છે, કોઈવાર 'સૂર્ય' કોઈવાર 'દરિયા' ના નામથી ઓળખાઈ છે અને કોઈવાર 'વાદળ'.

૩૬૭૨. (તે) તે ચીજ છે કે જેમાંથી લાખો અસરો ઉત્પન્ન થાય છે, તેની આખરી અસર 'અમર જિંદગી' છે.

૩૬૭૩. જો કે (સત્વમાં) તે એક છે, (છતાં) તેની લાખો અસરો છે, અમીસંખ્યા નામ તે એકને લાગુ પડે છે.

૩૬૭૪. એક માણસ (તમારા) સંબંધે તમારો પિતા છે. બીજા સખ્સના સબંધે તે પુત્ર હોય.

૩૬૭૫. બીજા માણુસને જોતો તે દૂર અને દુશ્મન હોય બીજાને લગતાં તે દયાળુ અને દોસ્ત હોય,

૩૬૭૬. (તેને) લાખો નામ છે (પણ) તે માત્ર એકજ માણુસ છે, દરેક ગુણના માલીક આંધળી રીતે તેના વર્ણન ને વળગી રહ્યા છે.

૩૬૭૭. જે કોઈ માત્ર નામજ શોધે છે, (અને) જો તે કે વિશ્વાસુ કાર્ય સોંપાયું હોય તો તે આધાર વગરનો અને જેવો તું છે તેવો ભાંગી પડેલો છે.

૩૬૭૮. શા માટે તું "ઝાડ" ના નામને ચોંટી રહયો છે? કે જેથી તું ખૂબજ નિરાશ અને બદકિસ્મત રહી ગયો છે?

૩૬૭૯. નામ ઉપરથી પસાર થઈ જા. ગુણો તરફ જો એટલા માટે કે તે ગુણો તને સત્વનો રસ્તો બતાવે.

૩૬૮૦. માણુસ જાતની બેકરારી આ નામો થકી ઉપજી છે, જ્યારે તેઓ વાસ્તવિકતાને પહોંચે છે ત્યારે શાંતિ પામે છે.

## ચાર માણસો દ્રાક્ષ માટે કેમ લડયા કે જેઓ તેને જુદા જુદા નામથી ઓળખતા હતા તે વિશે,

૩૬૮૧. અમુક માણસે ચાર માણસોને એક દીરહમ આપ્યો, તેઓમાંના એક (ઈરાનીએ) કહ્યું, "હું આજે અંગુરમાં વાપરીશ.

૩૬૮૨. બીજો એક આરબ હતો, તેણે કહ્યું, "ના ઓ બદમાસ, મને ઈનાબ જોઈએ, અંગૂર નહિ."

૩૬૮૩. ત્રીજો તુર્ક હતો, અને તેણે કહ્યું, "આ (પૈસા) મારા છે, મને ઈનાબ જોઈતી નથી મને ઉઝુમ જોઈએ."

૩૬૮૪. ચોથા એક ગ્રીકે કહ્યું, "આ વાત બંધ કરો, મને ઈસ્તાફીલ જોઈએ."

૩૬૮૫. આ લોકોએ આ ઝઘડામાં એક બીજા સાથે લડાઈ શરૂ કરી.

૩૬૮૬. તેઓની મૂર્ખાઈમાં તેઓએ એક બીજાને મૂઠીઓથી માર માર્યો, તેઓ અજ્ઞાતનાથી ભરપૂર હતા, જ્ઞાનથી ખાલી હતા.

૩૬૮૭. જો કોઈ ગૂઢાર્થ જાણનાર માનવંત અને ઘણી ભાષા જાણનાર ત્યાં હોત, તો તેણે તેઓને શાંત કર્યા હોત.

૩૬૮૮. અને પછી તેઓને કહ્યું હોત, "આ એક દીરહમથી હું તમોને બધાને જે જોઈએ છે તે આપીશ."

૩૬૮૯. કાંઈ પણ ઢોંગ વગર જો તમે તમારાં દિલ (મને) સોંપી દેશો, આ દીરહમ તમને જોઈએ તે કરશે (આપશે).

૩૬૯૦. તમારો એક દિરહમ તમારી આશા પૂરી કરતો ચાર બનશે, ચાર દુશ્મનો તેના અંગે એક બનશે.

૩૬૯૧. જ્યારે તમો દરેક કહો છો તે દરેક છો તે જુદાઈ અને ઝઘડો લાવશે જે હું કહું છું, તે સંપ લાવશે.

૩૬૯૨. તેટલા માટે તમે મૂંગા રહો, "ચૂપ રહો," કે જેથી હું તમારી વાણી અને વાતચીતમાં તમારી જીભ બનું.

૩૬૯૩. જો તેઓ એક બીજા સાથે કરાર કરે તો તેઓના શબ્દો એક મજબૂત દોરડાની (માફક) બને, અસરમાં તેઓ ઝઘડા અને બબડાટનું કારણ બને.

૩૬૯૪. ઉછીની (નામની) ગરમી (ખાસ) અસર ઉપજાવતી નથી, કુદરતી ગરમીને (તેનો પોતાનો) સદ્ગુણ છે.

૩૬૯૫. જો કે તેં સરકાને અગ્નિ થકી ગરમ કર્યો (છતાં) જ્યારે તચેપે તે પીશો, તે શક વગર ઠંડક વધારશે.

૩૬૯૬. કારણ કે પેલી (બનાવટી ઉત્પન્ન કરેલી) તેની ગરમી પરદેશી છે. તેની મૂળભૂત ખાસિયત ઠંડી અને અડકાઈ છે.

દાખલા

1- દિરહમ → ઇરાની - અંગુર
આરબ → ઇનાબ
તુર્ક → ઉઝુમ
ગ્રીક → ઇસ્તાફીલ

1 દિરહમ કે બધાને ગમશે

અસમાનતા

સાનકૃ ખાસ

* દરેક છો તો જુદાઈ + ગેરસમજ લાવશે

૩૬૯૭. અને (બીજા હાથપર) ઓ મારા દીકરા, દ્રાક્ષારસ ભલે જામી ગયો હોય તો પણ જ્યારે તું પીશ ત્યારે કલેજાને ગરમી ઉમેરશે.

૩૬૯૮. આથી શેખનો ઢોંગ આપણી સચ્ચાઈ કરતાં સારો છે. કારણ કે પેલો (રૂહાની) અંતરદૃષ્ટિથી જાગે છે, જ્યારે પાછલો (રૂહાની) અંધારાથી જાગે છે.

૩૬૯૯. શેખના સંભાષણ થતે મિલાપ થાય છે. અદેખાના શબ્દો કુસંપ આણે છે.

૩૭૦૦. (દાખલા તરીકે) હ. સુલેમાન ખુદા થકી (પયગમ્બરી અંગે) બોલતા, અને જેઓ બધાં પંખીઓની ભાષા જાણતા.

૩૭૦૧. તેના ન્યાયી અમલના વખતમાં હરણ વાઘથી દોસ્તી કરતું અને લડાઈથી અલગ રહેતું.

૩૭૦૨. કબૂતર બાજના નહોરોથી સલામત બન્યો, ઘેટાંએ વરુ વિરૂદ્ધ સાવચેતીનાં પગલાં ન લીધાં.

૩૭૦૩. તે (હ. સુલેમાન) દુશ્મનો વચ્ચે મધ્યસ્થી બન્યા. પાંખોથી ઊડતા પ્રાણીઓ વચ્ચે તેઓ એકતા (સ્થાપવાના નિમિતરૂપ) બન્યા.

૩૭૦૪. એક કીડીની માફક દાણા પાછળ તું દોડે છે સાંભળ 'સુલેમાન'ની શોધ કર. હજી સુધી તું આડો કેમ છો ?

૩૭૦૫. દાણા શોધનારને તેનો દાણોજ ફાંસો બને છે, પરંતુ "સુલેમાનના" શોધક બન્ને (સુલેમાન અને દાણો) પામે છે.

૩૭૦૬. આ પાછલા જમાનામાં જીવતાં પંખીઓ ને એક પળ માટે પણ એક બીજાથી સહીસલામતી નથી.

૩૭૦૭. (છતાં) આપણા યુગમાં પણ "સુલેમાન" છે, કે જે આપણને શાંતિ આપશે અને આપણા અન્યાયો ભોગવવા નહિ પડે.

૩૭૦૮. (કુરાનની આ પર આયત) પર ધ્યાન દે. એવા લોકો નથી કે ભૂતકાળમાં તેઓ વચ્ચે ચેતવણી આપનાર આવ્યો ન હોય,"

૩૭૦૯. ખુદાએ કહ્યું, કે ખરેખર ખુદાના માણસથી પ્રતિનિધિ અને રૂહાનીજ્ઞાન ધરાવતા બાકાત રાખવામાં આવી હોઈ તેવી પ્રજા કદી હતી જ નહિ.

૩૭૧૦. અને તે આમાના પંખીઓને એવું સર્વાનુમતીવાળું બનાવે છે કે સચ્ચાઈને જોતાં તે તેમને (સઘળા) ભૂલો અને દ્વેષભાવથી ચોકખો બનાવે છે.

૩૭૧૧. તેઓ માતા જેટલા માયાળુ બને છે તેણે (હ. મુહમ્મદે) મુસ્લિમો વિષે કહ્યું, (તેઓ) એક આત્માની (માફક છે.)

૩૭૧૨. ખુદાના સંદેશવાહક થકી તેઓ એક આત્મા બન્યા, નહિતર તેઓ એક બીજાના સંપૂર્ણ દુશ્મનો હતા.

હ. સુલેમાન → બધા પંખીની ભાષા જાણતા હતા
પયગંબર
- એકતા - મધ્યસ્થી.
(એકી + પરૂં)

; એક આત્માની માફક છો."

## અન્સારો વચ્ચેની દુશ્મની અને કુસંપ હ. પયગમ્બર સાહેબે કેવી રીતે હરાવ્યો તે વિશે.

૩૭૧૩. બે કબીલાઓ કે જેઓના નામ એકેસ અને ખઝરજ હતાં, એક બીજા તરફ ખૂનના તરસ્યા બન્યા હતા.

૩૭૧૪. હ. મુહમ્મદ (હ. સ. અ.)ના ઉપદેશ થકી ઈસ્લામના પ્રકાશમાં (દિલની) પવિત્રતા અંગે તેઓની જૂની દુશ્મનાવટ અદૃશ્ય થઈ.

૩૭૧૫. પહેલાં તેઓ બગીચાની દ્રાક્ષની ઝુમખાના માફક દુશ્મનોમાંથી ભાઈઓ બન્યા,

૩૭૧૬. અને (પછી) શબ્દોમાં ચેતવણી આપવામાં આવી, "સાચા ઈમાનદારો ભાઈઓ છે" તેઓ (ચેતવણીથી) પીગળી ગયા એને એક કાયા બન્યા.

૩૭૧૭. (ઝુમખાની ભેગી) દ્રાક્ષનો દેખાવ ભાઈઓ (જેવો) છે જ્યારે તમે તેને દબાવશો તેઓ એક રસ બનશે.

૩૭૧૮. અપકવ અને પુરી પાકેલી દ્રાક્ષ એક બીજાના વિરોધી છે પણ જ્યારે અપકવ દ્રાક્ષ પાકે છે તે એમ ભલો દોસ્ત બને છે.

૩૭૧૯. અપકવ દ્રાક્ષ કે જે કઠણ દિલની અને કાચી રહી અનંતતા છે, ખુદાએ અસલ બેઈમાન તરીકે ઓળખાવી છે,

૩૭૨૦. તે (આવી) (ઈમાનદાર) મુસ્લિમો સાથે) એક આત્મા કે ભાઈ નથી. તે એક કમનશીબ ગ્રહ શ્રાપિત (હાલતનો) છે.)

૩૭૨૧. તે તેના (દિલમાં) જે સંતાડે છે, તે જો હું કહું, તો દુનિયામાં (માણસોના) મનમાં પ્રલોભન ઉત્પન્ન થાય.

૩૭૨૨. આંધળા નાસ્તિકની ખાનગી હકીકત કહેવામાં ન આવે તેજ બહેતર છે. 'ઈરિમ' થી દોજખનો ધુમાડો દૂર રાખવામાં આવે તેજ બહેતર છે.

૩૭૨૩. અપકવ સારી દ્રાક્ષ જે કે (પાકવવાની) શકયતા ધરાવે છે આખરે દિલના ધણી (રૂહાની પેશ્વાની) ફૂંક થકી આખરે એક દિલ થશે.

૩૭૨૪. તેઓ ઉતાવળે તેને (પાકી) બનાવશે કે જેથી દ્વૈતભાવ ધિક્કાર અને વેરઝેર ચાલ્યાં જાય.

૩૭૨૫. પછી દ્રાક્ષપણામાં તેઓ તેના છીલટાં ચીરશે અને એક બનશો એકતા એ તેનો (સત્ય) ગુણ છે.

૩૭૨૬. એક દોસ્ત દુશ્મન બને છે કારણ કે હજી પણ તે બે છે, શું એક પોતાજ સાથે લડવામાં (સંડોવાય) છે?

૩૭૨૭. "કુલ્લ" ના ઇશ્કના ધણી ઉપર આશીર્વાદ હોજો! (કે જે) લાખો રજકણોને એકતા આપે છે.

દુશ્મનાવટ – દ્રાક્ષના ઝુમખા (ભાઈ) – રસ એક
(ચેતવણી) સાચા ઈમાનદારો ભાઈ
એક કાયા બન્યા
એક પોતાજ સાથે લડે?
'બે' – દુશ્મન બને.

૩૭૨૮. (તેઓ) ધૂળ જેવા જ્યાં ત્યાં ફેલાએલા (હતા) રચના કરનારે તેમને એક પ્યાલામાં બનાવ્યા.

૩૭૨૯. (રૂપ પામેલી) માટી અને પાણીની બનેલી કાયાઓથી એકતા અપૂર્ણ છે.

૩૭૩૦. જો હું અહીં મળતાપણાની સરખામણી ઉચ્ચારું, મને બીક લાગે છે કે (સમજણમાં) ગૂંચવાડો થાય.

૩૭૩૧. અત્યારે પણ (એક) 'સુલેમાન' હસ્તી ધરાવે છે પણ (આપણો) વિશાળ દૃષ્ટિના અત્યાનંદમાં આપણે આંધળાભીત બન્યા છીએ.

૩૭૩૨. વિશાળ દૃષ્ટિ એક માણસને આંધળો રાખે છે. જેમ કે એક ઘરમાં સૂતેલો ઘરથી આંધળા (જેવો) છે.

૩૭૩૩. આપણે દાવપેચવાળા વિતંડાવાદના વ્યસનમાં પડેલા છીએ. આપણે કુટપ્રશ્નો ઉકેલવામાં વધુ પડતા આતુર છીએ.

૩૭૩૪. અને અંતમાં આપણે ગાંઠ બાંધીએ છીએ અને પછી ગાંઠ છોડીએ છીએ. (આપણે) તેના માટે ઘણા નિયમો બનાવીએ છીએ (ઉત્પન્ન થએલા સવાલોના) જવાબો આપીએ છીએ.

૩૭૩૫. પંખીની માફક જે જાળમાં ફાંસામાંથી છૂટવા ગાંઠ ખોલે છે અને વખતે બાંધે છે એટલા ખાતર કે તે કળામાં તે સંપૂર્ણ બને.

૩૭૩૬. તે હરિયાળી જમીન અને ખુલ્લા દેશમાંથી દેશવટો પામે છે અને તેની જિંદગી ગાંઠો સાથે ગુજારે છે.

૩૭૩૭. અને (પછી) પણ જાળ તેનાથી તાબે થતી નથી. પણ તેની પાંખો હમેશાં ભાંગેલી મેળવે છે.

૩૭૩૮. ગાંઠ સાથે ખેંચાખેંચી ન કર. રખે ને પાંખો અને પીછાં તારા થકી આ નકામા દેખાવ અંગે એક પછી એક છૂટાં બને.

૩૭૩૯. લાખો પંખીઓએ પોતાની પાંખો ભાંગી હતી (આમ કરવામાં) દુઃખ ભોગવવામાંથી છટકી શકયાં ન હતાં.

૩૭૪૦. ઓ લાલચુ, તેઓની હાલતને (લગતી) કુરાનની આયાત વાંચ. "તેઓએ તેમાં (પૃથ્વીમાં) ભટકીને શોધી (આ શબ્દો) જો. "કાંઇ આશરો હતો?"

૩૭૪૧. અંગૂર અને ઇનાબ વચ્ચેનો ઝઘડો, તુર્ક, ગ્રીક અને અરબ વચ્ચેની હરીફાઇથી ઉકેલાયો ન હતો.

૩૭૪૨. જ્યાં સુધી કે (રૂહાનિયતનો) "સુલેમાન" વાણીમાં હોંશિયાર વચ્ચે નહિ પડે ત્યાં સુધી આ દ્વૈતપણું અદૃશ્ય નહિ થાય.

૩૭૪૩. ઓ તમો બધા, કજીયાળા પંખીઓ, બાજની માફક આ બાદશાહના બાજના નગારાને સાંભળો.

(ગાંઠ ... બાંધે ... છોડે) 'કુલ્લ' - એકતામાં - ... ( રૂપ ) એક પ્યાલામાં ( નામ જુદાઇ ) ( બે ) માં એકતા X

એક → (વિશાળ દૃષ્ટિ) - (ઘરમાં - હવા બહાર) ← આંધળા બન્યા,

૩૭૪૪. સાંભળો દરેક દિશાએથી આનંદમાં ઉડો, ભિન્નતામાંથી પણામાંથી એકતા તરફ (ઊડો).

૩૭૪૫. "જ્યાં પણ તમે તમારો ચહેરો ફેરવશો તે તરફ તે છે" (કોઈપણ વખતે) આ વસ્તુ જ છે કે જે કદી મનાઈ કરેલી નથી.

૩૭૪૬. આપણે આંધળા અને ઘણાજ મૂર્ખ પંખીઓ છીએ જેના થકી આપણે એકવાર પણ તે "સુલેમાન"ને ઓળખ્યો નથી.

૩૭૪૭. આપણે ઘુવડોની માફક બાજો તરફ દુશ્મનાવટ વાળા બન્યા છીએ. પરિણામે આપણને નાશ પામેલી (જગ્યામાં) પાછળ રાખવામાં આવ્યા છે.

૩૭૪૮. કારણ કે (આપણી) અત્યંત અજ્ઞાનતા અને અંધાપા અંગે પેલા ખુદાના માનવંતાઓને ઈજા કરવાની શોધમાં છીએ.

૩૭૪૯. પંખીઓનું ટોળું કે જે "સુલેમાન" થકી પ્રકાશિત બન્યા છે તે નિર્દોષોની પાંખો અને પીંછા ખેંચી કાઢશે ?

૩૭૫૦. નહિજ, તેઓ મદદ વગરનાઓને દાણા લાવી દેશે. પેલાં પંખીઓ ઝઘડો કરવાની ટેવ કે તિરસ્કાર વગરના નમ્ર (બન્યા) છે.

૩૭૫૧. તેઓની ફૂદાફૂદ, ("સુલેમાન")ને કીર્તિવંત બનાવવા ખાતર (તેના તરફ) સો બીલકીસ જેવી માટે રસ્તો ખુલ્લો કરે છે.

૩૭૫૨. તેઓનો કાગડો, જોકે બહારની દૃષ્ટિએ તે એક કાગડો હતો. (હકીકત તમો) તે મહાત્વાકાંક્ષામાં બાજ હતો. (કે જેની તમન્ના) "બાજુઓ ફેરવો નહિ."

૩૭૫૩. તેઓનો બગલો કે લકલકની બૂમો પાડે છે તે સંપના ધંધામાં શક અને અશ્રદ્ધા ફેંકે છે.

૩૭૫૪. અને તેઓના કબૂતર બાજથી બીતા નથી, બાજ પોતાનું માથું તેઓના કબૂતર પાસે નમાવે છે.

૩૭૫૫. તેઓનું બુલબુલ જે તને અત્યાનંદમાં લઈ જાય છે, તેના દિલમાં ગુલાબનો બગીચો છે.

૩૭૫૬. તેઓનો પોપટ (હમેશાં) ખાંડથી સ્વતંત્ર હતો, કારણ કે અનંત જીવનની ખાંડે તેને આંતરિક રીતે પોતાનો ચહેરો બતાવ્યો હતો.

૩૭૫૭. તેઓના મોરલાઓના પગ મોરલાઓનાં પીંછાં જોવા કરતાં પણ વધુ મોહક છે.

૩૭૫૮. આ (પાર્થીવ) દુનિયાના મોટા લોકોની વાણી પડઘો (અર્થ વગની) છે, 'સુલેમાન' ના પંખીઓની વાણી ક્યાં છે ?

૩૭૫૯. પંખીઓના અવાજ તું ક્યાંથી સાંભળીશ જ્યારે તેં "સુલેમાન"ને એક પળ માટે પણ જોયેલ નથી ?

૩૭૬૦. તે પંખીની પાંખો કે જેનો સુર ધ્રુજાવે છે તેઓ પૂર્વ અને પશ્ચિમથી પર છે.

૩૭૬૧. તેઓનું દરેક કાર્ય દુનિયા પર ખુદાના પાટલામાંથી છે, અને પૃથ્વી ઉપરથી ખુદાના તખ્ત સુધી તેની કીર્તિ અને બાદશાહી તરફ ઢળે છે.

આનંદમાં - એકતામાં ઉડો - સુલેમાનને ઓળખ્યો
આ વસ્તુ જ છે
ભિન્નતામાંથી → એકતા તરફ ઉડો

૩૭૬૨. પંખી કે જે આ "સુલેમાન" વગર જાય છે તે ચામાચીડિયાની માફક અંધારાના પ્રેમમાં છે.

૩૭૬૩. ઓ બહેકી ગયેલા ચામાચીડિયા, "સુલેમાન" સાથે તને જાણીતો કર. એટલા માટે કે તું હંમેશ માટે અંધારા ન રહે.

૩૭૬૪. જ્યારે તું એક ગજની લંબાઈમાં તેઓ તરફ જાય છે ત્યારે ગજની માફક તું માપવા માટે ઝંડો બનીશ.

૩૭૬૫. અને (છતાં જો કે) લંગડાતો અને ખોડંગાતો (પણ) ને દિશામાં કૂદકો મારીશ તો તું લંગડાપણાથી અને ખોડંગતાથી મુક્ત થઈશ.

**બતકનું બચ્ચું કે જેને પાળેલી કૂકડીએ ઉછેર્યું તેની વાર્તા.**

૩૭૬૬. તું બતકની પ્રજા છો, જો કે એક પાળેલી મરઘીએ પોતાની પાંખ નીચે તને ઉછેર્યો છે.

૩૭૬૭. તારી માતા પેલા દરિયાની બતક હતી. તારી આયા, જમીન અને સૂકી જમીનની ચાહક હતી.

૩૭૬૮. તારા અંતરની ઇચ્છા સમુદ્ર માટે છે આત્માને પેલી ખાસિયત તારી માતા થકી મલી છે.

૩૭૬૯. આ સૂકી જમીનની તારી ઈચ્છા તારી આયામાંથી છે. આયાને છોડી દે કારણ કે તેણી હલકી સલાહકારક છે.

૩૭૭૦. આયાને સૂકી જમીન ઉપર છોડી દે દબાણ કર, રૂહાની વાસ્તવિકતાના દરિયામાં બતકોની માફક આવ.

૩૭૭૧. (ભલે) જો તારી મા (પણ) તને પાણીથી બીવાનું ફરમાવે, તું બીતો નહિ પણ દરિયામા ઝડપથી ઝંપલાવ.

૩૭૭૨. તું બતક છો. તું એવો એક છો કે જમીન તેમજ પાણી બંનેમાં જીવે છે, તું પાળેલી મરઘી જેવો નથી કે જેનું ઘર (જમીનનાં) કીચડમાં છે.

૩૭૭૩. (આ આયાત મુજબ) તું સદ્દગુણમાં બાદશાહ છે, "અમે આદમના પુત્રોને ઉચ્ચ બનાવ્યા છે" તું સૂકી જમીન અને દરિયો, બંનેમાં પગ મૂકે છે.

૩૭૭૪. કારણ કે રૂહાનીમાં તું છો (આયત મુજબ) "અમે તેઓને સમુદ્ર ઉપર લઈ ગયા" આગળ વધ (આવી હાલતમાંથી) અમે તેઓને દુનિયા ઉપર લઈ ગયા."

૩૭૭૫. ફિરસ્તાઓને જમીન ઉપર રહેઠાણ નથી. ફરી જોઈએ કે જાનવરજાત સમુદ્રથી અજ્ઞાન છે.

૩૭૭૬. તું તારા શરીરમાં જાનવર છે. અને (તારી) રૂહમાં તું ફિરસ્તાઈ છે. કે જેથી તું જમીન ઉપર પણ મહાલે અને આકાશમાં પણ.

૩૭૭૭. તેથી છે ખુદાથી પ્રેરાએલો દિલનો દૃષ્ટ દેખાવમાં એક માણસ તમારા જેવો (દેખાય છે.)

(દરિયાઈ બતક) બતક - પાણી, જમીન માં જીવે છે.
મરઘી - જમીન માં.

શરીર - જાનવર - જમીન
રૂહ - ફિરસ્તાઈ - આકાશમાં
જાનવર - સમુદ્રથી અજ્ઞાન
ફિરસ્તા:- જમીન માં રહેઠાણ નથી,

માટીની કાયા (અહીં) છે દુનિયા પર પડેલી, (પણ) તેનો આત્મા પેલી પારના
મા ઊંચા આકાશમાં ભ્રમણ કરે છે.

પુત્ર, આપણે બધા પાણીનાં પંખીઓ છીએ, દરિયો આપણી ભાષા પૂરેપૂરી
છે

લા માટે સમુદ્ર (આપણો) 'સુલેમાન', છે અને આપણે બધા 'સુલેમાનથી'
ચેત પંખીઓ છીએ 'સુલેમાનમાં' અને અનંતકાળ માટે ફરીએ છીએ.

ન' દરેક પાસે હાજર છે. તારો પગ દરિયામાં મૂક. કે પાણી દાઉદની માફક
ર પહેરવાની સો વાળીઓ બનાવે.

'સુલેમાન' દરેક પાસે હાજ (તેની) અદેખાઈ (આપણી) આંખોને (જાદુથી)
ાંધે છે.

ની મૂર્ખતા, અનુપકારીપણું, અને અભિમાન અંગે તે આપણી પાસે હોવા
આપણે તેનાથી બીમાર છીએ.

ની ગર્જનાનો અવાજ તરસ્યા માણસનું માથું પકાવે છે જ્યારે તે નથી હોતો
તે (ગર્જના) પરમસુખના પાણીના વાદળા લાવે છે.

આંખો વહેતા ઝરા તરફ (તાકેલી) રહે છે, સ્વર્ગીય પાણીના આનંદી સ્વાદથી
અજાણ છે.

તેના ધ્યાનના ઘોડાને (ગૌણ) કારણ તરફ દોડાવ્યા છે. પરિણામે તે કૌસરથી
રહે છે.

ણ) તે કે જે કૌસરને ખુલ્લી રીતે જુએ છે તો તે પોતાનું દિલ (ગૌણ) કરણો
પર કેમ.

## એક દરવેશ કે જે રણમાં એક રહેતો હતો તેના મોજીજાથી યાત્રાળુઓ કેવા અજાયબ થયા તે વિષે

દરવેશ જંગલમાં રહેતો હતો. આબાદાનના લોકોની માફક બંદગીમાં મશગૂલ
ો હતો.

જુદા) દેશોમાંથી યાત્રાળુઓ ત્યાં આવી પહોંચ્યા તેઓની દૃષ્ટિ આ સુકલકડી
શ પર પડી.

રવેશની રહેવાની જગ્યા સૂકી જગ્યાએ હતી (પણ) તે સ્વભાવે નમ્ર હતો.
ગરમ પવનમાં તેની પાસે ઇલાજ હતો.

ળુઓ તેના (આવી જગ્યાએ) એકાંતપણાથી અજાયબી પામ્યા, આવી વિનાશક
એ તેની આબાદી (માટે ચિંતા થઈ).

જીંદી નમાઝ માટે રેતીમાં ઉભો રહેતો, ગરમી થકી રેતી ઘણાના પાણીને
કાળતી,

મજ કહ્યું હોત કે તે ઘોડા કે દુલદુલ ઉપર સ્વારી કરેલો, ફૂલો અને
છોડ વચ્ચે અત્યાનંદમાં ઊભો હોય તેમ ... છે.)

૭૯૪. અથવા તો તેના પગ રેશમ કે ભરત ભરેલા કપડા ઉપર હતા. અથવા તો મંદ વાયુ કરતાં રેતીની ગરમ હવામાં વધુ રાજી હતો.

૯૫. તેઓ (યાત્રાળુઓ) રાહ જોતા ઊભા રહ્યા, (જ્યારે) તે નમાઝ પડવામાં, ઊંડા ધ્યાનમાં ઊભો રહ્યો.

૯૬. જ્યારે દરવીશ ( ખુદાઈ) મુલાકાતની (હાલતમાંથી) ભાનમાં આવ્યો, તે મંડળીમાંનો એક કે જે (રૂહાની રીતે) જીવંત અને પ્રકાશિત દિલવાળા એ (જોયું).

૯૭. (તેણે) જોયું કે પેલાના હાથ અને ચહેરા ઉપરથી પાણી ટપકતું હતું, અને તેથી તેના કપડાં નહાવાની નિશાનીથી ભીનાં હતાં.

૯૮. તેથી તેણે તેને પૂછ્યું, "આ પાણી કયાથી આવે છે? તેણે પોતાના હાથ (આસમાન તરફ) ઉચકયા, તે બહેસ્તમાંથી આવ્યું.

તે (યાત્રાળુ) કહે, "શું તે તમોને જ્યારે પણ જોઈએ ત્યારે કૂવા વગર કે પાદડાની રસી વગર આવે છે?

ઓ દીનના બાદશાહ, અમારી આ મૂંઝવણ નો ઉકેલ કરો, એટલા માટે કે તમારો (રૂહાની) અનુભવ અમારા ઈમાનમાં વધારો કરે.

તારા ગૂઢાર્થોમાંથી એકાદ અમોને કહો કે જેથી અમો કમરના પટા (બેઈમાનીના) કાપી નાખીએ.

તે (દરવેશે) પોતાની આંખો આસમાન તરફ ફેરવી, કહેવા માંડયા, "(ઓ ખુદા), આ યાત્રાળુ ની દુઆનો જવાબ આપ.

હું મારી રોજની રોજી આસમાનમાંથી શોધવાની ટેવથી ટેવાઈ ગયો છુ, તેંજ મારા માટે ઉપરનાં દ્વાર ખોલ્યાં છે.

૮૦૪. ઓ તું કે જેમ "લામકાં" થી અવકાશ દષ્ટિમાન કર્યો છે, (અને હકીકત) દષ્ટિમાન કરી છે "તમારી રોજની રોજી આસમાનમાં છે"

૩૮૦૫. આ યાચના દરમ્યાન ઓચિંતુ એક સુંદર વાદળું પાણી ભરેલા હાથીની માફક દશ્યમાન થયું.

૦૬. અને પાણી રેડવું શરૂ કર્યું જાણે કે મસકમાંથી પાણી રેડાય છે, વરસાદનું પાણી ખાડા અને નીચાણમાં ભરાઈ ગયું.

૩૮૦૭. વાદળાએ પાણીની મસકની માફક પાણી રેડવું ચાલુ રાખ્યું, અને બધા યાત્રાળુઓએ પોતાની પાણીની મસક ખોલી.

(તેઓમાંનું) એક ટોળુ આ અદ્ભુત બનાવો ના પરિણામે પોતાની કમર પરના (બેઈમાનીના) દોરા કાપતા હતા.

બીજા ટોળાનું ઈમાન આ મોજીજા થકી વધવા પામ્યું, ખુદા સત્ય રસ્તે કેમ દોરવા તે જાણે છે!

એક બીજું ટોળું, ગ્રહણશકિત વગરનું, ચીડિયુ અને અપકવ, અંતરવાળું હતું તે ગૂમરાહ થયું. (અહીં) આ વાતનો અંત આવે છે.

A to Z

રોજની રોજી આસમાનમાંથી

3 ટોળા – (1) બેઈમાનીના દોરા કાપનારા (2) ઈમાન વધ્યું (3) ગુમરાહ થયું.